
Barcode - 99999990261580
Title - khoja vrutant
Subject - NULL
Author - NULL
Language - gujarati
Pages - 288
Publication Year - 0
Creator - Fast DLI Downloader
https://github.com/cancerian0684/dli-downloader
Barcode EAN.UCC-13
9 999999 026158

૪૯૨૯

# ખોજા વૃત્તાન્ત.

## ખાસ ખોજા ગૃહસ્થો સારુ.

રચિને પ્રસિદ્ધ કરનાર
સચેદીના નાનજીઆણી.
આશીસ્ટન્ટ રેવીન્યુ કમીશનર કચ્છ.



અમદાવાદ.
રચનારને માટે "સમશેર બાહાદુર" પ્રેસમાં
સવાઇભાઇ રાયચંદે છાપ્યું.

સર્વ હક્ક સ્વાધીન.

સન ૧૮૯૨ ઈસ્વી. સંવત ૧૯૪૮ વિક્રમ.

# अर्पण पत्रिका.

**આનરેબલ શેઠ શામળભાઈ વિશ્રામભાઈ**

જસ્ટીસ આવ ધી પીસ, સ્ટેન્ડીંગ કમેટીના મેમ્બર, પોર્ટટ્રસ્ટના મેમ્બર, લેજીસલેટીવ કૌન્સિલના સભાસદ ઇ૦ ઇ૦

આપ નામદારે નીતિ, શાહાસિકતા, ઉદ્યોગ, વિદ્વતા, પરમાર્થ બુદ્ધિ, અને મળતાવડા સ્વભાવ વડે જન પ્રિયતા મેળવી છે તથા જન કલ્યાણનાં કામો કરી યશકિર્તિ પ્રાપ્ત કરી છે. અને યશકિર્તિવડે ઇસલામ સ્વજાતિને સોભાવી છે. સ્વજાતિની ઉન્નતિ પ્રત્યે આપનો પરિપુર્ણ પ્રેમ છે. તેથી તેજ ઉદ્દેશ અર્થે રચેલો આ ખોજા વૃત્તાંત નામનો ગ્રંથ આપની નેકનામી અને આપના પરમપ્રેમ ભાવની યાદગીરી માટે આપ નામદારને ઘણા માનપુર્વક અર્પણ કરૂં છું.

ગ્રંથકર્તા.

# નોટ.

મારા પ્રિય વાંચનારાઓને આ વાત જણાવવા જેવી છે કે, આ ગ્રંથમાં ઇસમાયલીઓ વિષે જે હકીકત લખવામાં આવી છે તે મોતેબર તવારીખો ઉપરથી લીધી છે એમાં કોઇજગોએ ઇસમાયલીઓ અને તેમના મહઝબ વિશે વિરૂદ્ધ વાતો લખી છે તેનું કારણ એમ જણાય છે કે, ઇસમાયલીઓના મત અને કારકીરર્દિથી અન્ય ઇસમાયલીઓ તેમનાથી વિરૂદ્ધ પડ્યા હતા. જે વિશે પ્રસ્તાવનામાં સંક્ષેપ ઇસારો કર્યો છે. ઇસમાયલીઓ વિરૂદ્ધ પક્ષવાળાને શિક્ષા કરવા સામે લડવાનું અનુકુળ ન હોવાથી યુક્તિવડે મારાઓ સાધી તેમનું કાટલું કઢાવી વિરૂદ્ધ પક્ષમાં ભય ઉત્પન્ન કરતા જેથી લોક લાગણી અતિ પ્રતિકુળ થવાથી ઇસમાયલીઓ વિરૂદ્ધ કેટલીક ગીબત ભરેલી અફવાઓ ઉત્પન્ન થતી તેવી અફવાઓ અરબી ઇતિહાસોમાં દાખલ થએલી તે ઉપરથી અન્ય ભાષામાં ઇતિહાસ રચાએલા હોવા જોઇએ માટે એવી હકીકતો ઉપરથી વાંચનારને માત્ર સામાન્ય ઇતિહાસિક સાર સમજવાનો છે.

ગ્રંથકર્ત્તા.

# प्रस्तावना.

ગ્રંથના આરંભમાં અલ્લ.ની તારીફ લખવાની પ્રાચીન નીતિ છે. તેમ કરવા હું કોશીષ કરૂંછું; પણ શું લખું તેની ગમ પડતી નથી. પ્રમાણવડે જે વસ્તુ જાણી શકાતી નથી તે વસ્તુની તારીફ કેમ લખી શકાય! માટે આમ કહેવું ઠીક થશે કે, જે તારીફ કહેવાય તે સર્વ તેનેજ ચોગ્ય છે.

અનંત જગત, જગતકર્ત્તાની તારીફની પોથી છે. તેમાં મોટા અક્ષરોવડે તેની તારીફ લખી છે. તેમાંથી એક અક્ષર વાંચો. તે આપણને અલ્લાની વાએધાનીઅત અને કૃત્યના ફળનું શિક્ષણ આપે છે.

શાહ અબ્દલતીફ નામના પીરે પણ એક અક્ષર ભણવા ભલામણ કરી છે. તે નીચે પ્રમાણેઃ—

બેત.

અખર પડ અલફ જો બેઆ વરક સભ વિસાર;
અંદર તન ઉજાર, પનાં પડંધે કિતરા.

આ અક્ષર કિયો! કાર્ય કારણનો મહા નિયમ તે.

આપણને નિરંતર અનુભવ થાય છે કે, કોઇબી, કાર્ય કારણ વિના બનતું નથી. ત્યારે સમષ્ટી કાર્ય જે જગત તે કારણ વિના કેમ હોઇ શકે? ત્યારે એમ થયું કે, કારણ તે કર્તા એટલે જગતનુ કારણ તે જગતનો કર્ત્તા જેને આપણે અલ્લા ના નામથી ઓળખીએ છીએ.

આ પણ નિયમ છે કે, કાર્ય અનિત્ય હોય અને કારણ

નિત્ય હોય. કાર્ય પરિછિન હોય અને કારણ અવિછિન હોય અને અવિછિન હોય તે એક હોય.

આથી એમ ફળિત થાય છે કે, અલ્લા એક છે અને તે નીત્ય તથા અવિછિન છે અને જગત પરિછિન અને અનિત્ય એટલે ફાની છે.

## કુરાનની આયત.

કુલમિન્ અલેયા ફાની વ યબકા વઝેહુ રબક જુલ જુલાલ વલ્ અકરામ.

ભાવાર્થ—અલ્લા શિવાય સર્વ પદાર્થ ફાની છે. બાકી અલ્લા એક સત્ય છે.

મહાત્મા હજરતઅલી સાહેબને કોઇએ પુછયું કે, અલ્લા છે એમ તમે કેમ જાણ્યું ? ત્યારે ફરમાવ્યું કે, પરતંત્રતાથી હું મને સ્વતંત્ર જોતો નથી; પણ કોઇના દોર્યો દોરાઉં છું, તેથી એમ જાણુંછું કે, હું કોઇ મોટી શક્તિને આધિન છું એ મોટી શક્તિ તે અલ્લા.

શેખ સાદીએ બોસ્તાનમાં કહ્યું છે કે, મારી હિંદની મુસાફરીમાં એક દેવલમાં હું ગયો ત્યાં લોકો પ્રતિમાની પ્રાર્થના કરતા હતા. તેમાં જેની પ્રાર્થના સ્વિકારવામાં આવતી તેને પ્રતિમા હાથ ઉંચો કરી સ્વિકારનું ચિન્હ બતાવતી. હું અઝબ થયો; પણ સંશય પડવાથી વધારે સોધ કરી તો એમ માલમ પડયું કે, તે મૂર્તિ પાછળ એક માણસ હતો તે મૂર્તિના હાથમાંની બાંધેલી દોરી ખેંચતો તેથી હાથ ઉંચો થતો.

શેખ સાદી કહે છે કે, આથી મને શિક્ષણ મળ્યું કે, આ

મૂર્તિ જેમ માટીની છે તેમ હું પણ માટીનો છું, ત્યારે જેમ મૂર્તિની ગતિ બીજાના હાથમાં છે. તેમ મારી ગતિ પણ બીજાના હાથમાં છે.

બીજા એક શખ્સને હજરતઅલ્લી સાહેબે અલ્લાના અસ્તિત્વની સમજ બીજી પ્રક્રિયાવડે પાડી હતી તેની મતલબ પ્રશ્નોતરના આકારમાં બતાવું છું.

પ્રશ્ન—તમે વહાણમાં ચડ્યા છો?

ઉ૦—હા.

પ્રશ્ન—કોઇ વખત તોફાન ખાધો છે?

ઉ૦—હા.

પ્રશ્ન—કોઇ વખત એવું બન્યું હતું કે, બચાવનાં કોઇબી કારણો રહ્યાં નહીં હોય?

ઉ૦—એવું પણ એક વખત બન્યું હતું.

પ્રશ્ન—તોપણ તમારા મનમાં કાંઇ આશા હતી?

ઉ૦—હા, કંઇ ઉંડી આશા રહેતી હતી ખરી.

પ્રશ્ન—એનું કારણ શું?

ઉ૦—તે હું જાણી શકતો નથી.

હજરતઅલ્લી સાહેબે ફરમાવ્યું કે, જેને તું જાણી શકતો નથી તેજ પોતે અલ્લા છે.

જાણવાનું કંઇ સાધન નથી. કારીગરી કારીગરને કેમ જાણી શકે? અને જાણી ન શકાય તેને માટે બોલાય પણ શું?

કોઇ દૃશ્ય વસ્તુ હોય તેના રંગ, રૂપ, બુદ્ધિ, બળ આદિ ગુણોને માટે બોલી શકાય, પણ અદૃશ્યને માટે શું બોલી શકાય? તો પણ કંઇ બોલવુ હોય તો આમ કહેવામાં વાંધો આવશે નહિ, કે જે કંઇ રંગ અને રૂપ દૃશ્ય અથવા

અદૃશ્ય હોય તે સર્વ તેનુંજ કૃત્ય છે અથવા તેનુંજ છે તેની બુદ્ધિ તેના કર્તવ્યમાં જોઇ લ્યો, તેનું બળ તેના અશંખ્ય ચક્રોના વેગમાં જુઓ.

એક કુંભકાર કુંભઆદિ કૃતિ માટે પોતાના એક ચક્રને ગતિ આપે છે તે કદી પાંચ મિનિટ રહેતી હશે. પણ આ મોટા કારીગરે સૃષ્ટિ .રચના માટે સૂર્ય, ચંદ્ર, ગૃહ, આદિ અશંખ્ય ચક્રોને જે ગતિ આપી છે તે ક્યારની શિરૂ થઇ છે અને ક્યારે ઠંડી પડશે તે કોઇ કહી શકે એમ નથી, એમાં કેટલું બળ જોઇએ એ વાત અક્કલમાં આવી શકે એવી નથી.

હદીસ સરીફમાં નીચે પ્રમાણે ફરમાવ્યું છે તે વાજબી છે.

## હદીસ.

ત ફકુર ફી આલા એહી વલ્લા ત ફકર ફી જાતેહી.

ભાવાર્થ—તેની કુદરતની શોધ કરો તેની જાતની શોધન કરો.

ઉપર બતાવ્યું છે તેમ, જેમ કાર્ય કારણવિનાનું ન હોય તેમ કારણ પણ કાર્યવિનાનું ન હોય. કારણનું કાર્ય થાયજ ત્યારે કરમનાં ફળ થાય એ સિદ્ધાંત છે.

અલ્લા એક છે અને કરમનાં ફળ છે ત્યારે એમ તો કહેવાની જરૂર રહેતી નથી કે સારા કરમનાં સારાં ફળ થાય અને નરતા કરમનાં નરતાં ફળ થાય. જેવું વાવવું તેવું લણવું એ કહેવત અનુભવસિદ્ધ છે. સર્વનો આત્મા એક છે માટે જેવું પોતાને ઇચ્છવું તેવું બીજાને ઇચ્છવું અને તે પ્રમાણે વરતવું. આ વાક્યમાં સર્વનીતિ અને ધર્મનો સમાશ થાય છે.

શાહ અબ્દ લતીફે ફરમાવ્યું છે કે,

બેત.

કસે તીર કમાનમેં, મતાં હણે મું;
મુમેં અઇએં તું, મતાં તુંઇન્જો તોકે લગે.

જગતમાં જ્યારે ધર્મનો લોપ થાય છે. ત્યારે તેના પુઃન સ્થાપન માટે અલ્લા કોઇ મહાત્મા પુરૂષને મોકલે છે. આ નિયમ પ્રમાણે કુલ પેગંબરોના સરદાર હજરત મહમદ સાહેબની પધરામણી થઇ હતી. એ મહા પુરૂષે અદ્વૈત સત્ય એટલે એક, અલ્લાને માનવાના ધર્મનો પ્રસાર કર્યો હતો અથવા આમ કહેવામાં પણ વાંધો આવશે નહિં કે, એ તત્વવેતા મહાપુરૂષ અહંપદથી નિવૃત થઇ અદ્વૈતરૂપમાં લય પામી પોતે અદ્વૈતનો પ્રકાશ કર્યો હતો.

હદીસમાં ફરમાવ્યું છે કે, "અના અહમદ બલામીમ" એનો અર્થ એવો થાય છે કે, "હું અહમદ છું. "મીમ" વિના. "મિમ" એટલે "અહંપદ" અથવા "દેહાભિમાન" જો અહંપદ નિવૃત થાય તો બાકી શું રહે "અહંમદ" માંથી "મીમ" નો અક્ષર બાદ કરતાં જે બાકી રહે તે. "મીમ" બાદ કરીએ તો બાકી "અહદ" રહેશે. એનો તાત્પર્ય એવો છે કે, ઉપર બતાવ્યા પ્રમાણે પેગમ્બર સાહેબ અહંપદથી નિવૃતિ પામી "અહદ" જોડે ઐક્યતાને પામ્યા હતા અર્થાત અલ્લા સાથે મિલાપ કર્યો હતો.

આ પાક રસુલ અને તેના પાક ખાનદાન અને આલપાક ઉપર દરૂદ અને સલામ.

આ નાની ચોપડીનું નામ ખોજા વૃતાંત રાખ્યું છે. એમાં ખોજા લોકોના ધર્મનું અસલ બીજ બતાવવાનો મુખ્ય ઉદેશ છે. અસલ ધર્મના અજ્ઞાનથી મતભેદની પ્રવૃતિ થઇ છે. ધર્મના

મૂળનું જ્ઞાન હોય તો તેમ ન થાય માટે મૂળ મતના જ્ઞાન અર્થે આ પ્રયત્ન છે.

ખોજાપંથની શિક્ષણ પોથીઓ હિંદુ અને ઈસ્લામ ધર્મના મિશ્રણ વીચારોથી ભરેલી છે અને ક્રિયાઓ પણ તેવીજ છે. એ વિચારો અને ક્રિયાઓ તે ખોજાપંથ એમ ખોજા લોકોની માન્યતા હતી; પણ ખોજા લોકો જ્યારથી વિદેશ પ્રવાસ કરવા લાગ્યા ત્યારથી તેમના જ્ઞાનમાં વૃદ્ધિ થવાથી કેટલાક આ પોથીઓના વિચારોમાં સંશય યુક્ત થયા. તેમને એમ વિચાર આવ્યા કે, અમે તો મુસલમાન છીએ છતાં હિંદુઓના વિચારો અને ક્રિયાઓ અમારામાં કયાંથી આવી.

આ વિષય ઉપર ઘણી ચર્ચા થઈ હતી. મુંબઈમાં ખાકી ખોજાએ ઈસમાયલી સુઝરાની એક ચોપડી બનાવી તેમાં ખોજા ધર્મ વિષે ઉપહાસ યુક્ત ટીકા કર્યા; તેમાં એમ લખ્યું છે કે, "હિંદુમેસેં બી નિકાલા ઔર મુસલમાનને બી નહિં મિલાયા પીછે ગડબડ ગોટા મેલાકે બીચમેં લટકા દીયા" વળી એમ પણ એ ચોપડીમાં લખ્યું છે કે, "સહદેવ જોશી, પીર સદરદીન અને કપુરા લોહાણાએ કમાવી ખાવા સારૂ આ પ્રપંચ કર્યો હતો.

આ ખાકીની ચોપડીની અસર મુંબૈના ખોજા શેઠીઆઓમાં બહુ ફેલાઈ હતી અને તેનો ચેપ બીજા દેશના ખોજાઓને પણ લાગ્યો હતો. આવા વિચાર ધરાવનારા ખોજાઓ પોતાને સમજુમાં ગણતા અને જે જુની પોથીઓના વિચારો ઉપર ચુસ્ત હતા તેને તેઓએ સેંઢાનો લકબ આપ્યો હતો.

ખોજા લોકોમાં દ્વૈત ભાવના બીજથી કજીઆ ટંટા ઝારી થયા હતા અને તેનાં ફળ બહુ માઠાં થયાં હતાં.

સંવત ૧૯૨૦ ની શાલમાં નામદાર આગાખાને એમ હુકમ કર્યો કે, ખોજા લોકોએ સાદીગમીની ક્રિયા સુની મુલ્લાં આગળ ન કરાવવી; પણ શીયા પાસેથી શીયા રીતિ પ્રમાણે કરાવવી. આ હુકમને શેઠીઆ સામા થયા. આમાંથી ખોજાનો અસલ મત સુની કે શીયા? એવો સવાલ નિકળ્યો. એનો કજીઓ હાઈકોર્ટમાં ચડયો. સંવત ૧૯૨૪ ની શાલમાં તેનો ફેંસલો થયો. તેમાં ખોજાનો અસલ મત શીયા ઠર્યો.

આ ફેંસલો થયા પછી શેઠીઆ અથવા જે સુધારાવાળા કહેવાતા હતા તેની ઘણી સંખ્યા શીયા મતમાં મલી. બાકી સુમારે ૧૦૦ ઘર સુનીમાં રહ્યાં તેઓએ પોતાની જુદી મસજીદ બંધાવી અને અદ્યાપિ તે સુનીજ રહ્યા છે.

આ પછી ઘણાં માણસો શીયા ધર્મની રીતિ શિખવા લાગ્યા. ઈમામોની ગમની મિજલસો વધવા લાગી; પણ એ વાત મોટા ભાગને પસંદ પડી નહિં. તેઓ નાની શંખ્યા સાથે દ્વેશ કરવા લાગ્યા.

મોટી શંખ્યાવાળા એમ સમજતા હતા. અથવા સમજે છે કે, ખોજાઓની પોથીઓમાં જે લખેલ છે એ શીયા ધર્મ. કેટલાક તો એમ સમજે છે કે, અમારો ધર્મ નિરાળો છે અને તેનું નામ સતપંથ છે.

ખોજા લોકોની અસલ ઉત્પતિ સુનીમાંથી થઈ હતી, એમ જે માનવામાં આવ્યું હતું તે ખરૂં ન હતું. તેમજ બાકી ખોજાએ ખોજા ધર્મની નિંદા કરી છે તે પણ ખરી નથી. વળી હિંદુ મુસલમાનનાં મિશ્ર મતનાં જ્ઞાનો એ શીયા મત છે એમ જે માનવામાં આવ્યું છે તે ખરૂં નથી અથવા ખોજાને માટે સતપંથ એ નિરાલોજ પંથ છે એવી કેટલાકની સમજણ છે તે

પણ ખરી નથી; પણ મુંબાઇની હાઇકોર્ટમાં તપાસ ચાલી ખોજાનો અસલ ધર્મ શીયા ઇમામી ઇસમાયલી ઠરેલ છે. એજ સત્ય વાત છે.

ખોજા ધર્મની ઉત્પતિ શી રીતે થઇ છે તે આ વૃત્તાંન્ત વાંચવાથી સ્પષ્ટ સમજાશે. તોપણ તેનું તત્વ અહીં બતાવવાની આવશ્યકતા છે.

ખોજા ધર્મ એ પાક ઇસલામી ધર્મ છે. ઇસલામી ધર્મની સુની શીયા એવી બે શાખા થઇ છે શીયામાંથી ઇસ્માયલી શાખા જુદી ફૂટી છે અને તેનો વળી એક નિઝારી ફાંટો છે.

ઇસ્લામ ધર્મ સર્વને માન્ય છે. માત્ર આચાર્યોની ગણનાથી શાખા થઇ છે.

ઇસ્માયલી વિદ્વાનોએ કલામે શરીફનાં ગૂઢ મહા વાકયોની ફિલસુફીનો વિશેષ પ્રકાશ કર્યો હતો. ફિલસુફી મત વિષે આ વૃત્તાન્તમાં પૂરતી રીતે ખુલાસો કર્યો છે. અહીં માત્ર એટલુંજ કેવું બશ થશે કે, ફિલસુફી એટલે તત્વ જ્ઞાન—પોતાના આત્માને ઓળખવો, તેમ થવાથી અલ્લા સાથે ઐક્યતા થાય,

### હદીસ.

મિન અરફ નફસહુ ફકત અરફ રબહુ;

ભાવાર્થ—જેણે પોતાને ઓળખ્યો તેણે અલ્લાને ઓળખ્યો.

ઇસ્માયલીઓનો એવો મત હતો કે, શરીયતનાં ફરમાનો વિષે જે મતભેદ થતા હતા તે દૂર કરવા સારૂ તેઓ કલામે શરીફનાં મહા વાકયોના પ્રમાણોવડે અસલ મતો સિદ્ધ કરવાનો પ્રયત્ન કરતા હતા.

ઇસ્માયલીઓએ ધર્મનું શિક્ષણ આપવા માટે નવ પાયરી

ઓની યોજના કરી હતી અને તેને માટે મિસરમાં મદ્રેસા સ્થાપી હતી.

ઇસ્માયલી આચાર્યોના વિચાર પ્રમાણે આ પ્રયત્નનો ઉદ્દેશ ઐક્યતા માટે હતો; પણ એમ બન્યું નહિં. બીજા ઇસ્લામીઓ તેઓના ઉપર નાખુશ થયા, તેઓ ફિલસુફીનો સુક્ષ્મ ભેદ સમજી શક્યા નહિં. તેઓને ઇસમાયલી તાલીમ ધર્મ વિરૂદ્ધ જણાઇ અને તેમ માનવાનાં કારણો નિઝારીઓની કારકિર્દિમાં બન્યાં પણ હતાં.

તત્વ જ્ઞાન જે અધિકારી હોય તેનેજ આપવું અને એ જ્ઞાન ગુહ્ય રાખવું એવું જે ધર્મનું ફરમાન છે તે વાસ્તવિક છે. ધર્મ ઉપર જેની દૃઢ શ્રદ્ધા હોય અને જેની બુદ્ધિ સુક્ષ્મ હોય તેને આ જ્ઞાન મોક્ષદાયક થાય; પણ અશ્રદ્ધાવાન અને સ્થુળ બુદ્ધિ આ સુક્ષ્મ માર્ગમાં પ્રવેશ ન થઇ શકવાથી વિપરીત માર્ગ પકડે તેમાં કંઇ આશ્ચર્ય નહિં. એમાં જ્ઞાનમાર્ગનો દોષ ન ગણાય; પણ બુદ્ધિનો દોષ ગણાય. ગમે તેમ હોય તોપણ સામાન્ય રીતે સર્વને જ્ઞાનઉપદેશ કરવાથી લાભ નથી; પણ ધર્મબોધ કરવોજ લાભકારી છે એ વાત અનુભવ સિદ્ધ છે.

સુમારે સાડાસાતસો વર્ષ ઉપર નિઝારી ખલીફાઓએ હિંદમાં ઉપદેશકો મોકલી હિંદુ લોકોને ઇસલામ ધર્મનું શિક્ષણ આપવા પ્રયત્ન કર્યો હતો તે વખત એમની ગાદી અલમુતગઢ ઉપર હતી.

આ ઉપદેશકોએ હિંદુઓને ઉપદેશ કર્યો તેમાં મોટો ભાગ શકિતધર્મવાળાનો હતો, એ ધર્મનું મૂળ બીજ સાંખ્ય મત છે. આ લોકોમાં જ્ઞાન મતનો અતી પ્રસાર થવાથી પાછળ બતાવ્યું છે તેમ તેઓ ઉલટે માર્ગે ચડી ગયા હતા, તેઓને " વામમા-

ર્ગી " એવું ઉપનામ મળ્યું હતું. ( વામ એટલે ઉંધું )

આ લોકોની ઉપદેશ કરવાની રીતિ એવી હતી કે, જેને પોતાના ધર્મમાં લાવવાનો હોય તેનો મત સ્વિકાર કરી પછી યુક્તિથી ઈસલામ ધર્મ તરફ તેમને દોરવા, આવી રીતે તેઓએ ઉપદેશનું કામ કર્યું હતું.

આ પંથીઓ નિઝારપંથી કહેવાયા. નિઝારને તેઓ ઈશ્વરના અવતાર માનવા લાગ્યા. નિઝારનું નામ અને નિઝાર મત છાનો રાખવામાં આવતો અને હજી પણ છાનો રાખવામાં આવે છે.

નિઝારી મતનાં ઘણા ભજનો છે. તેના વિચારોનો નમુનો બતાવવા સારૂં એક ભજનમાંથી થોડા પાઠ અહીં લખુંછું.

## લીલબાઇનું સ્વપ્નું.

સાંભળજોરે મારી બાઈજી બેની, પેલા સ્વપ્નાંનો વિચાર,
એમ સ્વપ્નું લાધું પહેલા પહોરનું. ૧
હરોહર અસ્વારીઓ ઉભો મોરે આંગણે,
તેને પેરણ લીલડા વેશ. ૨
દશ પછમના રાજીઓ, મોરે મંદીર આવીયો,
હીરા માણેકે ચોક પુરી, મોતીડે વધાવીઓ. ૩
નકલંકીનો અવતાર જાણી, અલખ ભણી આરાધીઓ,
પાય પદમ હાથ પુસ્તક, મોડ મુગટ શીર બાંધીઓ. ૪
લીલાડે ઘોડેરે મોરો શામ ચડયા,
અલખ પુરૂષ મીરાં ધણી, નુરકળા વરતે ઘણી. ૫
મારે ગુરૂએ મહા ધરમ માંડયો, ત્યાં નોતર્યાં વર્ણ અઢાર,
ત્યાં થાપ્યા કળશ ને પાટ, ત્યાં માઈ પુરૂષ મળ્યાં સહુ.
અંગ ભેળા કોળી પાવળ આચરો તો દશ દોષ નાશે,

છોત જાશે ગાઇએ ધર્મે નિઝાર તો આપણી કરમ તણાં
ફળ પાઇજે.

આ ભજનમાં મુખ્ય વિચારો વામમાર્ગનાં છે; પણ તેની સાથે શાહ નિઝારને ઇશ્વરનો અવતાર માનેલા છે. આ ઇસ્લામ ધર્મમાં વામમાર્ગીઓને અવલ પ્રવેશ કરાવ્યાનું દર્શન છે. આવા. વિચારોમાં લાખો માણસો રહી ગયાં છે અને આવા વિચારો એ " નિઝારી ધર્મ " એવી તેઓની માન્યતા છે.

નિઝારી ભજનો નિઝારપંથી પાસેથી મને મળ્યાં હતાં. તેને મેં પૂછ્યું કે, નિઝાર તે કોણ? ત્યારે એમ કહ્યું કે, નિઝાર તે ઇશ્વર; પણ શાહ નિઝાર ઇજીપટના ખલીફ હતા, તેની તેને પિછાન નહોતી. આ નિઝારી ધર્મને તેઓ મહાધર્મ કહે છે, જે વિષે ઉપર જણાવેલા ભજનમાં પણ બતાવેલું છે.

નિઝારી ઉપદેશનું આ મુળ બીજ સમજવું. તેઓ અનુકૂળતા પ્રમાણે પોતાના ઉપદેશ વધારતા ગયા. તેમને બે કામ હતાં. એક હિંદુધર્મના વિચારો અને ક્રિયાઓમાં ઘટાડો કરવો અને ઇસલામ ધર્મના વિચારો અને ક્રિયાઓમાં વધારો કરવો. પેલાં જેમ બોધનું કામ શિરૂ થયું હતું તેવું જો જારી રહેત તો કરોડો હિંદુઓ ઇસલામમાં આવી જાત; પણ શિક્ષણની ગતી સરખી રહી નહિં. તેથી ઘણા પાછળ રહી ગયા અને થોડા આગળ વધ્યા. જે હિંદુ આકૃતિમાં રહો ગયા, તે હવે મુસલમાનીમાં આવે એમ નથી; પણ જે મુસલમાની આકૃતિમાં આવ્યા તે મુસલમાની તરફ વધવા ગતિમાન રહયા. તે ખોજા જ્ઞાતિ છે, તેમાં કાશમીર તરફના ખોજાઓ શુદ્ધ શીયા તનાશરી થઇ ગયા છે, એમ જાણવામાં આવ્યું છે અને આ તરફના પહેલાં કહ્યું છે તેમ મતભેદમાં ભ્રમિત છે.

ખોજા લોકોના ઉપદેશકો અથવા પીરો તેમને ઇસલામને રસ્તે દોરતા હતા. બીજા કોઇ ધર્મમાં લઇ જવા તેમનો વિચાર હતોજ નહિં. તેઓ જ્યારે માર્ગ ચુકતા ત્યારે ઉપદેશ કરી માર્ગ ઉપર લાવતા એ માર્ગ બીજો કોઇજ નહિં; પણ ઇસલામ માર્ગ હતો, તેવા બોધના એક જ્ઞાનના થોડા પાઠ હું અહીં બતાવુંછું.

પાઠ.

ચીલા છોડોના દીનકા, ઘાંચા મત ખાઓ,
સુનો બટાઉ બાવરે, મત ભુલી ન જાઓ.
સાચા દીન રસુલકા, સો તમે સહી કરી જાણો,
જો કોઇ આવે દીનમેં, ઉનકુ દીનમેં આણો.

આ ઉપરથી ખુલું જણાય છે કે, હિંદુ લોકોને મહમદી ધર્મ ઉપર લાવંવાનો પ્રયત્ન નિઝારી ધર્મગુરૂઓ તરફથી થયો હતો. એ પ્રયત્નની નોંધ આપણને જ્ઞાનો ઉપરથી પણ સારી રીતે મળી શકે છે હમણાં જો કે ધર્મગુરૂઓ તરફથી ઇસલામી ઉપદેશનું કામ ઠંડુ પડી ગયું છે; તોપણ જમાનાએ ઉપદેશનું કામ માથે લીધું છે, તેથી હવે ખોજા લોકો શુદ્ધ ઇસલામમાં ગણાવાને વધારે વખત જોઇશે નહિં.

સંવત ૧૯૩૦ નો શાલમાં આ વૃત્તાંન્ત લખવાનો સંકલ્પ કરવામાં આવ્યો હતો અને તેવાજ વખતમાં કેટલાંક સાધનો તૈયાર કર્યાં હતાં અને તે પછી હમણાં તેમાં ઘટાડો વધારો કરી પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે.

ખોજા ઉત્પતિ લખવા સારૂં મારા સાંભળવા પ્રમાણે કેરાની દરગાહવાળા પીર ગુલામઅલીશાહે પ્રયત્ન કર્યો હતો;

દુઃખ ઉપજ્યું. ને એ દુઃખથી અંતે રાજાનું મૃત્યું થયું.

ભરથ મોશાળમાં હતો તે પછીથી આવ્યો. ને આ વાત જાણી તેને બહુ સંતાપ થયો. પિતાની ઉત્તર ક્રિયા કરી રામને વાળી આવવા તે વનમાં ગયો. અમીરો અને મહાજન સાથે હતું. પાછળથી જનક રાજા પણ ગયા. રામચંદ્રજી પાછા વળ્યા નહિં. પિતાનું વચન પાળવાને તે વળગી રહ્યા.

ભરથે પાછા વળતાં રામની બે પાદુકા લીધી હતી તેમાં એક અયોદ્ધાના તખ્ત ઉપર સ્થાપી. શત્રુઘ્નને રાજ્યની લગામ આપી પોતે બીજી પાદુકા માથા ઉપર રાખી એક મઢુલીમાં તપ કરવા બેઠા. રામના નામનો તેઓ જપ કરતા હતા.

લક્ષમણ રામની સાથે હતો અને સિતાજી પણ સાથે હતાં. પંચવટીના વનમાં તેઓ રહ્યાં હતાં. એક સમય રામ મૃગની પાછળ ગયા. સિતાજીના આગ્રહથી લક્ષમણ પાછળ ગયા. તેમની ગેરહાજરીમાં લંકાનો રાવણ સિતાજીનું હરણ કરી ગયો. બંને ભાઈઓ સિતાજીની શોધમાં ભટકયા પણ પત્તો હાથ લાગ્યો નહિં.

કિષ્કિંધાના એક પહાડ આગળ સુગ્રીવ અને હનુમાનનો મિલાપ થયો. સુગ્રીવની સાહ્યતા કરી તેના ભાઈ વાળિને મારી કિષ્કિંધાની ગાદી ઉપર સુગ્રીવને સ્થાપ્યો. હનુમાને લંકામાં સિતાજીનો પત્તો કાઢી ખબર આપી. સુગ્રીવનું વનચર સૈન્ય લઈ લંકા ઉપર રામે ચઢાઈ કરી. હિંદના દક્ષિણ છેડા અને લંકા ટાપુ વચેની ખાડી ઉપર પાજ નાખી સૈન્યા ઉતારી.

વાળિના દીકરા અંગદને સિતાજી વાળી આપવાને વિષ્ટિ કરવા રાવણ પાસે મોકલ્યો પણ તેણે વિષ્ટિ માની નહિં. આ તેની હઠીલાઈથી તે દશ માથાનો કેહેવાયો હશે. અંતે લડાઈ

થઇ. કુંભકર્ણ અને મેઘનાદ આદિ યોદ્ધા મરાયા અને છેવટ રાવણ પણ માર્યો ગયો. રાવણનો નાનો ભાઇ વિભિષણ જે રામની તરફેણમાં આવ્યો હતો તેને રામે લંકાની ગાદી આપી. જય અને યશ પ્રાપ્ત કરી રામચંદ્રજી અયોદ્ધામાં આવ્યા. વસ્તીયે તેમને વધાવી લીધા. તેઓ અયોદ્ધાની ગાદી ઉપર બેઠા પણ સિતાજી થોડો વખત લંકામાં રહ્યાં હતાં તે વિષે લોકોએ નિંદા કરી તેથી સિતાજીને વનમાં મોકલ્યાં. તેઓ વાલ્મિક રૂષિના આશ્રમમાં રહ્યાં ને ત્યાં લવનો જન્મ થયો.

લવમાંથી લોહાણા થયા અને લોહાણામાંથી ખોજા થયા. લોહાણા રાઠોડ જાતિમાંથી થયાનો એક પ્રગટ પુરાવ છે. રાઠોડના માનનું પદ ઠાકોર છે. લોહાણા ઠકર કહેવાય છે તે ઠાકોરનો અપભ્રંશ થએલ છે. ખોજા એ શબ્દ ખ્વાજાનો અપભ્રંશ છે. ખ્વાજા એ ફારશી ભાષાનો શબ્દ છે તેનો અર્થ સરદાર એવો થાય છે એ શબ્દ પણ ઠાકોર જેવો છે.

લોહાણા જેમ ઠક્કર કહેવાય છે તેમ હાલારમાં અદ્યાપિ ખોજા ઠક્કર કહેવાય છે. લોહાણાની રીતે તેઓ ધોતીઆં પહેરે છે અને કેટલાક દાઢી પણ મુંડાવે છે. ખોજા લોકોનાં કેટલાંક જ્ઞાનો સિંધી ભાષામાં છે તેમાં પંજાબી ભાષાનું મિશ્રણ છે અને જે લિપિ છે તે પંજાબી છે. જે સિંધના લોહાણા પંજાબથી આવેલા છે અને અદ્યાપિ તે લિપિ તેમની વપરાશમાં છે.

ખોજા લોકો જ્યારે લોહાણા જાતિના હતા ત્યારે તેમનો ધર્મ શક્તિ માર્ગનો હતો. શક્તિ પંથની ઉત્પત્તિ શી રીતે થઇ છે તે ખુલાસે બતાવવાની જરૂર છે.

મનુષ્યના મનમાં ધર્મ ભાવના પેદા થવા વિષે જુદા જુદા વિચારો છે. સંક્ષેપમાં એમ કહી શકાય કે, ધર્મ એ કર્તા મત્યેની

ફરજ, વિશ્વની અનંતતા અને અગમ્ય પણ સાંકેતિક કૃતિ ઉપરથી કર્તાનો વિચાર થયો હશે. પછી આસપાસના પદાર્થો સૂર્ય, ચંદ્ર, ગ્રહ, તત્વો આદિ જગતની શક્તિઓને કર્તા માની તેની પૂજામાં પડયા હશે. વેદોમાં આવા દેવોને સંતોષવા યજ્ઞાદિ કર્મો અને ઉપાસનાની યોજના જોવામાં આવે છે.

વેદ અનાદિ ગણાય છે પણ તે લખાયાનો કાળ ત્રણચાર હજાર વર્ષોનો અટકળાય છે. હિંદુઓના સર્વ ધર્મ સંપ્રદાયનો પાયો વેદ છે. વેદ ચાર છે. રૂગ્, યજુ, સામ્ અને અથર્વ. ચાર ઉપવેદ છે. આયુર્, ધનુર્, ગંધર્વ અને સ્થાપત્ય. મનની ભાવનાથી દેવ ઠરયા. વેદમાં સૂર્ય, ચંદ્ર, અગ્નિ, પ્રજાપતિ, હિરણ્ય ગર્ભ, બ્રાહ્મ, પુરૂષ, ઈંદ્ર, વરૂણ, વાયુ, યમ, ઇત્યાદિ દેવો જોવામાં આવેછે. દેવોને બળિદાન આપતા. અગ્નિકુંડમાં પશુઓ અને વખતે માણસોને પણ હોમી દેતા.

આ બળિ ધુમ્ર મારફત અતુરિક્ષમાં દેવતાઓને પહોચતું હશે એવી માન્યતા હોવી જોઇએ. દેવતાઓને કેફ માટે સોમરસ પણ અર્પણ કરતા અને આના બદલામાં સંસાર સુખના પદાર્થો માગતા તથા શત્રુઓની સામે સાહ્યતા માગતા. "હે વરૂણ! હું તને સોમરસ આપીશ. તું મારા શત્રુને મારી નાખ." એવી પ્રાર્થનાના મંત્રો વેદમાં છે.

રફતે રફતે કર્મજાળ બહુ વધતી ગઇ. ઉઠવાના મંત્ર, બેસવાના મંત્ર, સુવાના મંત્ર, દરેક કામના મંત્ર થવા લાગ્યા. પરિણામે સુક્ષ્મ બુદ્ધિના વિદ્વાનોને શંકા પડવા માંડી. તેમને ઐકયેશ્વર્યનો વિચાર થયો અને તેથી પણ આગળ વધી એટલે અદ્વૈત મત ઉપર આવ્યા, ઉપનિષદો થયાં, કર્મ જાળને વૃથા ગણી શાંતિથી મોક્ષ માન્યો. વેદમાં ત્રણ મત છે. કર્મ, ઉપાસના અને જ્ઞાન.

હિંદુઓ પ્રથમ ઉત્તર તરફ કાકેસસ પર્વત પાસે વસતા હતા ત્યાંથી વેદકાળ પહેલાં અહીં આવવાનું અનુમાન કરવામાં આવ્યું છે. તેઓએ કામ ઉપરથી ચાર વર્ણ ઠરાવ્યા હતા. બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈષ્ય અને શુદ્ર. બ્રાહ્મણો વેદ ભણતા, રાજ્ય અને ધર્મના કાયદા ઘડતા. તે પ્રમાણે સૌને વર્તવું પડતું. ક્ષત્રિય દેશનું રક્ષણ કરતા, વૈષ્ય ખેતી અને વ્યાપાર કરતા, અને શુદ્ર નોકરી કરતા, એ ચોથો વર્ણ ઘણી હીણ સ્થિતિમાં હતો. તેમને વેદકર્મનો અધિકાર નહોતો. મોક્ષની તો તેઓને આશાજ નહિં તેથી સામાન્ય ધર્મની આવશ્યકતા હતી.

આવા સમયમાં મહાત્મા બુદ્ધના ધર્મની ઉત્પતિ થઈ. એ ધર્મમાં વેદના કર્મ કાન્ડની કડાકુટ કંઈ હતી નહિં. દેવોનું ટોળ તેણે કાઢી નાખ્યું. જગત કેમ થયું, કોણે રચ્યું, જીવ શું છે, એવી તકરારોથી તે દૂર રહ્યો. વર્ણાશ્રમ ન માન્યાં, સર્વ સામાન્યતા, ભ્રાતૃભાવ રાખવો, સર્વ ક્ષણિક, અનિત્ય માની તૃષ્ણાથી છુટવું તે મોક્ષ, તેજ નિરવાણ એવો તેનો ઉપદેશ હતો.

એ મહાપુરૂષ શાકયવંશી રજપુતોના રોહિણી તટ નિવાશી ગૌતમ કુળમાં કાશી ક્ષેત્રથી ઉત્તરે જન્મ પામ્યો હતો. તે રાજ્ય પુત્ર હતો. એમ કહેછે કે કોઈ માણસનું મૃત્યું જોવાથી તેને વૈરાગ્ય ઉત્પન્ન થતાં તે રાજ્યપાટ છોડી સંન્યાશી થયો. ઈ૦ સ૦ પૂર્વે ૪૭૦ એમના મૃત્યુનું વર્ષ બુદ્ધ ધર્મના ગ્રંથોને આધારે ગણવામાં આવેછે.

આ ધર્મે હિંદમાં વેદિક ધર્મ ઉપર હલ્લો કરયો હતો. જૈન ધર્મ આ ધર્મની શાખા છે એમ કેટલાક માનેછે પણ જૈની જૈન ધર્મ જુદો હોવાનું કહેછે. જૈન ધર્મમાં જેવો અહિંસાનો આગ્રહ છે તેવો આગ્રહ બુદ્ધ ધર્મમાં જોવામાં આવતો નથી પ-

ણુ વેદ સાથે વૈર અને કર્તા ન માનવો એ બે વાતમાં બંને મળતા છે. જૈનના ચોવિશ તીર્થંકર છે-(મુક્ત પુરૂષ) તેમની પ્રતિમાઓ દેવળમાં સ્થાપિત કરી પૂજેછે. કેટલાક મૂર્તિ પૂજાથી વિરૂદ્ધ છે તે અપાશરામાં ભક્તિ કરવા જાયછે. બુદ્ધ અને જૈન બંને મતવાળા કર્મને કર્તા માનેછે. જીવ જેવાં કર્મ કરે તેવાં ભોગવે. ફળદાતા ઈશ્વર માનતા નથી.

આ બંને ધર્મોએ હિંદુ રૂષિયોની તર્ક શક્તિને જગાડી હતી. આ સમયમાં ષટ્ શાસ્ત્રો થયાં. બબે શાસ્ત્રોનો અકેકો જોટો. ન્યાય અને વિશેષક એ ન્યાય, સાંખ્ય અને યોગ. એ સાંખ્ય, પુર્વ અને ઉત્તર બે મિમાંસા.

ન્યાય શાસ્ત્રના પ્રણિતા ગૌતમ રૂષિ તેમનો મત એવો કે તત્વ જ્ઞાન થવું એજ મોક્ષ. પ્રમાણ, પ્રમેય, સંશય, પ્રયોજન, દ્રષ્ટાંત, સિદ્ધાંત, અવ્યય, તર્ક નિર્ણય, વાદ, જલ્પ, વિતુલના, પ્રત્યાભાસ, છળ, જાતિ, નિગ્રહસ્થાન એમ સોળ તત્વો તેણે ગણેલાં છે. પ્રમાણ ચાર ગણ્યાં છે. પ્રત્યક્ષ, અનુમાન, ઉપમના અને શાબ્દ.

વિશેષકવાળાએ શ્રૃષ્ટિ શોધન કરી પદાર્થોને છ વર્ગમાં ગોઠવ્યા. દ્રવ્ય, ગુણ, કર્મ, સામાન્ય, વિશેષ અને સંવાવ્ય, સાતમો અભાવ. વિશેષકના પ્રણિતા કણાદ મુનિ છે.

ન્યાય અને વિશેષક બંનેનો એકંદર મત એવો કે, વિશ્વોત્પત્તિ અતિ સુક્ષ્મ પરમાણુઓથી થઇ છે અને તે પરમાણુઓનો પ્રેરક ઈશ્વર છે. વસ્તુમાત્ર સત્યપદાર્થો રૂપે સ્થિતિ પામી છે. જીવ, ઈશ્વર પણ પદાર્થ છે. જ્ઞાનની ન્યુનાધિકતાથી કરી અકેકથી ભિન્ન છે. પદાર્થ તત્વ જાણવા માટે પ્રમાણાદિથી જ્ઞાન પ્રાપ્ત કરી શકાય છે ને જયારે ઈશ્વર કૃપાથી તત્વ જ્ઞાન થાય અ-

ને જીવનો જે દુઃખ ધર્મ છે તેનો અત્યંત અભાવ થઇ જાય ત્યા રે મોક્ષ મળેછે.

સાંખ્યના કર્તા કપિલ મુનિ. તેણે એમ નિર્ણય કરયો કે, પદાર્થોમાં સ્રષ્ટિ ઉત્પન્ન કરવાની શક્તિ ન હોય તો ઇશ્વર નવીન શું કરી શકે? કર્તા સિદ્ધ થઇ શકતો નથી. પદાર્થો પોતાના સમર્થથી ભિન્ન ભિન્ન રૂપે બનેછે. સુખ, દુઃખ, અને અજ્ઞાન. એ ત્રણ ગુણયુક્ત વસ્તુ માત્ર પ્રતિત થાયછે. ત્યારે એ ત્રણ ગુણ સહિત કોઇ મુળ વસ્તુમાંથી વસ્તુ માત્રની ઉત્પત્તિ થઈ છે. એકજ વસ્તુ તેના માલેકને આનંદરૂપે, (સત્વ) ઇચ્છા થતાં જેને ન મળી તેને દુઃખ રૂપે (રજસ્) અને જેને તેનું કામ નથી તેને નિરર્થક જડરૂપે (તામસ્)

આ પદાર્થોના ગુણ છે. જેનારો જ્ઞાનરૂપ પુરૂષ છે પણ તે અકર્તા છે, સાક્ષી માત્ર છે, ત્રિગુણાત્મક પ્રકૃતિ છે. પ્રકૃતિ પુરૂષના સંબંધથી સ્વતઃ ગત્ થાય છે. પ્રકૃતિ સત્વ ગુણરૂપે પુરૂષને જણાય ત્યારે ભ્રમ નિવૃત્ત થઇ જ્ઞાન થાયછે. અને પુરૂષને મોક્ષ મળેછે. આધિ, વ્યાધિ અને ઉપાધિવડે થયેલાં દુઃખ એ પ્રકૃતિના ધર્મ. પુરૂષ પોતે અકર્તા એમ પુરૂષને જણાય તે મોક્ષ.

ઉત્પત્તિ, વ્યવસ્થા આમ બતાવી છે. મુળ પ્રકૃતિથી મહતત્વ મહત્ એટલે બુદ્ધિ અથવા અંતઃકરણ વસ્તુઓને જાણનાર તેમાંથી અહંકાર. વસ્તુ માત્રને અહંતા આપનાર "હું કર્તા છું" એમ માનનાર અહંકારના સત્વાંસને તથા તમાંસને રજોગુણ પ્રવૃત કરેછે. એટલે તમાંસથી પંચતન માત્રા થાયછે. શબ્દ,. સ્પર્શ, રૂપ, રસ અને ગંધ. આ સાતમાંથી બીજાં સોળ થાયછે.

અહંકારના સત્વાંસમાંથી પાંચ કર્મેન્દ્રિય વાક્, પાણી, પાદ,

પાયુ, ઉપસ્થ તથા પાંચ જ્ઞાન ઇન્દ્રિય શ્રોતૃ, ત્વક, અક્ષિ, રસના, ઘ્રાણુ અને જ્ઞાન તથા કર્મ ઉભયાત્મક મનસ્ એ અગીયાર તેમ પંચતન માત્રાથી ક્રમે આકાશ, વાયુ, તેજસ્, જળ, પૃથ્વિ તે પંચમાભત થાયછે એમ સોળ પદાર્થ બનેછે. જે સાત કહ્યા તે પ્રકૃતિની વિકૃતિ આમ મુળ બે પદાર્થ તેનોજ વિસ્તાર પચીસ રૂપે થયોછે ને તેથીજ બધું વિશ્વ બનેલુંછે.

સાંખ્ય શાસ્ત્રમાં ઇશ્વર માન્યો નથી. પુરૂષ અનંત માન્યા છે. જ્ઞાન પામવા માટે તત્વ વિવેક જરૂરનો છે ને તે પ્રત્યક્ષ તથા અનુમાન એ બે પ્રમાણોથી થાયછે.

પાતાંજળ મુનિનું યોગશાસ્ત્ર છે. કપીલે જે તત્વ વિચાર કરયો છે તે એણે સ્વિકારયો છે. સાંખ્યનાં પચીસ તત્વ તેને માન્ય છે પણ તેનો એવો મત છે કે નિરંતર પ્રકૃતિમાં બંધાઇ ગયલા પુરૂષને મોક્ષ સંભવતો નથી માટે પુરૂષને મોક્ષ બુદ્ધિ આપનાર, જ્ઞાનવાન, નિત્ય, શુદ્ધ, એવા એક ઇશ્વરની જરૂર છે તેથી એના શાસ્ત્રમાં ઇશ્વર સહિત છવીશ તત્વ થયાં છે.

કપીલે જેમ બાહ્ય સષ્ટિનો વિચાર કરયો છે, તેને પાતંજળીએ અંતર સષ્ટિની શોધમાં કામે લગાડયોછે તેનો મત એવો છે કે, મોક્ષ ઇશ્વર કૃપાથી થાય તેની પ્રાપ્તિ માટે પુરૂષને યોગ સાધવાની જરૂર છે. ચિત્તવૃતિનો નિરોધ કરવો તેજ યોગ તેથી પ્રવૃતિ શાંત થાય એનુ નામ મોક્ષ.

પૂર્વ મિમાંસા જૈમિનિ કૃત કર્મ કાન્ડ સ્થાપિત્ શાસ્ત્ર છે. વેદ ધર્મ સાધવાથી સ્વર્ગ મળે. સ્વર્ગ તેજ મોક્ષ. એવો તેનો મત છે અનુમતિ, ઉપમતિ, શાબ્દ, અનુપલબ્ધિ અને અર્થાપતિ એમ છ પ્રમાણ તેણે માન્યાં છે.

ઉત્તર મિમાંસાના પ્રણિતા વ્યાસમુનિ છે. ઉપનિષદ્ જે વે-

દાંત અથવા જ્ઞાન પંથ તેને પ્રાધાન્યતા આપનાર આજ દર્શન છે. બીજાં દર્શનોની પ્રક્રિયા તેને ગ્રાહ્યાગ્રાહ્ય છે. સાંખ્ય વિશેષ અનુકુળ છે પણ સાંખ્યના અનંત પુરૂષો તેને માન્ય નથી. સાંખ્યનો પુરૂષ તે વેદાંતનો જીવ. વેદાંતનું તત્વ એ કે "બ્રહ્મ સત્યં જગત મિથ્યા" જીવ ને બ્રહ્મ એક એમ માનવું. જેમ કારણ અને કાર્ય. બીજ અને ઝાડ, બિંબ અને પ્રતિબિંબ.

કર્મ અનાદિ છે. કર્મનો સંગ્રહ તે સંચિત તેનાં ફળ તે પ્રારબ્ધ. નવાં કર્મ તે ક્રિયમાણ. સારાં નરસાં કર્મવડે જીવને સ્વર્ગ નર્ક, ઉંચ, નિચ યોનિમાં અવતાર મળે. પ્રારબ્ધ ભોગવવાથી ટળે. સંચિત્ જ્ઞાનવડે ક્ષય પામી મીંડું આવે ત્યારે જન્મ મરણાદિ દુઃખની નિવૃતિ થાય.

બુદ્ધ અને જૈનમત જોડે વેદમતનો ઝઘડો ચાલ્યો હતો તેમાં મોટો કાળ ગયો હતો. આ નિરવાણ મતવાળાઓએ સ્થુળ બુદ્ધિનાં માણસોને રસ પડવા સારૂં વાર્તાઓ બનાવી ત્યારે વૈદિક મતના બ્રાહ્મણોએ પુરાણ રૂપી વાર્તાઓ બનાવી હતી. પુરાણ કાળ સુમારે હજાર વર્ષ ઉપરનો ગણવામાં આવે છે. એજ સમયમાં મહાત્મા શંકરાચાર્યે નિરવાણ મતનો નિકાલ આણી વેદ મતનો ઉદ્ધાર કરયો હતો.

શંકરાચાર્યે બુદ્ધ જૈનો જોડે તકરારો ચલાવી હતી અને છેવટ હથિયારો પણ વાપર્યાં હતાં. જૈન મતની ક્રિયાઓની કઠીનતાથી તે ક્ષિણતાને પામ્યો અને બુદ્ધ ધર્મને ઉચાળા ભરવા પડ્યા. તેણે ટિબેટ, તાતાર, ચીન, જાપાન, કોરીઆ, શીયામ, બ્રહ્મદેશ, શીલોન અને જાવા ઇત્યાદિ દેશોમાં પ્રસરી ત્યાં જડ ઘાલી.

પુરાણ અઢાર છે, અને અઢાર ઉપપુરાણ છે. એમાં વિશ્વોત્પત્તિ, દેવ દાનવના ઝગડા, રાજાઓની વંશાવળી, જે દેવ

મત્યે પુરાણ રચેલ હોય તેની શ્રેષ્ટતા અને કર્મ ઉપાસના વિષે ઉપદેશ તથા તત્વજ્ઞાન પણ હોયછે. અઢાર પુરાણનાં નામ મત્સ્ય, કૌર્મ, લૈંગ, શૈવ, સ્કંદ, આગ્નેય, વૈષ્ણવ, નારદીય, ભાગવત, ગારૂડય, પાદ્મ, વારાહ, બ્રહ્માંડ, બ્રહ્મવૈવર્ત, માર્કંડેય, ભવિષ્ય, વામન, બ્રાહ્મ, ભગવતીભાગવતને કોઇ પુરાણમાં ગણેછે. અને કોઇ ઉપપુરાણમાં ગણેછે.

પુરાણોનો એવો પણ મત છે કે માયાના ત્રણ ગુણ, સત્વ રજ અને તમ્ પૈકી સત્વગુણ રૂપી વિષ્ણુ ભગવાન જયારે જગતમાં અસત્યનો ઉપદ્રવ થાય ત્યારે અસત્યતાનો પરાજય કરી સત્યનું સ્થાપન કરવા મનુષ્ય અવતાર ધરે. એવા નવ અવતાર થઇ ગયા. મચ્છ, કચ્છ, વરાહ, નરસિંહ, વામન, પરસુરામ, રામ, [illegible] અને બુદ્ધ તથા દશમો અવતાર નિકલંકી થવાનો છે.

આ પુરાણો ઉપરથી વૈદિક ધર્મની ત્રણ શાખા નીકળી હતી. શિવમાર્ગ, વિષ્ણુમાર્ગ, અને શક્તિમાર્ગ. કાળે કરી લોકો ધર્મ ઉપરથી ડગમગ થવા લાગ્યા. ત્યારે ધર્માચાર્યોએ પોતપોતાના જુદા જુદા વાડા બનાવી તેમાં તેઓને પુર્યા. વર્તમાન કાળમાં વળી સુધારા સમાજો નીકળી તે પહેલાં જોસ બતાવી પછી થંડી પડી ગઇ, વૈદિક ધર્મને આચાર્યોએ વખતને અનુસરતી યોજનાઓ કરી કાયમ તો રાખ્યો પણ અનેક મત મતાંતર થવાથી આર્ય લોકોનો સંપ તુટયો અને તેથી નિસ્તેજ થયા.

હવે આપણે મૂળ વાત ઉપર આવીએ. લોહાણામાંથી ખોજા થયા અને તે લોહાણા શકિતપંથી હતા એમ પહેલાં કહ્યું છે, જેને વેદાંતવાળા વાચ્ય કહેછે, ન્યાયવાળા ઇચ્છા, જ્ઞાન, ક્રિયા એમ કહેછે. યોગવાળા કુંડલીની કહેછે. સાંખ્યવાળા પ્રકૃતિ કહેછે તેજ શક્તિ.

ભગવતી ભાગવતમાં શક્તિની મહત્વતા અને કર્મ ઉપાસના અને જ્ઞાન છે. શક્તિ ધર્મની વધારે સમજ પડવા સારૂં ભાગવતી ભાગવતનુ થોડું તારણ અહીં ટાંકુંછું.

## શક્તિનું સુક્ષ્મરૂપ.

### ત્રતિય સ્કંધના છઠ્ઠા અધ્યાયમાંથી.

"બ્રહ્મા પ્રત્યે દેવી કહેછે—હું અને બ્રહ્મ સર્વદા એકજ છીએ. ભિન્ન ભિન્ન નથી. જે બ્રહ્મ છે તે હુંછું અને હુંછું તે બ્રહ્મ છે (અગ્નિ આદિ પદાર્થોની શક્તિ જેમ અગ્નિથી જુદી નથી તેમ હું કે જે બ્રહ્મની શક્તિ છું તે બ્રહ્મથી જુદી નથી. જેમ પોતાની શક્તિથી અગ્નિ આદિ પદાર્થો ભિન્ન નથી, તેમ મારાથી બ્રહ્મ ભિન્ન નથી. એક કાર્ય અને બીજુ કારણ એ રીતે શક્તિનું રૂપ બે પ્રકારનું છે. જેમ કે ફોડલા આદિ જે થાય છે તે કાર્ય છે અને તે કાર્યને ઉત્પન્ન કરનારી જે દાહ શકિત છે તે કારણ છે. આમાં જેમ કાર્ય શક્તિ અગ્નિથી જુદી દખાય છે પણ કારણ શક્તિ અગ્નિથી જુદી દેખાતી નથી તેમ આવરણ અને વિક્ષેપાદિક રૂપ કાર્ય શક્તિ બ્રહ્મથી જુદી છે પણ હું કે જે તે કાર્યને ઉત્પન્ન કરનારી કારણ શક્તિ છું તે બ્રહ્મથી જુદી નથી. જેમ અગ્નિમાં હોમ કરતાં અગ્નિની શક્તિમાં હોમ અર્થાત થઇ જાય છે અને જેમ અગ્નિની શક્તિમાં હોમ કરતાં અગ્નિમાં હોમ અર્થાત્ સિદ્ધ થઇ જાયછે તેમ બ્રહ્મની ઉપાસના કરતા મારી ઉપાસના અર્થાત્ સિદ્ધ થઇ જાયછે. આ પ્રમાણે માયાની ઉપાસના અને બ્રહ્મની ઉપાસના એ બંનેમાં માયા વશિષ્ઠ બ્રહ્મનીજ ઉપાસના થાય છે.) મારી અને બ્રહ્મની

ભિન્નતા કેવળ બુદ્ધિની ભુલથીજ કલ્પાયછે. કાર્યરૂપ શક્તિ બ્રહ્મથી જુદીછે અને કારણરૂપ શક્તિ બ્રહ્મથી જુદી નથી એમ જે બુદ્ધિમાન પુરૂષ સુક્ષ્મતાથી સમજે તે પુરૂષ પોતાને માયાનું જ્ઞાન થવાના સમયમાંજ બ્રહ્મનું જ્ઞાન થવાને લીધે તે ક્ષણેજ જીવન્મુક્ત થઇને પછી દેહને અંતે વિદેહ મુક્તિ પામેછે. આ પ્રમાણે નિત્ય અને સનાતન બ્રહ્મ એક અને અદ્વૈતિયજ છે. પણ તે સૃષ્ટિના કાળમાં દ્વૈતભાવ પામેછે. જેમ દીવો એક છતાં પણ ઉપાધિના યોગથી અનેક પ્રકારનો દેખાયછે તેમ બ્રહ્મ એકજ છે; તોપણ માયારૂપ ઉપાધિના યોગથી અદૃષ્ય કોટિનું અને માયાના કાર્યરૂપ ઉપાધિના યોગથી દૃષ્ય કોટિનું એમ બે પ્રકારે થાયછે. જેમ એક મુખ પણ ઉપાધિરૂપ દર્પણના ભેદથી પ્રતિબિંબ રૂપે અનેક પ્રકારનું થાયછે તેમ અમો બંનેના પ્રતિબિંબરૂપ જીવ પણ અંતઃકરણરૂપ ઉપાધિના ભેદથી અનેક પ્રકારના થાયછે. (નિયમિત કાળેજ પાકવાના કર્મોમાં જેટલાં પાકી ગયાં હોય તેઓના ઉપભોગથી ક્ષય થવાને લીધે અને જેટલાં પાકયાં ન હોય તેઓનો ઉપભોગ થવાના અસંભવને લીધે સૃષ્ટિનો ઉપયોગ નહિ હોવાથી પ્રલય થાયછે તે પ્રલયમાં સઘળું જગત બીજરૂપથી માયામાં લીન થાયછે અને માયા સઘળા પ્રપંચને ગળી જઇને બ્રહ્મથી અભિન્ન રહેછે. તે સમયે તરંગ વગરના સમુદ્ર જેવું બ્રહ્મ નિષ્ક્રિયપણાંથીજ રહેછે. પાછાં કર્મો પાકી જાય ત્યારે તેને કાળ અને કર્મોને લીધે ખેતરમાં રહેલું બીજ જેમ ફૂટ કરે છે તેમ અદ્વૈત અને નિષ્ક્રિય બ્રહ્મ પણ કાળ અને કર્મોને લીધે ફૂટ કરેછે. પછી જેમ ખેતરમાં રહેલાં બીજમાંથી અનુક્રમે અંકુર, શાખા, પાંદડાં, ફૂલ અને ફળ થાય છે તેમ બ્રહ્મના ભાગ માયારૂપ બીજમાંથી જગતનું અંકુરાદિક

થાયછે. કૂટ કરવા આદિ પરિણામ માયાનુંજ થાયછે; પણ બ્રહ્મનું થતું નથી. કારણ કે બ્રહ્મ નિરવયવછે અને માયા સાવયવ છે. પરિણામમાં સાવયવ વસ્તુનીજ અપેક્ષા રહેછે. બ્રહ્મતો વિવર્ત્તોપાદાનરૂપછે અને તે વિના માયાની સત્તા તથા સ્ફુર્તિ નહિ થવાને લીધે પરિણામ ઘટતું નથી, આ પ્રમાણેછે; માટે માયામાં અને માયાના કાર્યમાં બ્રહ્મના અનુસ્મૃતપણાને લીધે જેટલા માયાના ભેદ થયા તેટલાજ બ્રહ્મના ભેદ સૃષ્ટિને વાસ્તે થયા એમ માનવું યોગ્ય છે. ઉત્પત્તિના કાળમાં સૃષ્ટિને વાસ્તે ભેદ થાયછે અને એમ થવાથી સઘળી રીતે દૃશ્ય અને અદૃશ્યનો ભેદ થયોછે. પ્રલયના સમયમાં હું બ્રહ્મથી અભિન્નજ હતી; માટે સ્ત્રીરૂપ, પુરૂષરૂપ કે નપુષકરૂપ પણ નહતી. સૃષ્ટિ થયા પછી જીવ લોકો ઉપર અનુગ્રહ કરવા સારૂં મેં મારી વૃત્તિરૂપ બુદ્ધિથી આ ભેદ કલ્પેલછે. બુદ્ધિ, લક્ષ્મી, ધૃતિ, કીર્તિ, સ્મૃતિ, શ્રદ્ધા, મેધા, દયા, લજ્જા, ક્ષુધા, તૃષ્ણા, ક્ષમા, કાંતિ, શાંતિ, તરસ, નિદ્રા, આલષ્ય, જરા, વિદ્યા, અવિદ્યા, સ્પૃહા, વાંછા, શકિત, અશકિત, વસા, મજ્જા, ત્વચા, દૃષ્ટિ, સાચી તથા ખોટી વૈખરીવાણી, પરાપશ્યંતી તથા મધ્યમાવાણી અને અનેક પ્રકારની જે નાડિયો છે તે તથા એ વિના પણ જે બીજું રહ્યુંરૂપ પણ હું થઈછું. હે બ્રહ્મા! સંસારમાં કયો પદાર્થ મારૂં સ્વરૂપ નથી? મારા વિનાનું શું છે? સઘળું હુંજછું એ નિશ્ચયથી જાણો. કંઈ વસ્તુ એ મારાં નિશ્ચિત રૂપોથી રહિત છે? તે મને કહો. એટલા માટે હે બ્રહ્મા! આ સૃષ્ટિમાં હુંજ વિસ્તીર્ણ થઈછું. હુંજ સર્વ દેવતાઓમાં અનેક નામ ધરીને શક્તિરૂપથી રહુંછું અને પરાક્રમ કરૂંછું. ગૌરી, બ્રાહ્મી, રૌદ્રી, વારાહી, વૈષ્ણવી, શિવા, વારૂણી, કૌબેરી, નારસિંહી અને ઐન્દ્રિ

શક્તિરૂપ હુંજછું. સર્વ પદાર્થો ઉત્પન્ન થયા પછી તેઓમાં હું પ્રવેશ કરૂંછું પુરૂષને નિમિત માત્ર કરીને હુંજ સઘળાં કાર્ય કરૂં-છું જેમ જોઇએ તેમ જળમાં શીતત્વરૂપ, અગ્નિમાં ઉષ્ણતારૂપ, સૂર્યમાં જ્યોતિરૂપ અને ચંદ્રમાં ચાંદનીરૂપ હુંજ થઇછું. હે બ્ર-હ્મા! હું છોડી દઉં તો સંસારમાં જીવમાત્ર હલીચલી પણ શ-કે નહિં એ વાત નિશ્ચયથી હું કહુંછું. હું છોડી દઉંતો શંકર દૈત્યોને મારવા અસમર્થજ થાય. જે માણસ અતિ દુર્બળ હોય તેને લોકો પણ શક્તિરહિત કહેછે. જેમ સર્વ લોકો દુર્બળ મ-નુષ્યને શક્તિહીણ થઇ ગએલો કહેછે. તેમ રૂદ્રહીણ કે વિષ્ણુ હીણ થઇ ગયો કહેતા નથી. પડી ગએલો, જેને ઠેસ વાગી ગ-ઇ હોય તે, બીનેલો, શાંત અને શત્રુને વશ થએલો માણસ લોકમાં અશક્ત કહેવાય છે; પણ કોઇ અરૂદ્ર કહેવાતો નથી. ત-મને હમણાં સૃષ્ટિ કરવાની ઇચ્છા થઇ છે તેનુ કારણ પણ શકિતછે એમ સમજવું. જ્યારે તમે શકિતયુકત થશો ત્યારે સઘળું કરી શકશો. એ પ્રમાણેજ વિષ્ણું, રૂદ્ર, ઇંદ્ર, અગ્નિ, ચં-દ્ર, સૂર્ય, યમ, ત્વષ્ટા, વરૂણ અને પવન પણ જ્યારે શક્તિયુ-ક્ત થશે ત્યારેજ પોત પોતાનાં કામ કરી શકશે. પૃથ્વી જ્યારે શ-ક્તિયુક્ત થાયછે ત્યારેજ સર્વનું ધારણ કરવામાં દૃઢ થાયછે. જો શકિત ન હોય તો એક પરમાણુંને પણ ધરવામાં અશક્ત થાયછે. એ પ્રમાણેજ શેષ, કૂર્મ, દિગ્ગજો અને બીજા પણ સઘળાઓ મારાથી યુકત થાય છે ત્યારેજ પોતાનાં કાર્યો કરવા-ને સમર્થ થાયછે. હું જ્યારે ઇચ્છા કરૂંછું ત્યારે તુરત સઘળા જળને પી જાઉંછું, સૂર્યનો. સંહાર કરૂંછું અને પવનને રોકી દઉં-છું. હમણાં જે કરવા ધારૂં તે કરી શકું. હે બ્રહ્મા! સઘળાં ત-ત્વો પ્રથમ નજ હતાં અને પછીથી ઉત્પન્ન થયાંછે એવો સં-

દેહ કદી પણ કરવો નહિં જેમ માટીના પિંડમાં રહેલાજ ઘટનો જે પ્રાગભાવ (પહેલાં અભાવ) છે તેજ ઘટનો અવિર્ભાવ કરેછે અને કપાળમાં રહેલાજ ઘટનો જે પ્રદ્ધંશાભાવ (ફુટી જવાથી થએલો અભાવ) છે તે ઘટનો તિરોભાવ કરેછે. તેમ સઘળા તત્વો કે જે કારણરૂપે વિદ્યમાનજ હોય છે તેઓના અવિર્ભાવ અને તિરોભાવજ ઉત્પત્તિ અને પ્રલય રૂપ છે. કોઈ સમય જગતનો પ્રાગભાવ હોયછે અને કોઈ સમય જગતનો પ્રદ્ધંશાભાવ થાયછે. હમણાં ઘટનો દ્ધંશ થઈ જવાને લીધે અહીં ઘટ નથી તો એ ઘટ કયાં ગયો એવો વિચાર કરતાં વિદ્વાનો કહેછે કે, ઘટના પરમાણું થઈ ગયાં, તે ઉપરથી ઘટ પરમાણું રૂપે કરી છેજ એમ સિદ્ધ થાયછે. માટે સત્કાર્યવાદ યથાર્થછે. આ અહંકારથી પહેલાનું મહતત્વ કે જે સાશ્વત, ક્ષણિક, સુન્ય, નિત્ય, અનિત્ય, અને સકૃતક એવાં પરસ્પર વિરૂદ્ધ વિશેષણો લાગવાને લીધે અનિર્વચનીયછે અને જે મહતત્વને સાંખ્ય સિદ્ધાંતવાળા લોકો મહતત્વ, અહંકાર શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગંધ એ સાત ભેદાથી કહેવા ધારે છે તેજ મહતત્વનું તમે ગ્રહણ કરો? અહંકાર એથી ઉત્પન્ન થએલો છે એમાંથી આગળ પ્રમાણે સઘળા પદાર્થોની તમે રચના કરો? પ્રારબ્ધે ઉત્પન્ન કરેલા તમે અહિંથી જાઓ? પોતાનાં સ્થાનકો રચીને તેમાં રહો? અને પોતપોતાનાં કાર્યો કરો??"

---

## શક્તિનું વૈરાટ સ્વરૂપ.

### સપ્તમસ્કંધનો તેત્રીસમો અધ્યાય.

"જગદંબાએ દેવતાઓનો અભિપ્રાય જાણીને પોતાનું વૈરાટરૂપ દેખાડયું. અત્યંત ઉત્તમ દિવ્ય અને મોટું એ વૈરાટરૂપ

સઘળાઓના જોવામાં આવ્યું. એના મસ્તકમાં સત્યલોક, ચક્ષુમાં ચંદ્ર, સૂર્ય, કર્ણગોલકમાં દિશાઓ, વચનમાં વેદ, પ્રાણમાં વાયુ, હૃદયમાં અવ્યકત, પહેડુમાં પૃથ્વી, નાભિમાં આકાશ, વક્ષસ્થળમાં જ્યોતિશ્ચક્ર, કંઠમાં મહર્લોક, મુખમાં જનલોક, લલાટમાં તપલોક, બાહુમાં ઈંદ્રાદિક, શ્રોતેંદ્રિયમાં શબ્દ, નાશિકામાં અશ્વનિકુમાર, ઘ્રાણેંદ્રિયમાં ગંધ, મુખમાં અગ્નિ, પાંપણોમાં રાત્રદિવસ, ભમ્મરના ચાળામાં બ્રહ્માનું સ્થાનક, તાળવામાં જળ, જીભમાં રસ, દાઢોમાં યમ, દાંતોમાં પુત્રાદિક. ઉપરના સ્નેહના લેશ, હાષ્યમાં માયા, કટાક્ષમાં સ્વર્ગલોક, ઉપલા હોઠમાં લજ્જા, હેઠલા હોઠમાં લોભ, પીઠમાં અધર્મ, મેઢરૂમાં જગતને ઉપજાવનાર પ્રજાપતી, કૂખમાં સમુદ્રો, અસ્થિયોમાં પર્વતો, નાડીયોમાં નદીઓ, રૂંવાડાંઓમાં વૃક્ષો, કેશોમાં વાદળાં, વસ્ત્રોમાં બે સંધ્યા અને ગતિમાં બાળ. યુવાન અને જરા અવસ્થાઓ જોવામાં આવી. હે રાજા! એ જગદંબાના મનમાં ચંદ્રમા, બુદ્ધિમાં વિષ્ણુ, અંતઃકરણમાં રૂદ્ર, કટીપશ્ચાદ્ ભાગમાં અશ્વાદિ સઘળી જાતિઓ અને કેડથી નીચલા ભાગમાં અતલ આદિ પાતાળો જોવામાં આવ્યાં. એ ભયંકર મોટું રૂપ સર્વ દેવતાઓએ દીઠું. એ રૂપમાં જવાળાઓની હજારો પંક્તિઓ જોવામાં આવતી હતી. જીભ ચારેકોર આકાશમાં લબકારા મારતી હતી, દાઢોમાંથી કડકડાટી થતી હતી. નેત્રોમાંથી અગ્નિ નીકળતો હતો, આયુદ્ધો અનેક ધર્યાં હતાં, બ્રાહ્મણો અને ક્ષત્રિયો આદિ ચવાઈ જતા હતા, માથાં, નેત્ર અને પગ હજારો હતાં. ક્રોડ સૂર્યના જેવો પ્રકાશ હતો, પ્રભાક્રોડ વિજળીઓના જેવી હતી; મહાભયંકર, વીર અને હૃદય, નેત્રોને ત્રાસ આપનાર એ રૂપને જોઈ સર્વ દેવતાઓ હાહાકાર કરવા લાગ્યા."

## દેવી પૂજન.

### તૃતીય સ્કંધનો છવીશમો અધ્યાય.

"ઉત્તમ તીર્થના જળોથી ભરેલો અને સુવર્ણ તથા રત્નોવાળો કળશ સ્થાપવો. ચારેકોર પડખામાં પૂજાને વાસ્તે સામગ્રીઓ રાખીને મંગળને વાસ્તે ગાયન અને વાજીંત્રના શબ્દો કરાવવા. હે રાજા! પહેલે દિવસે હસ્ત નક્ષત્રવાળી પ્રતિપદા તિથિમાં વિધિ સહિત પૂજન ઘણું શ્રેષ્ઠ અને મનુષ્યોના મનોરથોને પૂર્ણ કરનાર છે. પ્રથમ અપવાસ, નક્ત ભોજન, અથવા એક ભુક્તના નિયમનો સંકલ્પ કરીને પછી પૂજનનો આરંભ કરવો. હે મા! હે જગદંબ! હે દેવી! હું ઉત્તમ નવરાત્રનું વ્રત કરીશ તેમાં મને સાહ્યતા આપજો. એવી પ્રાર્થના કરીને વ્રતને વાસ્તે યથાશક્તિ નિયમ લેવો અને પછી વિધિ સહિત મંત્રપર્વક પૂજા કરવી. ચંદન, અગર, કર્પુર અને સુગંધી પુષ્પોથી અર્ચન કરવું. મંદાર, કરંજ, આસોપાલવ, ચંપક, કરવીર, માલતી અને બ્રાહ્મીનાં પુષ્પોથી સુંદર બિલ્વદળોથી, ધૂપથી અને દીપથી વિધિ પ્રમાણે જગદંબાનું પૂજન કરવું. નાળિયેર, બીજોરાં, દાડમ, કેળાં, નારંગી, ફનસ, તથા સુંદર બીલાં આદિ અનેક પ્રકારનાં ફળોથી અર્ધ્ય દેવો, ભક્તિપૂર્વક અન્નદાન કરવું. જેઓ માંસ ખાતા હોય તેઓએ પશુઓની હિંસ્સા કરવી. પાડાં, બકરાં અને સુવરનું બળિદાન ઉત્તમ છે. દેવી આગળ મારી નાંખવામાં આવેલાં પશુઓને સર્વદા સ્વર્ગ મળેછે; માટે દેવીને માટે મારનારાઓને પશુની હિંસ્સા લાગતી નથી. સર્વ શાસ્ત્રોનો નિર્ણય એવો છે કે, યજ્ઞમાં જે હિંસ્સા કરવામાં આવે તે હિંસ્સા સમજવી નહિં. દેવતાઓને બળિદાન આપેલાં પશુઓને અવશ્ય સ્વર્ગની

ગતિ મળેછે. શાસ્ત્રમાં કહેલાં માન પ્રમાણે હોમને વાસ્તે સુંદર ત્રિકોણ કુંડ અથવા ત્રિકોણ સ્થંડિલ કરવું. ત્રણે સમયમાં અનેક પ્રકારનાં સુંદર પદાર્થોથી નિત્પૂજન કરવું અને ગાયન વાજિત્ર તથા નાચથી મોટો ઉત્સવ કરવો. નિત્ય પૃથ્વિ ઉપર સૂવું અને ઉત્તમ વસ્ત્રો, અલંકારો તથા મીઠાં ભોજનોથી કુમારિકાઓનું પૂજન કરવું અથવા પહેલે દિવસે એક, બીજે દિવસે બે અને ત્રીજે દિવસે ત્રણ એમ પ્રતિદિવસે અકેકેકનું અધિક પૂજન કરવું અથવા પ્રત્યેક દિવસે બમણું અથવા પ્રત્યેક દિવસે ત્રગણું પૂજન કરવું અથવા પ્રત્યેક દિવસે નવનવ કુમારિકાઓનું પૂજન કરવું. હે રાજા! શક્તિના યજ્ઞમાં પોતાના વૈભવ પ્રમાણે પૂજન કરવું ! પણ કદી ધન છતાં ધનનો લોભ કરવો નહિં. પૂજનમાં એક વર્ષની કન્યા લેવી નહિં. કારણ કે તે અત્યંત બાળક કન્યા ભોગ અને ગંધાદિકમાં સમજે નહિં. જે બે વર્ષની હોય તે કુમારિકા, ત્રણ વર્ષની હોય તે ત્રિમુર્તિ, ચાર વર્ષની હોય તે કલ્યાણી, પાંચ વર્ષની હોય તે રોહિણી, છ વર્ષની હોય તે કાળિકા, સાત વર્ષની હોય તે ચંડિકા, આઠ વર્ષની હોય તે સાંભવી, નવ વર્ષની હોય તે દુર્ગા અને દશ વર્ષની હોય સુભદ્રા કહેવાયછે. જે કન્યા દશ વર્ષ ઉપર અવસ્થાની હોય તેનું પૂજન કરવું નહિં. કારણ કે તે સર્વ કાર્યમાં નિંદિત છે. ઉપર કહેલાં નામોથી કુમારિકાઓની વિધિ સહિત પૂજા કરવી. હવે એ નવ પૂજાઓનાં પૂજનનાં નોખાં નોખાં ફળ કહુંછું. કુમારિકાનાં પૂજનથી દુઃખ અને દરિદ્ર નાશ થાયછે. ધન, આયુષ્ય અને બળની વૃદ્ધિ થાયછે. ત્રિમુર્તિનાં પૂજનથી ધર્મ, અર્થ અને કામનુ ફળ થાય છે, ધનધાન્યની પ્રાપ્તિ થાય છે અને પુત્રપૌત્રાદિકની વૃદ્ધિ થાય છે."

## જ્ઞાન.

### ભગવતી ભાગવતનો સપ્તમ સ્કંધનો તેત્રીશમો અધ્યાય.

"દેવી કહેછે—આ સચરાચર સઘળું જગત મારી માયા શક્તિથી કલ્પાએલું છે અને વાસ્તવિક રીતે એ માયા પણ મારાથી ભિન્ન નથી. ભ્રાંતિ પામેલા જીવોના વ્યવહાર ઉપર દ્રષ્ટિ રાખીને માયા અને અવિદ્યાની કલ્પના કરી છે. વાસ્તવિક વિચાર કરતાં તો માયા છેજ નહિં કેવળ પરબ્રહ્મજછે. હે હિમાલય! હું કે જે કુટસ્થ બ્રહ્મરૂપછું તે માયા અને કર્મઆદિને સાથે લઇ તથા પ્રાણને અગ્રણી કરીને સઘળું જગત સૃજ્યા પછી તેની અંદર પ્રવેશ કરૂંછું. હું વ્યાપકછું તેથી જવું આવવું, દેહનો સંબંધ અને દેહનો ત્યાગ કરવો સંભવે નહિં એટલા માટે પ્રાણાદિ ઉપાધિયોને સાથે લઉંછું, ઉપાધીના સ્વિકારથી જન્મ, મરણ, પરલોકગમન આદિ સઘળું સિદ્ધ થાય છે. જેમ આકાશ એકછે, તોપણ ઘટાદિ ઉપાધીઓના ભેદથી ભિન્ન ભિન્ન દેખાયછે. તેમ કુટસ્થ આત્મા એક છતાં પણ અવિદ્યા અને અંતઃકરણરૂપ ઉપાધિયોના ભેદથી જીવરૂપે ભિન્નભિન્ન દેખાયછે. જેમ સૂર્ય, ઉંચ, નીચ આદિ વસ્તુઓને પ્રકાશ આપતાં તે વસ્તુઓના દોષોથી કદી દોષિત થતો નથી તેમ હું પણ કદિ ઉપાધીઓના દોષોથી લેપાતી નથી. જોકે કર્તાપણું બુદ્ધિઆદિમાં રહેલુંછે; તોપણ મુંઢ લોકો તેનો મારામાં અધ્યાસ "આત્માકર્તાછે" એમ કહેછે. જેમ અજ્ઞાનના ભેદથી જીવોનું બહુત્વ કલ્પાએલુંછે. તેમ માયાના ભેદોથી બ્રહ્મા અને વીષ્નું આદિ રૂપે ઇશ્વરનું પણ બહુત્વ કલ્પાએલું છે. ઘટાકાશ અને મહાકાશનો વિભાગ જેમ કલ્પાએલોછે 'તેમ અવિદ્યા એટલે અજ્ઞાનને લીધે

જીવાત્મા અને પરમાત્માનો ભેદ કલ્પાએલોછે. જેમ જીવોનું બહુત્વ અવિદ્યાથીછે પણ વાસ્તવિક રીતે નથી, તેમ ઇશ્વરનું બહુત્વ પણ માયાથી છે, વાસ્તવિક નથી. દેહ અને ઇંદ્રિય આદિના સિદ્ધાંતની વાસનાના ભેદથી ઘણા પ્રકારની થએલી અવિદ્યા જીવોના ભિન્નભિન્ન પણામાં કારણછે બીજુ કશું કારણ નથી. તેમ ગુણોની વાસનાઓના સાત્વિક્ રાજસ્ અને તામસ્ ભેદોથી ઘણા પ્રકારની થએલી માયા ઇશ્વરના ભિન્નભિન્નપણામાં કારણ છે બીજુ કશું કારણ નથી. હે પર્વત! વાસ્તવિક રીતે ચૈતન્ય એકજછે માટે આ સઘળા પ્રપંચ મારામાં ઓતપ્રોત્ છે. ઇશ્વર સુત્રાત્મા અને વૈરાટ પણ હુંછું. બ્રહ્મા, વિષ્ણું, રૂદ્ર, સરસ્વતિ, લક્ષ્મી અને ગૌરી પણ હુંછું. સૂર્ય, ચંદ્ર, તારા, પશુ, પક્ષી ચંડાળ, ચોર, પારાધિ, ક્રૂર કર્મ કરનાર, સત્કર્મ કરનાર, મહાજન, સ્રી, પુરૂષ અને નપુષક પણ હુંછું, એમાં કશો સંશય નથી. કોઇપણ સ્થળ કે કાળમાં જે કંઇ વસ્તુ દેખવામાં કે સાંભળવામાં આવે છે તે સઘળી વસ્તુઓમાં સર્વદા અંદર અને બહાર વ્યાપીને હુંજ રહેલીછું. સચરાચર કંઇપણ વસ્તુ મારા શિવાય નથી. જે મારા વિના હોય તે વિંધ્યાના પુત્રની પેઠે સુન્યજ હોય. જેમ એકજ દોરી સર્પ અને માળા આદિ ભેદોથી અનેક પ્રકારની ભાસે છે તેમ હું એકજ ઇશ્વરાદિ રૂપોથી ભાસુછું, એમાં સંશય નથી. જે કલ્પિત વસ્તુ હોય તે અધિષ્ઠાનની સત્તાવગર ભાસેજ નહિં; માટે આ કલ્પિત જગત મારી સત્તા વિન્યા ભાસતું નથી. મારી સત્તાથી જગતની સત્તા જુદી નથી."

આ બ્રહ્મવિદ્યા અપાત્રને આપવા આ દેવી ભાગવતમાં સખ્ત મનાઇ છે. સપ્તમસ્કંધના છત્રીસમા અધ્યાયમાં કહ્યુંછે કે, દદયડ નામના અર્થવાના પુત્રે ઇંદ્રની પાસે બ્રહ્મવિદ્યાના ઉપદેશ-

ની પ્રાર્થના કરતાં ઈંદ્રે તેને બ્રહ્મવિદ્યા આપીને કહ્યું હતું કે, તમે જો આ બ્રહ્મવિદ્યા બીજાને આપશો તો હું તેજ સમય તમારૂં માથું કાપી નાખીશ. દેવીનું પૂજન પણ ઉઘાડું પાડનારને ભારે દોષિત ગણેલછે. સપ્તમસ્કંધના ચાળીસમા અધ્યાયમાં કહ્યુછે કે, હે હિમાલય ! આ પ્રમાણે મારા પૂજનનો વિધિ તમારા કને કહ્યો. આ સર્વ વિષયનો વિચાર કરી તમે અધિકાર પ્રમાણે મારૂં પૂજન કરો ? એ કરવાથી કૃતાર્થ થશો. આ મારૂં ગિતાશાસ્ત્ર કોઇ અશિષ્ય, અભક્ત, ધૂર્ત કે દુષ્ટ દેહવાળાની પાસે કદી પણ કહેવું નહિં. આનો પ્રકાશ કરવો એ પોતાની માના સ્તનને ઉઘાડાં કર્યા બરાબર છે."

આ તત્વબોધ ટુંકામાં સ્વામિ વાસુદેવેંદ્રે સમજાવેલછે તે આ જગ્યોએ ઉતારી લેવા યોગ્ય જાણી ઉતાર્યું છે.

## "યતો ધર્મ સ્તતોજય"

### તત્વબોધ.

"ચારે સાધનોથી યુક્ત એવા અધિકારીઓને મોક્ષનાં સાધનરૂપ તત્વવિવેકનો પ્રકાર કહીએ છીએ.

પ્રશ્ન—ચાર સાધન કયાં કહેવાય ?

ઉત્તર—નિત્ય અને અનિત્ય વસ્તુનો વિવેક, આ લોક પરલોકનાં ફળ ભોગવવામાં વિરાગ, શમ, દમ આદિ ૭ સંપત્તિ અને મુમુક્ષુપણું.

પ્રશ્ન—નિત્ય અને અનિત્ય વસ્તુનો વિવેક એટલે શું ?

ઉત્તર—નિત્ય એટલે બ્રહ્મ અને અનિત્ય એટલે બ્રહ્મવિના બીજું

અધું અને એ બેયનું જાણવું એનું નામ નિત્ય અને અ-
નિત્ય વસ્તુનો વિવેક.

પ્રશ્ન—આ લોક પરલોકનાં ફળ ભોગવવામાં વિરાગ એટલે શું?

ઉત્તર—આ લોક એટલે મનુષ્ય લોકના અને પરલોક એટલે સ્વર્ગ
લોકના ભોગમાં ઇચ્છા નહોય તે.

પ્રશ્ન—શમ આદિ સાધન સંપત્તિ કઇ કહેવાય?

ઉત્તર—શમ, દમ, તપ, તિતિક્ષા, શ્રદ્ધા અને સમાધાન એ છ વાનાં

પ્રશ્ન—શમ એટલે શું?

ઉતર—મન નિયમમાં રાખવું તે.

પ્રશ્ન—દમ એટલે શું?

ઉત્તર—ચક્ષુ આદિ બહારની ઇંદ્રિયો નિયમમાં રાખવી તે.

પ્રશ્ન—તપ એટલે શું?

ઉત્તર—પોતાનો ધર્મ પાળવો તે.

પ્રશ્ન—તિતિક્ષા એટલે શું?

ઉત્તર—ટાઢ તડકો અને સુખદુઃખ આદિનું સહન કરવાપણું તે.

પ્રશ્ન—શ્રદ્ધા એટલે શું?

ઉત્તર—ગુરૂ અને વેદાંતનાં વાક્યમાં વિશ્વાસ હોય તે.

પ્રશ્ન—સમાધાન એટલે શું?

ઉત્તર—ચિત્ત સ્થિર થવું તે.

પ્રશ્ન—મુમુક્ષુપણું એટલે શું?

ઉત્તર—" મને મોક્ષ થાય " એવી રીતની દૃઢ ઇચ્છા હોય તે.

એ ચાર સાધનોરૂપ સંપત્તિવાળા પુરૂષો તત્વ વિવેકના અધિ-
કારી થાયછે.

પ્રશ્ન—તત્વવિવેક એટલે શું?

ઉત્તર—" આત્મા સત્ય અને તે શિવાય બધું મિથ્યા " એમ જાણવું તે.

પ્રશ્ન—આત્મા કોણ કહેવાય ?

ઉત્તર—સ્થુળ, સૂક્ષ્મ અને કારણ શરીરથી વ્યતિરિક્ત ( જુદો ) અને પાંચ કોશથી અળગો છતાં ત્રણ અવસ્થાનો સાક્ષી સત્ ચિત્ અને આનંદરૂપ થકો જે અળગો રહે છે તે.

પ્રશ્ન—સ્થુળ શરીર કયું કહેવાય ?

ઉત્તર—ભેળાં થએલાં પાંચ મહાભુતથી થએલું અને સારાંનઠારાં કર્મથી થએલું સુખ દુઃખ ભોગવવાનું પાત્ર જે શરીર તે.

જાય તે ( થાય છે ) અસ્તિ ( છે ) વૃદ્ધ તે ( વધે છે ) વિપરિણમ તે ( જુવાન થાયછે ) અપક્ષીય તે ( વૃદ્ધ થાયછે ) અને નશ્યતિ ( નાશ થાય છે ) એમ છ વિકારવાળું એ સ્થુળ શરીર છે.

પ્રશ્ન—સૂક્ષ્મ શરીર શું કહેવાય ?

ઉત્તર—ભેળાં નહિં થએલાં પાંચ મહાભુતોથી થએલું સારાં નરસાં કર્મોથી ઉત્પન્ન થએલું, સુખ દુઃખાદિ ભોગના સાધનરૂપ અને જે પાંચ જ્ઞાનેંદ્રિય, પાંચ કર્મેંદ્રિય, પાંચ પ્રાણઆદિ વાયું, એક મન અને એક બુદ્ધિ એ પ્રમાણે સત્તર કળાની સાથે રહેછે તે.

પ્રશ્ન—કારણ શરીર કયું ?

ઉત્તર—સત્ કે અસત્ એમ વર્ણવી ન શકાય એવી અનાદિ અવિદ્યારૂપ અને સ્થુળ તથા સૂક્ષ્મ શરીરના કારણરૂપ વિકલ્પ વગરનું પોતાનાં સત્ય સ્વરૂપનું અજ્ઞાન તે.

એ ત્રણ ઉપાધિથકી આત્માને બીજો ધારવો.

પ્રશ્ન—ત્રણ અવસ્થા કઇ કહેવાય ?

ઉત્તર—જાગૃત, સ્વપ્ન અને સુષુપ્તિ.

પ્રશ્ન—જાગૃત અવસ્થા કઇ?

ઉત્તર—શ્રોત્રઆદિ જ્ઞાનેંદ્રિયોથી અને શબ્દઆદિ વિષયોથી જે કંઇ જણાય છે તે જાગૃત અવસ્થા અને સ્થુળ શરીરનું અભિમાન કરનાર આત્મા (વીશ્વ) એવી રીતે કહેવાય છે.

પ્રશ્ન—સ્વપ્નાવસ્થા કઇ કહેવાય?

ઉત્તર—જાગૃત અવસ્થામાં જે દીઠું અને સાંભળ્યું હોય તેથી થએલી વાસનાવડે ઉંઘમાં જે પ્રપંચ જણાય તે.

સ્વપ્નાવસ્થા અને સુક્ષ્મ શરીરનું અભીમાન કરનાર આત્મા "તૈજસ્" કહેવાય છે.

પ્રશ્ન—સુષુપ્તી અવસ્થા કઇ કહેવાય?

ઉત્તર—"હું કંઇ પણ નથી જાણતો સુખેથી હું ઉંઘનો અનુભવ કરૂંછું". એમ જે જણાય છે તે.

સુષુપ્તિ અવસ્થા અને કારણ શરીરનો અભિમાની એવો જે આત્મા "પ્રાજ્ઞ" એ રીતે કહેવાયછે.

પ્રશ્ન—પાંચ કોષ કયા?

ઉત્તર—અન્નમય, પ્રાણમય, મનોમય, વિજ્ઞાનમય અને આનંદમય.

પ્રશ્ન—અન્નમય કોષ કયો કહેવાય?

ઉત્તર—અન્નના રસથી ઉત્પન્ન થઇ અને અન્નના રસથી વધીને અન્નરૂપ પૃથ્વિમાં જે લય થાયછે તે સ્થુળ શરીર.

પ્રશ્ન—પ્રાણમય કોશ કહ્યો?

ઉત્તર—પ્રાણ આદિ પાંચવાયુ અને વાણી આદિ પાંચ કર્મેદ્રિયો મળીને પ્રાણમય કોષ કહેવાય.

પ્રશ્ન—મનોમય કોષ કયો યહેવાય?

ઉત્તર—મન અને પાંચ જ્ઞાનેંદ્રિયો મળીને મનોમય કોષ કહેવાય.

પ્રશ્ન—વિજ્ઞાનમય કોષ કયો કહેવાય?

ઉત્તર—બુદ્ધિ અને પાંચજ્ઞાનેંદ્રિયો મળીને વિજ્ઞાન મય કોષ કહેવાય. એ સુક્ષ્મશરીર કહ્યું.

પ્રશ્ન—આનંદમય કોષ કયો કહેવાય?

ઉત્તર—એજ પ્રમાણે અવિદ્યામાં રહેલું મલીન સત્વ કારણ શરીર થઇને પ્રીયમોદ અને પ્રમોદવૃતિ સહિત આનંદમય કોષ કહેવાય. એ પાંચેય કોષ મારૂં શરીર, મારા પ્રાણ, મારી બુદ્ધિ અને મારૂ જ્ઞાન એમ મારાપણાથી જણાયછે તે, જેમ મારાપણાંથી જાણેલાં કુંડલ, કડાં અને ઘર આદિ પોતા થકી ભિન્નછે તેમ મારાપણાંથી જાણેલું પાંચ કોષ આદિ (હુંથી ભિન્નછે) આત્મા નથી.

પ્રશ્ન—ત્યારે આત્મા કોણ?

ઉત્તર—સત્ ચિત્ અને આનંદરૂપ તે.

પ્રશ્ન—સત્ કોણ?

ઉત્તર—ત્રણે કાળમાં પણ રહેછે તે.

પ્રશ્ન—ચિત્ કોણ?

ઉત્તર—જ્ઞાન સ્વરૂપ તે.

પ્રશ્ન—આનંદ કોણ?

ઉત્તર—સુખ સ્વરૂપ તે.

એ પ્રમાણે સત્ ચિત્ અને આનંદ સ્વરૂપ આત્માને ઓળખવો. હવે ચોવીશ તત્વોની ઉત્પત્તિ કહુંછું.

પરબ્રહ્મની જે સત્વગુણ, રજોગુણ અને તમોગુણ રૂપ માયા છે તે માયાથકી આકાશ ઉત્પન્ન થયું, આકાશથી વાયુ ઉત્પન્ન થયો, વાયુથકી તેજ થયું, તેજથકી પાણી થયું અને પાણીથકી પૃથ્વી થઇ. એ પાંચ તત્વોમાંથી આકાશના સાત્વિક

અશથી શ્રોત્ર ઈંદ્રિય થઇ, વાયુના સાત્વિક અંસથી ત્વચા ઈંદ્રિય થઇ, અગ્નિના સાત્વિક અંસથી અક્ષુ ઈંદ્રિય થઇ, પાણીના સાત્વિક અંશથી રસના ઈંદ્રિય થઇ. અને પૃથ્વીના સાત્વિક અંશથી ઘ્રાણ ઈંદ્રિય થઇ. એ પાંચ તત્વોના સમુદાયના સાત્વિક અંસથી અંતઃકરણ થયું અને અંતઃકરણની વૃત્તિમાં ભેદ થવાથી મન, બુદ્ધિ, અહંકાર અને ચિત્ એમ ( ચાર ) અંતઃકરણ થયાં. ઉપરનાં પાંચ તત્વોમાંથી આકાશના રાજસ્ અંશથી વાક્ ઈંદ્રિય થઇ. વાયુના રાજસ્ અંસથકી પાણી ઈંદ્રિય થઇ. અગ્નિના રાજસ્ અંસથકી પાદ ઈંદ્રિય થઇ. જળના રાજસ અંસથી ઉપસ્થ ઈંદ્રિય થઇ અને પૃથ્વીના રાજસ્ અંસથી ગુહ્ય ઈંદ્રિય થઇ. એ ઉપરનાં પાંચ તત્વોના સમુદાયના રાજસ્ અંસથી પાંચ પ્રાણ થયાં. તથા એ પાંચ તત્વોના તામસ અંસથી પંચીકરણ થયું છે.

પ્રશ્ન—પંચીકરણ કઇ રીતે થાય છે ?

ઉત્તર—એ પાંચ મહાભુતના તામસ અંસરૂપ અકકેકા ભુતના બબ્બે ભાગ પાડીને એમાંનો અકકેકો અરધો ભાગ જુદો રાખી બીજો અકકેકો અરધો ભાગ હોય તે અકકેકના ચારચાર ભાગ કરીને પ્રથમના જુદા રાખેલા અરધા અરધા ભાગોમાંથી પોતપોતાનો નાખો રાખેલો અરધો ભાગ હોય તેને મેળીને બીજા અરધા અરધા ભાગમાં મેળવી દેવા તેથી પંચીકરણ થાયછે. એ પંચીકૃત પાંચ મહાભુત થકી પછી સ્થુળ શરીર થાયછે એ પ્રમાણે પિંડનું અને બ્રહ્માંડનું એકપણુંછે. બ્રહ્માંડ થયું પછી સ્થુળશરીર આદિમાં અભેદનું અભિમાની જીવ નામનું બ્રહ્મનું પ્રતિબિંબ થાયછે તેજ જીવ પ્રકૃતિથી પોતાને વિષે ઇશ્વર થકી ભિન્નપણું જાણેછે.

અવિદ્યા ઉપાધિવાળો જીવ એમ કહેવાયછે અને માયા ઉપાધિવાળો આત્મા ઇશ્વર કહેવાય છે. એવી રીતે ઉપાધિના ભેદથી જીવ અને ઇશ્વરમાં જ્યાં સુધી ભેદ દ્રષ્ટિ રહેછે ત્યાં સુધી જન્મ મરણ આદિ રૂપ સંસાર નિવૃત્ત થતો નથી. એ કારણ માટે જીવ અને ઇશ્વરમાં ભેદ બુદ્ધિ કરવી નહિં. બે જુદા જુદા ધર્મવાળા હોવાથી અહંકારવાળા અલ્પજ્ઞ જીવની ને અહંકાર વગરના સર્વજ્ઞ ઇશ્વરની " તત્વમસિ " મહાવાક્યથી અભેદ બુદ્ધિ કેમ થાય ? એમ જો કદી શંકા થાય તો તે ન કરવી. અજ્ઞાને કરીને સ્થુળ, સુક્ષ્મ શરીરનો અભિમાની આત્મા ત્વંપદનો વાચ્યાર્થ છે અને ઉપાધિ રહિત સમાધિ દશાવાળું સુદ્ધ, ચૈતન્ય ત્વંપદનો લક્ષ્યાર્થ છે. તેજ રીતે સર્વજ્ઞ પણાં આદિથી યુક્ત ઇશ્વર ત્વંપદનો વાચ્યાર્થ છે અને ઉપાધિરહિત સુદ્ધ ચૈતન્ય તત્પદનો લક્ષ્યાર્થછે. એ પ્રમાણે જીવ ઇશ્વરના અભેદમાં ( એકપણામાં ) કંઇ બાધ નથી. એવી રીતે વેદાંતનાં વાક્યોથી અને સારા ગુરૂના ઉપદેશથી જેને સર્વ પ્રાણીમાત્રમાં બ્રહ્મબુદ્ધિ ઉપજે તે જીવનમુક્ત છે.

પ્રશ્ન—ત્યારે જીવનમુક્ત કોણ કહેવાય ?

ઉત્તર—જેમ " હું દેહછું, હું પુરૂષછું, હું બ્રાહ્મણછું, હું ક્ષત્રિયછું, હું વૈશ્યછું અને હું શુદ્રછું." એમ દૃઢ નિશ્ચય છે તેમ " હું બ્રાહ્મણ નથી, હું શુદ્ર નથી, હું પુરૂષ નથી પરંતુ હું અસંગ, સચ્ચિદાનંદરૂપ, પ્રકાશરૂપ, સર્વનો અંતર્યામી અને ચિદાકાશરૂપછું." એમ નિશ્ચયરૂપ જે અપરોક્ષ જ્ઞાનથી સઘળાં કર્મનાં બંધનથી છૂટે છે.

પ્રશ્ન—કર્મ કેટલા પ્રકારનાં છે ?

ઉત્તર—આગામિ, સંચિત્ અને પ્રારબ્ધ એવા ભેદથી ત્રણ પ્રકારનાં.

પ્રશ્ન—આગામિ કર્મ કોને કહેવાય?

ઉત્તર—જ્ઞાન થયા પછી જ્ઞાનીના દેહથી થએલું પુણ્ય અને પાપરૂપ જે કર્મ હોય તે આગામિ કહેવાયછે.

પ્રશ્ન—સંચિત્‌કર્મ કયું કહેવાય?

ઉત્તર—અનેક કોટી જન્મનાં બીજરૂપ જે જે જાતિનાં કર્મ પૂર્વે કરેલાં બાકી રહેછે તે સંચિત્ કહેવાય છે.

પ્રશ્ન—પ્રારબ્ધકર્મ કયું કહેવાય?

ઉત્તર—આ શરીરને ઉત્પન્ન કરીને આ પ્રમાણે સુખદુઃખ આપનારૂં જે કર્મ તે કર્મને પ્રારબ્ધ કહેવાય. તે પ્રારબ્ધ ભોગવ્યાથી નાશ થાયછે. પ્રારબ્ધ કર્મના ભોગવ્યાથી ક્ષય થાયછે અને સંચિત્‌કર્મ "હું બ્રહ્મછું" એવા ખરા જ્ઞાનથી નાશ પામેછે. ભગવાને પણ કહ્યુંછે કે "જ્ઞાનાગ્નિઃ સર્વ કર્માણિ ભસ્મ સાત્કુરતેર્જુન" (જ્ઞાનરૂપી અગ્નિ સર્વ કર્મને બાળી રાખરૂપ કરી દેછે) આગામિ કર્મ પણ જ્ઞાનથી નાશ થાયછે. કમળના પાનમાં પડેલાં પાણીની પેઠે આગામિ કર્મનો જ્ઞાનિયોને સબંધ નથી. જે જ્ઞાનીની સ્તુતિ કરેછે, ભજેછે અને પૂજેછે તેને જ્ઞાનીનું કરેલું સઘળું આગામિ પુણ્ય જાયછે અને જે જ્ઞાનીને નિંદેછે, દ્વેશ કરેછે અને દુઃખ દેછે તેને જ્ઞાનીનું કરેલું સઘળું આગામિ એટલે હવે પછી કરાતું, કહી નહિં શકાય એવું પાપરૂપ કર્મ જાયછે. શ્રુતિ પણ કહેછે કે, જે જ્ઞાનીના દ્વેશી છે તે જ્ઞાનીના પાપકર્મને ગ્રહણ કરેછે અને જે જ્ઞાનીના સ્નેહીછે તે જ્ઞાનીનાં પુણ્યકર્મને ગ્રહણ કરેછે. તેમજ આત્મજ્ઞાની સંસારને તરીને અહીંજ બ્રહ્માનંદને પામેછે. આત્માને જાણનાર શોકને (સંસારને) તરેછે સ્મૃતિ કહેછે કે, "તનું

ત્યજતુવા કાશ્યાં શ્વપચસ્ય ગૃહે થવા । જ્ઞાન સંપ્રાપ્તિ સમયે મુક્તો સૌ વિગતાશય " ॥ ( આ શરીરને કાશીમાં મેલે કે ચંડાળને ઘેર મેલે પરંતુ નિર્મળ અંતઃકરણવાળો જ્ઞાન થયું તેજ સમય મુક્તછે. )

આ તત્વમતનાં તારણો ટાંક્યાંછે તેથી તત્વમત સમજાશે. સ્પષ્ટ તો નહિં; કારણ કે વેદાંત મતની ભાષા કઠણછે. એ ગુરૂમુખે સમજાય. ચોખ્ખી રીતે સમજવા સારૂં હું જે સમજ્યોછું તેનું તત્વ સાદી ભાષામાં બતાવુંછું.

" બ્રહ્મ સત્ય જગત મિથ્યા" "જીવ બ્રહ્મ એક" આ વેદાંતનું સિદ્ધાંત આટલુંજ સમજવા માટે અનેક પ્રક્રિયાના ગ્રંથ છે. બ્રહ્મ એ જગતનું અધિષ્ઠાન અને જગત અધ્યસ્ત અધિષ્ઠાન સત્ય અને અધ્યસ્ત મિથ્યા જે નિત્ય તે સત્ય અને અનિત્ય તે મિથ્યા. જગત ઉત્પન્ન થાયછે. અને નાશ પામેછે એનું નામ મિથ્યા. જેમ માટી અને ઘટ. પદાર્થોમાં પાંચ ગુણ હોય છે. અસ્તિ એટલે હોવાપણું, ભાતિ એ ભાસવાપણું, પ્રીય એટલે વહાલપ, નામ અને રૂપ, તેમાં નામરૂપનો નાશ થાયછે અને અસ્તિ ભાતિ, પ્રીય નિત્ય રહેછે. એ નિત્ય તે બ્રહ્મ અને નામરૂપ તે માયાનો ખેલ અથવા જગત; જગત જડ અને બ્રહ્મ ચૈતન્ય.

" બ્રહ્મ સત્ય જગત મીથ્યા" એ વ્યાખ્યા થઇ, હવે "જીવ બ્રહ્મ એક" તે વિષે કહુંછુ. જીવ એટલે ચિદાભાસ, અંતઃકરણમાં જે કુટસ્થ આત્માનો આભાસ તે. આત્મા તે ચૈતન્ય અને ચૈતન્ય તે બ્રહ્મ. પંચભુતાત્મક કર્મ ઇંદ્રિય, જ્ઞાન ઈંદ્રિય, અતઃકરણ યુક્ત દેહ એ જડ છે તેને ગતિ આપનાર આત્મા છે. દેહનો ઈંદ્રિયો આદિ સાધનો સમેત નાશ થાયછે; આત્મા-

નો નાશ થતો નથી. તે બાકી નિત્ય રહેછે તે આત્મા ચૈતન્ય અને ચૈતન્ય તે બ્રહ્મ. ચૈતન્ય એકરસ, આકાશ ગત્ છે. એમ "જીવ બ્રહ્મ એક".

"પિંડ બ્રહ્માંડ એક" "રચના એક" પિંડનો વિચાર કરીએ એટલે બ્રહ્માંડનો થઇ ગયો, "હું કોણછું" એ સવાલ પોતાને કરીએ. હું પહેલાં નહતો, હમણાં છું પછી ન હોઇશ એમ પ્રતિતી થાય છે. શું આ વાત ખરી? ખોટી વાત છે. જો પહેલાં નહોતો તો આવ્યો કયાંથી? કંઇ નહિ માંથી કંઇ થાય જ નહિં. ત્યારે એમ થયું કે પેહેલાં હતો; પણ પ્રગટ નહોતો. હમણાં પ્રગટ છું અને પછી અપ્રગટ હોઇશ; પણ મારો નાશતો નથી. જેનો નાશ નહિં એવી કોઇ વસ્તુ પ્રતિત થાય છે? હા. આકાશ; પણ આકાશતો મીંડું; મીંડાંમાંથી તો કંઇ થાય નહિં. અને આતો જગતરૂપે પ્રકાશેછે ત્યારે એમ થયું કે એ મીંડું તેજ સત્ય; પણ મીડાંને સત્ય ન કહેવાય. ત્યારે એમ કહીએ, કે મીંડાંમાં સત્ય છે, એમ પણ ન કહેવાય ત્યારે જેમ પંચદશીમાં ચૈતન્યાકાશ કહ્યો છે તેમજ કહીએ.

ફરીથી પોતા માટે વિચાર કરીએ. મારામાં ત્રણ શકિત છે. ક્રિયાશકિત, જ્ઞાનશકિત અને દ્રવ્યશકિત એ ત્રણવડે જગતની રચના પ્રતિત થાયછે. "પિંડે તે બ્રહ્માંડે" ત્યારે મારામાં "હું" એવી જે ભાવના થાયછે તે હું. બીજું કોઇ નહિં; પણ એ ત્રિગુણાત્મક વસ્તુ તે. તેતો માયા. તે નહિ, માયાનું અધિષ્ઠાન બ્રહ્મ તે. ત્યારે એમ થયું કે, હું હતો, છું અને હોઇશ. ભતોનું કૃત્રિમ ઘર તે પડવાનું છે. હું નિત્યછું. "હું તે બ્રહ્મ" એવું વેદનું મહાવાકય છે. (અહંબ્રહ્મોસ્મિ્) તે સત્ય છે.

જાગૃત અવસ્થામાં જ્ઞાન ઈંદ્રિયોવડે આપણે જગત જોઇએ

છીએ. સ્વપ્નાવસ્થામાં જ્ઞાન ઈંદ્રિયોની કૃતિ બંધ પડેછે છતાં જગત પ્રપંચ નજરે પડેછે એ કોણ જુએછે? મન. સુષુપ્તિ અવસ્થામાં મનનું કામ પણ બંધ પડેછે ત્યારે આ જાણવાનું સાધન તો કંઇ રહ્યું નહિં; તોપણ ફરી જાગૃતમાં "હું સુખે ઉંઘ્યો હતો." એવું સ્મરણ થાય છે. મન તો ઉંઘ્યું હતું ત્યારે તે વખત જાગૃત કોણ હતું જેણે આ જાણ્યું? એ જાણનાર હું પોતેજ; હું એટલે કુટસ્થ કહો કે બ્રહ્મ કહો બધું એકજ.

"બ્રહ્મ સત્ય જગત મિથ્યા" "જીવ બ્રહ્મ એક" એનો અર્થ ટુંકામાં કહ્યો; પણ એમ જાણવાથી શો ફાયદો? એમ કોઇ કહેશે તેનો ઉત્તર એ કે, સુખ. તેનું પ્રમાણ શું? પ્રમાણ એ કે, આમ જાણવાથી વસ્તુ મિથ્યાભાષિ વસ્તુ પ્રત્યે રાગ મટે તેનું ફળ મનની શાંતિ અને શાંતિથી સુખ થાય. ઇચ્છા વડે મનની વૃતિઓના મોજા ઉઠેછે. જો ઇચ્છાજ ન થાય તો મનની શાંતિ રહે. કોઇ એમ કહેશે કે, સુખ તો વસ્તુ પ્રાપ્તિથી થાયછે તો એ વાત ખોટી નથી ઇચ્છેલી વસ્તુની પ્રાપ્તિથી સુખ થાય; પણ તે સુખ નિત્ય રહેતું નથી, એક વસ્તુ જડી તો બીજી તરફ વૃત્તિ દોડેછે તેની અપ્રાપ્તિથી દુ:ખ થાય છે. અને પ્રાપ્ત થએલી જવાથી દુ:ખ થાય છે. મનની શાંતિથી નિત્ય સુખ પ્રાપ્ત થાય. વસ્તુપ્રાપ્તિથી જે સુખ થાયછે તેનું કારણ પણ મનની શાંતિછે. ઇચ્છાની અતૃપ્તિથી મન અસ્થિર થાયછે તેથી દુ:ખ થાયછે અને પ્રાપ્તિથી થોડો વખત મન શાંત થાયછે ત્યારે સુખ થાય છે. ત્યારે એમ થયું કે, મનની શાંતિ તેજ સુખ નિત્ય મનની શાંતિ કેમ થાય? ઇચ્છાના ત્યાગથી.

મનની શાંતિથી સુખ શા માટે થાય છે? તે વિષે એમ બતાવ્યું છે કે આત્મામાં પ્રીયતાનો ગુણ છે. પંચદશીમાં કહ્યું છે

કે, " ધનથી પુત્ર પ્રીય, પુત્રથી દેહ, તેનાથી ઈંદ્રિય પ્રીય, ઈંદ્રિયથી પ્રાણ પ્રીય ( મન ) અને પ્રાણથી પ્રિય આત્મા (જીવ) આમ આત્મામાં પ્રિયતાનો ગુણ છે. " હું ન હોઉં " એમ કોઇ ચહાતું નથી. પ્રિયપ્રાપ્તિ તે આનંદ અનેઆનંદ તે સુખ. પહેલાં કહ્યુંછે તેમ આત્માનો આભાષ અંતઃકરણમાં પડે છે અંતઃકરણ વૃત્તિઓરૂપ હોય ત્યારે આભાષ સ્થિર રહેતો નથી; પણ મનની શાંતિ વખત આભાષ સ્થિર થાયછે તેથી સુખાનંદ થાયછે. જેમ દરીઆમાં મોજા હોય ત્યારે સૂર્યનું પ્રતિબિંબ તેમાં સ્થિત્ થતું નથી; પણ પાણી સ્થિર થાય ત્યારે સ્થિત્ થાય છે. તેમ મનની સ્થિરતા થાય તો આત્માનું પ્રતિબિંબ તેમાં સ્થિત્ થાય અને આત્મામાં સુખનો ગુણ હોવાથી સુખ થાયછે.

ત્યારે શું મરવું એ દુઃખ નહિં? મરવુંછે કોને? દેહને મરવુંછે. આત્માને મરવું નથી. ત્યારે પુનર્જન્મનું કેમ? વાસનાને પુનર્જન્મ છે. જ્ઞાનવડે વાસના દગ્ધ થાય તો પછી આત્માજ શેષ રહે તેને પુનર્જન્મ નથી. વાસના એટલે શુ? "હું કર્તા" એમ માની કરેલાં કર્મો ભોગવ્યા પછી રહેલી બાકી. કર્મના ત્રણ ભાગ પાડે છે. સંચિત્, પ્રારબ્ધ અને ક્રિયમાણ. સંચિ એટલે કર્મનો સંગ્રહ. પ્રારબ્ધ એટલે એમાંથી ફળ આપવાને અંકુર પામેલાં કર્મ, ક્રિયમાણ એટલે નવાં કર્મ કરીએ તે; પ્રારબ્ધ ભોગવવાથી ટળે, તેં ભોગવવા સારૂં જન્મ પણ લેવા પડે; પણ તે ભોગવવાથી છુટકો થાય. નવાં કર્મ તો જ્ઞાનીને લાગે નહિં. સંચિતનો જ્ઞાનવડે ક્ષય થાય. એટલે બાકી નરહે, ખાતું માંડી વળાય, લેવું દેવું કઇ રહે નહિં. પછી ઉઘરાણી શાની થાય? ન થાય. જેમ ભુંજેલો દાણો ઉગવાનાં અંકુર રહિત થવાથી પાછો ઉગતો નથી તેમ મનની વાસનારૂપી અંકુર નાશ થ-

વાથી પુનર્જન્મ થતો નથી. ત્યારે શું કર્મ ન કરવાં? પ્રારબ્ધ અનુસાર કર્મતો કરવાં પડે; પણ નિષ્કામ બુદ્ધિથી કરવાં. "હું કર્તાછું" એવો આરોપ રાખવો નહિં જે કર્તા થાય તેને ભુક્તા પણ થવું પડે. કર્તા ભુક્તા એ જીવ ભાવ અને અકર્તા એ આત્મભાવ. જીવભાવ ટળે અને આત્મભાવ થાય તે મોક્ષ. (બંધનથી છુટવું)

કાળાંતરે શક્તિધર્મમાં બ્રાહ્મણ, ક્ષત્રિય અને બીજા હલકા વર્ણના લોકોની ઘણી વૃદ્ધિ થઇ. તત્વ જ્ઞાન અપાત્રને ન આપવું એવી જે બંધી ફરમાવી છે તે બંધી ન રહી. જ્ઞાન અવિદ્વાનોમાં રોળાયું. એવી કહેવત છે કે, સિંહણનું દૂધ ઠીકરાંના પાત્રમાં ન રહી શકે; પણ સોનાનાજ પાત્રમાં રહે, એ કહેવત ખરી પડી. તત્વદ્રષ્ટિ અવિદ્વાનોને હજમ થઇ નહિં; પણ ઓકી કાઢી. એવો વિચાર થયો કે, "સર્વબ્રહ્મ" ત્યારે ભેદ શાનો! "જાગી જ્યોત તો ભાગી છોત" એ મત થયો, ધર્મ વિચાર બદલી ગયા, પૂજન વિધિ બદલી ગઇ. "અતી સર્વ વર્જયેત" એમ જે કહ્યુંછે તે ખરૂં છે. આંબાની કેરીને અતી પકાવો તો પછી સડી જાય, તેમ આ તત્વદ્રષ્ટિ સડી ગઇ. દેવી પૂજનની ક્રિયાઓ મલીન થઇ ગઇ. એ ધર્મવાળા વામમાર્ગી કહેવાયા. વામ એટલે ઉંધુ. દેવી પૂજનની ક્રિયા કેવી રીતે થતી તે વિષે સત્યાર્થ પ્રકાશ ગ્રંથના એકાદશ સમુલ્લાસમાંથી સાર અહીં ઉતારી લઉંછું.

"એક ચોળીમાર્ગી અને બીજા બીજમાર્ગી. ચોળીમાર્ગવાળા એક ગુપ્તસ્થાનમાં સ્ત્રીપુરૂષ એકઠાં મળેછે, માંસ ખાયછે. મદિરા પીએછે. એક સ્ત્રીને નગ્ન કરી તેની ગુપ્તેંદ્રિયની સર્વ પુરૂષ પૂજા કરેછે. એનું નામ દુર્ગા. એક પુરૂષને નગ્ન કરી તે-

ની ગુહ્યેંદ્રિયનું પૂજન બધી સ્ત્રીઓ કરેછે. જ્યારે મદપાન કરી ઉન્મત થાયછે ત્યારે સ્ત્રીઓની કાંચળી ઉતારી એક કોઠીમાં નાંખેછે. પછી તેમાંથી દરેક પુરૂષ અકકેક કાંચળી કાઢેછે જે ની કાંચળો જેના હાથમાં આવેછે તે સ્ત્રી તેની થાયછે. પણ સવારમાં પાછી જે જેની સ્ત્રી હોય તે તેની થાય. બીજમાર્ગી, સ્ત્રીપુરૂષના સમાગમથી વીર્ય પેદા કરી પાણીમાં મેળવી પીએ-છે. આથી મુકિતનું સાધન માનેછે."

આ માર્ગી પંથવાળા પાંચ મકાર, એ પંથનાં તત્વ તરીકે ગણે છે. માંસ, મત્સ્ય, મદિરા, મુદ્રા અને મૈથુન. આ માર્ગી-પથના ચાર યુગના ચાર ઘટ અને પાટછે. સત્યયુગના સોના-ના, ત્રેતાના રૂપાંના, દ્વાપરના ત્રાંબાના અને કળિયુગના માટીના, ચાર યુગના વળી ચાર પાવળછે. આંસુ, પરસેવો, સાધુના પ-ગનો મેલ અને છેલું વીર્ય એમ અનુક્રમે ચાર યુગના ચાર ભકત પ્રલ્હાદ, હરીશ્ચંદ્ર, યુધિષ્ટર અને બળી. પ્રલ્હાદે પાંચ ક્રો-ડી તારી, હરીશ્ચંદ્રે સાત. યુધિષ્ટરે નવ અને બળીએ બારક્રોડી-નો ઉદ્ધાર કરયો હતો.

હમણાં આ માર્ગી પંથવાળા ઘટસ્થાપના કરેછે એટલે ઘટ-પાટ કાઢેછે ત્યારે જે મંત્ર ભણે છે તે, અને નમુના દાખલ થોડાં માર્ગી ભજનો આ પંથના વધારે વિચારમાટે અહી ટાંકુંછું.

## ઘટપાટનો મંત્ર.

સતજુગની બેનડી તેના પુરૂષ છે ચાર;
ઉતર દિશા ગુર ભાખ્યો, પાંચે ક્રોડી સરસલો મંગળ ચાર,
રાજા પેરાજ પાટ પધાર્યા, તેના માણેક મોતીએ વધાવો દ્વાર.

પાટ વધાવો સોનાતણો, ત્રવેણી સંગમાં ગાડું ધરે,
સાધ પંથના એકોતેરસો પુરીઆ આધરે.
ઉતર દિશા સાધપંથ ચાલીઆ, થાપલ્યો દ્વારામતી,
ઈશ્વર હાથ કલશ દીયા, આદનાથ પાટ બેઠા.
ગરૂડ કોટવાળ, સીતોજ, ઈંદોજ, જરોજ, ચોથી ઉદભોજ ખાણ.
ચાર ખાણી, ચાર વાણી, ગુરભાખ્યા નિરવાણ.
પાંચ ક્રોડી પેરાજ ફલ માગે. ૧
ત્રેતાજુગની બેનડી, પુરૂષ છે ત્રણ.
પુરવ દિશા ગુર ભાંખીઓ, તેનું સાતાંક્રોડી સરસલો.
મંગળ ચાર, રાજા હરચંદ પાટે પધારીઆ, તેનો માણેક મોતીએ.
વધાવો દ્વાર. પાટ વધાવો રૂપાંતણો, ત્રવેણી સંગમાં ગાડું ધરે.
સાધ પંથના એકોતેરસો પુરીઆ આધરે.
પુરવ દિશા સાધ પંથ ચાલીઆ, થાપલ્યો દ્વારામતી.
રખ જાંપડે હાથ કલશ દીઆ, ચોરંગી નાથ પાટ બેઠા;
સુરજ કોટવાળ, સીતોજ, ઈંદોજ, જરોજ, ચોથી ઉદભોજ ખાણ;
ચાર ખાણી, ચાર વાણી, ગુર ભાખ્યા નિરવાણ,
સાતે ક્રોડી સરસલો રાજા હરચંદ ફલ માગે. ૨
દ્વાપર જુગની બેનડી, તેના પુરષ છે દોય,
દખણ દિશા, ગુર ભાંખ્યા, તેનાં નવાંક્રોડી સરસલો, મંગળ ચ્યાર,
રાજા યુધિષ્ટર પાટ પધારયા, તેનાં માણેક મોતીએ વધાવો દ્વાર.
પાટીઓ વધાવો ત્રાંબા તણો, ત્રવેણી સંગમાં ગાડું ધરે,
સાધ પંથના એકોતેરસો પુરીઆ આધરે.
દખણ દિશા સાધ પંથ ચાલીયા, થાપલ્યો દ્વારામતી,
ક્ષેત્રદિપાણદ હાથ કળશીદીઆ, મછદરી નાથ પાટ બેઠા,
હનુમાન કોટવાળ, નવક્રોડી રાજા યુધિષ્ટર ફલ માગે. ૩

કળજુગની એનડી, તેના પુરૂષ છે એક,
પછમ દિશા ગુર ભાંખ્યા, બારે ક્રોડીએ સરસલો,
મંગલ ચાર, રાજા બળી કેરા બંધ સાહેબો છોડશે, તેના મા
ણેક મોતીએ વધાવો દ્વાર. ત્રવેણી સંગમાં ગાડુ ધરે,
સાધ પંથના એકોતેરસો પુરીઆ આધરે.
પછમ દિશા સાધ પંથ ચાલીઆ, થાપ લ્યો દ્વારામતી.
મેહેસર હાથ કળશ દીઆ, ગોરખનાથ પાટ બેઠા.
ગણેશ કોટવાળ, સીતોજ, ઈંદ્રોજ, જરોજ ને ચોથી ઉદભોજ
ખાણુ. બાર ક્રોડસું બળી ફળ માગે. ૪

## ભજન.

પાટ મંડાવીને ચોક પૂરાવો,
વરત્યાં મંગળ ચાર;
ચાર તેડાવો મહા સતીઉને,
વધાવો કાયમ રાય. ૧
રતનાગરમેં રતન નીપજે,
વેરાગરમેં હીરા;
ખારા સાગરમેં મોતી નીપજે,
એ અલખની લીલા. ૨
ગોરાં સરખી ગોઠડી કીજે,
સારો સારો અખર લીજે;
જો એને આરાધે દાયતર તરીયા,
તાએ સેવા દન કીજે. ૩
આવી બેઠા મુખ બોલે મીઠા,
જુગોજુગ આસ તમારી;

દાહેલા મિલી સાહેબા દુઃખ ટાળશે,
તો સેવા કરૂં પાય લાગું. ૪
એક વરખ નવ ડાલું,
તે પ્રગટીયું પિંડ માંએ;
કહે રાવળ માલો સાંભળ ગત ગંગા,
તો અલખ નિરંજન ગુણ ગાઈએ. ૫

## જોગી ધ્યાન નાથનું ભજન.

એ—વીરા જરણાંનાં ફળ અફળ કેમ હોશે.
જરણાં જે જીરવે સો નર પામશે, સાચા સો નર પામશે. ૧
હે વીરા સરસત સમરૂ સારદા માતા, જેણે જરણાનું મુળ બતાયો;
અજીઆ જરીને એકાંતે બેઠા, ફળ સચીઆને પાયો. ૨
હે વીરા મેરૂ શીખરને અજેપાલ ચકવો, જેણે જુગતારો જમો જગાયો, જોતું જગાડી જેણે અજા ઉડાડી, જેણે પાદશાહને પાય લગાડયો. ૩
હે વીરા આબુ શિખરગઢ કુંભો રાણો, જેની પૂરી પંદરસો રાણી;
એક સમે ઘરે બારોટ આવ્યો, માગે કુંભાની રાણી. ૪
હે વીરા નાસત કહું તો મારી આસત જાવે, નાસતડે કુળ લાજે;
જે મોલામાં અમને ન દેખો, તે પણ મોલ તમારો. ૫
સાંજ પડી ઘેર બારોટ આવ્યો, રાણીએ મોલે મોલ દીવડો જગાડયો; જયાં જાઉં ત્યાં કુંભો રાણો, બારોટ મનમાં જોઇ પસ્તાણો. ૬
પ્રભાત હુઇ ઘેર બારોટ આવ્યો, બારોટ આવી ઘેર કુંભાને જગાડયો; રતી એક મનમાં [illegible]ષ મજાણો, સાચો છે ધરમ તમારો. ૭
હે વીરા સતમાં હતાં રૂપાદે[illegible]ણી, તેતો ગુરૂને વચન હકે ચાલી;

અહંકારી હતો રાવળ માલો, જેણે વીસા ધર્મ ચલાવ્યો. ૮
વીરા સતમાં હતાં તારાદે રાણી, જેણે રાજપાટ પરહરીઆં;
અજુધા નગરીમાં આપ વેચાણાં, જેણે ભરીયાં નીચ ઘેર પાણી. ૯
સતમાં હતાં તુરલ કઠિઆરી, જેણે સાવસધીરને આધારયા;
ચોર હતો જેસર રવાણી, તે કચ્છના પીર કહેવાણો. ૧૦
સતમાં હતો સગાળ શેઠીઓ, જેને ઘેર ચંગાવતી રાણી;
ચેલીઆ વિરોધી જેણે અતીત જમાડયા, જેને મનમાં ભ્રાંત ન આણી. ૧૧
માતા કુંતા સતી દ્રુપદી, જેણે પાંચ પાંડવને આધાર્યા;
દાયકર જોડી જોગી ધ્યાનનાથ બોલ્યા, એટલી નારીએ તે નરને આધાર્યા. ૧૨

## દેવાયતનું ભજન.

જુમલે પધારો જુગતના રાજા, સુંદર જોત દરશાયા;
વાસના લ્યો રૂડી, જુગત કર લ્યો, એણે સૂવરીએ મારી વાડી વણુસાડી, માલણુ કરે પુકાર. આ નગરમાં હયે કોઇ રાજા, ચડી સુવરીઆને વાર; ૧
ચંદા સુરજ દો રખલે પરોડીયા, અલખ રાયરા ભંડારા;
આદનાથ સ્વામી આસન વાળી બેઠા, તબકામે રાજ દરશાયા; ૨
પાંચાં ક્રોડીશું રાજા પ્રહેલાદ સીધા, સાતાંસું હરચંદ રાજા;
નવાં ક્રોડીસું યુધિષ્ટર રાજા સીધા, બારાંસું બળીરાજા. ૩
વિખો પડયો રાજા હરચંદને, નીચ ઘેર ભર્યાં પાણી;
દુરબળીઓ દેવાયત બોલ્યો, મેં શરણાગત તેરા સામી. ૪

## દેવાયતનું બીજુ ભજન.

સતજુગમાં પાંચે ક્રોડી પ્રહલાદ, કાંકણુ ભરીઆં;
હસ્તી લઇ પાટ પધારીઆ, મારાં કાંકણુ ભરીઆં;
કાંકણીઆમાં કલંક ન લાગે. ૧
ત્રેતા જુગમાં રાજા હરીચંદ્રે, કાંકણુ ભરીયાં,
તુરી લઇ પાટ પધારીઆ, મારાં કાંકણુ ભરીયાં. ૨
દ્વાપરમાં નવે ક્રોડી રાજા, યુધિષ્ટર કાંકણુ ભરીયાં,
કવલી લઇ પાટ પધારીઆ, મારાં કાંકણુ ભરીયાં. ૩
કળજુગમાં બારે ક્રોડી, બળી રાજા કાંકણુ ભરીયાં,
અજા લઇ પાટ પધારીઆ, મારાં કાંકણુ ભરીઆં. ૪
હાથકર જોડી દેવાયત પરમાર બોલ્યા, મારાં કાંકણુ ભરીયાં;
કાંકણીઆમાં કલંક ન લાગે. ૫

## સ્વારીનું ભજન.

નિકલંકી આવ્યો બાવો, નિકલંકી આવ્યો;
અલખ ધણી લેખો લેશે, ધર્મકુંવર રાજા રાજ કરેછે,
તો ફુળ સચા ભાઇડા લેશે. નિકલંકી. ૧
સેત્ર ઘોડે મારો સ્વામી રાજો ચડશે,
મેઘાડંબર છત્ર ધરે છે, દળવાદળ જોધા ચડશે;
હનુમંત પંહેરો લેશે. નિકલંકી. ૨
સહદેવ જોશી જોતક જુવે, અરજણ બાણુ ન ભૂલે;
પાંચ પાંડવ સંગ્રામ ચડેછે તો દૈત્યતણાં શિર ડુલે; નિકલંકી. ૩
વરસ એકાણું એ આગમ કેછે, હસ્તી ત્યાં વિરૂધાશે,
ચાર જુગોએ નીવેડો હોશે, હસ્તિ બેઠા થાશે. નિકલંકી. ૪

શેરીએ શેરીએ ધરમ સંચરશે, ઘર ઘર હોશે પાટ;
અસુર તણા બાવો કાંધ ભાંગશે મુકતા કરશે ઘાટ; નિકલંકી. ૫
જુનાં ધન બાવો પ્રગટ કરશે, કરમે જાણે ન કોઇ;
ધુરીઆં તણાં બાવો કલંક ઉતારશે, નીકલંક પૃથ્વી હોશે.
નિકલંકી૦ ૬
સાતે સાયર મીઠા દુધ હોશે, નિરવિષ હોશે નાગ;
નાગરવેલ અનંત ફળ લેશે, તો ઉજળા હોશે કાગ. નિકલંકી.૭
નવાં વરસાંરી નારી ગર્ભ ધરશે, કર્મે ભોગ ન લાગે;
કેવળરૂપ સદા બ્રહ્મચારી, હેતે દયા ફળ આલે. નિકલંકી. ૮
અવતાર ધરી બાવો મેળે મળશે, છત્ર સિંહાસન આલે;
સિધ ચોરાશી ચઉટે મળશે, તો નૂર કળા વરતાશે; નિકલંકી.૯
સવા લાખ વરસાંરી આવરદા હોશે, બત્રીશ હાથ પુરૂષ પુરો;
નીતિ ધર્મવૃત સત રોપાશે, સિદ્ધ કળા સત પુરો. નિકલંકી.૧૦
વાજાં છત્રીશ અનુપમ વાજે, બારેમાસ શીતળ વન છાયા;
એવડી રચના રચાશે, નિકલંકી૦ ૧૧
વરસ પચાણું એ આગમ વરતસે, ભવ સંધીઆ ભવ સૂજે;
ક્ષેત્ર ઉજેણીમાં કાળીંગો ઢળશે, ઉંટ પોર ધડ ઝુજે. નિકલંકીં.૧૨
સૈજના ભાઇડા સંતોખે મળશે, સતવૃત થંભ રોપાશે;
કહે ગુરૂ શ્રવણ સાધ સનૂરા, સતજુગ નામ ધરશે. નિકલંકીં.૧૩

# ભાગ ૨ જો.

## જે ધર્મમાં લાવવાના હતા તે ધર્મ અને ધર્માચાર્યો.

ખોજા લોકો નવા ધર્મમાં આવ્યા પહેલાં કેવી સ્થિતિમાં હુતા તે આપણે પહેલા ભાગમાં જોયું છે. તેઓનો ધર્મ શું હુતો, તે પણ આપણે વાંચ્યુંછે, માતા પંથની કેવી અવસ્થા થઇ હતી તે આપણે જાણ્યુંછે. પ્રત્યાઘાતનો નિયમ છે કે, અતી બગડે તે ભલાને માટે એ જે કહેવત છે તે ખરીછે અને તેમજ થયું. સુમારે આઠસો વર્ષ ઉપર આ લોકોને ઇમામી ઇસમાયલી ધર્મ ઉપર લાવવાનો પ્રયત્ન શિરૂ થયો હતો. એ પ્રયત્ન નિઝારી ધાઇઓ જે અલમુત ગઢ ઉપર હાકેમી કરતા હુતા તેમના તરફથી થયો હતો. તે ઇમામી ઇસમાયલી મત કીયો ? અને નિઝારી ધાઇઓ કોણ ? એ હકીકત આ બીજા ભાગમાં લખવાનીછે.

ઇમામી ઇસમાયલી ધર્મ ઇસલામી ધર્મની એક શાખા છે. ઇસલામી ધર્મમાં બે તડાં પડ્યાં હતાં સુની અને સીયા. સીયામાંથી બે શાખા નીકળી હતી, તનાશરી અને ઇસમાયલી. ઇસમાયલીઓની પણ બે શાખા થઇ હતી. મુસ્તલી અને નિઝાર. નિઝાર પક્ષવાળાએ ઇરાનના ઉત્તર ભાગમાં અલમુત ગઢ ઉપર ગાદી સ્થાપી હતી. એનું વૃતાંત હવે હું લખુંછું.

હાલ પૃથ્વી ઉપર મોટા ધર્મો પાંચછે. તેમાં બે પૂર્વમાં બુદ્ધ અને વૈદિક અને પશ્ચિમ ભાગમાં મૂસાનો ધર્મ, ઇસાનો ધર્મ, અને મહમદી.

## મુસાનો ધર્મ.

મૂસાનો ધર્મ એક ઇશ્વરને માનવાનોછે, મૂર્ત્તિ પૂજાની તેમાં મનાઇ છે. એ ધર્મના એવો મતછે કે, જગતની ઉત્પત્તિ ખુદાએ ૭ દહાડામાં કરી લઇ સાતમે દહાડે વિશ્રાંતિ લીધી હતી.એ ધર્મની ઇશ્વરી દશ આજ્ઞાઓ આવીછે.

૧ હું વિન્યા બીજા દેવોને તું માનીશ નહિં.

૨ તુ તારે માટે દેહરૂપ કોઇ કોતરેલી મૂર્ત્તિ કરીશ નહિં; આકાશમાંની કે પૃથ્વી ઉપરની કે પાણીની કોઇ પણ પ્રતિમા કરીશ નહિં; તું તેને માનીશ નહિં. તું તેની સેવા પૂજા કરીશ નહિં.

૩ જેઓ મને ધિક્કારશે તેઓના ઉપર તેઓની ત્રીજી ચોથી પેઢી સુધી હું કોપીશ. અને જેઓ મારા ભક્ત રહેશે, મારી આજ્ઞા પાળશે તેઓની હજારો પેઢી સુધી દયા રાખીશ.

૪ તું વિન્યા કારણ વૃથા પ્રભુનું નામ લઇશ નહિં. જો લઇશ તો તે તુંને નિર્દોષ નહિં માને.

૫ સાબાથ દીવસને પવીત્ર જાણી પાળજે.

૬ તું તારાં માબાપનું સન્માન રાખજે કે તારૂં આવરદા વધે.

૭ તું કોઇની હત્યા કરીશ નહિં.

૮ તું વ્યભિચાર કરીશ નહિં.

૯ તું ચોરી કરીશ નહિં.

૧૦ તું તારા પડોશીની સામા ખોટી સાક્ષી પૂરીશ નહિં. તું તારા પડોશીની, ઘરની, તેની સ્ત્રીની, તેના ચાકર ચાકરડીની, તેના બળદ, ગધેડાની તૃષ્ણા રાખીશ નહિં

## ઈસાનો ધર્મ.

ઇસાનો ધર્મ મૂસાના ધર્મ જેવો છે; પણ ઇસા પ્રભુનો પુત્ર છે અને પાપનું તારણ ઇસાના હાથમાં છે. એ એના વોચારને યાહુદીઓ સામે થયા હતા. તેઓએ ઇસાને વધસ્થંભ ઉપર જડયો. તેમને ભુમિદાહ કરવામાં આવ્યો; પણ ત્રીજે દહાડે સજીવન થઇ કબરમાંથી નિકળ્યો અને પાણી ઉપર ચાલી આવ્યો, પોતાના શિષ્યો જોડે રોટલો ખાધો, અને પછી આકાશમાં ગયો એમ એમના ધર્મમાં જણાવેલુંછે. ઇસા પેગંબરની હયાતીમાં તેના ઘણા પંથી થયા નહુતા; પણ એમની વફાત પછી એના બાર ચેલાઓએ ઇસાના ધર્મનો ફેલાવો કરયો હતો, અને પછીથી દુનીઆંના ઘણા ખરા ભાગમાં પથરાયો હતો. એ ધર્મનું મુખ્ય મથક ઇટાલીના રોમમાં સ્થાપન થયું હતુ. રોમના મુખ્ય ધર્માચાર્યોને "પાપા" (બાવા) અથવા પોપ કહેતા હતા અને અધાપી તેઓના ઉતરાધિકારીઓ એજ લકબથી ઓળખાય છે.

રોમના પોપની સતા બહુ વધી ગઇ હતી. ખ્રિસ્તિ ધર્મના રાજાઓ પણ તેમની તાબેદારી ઉઠાવતા, રાજાઓને તે ન્યાત બહાર મૂકતા, પદભ્રષ્ટ કરાવતા. એના ઉપાધ્યાઓ દૂર દેશોમાં એના તરફથી ઉપદેશ કરતા અને ધર્મક્રિયાઓ કરાવી પઇસા લેતા. તેઓએ ધર્મની અસલ રીતો ફેરવી નાંખી હતી, મૂર્ત્તિપૂજા જારી કરી હતી, પઇસા કઢાવવાનો તેમને એટલો બધો લોભ વધ્યો કે તેને માટે નવી યુક્તિઓ શોધી કાઢી. પૈસા લઇ પાપની માફી આપતા, મુક્તિ પત્રિકાઓ વેચવાની દુકાનો માંડી આ રીત કેટલાકને ગમી નહિં; પણ સામે થવું મુસ્કિલ હતું; તો પણ કેટલાક માઇના પૂત આગળ પડતા ગયા અને નાશ

પામતા ગયા. જે પોપના મત વિરૂદ્ધ બોલતા તેને તેઓ બાળી નાંખતા. અથવા વાઢી નાંખતા, આ સામે થનારામાં લુથરનું નામ સર્વ કરતાં અગત્યનુંછે. એના વખતમાં સામે થનારાનુ સારૂં જુથ્થ બંધાયુ અને "પ્રોટેસ્ટંટ" એ નામથી આગળ વધ્યું.

પોપમત માનનારાને "રોમન કેથેલીક" કહેછે અને સામેવાળા "પ્રોટેસ્ટંટ કહેવાય છે" એ બે મતોના કજીઆથી લાખો માણસોનો નાશ વળ્યો હતો. એનું વતાંત વાંચ્યાથી કમકમાટ ઉપજ્યા વિના રહે નહિં. એ ધર્મનાં મુળ શાસ્ત્રો ગ્રીક ભાષામાં હતાં. સામા પક્ષવાળાએ તેના તરજુમા પોતાની દેશી ભાષામાં કરાવ્યા હતા. આથી ધર્મનાં મૂળ ફરમાનો અજવાળામાં આવ્યાં. અને તે ઉપરથી સામા પક્ષવાળાએ મૂળધર્મ પ્રમાણે બોધ કરયો હતો. તેઓએ લોકોને સમજ આપી કે, પૈસાથી મુક્તિ મળી શકે નહિં; પણ ધર્મની આજ્ઞાઓ પ્રમાણે વર્તવાથી મુક્તિ પ્રાપ્ત થાયછે. કાળાંતરે પોપનું જોર ઘટયું અને સામી બાજુનું વધ્યું. અંતે પોપના ધર્મને બાને થતાં અયોગ્ય કરમો બંધ પડયાં અને શાંતિ થઇ.

## મહમદી ધર્મ.

કુરેશ નામની ઉંચ જાતિમાં હજરત મહમદ સાહેબનો જન્મ તા૦ ૯ મી આગષ્ટ સન ૫૭૦ સોમવારે મુસલમાની રબીઉલ અવલ મહિનાની ૧૨ મી તારીખે મક્કા શહેરમાં થયો હતો. કુરેશના પુત્ર બે હતા. એક અબ્દુલદાર અને બીજો અબ્દુમનાફ. અબ્દુલદાર ચુપ બેસનારો માણસ હતો; પણ નાના પુત્ર અબ્દમુનાફે અસાધારણ વીરતા અને બુદ્ધિબળથી અરબ-

ના હ્રદયમાં રાજ્યત્વ સ્થાપ્યું. અબ્દુલદારે કાબા મંદિરની કૂંચી રાખી. અબ્દમુનાફના મરવા પછી તેમનો બહાદુર પુત્ર હાસમ મક્કા શહેરમાં સર્વથી શ્રેષ્ટ પુરૂષ તરીકે સન્માનિત્ થયો. અરબ લોકોએ કાબતુલાની સતા તેમના હાથમાં આપવાની ઇચ્છા કરી પણ અબદુલદારના પુત્રો વગર લડાઇએ પિતાનો અધિકાર છોડવાને અસ્વિકાર કરવાથી બંને ટોળામાં લડાઇ થઇ. અંતે અબદુલદારના પુત્રોએ કાબતુલાની ચાવી પોતાના હાથમાં રાખી અને અહેરામની હજ કરનારાઓને પાણી આપવાનું અને શહેરનો બંદોબસ્ત કરવાનો ભાર હાસમને સોંપીને સલ્લાહ કરી, સલ્લાહ થઇ; પણ મનનું મલીન દૂર થયું નહિં. કુરેશના પુત્રો એ વખતથી બે દુસ્મનોનાં ટોળામાં વેંચાયા. કોઇ કોઇ વખતે એકમેકમાં લડાઇ થઇ ને લોહી લુહાણ થઇ ક્રોધની આગ ઓલવવા લાગ્યા. અંતે બંને ટોળાંએ મધ્યસ્થ રહીને થતો વિરોધ દૂર કરવાનો સંકલ્પ કર્યો. વચમાં પડેલાના હુકમ પ્રમાણે અબદુલદારના વંશમાં ઉત્પન્ન થએલા ખરાબ માણસ ઉમૈયાને સ્વદેશમાંથી દેશ નિકાલ કરયો. ઉમૈયા સીરીયામાં ગયો ત્યાં તેના પૌત્રે રાજ્ય સ્થાપિને હાસમ વંશની સાથે લડાઇમાં પ્રવૃત થયો. સીરીયાના ધાની શેહેરમાં હાસમનું મરણ નીપજ્યું. હાસમના ગુજરવા પછી તેની ઓરતે એક પુત્રને જન્મ આપ્યો. એ પુત્ર અબદુલ મુતલબના નામથી મશહુર છે. એમણે મક્કા શેહેરમાં "ઝમ ઝમ" નામનો માટીથી પૂરાઇ ગયેલો કુવો ખણાવ્યો. તે યશસ્વી થયો; પરંતુ દુનીઆંમાં એકજ પુત્ર પોતાને હતો તેથી તેઓ સર્વદા દિલગીર રેહેતા. તેમણે ઇષ્ટ દેવતા પાસે દશપુત્રની પ્રાર્થના કરી ને સંકલ્પ કરયો કે જો ખુદા ખુશ થાય તો હું એક પુત્ર દેવતાને ખુશ કરવા માટે બળિદાન કરીશ.

કાળે કરીને દશ પુત્ર પેદા થયા. નજુમીના કહેવા પ્રમાણે સર્વ કરતાં નાના અને સર્વ કરતાં પ્યારા પુત્ર અબદુલાને બળિદાન કરવાની તૈયારી કરી. હાથમાં છરી લઇને તેનાં ગળાં ઉપર રાખવાની તૈયારી કરેછે એટલામાં કોઇએ આવીને તેમનો હાથ પકડયો તેથી તેમણે નજુમીના કહેવા પ્રમાણે પુત્રને બદલે એકસો ઉંટ બળિદાન કરીને પ્રતિજ્ઞાથી છુટા થયા. અબદુલ મુતલબના દશપુત્રોમાં અબુતાલેબ, અબુલ-લહાબ, અબાસ, હમઝા અને અબદુલા તવારીખમાં મશહુર છે.

પેગંબર મહમદ સાહેબનો બાપ અબદુલા, મહમદ સાહેબના જન્મ પહેલાં વફાત પામ્યા હતા. એમનાં માતુશ્રી અમીનાં તેઓ સાહેબને ૭ વર્ષની ઉમરના મુકી દુનીયાં છોડી ગયાં તેથી મોટા બાપા અબુમુતલબની સંભાળમાં તેઓ રહયા. તેઓ સાહેબે આઠ વર્ષમાં પગ મુકયો ત્યારે અબદુલ મુતલબની ઉમ્મર ૮૨ વર્ષની હતી તેઓ મૃત્યુનાં બિછાનાં ઉપર પડયા. અબુતાલેબને બોલાવી હજરત મહમદ સાહેબના નાના હાથો પોતાના હાથમાં લઇને તેમના હાથમાં મુકયા. અબુમુતલબની વફાત પછી હજરત મહમદ સાહેબને તેમના કાકા અબુતાલેબે પુત્રની પેઠે ઉછેર્યા, વ્યાપાર ધંધામાં નાંખ્યા. તેર વર્ષની વયમાં સીરીયાની મુસાફરીમાં સાથે લઇ ગયા તે પછી શ્રીમંત બીબી ખતિજા તરફથી વ્યાપાર અર્થે સીરીયા વિગેરે દેશોમાં પ્રવાશ કર્યો. પછી બીબી ખતિજા જોડે નેકા થયા. ચાળીસ વર્ષની ઉમરમાં નબુવત પામ્યા. બીબી ખતિજા અને પછી કાકાના દીકરા હજરત અલીસાહેબ એમણે તેમનો મત સ્વિકાર્યો તે પછી હજરત અબાબકર એ મતમાં આવ્યા અને હજરત ઉમ્મર જે વિરૂદ્ધ માં હતા તે પણ દાખલ થયા.

પેગંબરની જાતવાળા કુરેશ લોકો તેઓના ઉપર બહુ ચીડા-યા. તેઓ મૂર્ત્તિપૂજક હતા અને મહમદ સાહેબ મૂર્ત્તિ વિરૂદ્ધ ભાષણો આપતા. વિરૂદ્ધપક્ષના ઘણા હતા; પણ કાકાની તેમને સાહ્યતા હતી. તેથી જીવ રક્ષા તો થઇ, પણ પીડા કરવામાં કંઇ ખામી રાખી નહતી. જેટલું બન્યું એટલું દુઃખ દીધું, તેઓ સા-હેબના કેટલાક પક્ષના માણસોને મારી પણ નાખ્યા, કેટલાકને દેશ છોડવો પડયો.

અબુતાલેબ અને બીબી ખતિજાની વફાત પછી વિરૂદ્ધ પક્ષ-વાળાએ પેગંબર સાહેબને મારી નાખવાનો સંપ કર્યો, તેની ખબર પડવાથી હજરત અલીસાહેબને પોતાનો ઝભો પહેરાવી પો-તાની જગ્યોએ રાખી હજરત અબુબકરની સાથે નિકળી મક્કાથી થોડે દુર એક પહાડની ગુફામાં સંતાયા. ત્યાંથી પછી મદીને ગ યા. એ દહાડાથી હીજરી સનની શરૂઆત થઇછે.

મદીનાના લોકોએ ઉત્તમ સત્કાર કર્યો. ઇસલામ ધર્મ કબુ-લ કર્યો. વતન છોડયા છતાં પણ કુરેશ લોકો છાના ન રહ્યા તેથી પેગંબર સાહેબને હથીઆર ઉચકવાં પડયાં. યાહુદી લોકો એ પણ પછીથી દગો દીધો તેથી તેમને શીક્ષા કરવી પડી હ-તી. ઘણી લડાઇઓ થઇ હતી તેમાં હજરતઅલી સાહેબે મહત્ વીર્યત્વનાં કામો કરયાં હતાં તેથી તેમને "શેરે ખુદા" એટલે અલ્લાના સિંહનો ખિતાબ પ્રાપ્ત થયો હતો.

ખુદાની ઇચ્છા ઇસલામ ધર્મ વધારવાની હતી. ઇસલામ ધર્મ-ની ધાક વધી. અંતે મક્કા શેહેર ફતેહ થયું. અબુ સફીઆને કાબાની કુંચી આપી દીધી. મક્કા શેહેર ઉપર ઇસલામી ધર્મ-નો લીલા રંગનો જયધ્વજ ઉડયો. પેગંબર સાહેબ ઉંટ ઉપર બેશી કાબાની આસપાસ સાતવાર ફર્યા. તેમના સાથીઓએ

ત્યાંની ૩૬૦ મખ્યાત મૂર્ત્તિઓના અને બીજી ઘણીએકનો નાશ કીધો.

ઇસલામ મતમાં ઇસા, મૂસા અને બીજા પૂર્વના પેગંબરોને માન સાથે કબુલ રાખ્યાછે, તથા તેમના અનુકુળ મતો સ્વિકાર્યા છે. ઇસલામી ધર્મનો મૂળ પાયો કુરાન છે. એ ધર્મનું તત્વ એછે કે, જગકર્તા એક, તેનું તત્વ અવિભાજ્ય, તેના અંશી સ્વરૂપો નથી, તે નિત્ય, સર્વ શકિતમાન ને પરમ ઉદારછે. તેના નિયમો એવાછે કે, જેથી મનુષ્ય માત્રને સુખ થાય છે. તે અજન્મા, નિરાકાર અને સર્વવ્યાપક છે. તે જગતનો માલેક છે. સૌ તેની આગળ કરણીના જવાબદાર છે, એક કુટંબના સૌ છે એમ જાણી સૌ માણસના ઉપર પ્રીતિ રાખવી, ગરીબને મદદ કરવી, દુઃખીની સંભાળ લેવી, કનિષ્ટ પ્રાણીઓ ઉપર પણ દયા રાખવી, દારૂથી દૂર રહેવું, મ્હોતથી નિડર રહેવું, કલમાં, નિમાજ, રોજા, હજ અને જકાત એ પાંચ ફરજો, સુન્નત, નહાવુ, ખુદાની ઇચ્છા, તકદીર, કયામતનો હિસાબ એ મુખ્ય ઇસલામ ધર્મના વિષય છે.

જકાત એટલે કમાઇમાંથી અઢી ટકા કહાડવા. પેગંબર સાહેબે પોતે કે પોતાના વંશજોને માટે તેમાં મુદ્દલ તમા રાખી નથી; પણ એવું ફરમાવ્યું છે કે, જકાત એ નાતવાનોનો હક્ક છે; તેમાં પહેલું પોતાનું કુટુંબ; પણ તે અશકત હોય તેનેજ આપી શકાય. જો તેમ નહોય તો બીજા ગમેતે નિરાશ્રિત હોય તેને આપવું. અલ્લાએ ઉતારેલાં કુરાન અને પેગંબર સાહેબની હદીસનાં ફરમાનોની તાબેદારી કરવી, એ ઇસલામ ધર્મની મુખ્ય વાત છે.

મક્કાની જીત પછી એક વર્ષના અરસામાં અરબના ઘણા-

ખરા મુલકોમાં ઇસલામની આણ વર્તાઇ. હજરત મહમદ સાહેબની વફાત તા૦ ૬ ઠી જુન સને ૬૩૨ ઇસ્વી. સોમવાર મુસલમાંની રબીઉલ અવલ મહિનાની ૧૨ મી તારીખે થઇ હતી. મદીનામાં.

હજરત મહમદ સાહેબની વફાત પછી તેમનું સ્થાપેલું ધર્મ રાજય ચલાવનારા તે ખલીફ કહેવાયા. અરબસ્તાને તો મુસલમાન ધર્મરાજ્યની સત્તા મહમદ સાહેબની કારકીર્દિમાંજ માની હતી, ને પછી સો વર્ષની અંદર ઉત્તર તથા પૂર્વમાં સીરીયા, આરમિન્યા, ઇરાન, ખારેશમ તથા તેને લગતો જાકસરટિશની આણીગમનો પ્રદેશ, બોખારા, સિંધુ નદીને લગતો પ્રદેશ, તથા હિંદુસ્તાનમાં સિંધનો પ્રદેશ અને પશ્ચિમમાં ઇજીપ્ત, તથા ઉત્તર આફ્રિકા અને સ્પેનનો ઘણોખરો ભાગ એ સૌ અરબ રાજ્યમાં ગણાતાં થયાં હતાં. અરબો પછી તાતારી, તુર્ક અને મુગલની વારી આવી હતી. તેઓએ પૃથ્વિમાં ફરી પોતાની હાક ગજાવી હતી. ઝંગીસખાન અને તેના દીકરા કિબલેખાને તો પૂર્વમાં ચીનથી કરી પશ્ચિમમાં ઇજીપ્ત સુધી ચીન, ટિબેટ, તાતાર, અફઘાન, રૂશિયા, ઇરાન, ગંગાનદી સુધી હિંદ, અરબ અને ઇજીપ્ત એમ પૂર્વ પશ્ચિમ છ હજાર અને ઉત્તર દક્ષિણ ત્રણ હજાર મૈલ પ્રદેશનું રાજ્ય મેળવ્યું હતું. હાલ મુસલમાન રાજયો નરમ પડી ગયાં છે.

## શીયા ઈમામી ધર્મ.

પેગંબર સાહેબની વફાત પછી ખલફાતની ગાદી હજરત ઉમ્મરની કોશિસથી હજરત અબાબકરને આપવામાં આવી હતી.

અબુ સફીઆન, તુલા અને જુબેરે સામે થવા હજરતઅલીને આગ્રહ કર્યો; પણ ઈસલામને એમ કરવાથી ધકકો પહોંચે એવા વિચારથી આત્મસંયમ કર્યું હતું. જે ઉપરથી ઈસલામમાં બેદિલીનું બીજ રોપાયું. જેનાં આગળ જતાં ઘણાં માઠાં ફળ થયાં હતાં. અંતે ઈસલામમાં સીયા સુનીનાં તડ પડયાં હતાં.

હજરત અબાબકરની ગાદી બે વર્ષની હતી. તેમને ઝેર અપાયું હતું એવો સંદેહછે. એમણે હજરત ઉમ્મરની વશીઅત કરી હતી. હજરત ઉમ્મરની ગાદી અગીઆર વર્ષ ચાલી. તેમને એક ગુલામે માર્યા હતા. આ વખત હજરતઅલીને ગાદી આપવા માગણી થઈ; પણ એવી શરતથી કે, આગલા ખલીફાના કાયદા કાયમ રાખવા એ વાત તેઓએ કબુલ ન રાખી અને હજરત ઓસમાને કબુલ રાખી તેથી હજરત ઓસમાન ખલીફ થયા. તેમની કારકીર્દિ બાર વર્ષની હતી. તેનું મૃત્યુ હજરત અબાબકરના દીકરા મહમદના હાથથી થયું હતું.

વાત એમ હતી કે, અલીસાહેબની સિફારસથી મહમદને ખલીફાએ મિસરની હકુમતનો લેખ આપ્યો તે લઈને તે મિસર રવાને થયો. રસ્તામાં એક ઉંઠીસ્વાર ઝડપથી મિસર તરફ જતો હતો તેને શક ઉપરથી પકડયો; તેના પાસેથી મહમદને કતલ કરવાનો હુકમ નિકળ્યો. મહમદ રસ્તામાંથી પાછો ફરયો અને હજરત ઓસમાનના ઘરને ઘેરો ઘાલ્યો.

હજરતઅલીએ તુલા અને જુબેરને મળી ખલીફની ડેલી ઉપર રક્ષણાર્થે પોતાના પુત્રોને મોકલ્યા. ( હસન, મહમદ અને અબદુલા ). ડેલી ઉપર જ્યારે હલ્લો થયો ત્યારે તેનો અટકાવ કરતાં શાહજાદા હસનને જખમ થયા; પણ દુશ્મનોને અંદર દાખલ થવા ન દીધા. અંતે તેઓ ઘરના પછવાડાં ઉપરથી કુ-

દયા. ખલીફ ઓસમાન ઘરમાં બેઠા કુરાન પડતા હતા તેને જખમ કર્યા, જેના લોહીના છાંટા કુરાન ઉપર પડયા.

" મરવાન " નામનો નીચ માણસ હજરત ઓસમાનનો સગો થતો હતો. એને બીજા ખલીફાઓએ દૂર કાઢયો હતો. તેને તેઓએ બોલાવી પોતા પાસે રાખ્યો તેણે મહમદને મારવાનો હુકમ લખી અજાણમાં ખલીફની મહોર કરાવી હતી. એવો પૂરો સંદેહ હતો. તેથી અલીસાહેબ અને બીજા ઇશલામના આગેવાનોનો એવો વિચાર હતો કે, કમીશન ભરી મરવાનનો તપાસ કરવો; પણ હજરત ઓસમાને તેમ કરવા દીધું નહિં તેનું આ માઠું પરિણામ આવ્યું હતું.

આ પછી અલીસાહેબને ગાદીએ બેસવા વીનતી કરવામાં આવી તેમણે ના પાડી; પણ તુલા અને જુબેર વિગેરે ઇસલામમંડળના આગ્રહથી તેઓએ ગાદી સ્વીકારી; પણ તરતજ બખેડા ઉઠયા. તુલાએ કુફાની હાકમી માગી અને જુબેરે બસરાની માગી. હજરતઅલીએ ફરમાવ્યું કે, તમો બન્ને જણાઓએ અહીં રહી મદદ આપવી જોઇએ. આ વાત તેઓને ન ગમી. તેઓએ બીબી આયસાં સાથે મળી બંડ ઉભું કર્યું. બસરા પાસે મોટી લડાઇ થઇ તુલા જુબેર માર્યા ગયા, સમાધાની થઇ; પણ દમાસ્કસનો ગવર્નર માવૈઓ સામો થયો. તેની સામે અલીસાહેબ નેવુંહજારની ફોજ લઇ ગયા હતા. માવૈઆની પણ એટલીજ ફોજ હતી. અલીસાહેબે તેને દ્વંદ્વયુદ્ધનું આમંત્રણ કર્યું; પણ એ વાત તેણે માન્ય કરી નહોતી.

માવૈઆની પૂરી હાર થઇ હતી, ઘણાખરા માણસો કપાઇ ગયા હતા પણ ઇજીપટના હાકમ અમરૂએ પ્રપંચ કર્યો. તેણે પંચ કરવાને વાસ્તે અરજ કરી, હજરતઅલીએ ના પાડી; પણ

તેમનાં અમીરમંડળના વિચારથી તેમ કરવુ પડયું હતું. પંચમાં માવૈઆ તરફનો અમરૂ હતો અને હજરતઅલીનો અબદુલ મુસા હતો. અમરૂએ મૂસાને ઠગ્યો. તેણે એમ સમજાવ્યું કે, હક્ક અલીસાહેબનો છે એ તો મસિદ્ધ છે; પણ ફુરસદ મળવાથી માવૈઆએ માણસોનો મેળ કરી લીધો. આપણે જો અલીનો હક્ક જાહેર કરીશું તો માવૈઓ સ્વિકાર કરશે નહીં અને લડાઈ ઉભી થશે. તેથી જે ઇસલામનું ખૂન રેડાશે તેની જવાબદારી આપણા ગળામાં આવી જશે. ભોળા મૂસાને આ વાતની અસર થઇ ત્યારે શી રીતે કરવું એમ અમરૂને પુછયું. અમરૂએ એમ કહ્યું કે, આપણે તો બંન્નેનીમોર રદ કરવી. પછી ગમે તેમ થાઓ તેનો દોષ આપણા ઉપર નહિં.

આમ કરવા ઠરયું. કુફાની મસજીદમાં આ ભારે ચુકાદો સાંભળવાને લાખો લોકો એકઠા થયા હતા. બંને બાજુના વકીલ ત્યાં ગયા. અમરૂએ પહેલાંથીજ એવી યુક્તિ રાખી હતી કે જેથી મુસા આગળ ચાલે. તેને એમ સમજાવ્યું હતું કે, હજરતઅલી સાહેબની મહોર તારા હાથમાં છે તેથી હું તુંને માન આપુંછું. મુસા આગળ હતો અને આગળ મુંબર ઉપર ચડી હજરતઅલી સાહેબની મહોરની વીંટી રદ કરેલી જણાવી. તરત અમરૂ મુંબર ઉપર ચડયો. તેણે માવૈઆની મહોર કાયમ કરેલી જાહેર કરી.

મુસલમાનોમાં અજાયબીથી ખળભળાટ થઇ રહ્યો. મુસાએ દગો થએલો જાહેર કર્યો. હજરતઅલીની તરફ વાળાઓએ તલવારો ખેંચી; પણ કુફાના લોકો આડા પડયા. તેથી લડાઈ ન થઇ, સૌ સૌને ઘેર ગયા. આ પછી ખારજી ટોળુ જાગ્યું હતું. તેને હજરતઅલીએ કાપી નાંખ્યા હતા. તે પછી એક ત્રણુ

જણાની ટોળીએ એવો સંકલ્પ કર્યો કે, હજરતઅલી, માવૈયા અને અમરૂ ત્રણેને મારવા. અમરૂને બદલે ભૂલથી તેનો એક અમીર મારયો ગયો, માવૈયાને જખમ થયો; પણ ખાટલો સેવી અંતે બચ્યો. હજરતઅલી સાહેબ વફાત પામ્યા. એમને નીમાજની અધવચમાં "અબલ મલજુમ" નામના માણસે જખમ કરયો હતો.

આ પછી અલીસાહેબના મોટા શાહજાદા ઈમામહસન માવૈયા સામે ચાળીસ હજારનું લશ્કર લઇ ગયા હતા; પણ માવૈયા સાથે છેવટ સંધિ થઇ હતી. તેમાં એમ ઠર્યું કે, ઇમામ તરફથી માવૈયો રાજ્યકારોબાર ચલાવે અને ઇમામને અમુક રકમ હદીઓ આપે. એ પ્રમાણે ઇમામહસનની હયાતી સુધી અમલ થયો હતો. એમની વફાત સન ૫૦ માં થઇ હતી. માવૈયા તરફથી ગુપ્ત રીતે એમને ઝેર અપાયું હતું એમ કહેવાયું છે. એમનો જન્મ સને ૩ હીજરીમાં થયો હતો. આખર સ્થળ મદીનામાં છે.

માવૈયાએ એમ કરાર કર્યો હતો કે, તેની હયાતી પછી મુલકનો કારોબાર ઇમામને સોંપવો; પણ એ કરાર તેણે તોડયો. પોતાની હયાતીમાં રાજ્યગાદી પોતાના દીકરા યઝીદને આપી. તેને એવી વશીયત કરી હતી કે, હજરતઅલીના દીકરા ઇમામહુસેનની છેડ કરવી નહિં, તેને માન આપવું; પણ માવૈયાના મુવા પછી મરવાનની સલ્લાહથી બેત માગવામાં આવી. (યઝીદને ઇમામ તરીકે કબુલ રાખવા ). ચાર જણાએ ના પાડી. એક હજરત અબાબકરનો દીકરો અબદુલરહેમાન, બીજો હજરત ઉમ્મરનો દીકરો અબદુલા, ત્રીજો જુબેરનો દીકરો અબદુલા અને હજરતઅલીનો દીકરો ઇમામહુસેન. ઇમામહુસેન હકદાર હોવાથી

તેના ઉપર પેહેલાં તગાદો થયો તેથી મદીનો છોડી તેમને મક્કે જવું પડ્યું. મક્કાના લોકોએ ઘણું સન્માન આપ્યું; પણ દુસ્મનથી રક્ષણ કરી શકે એટલી તેમનામાં તાકદ નહતી. કુફાના માણસોએ મદદ આપવા જણાવ્યું અને કુફે બોલાવ્યા. ઘણા વિનતી પત્ર લખ્યા. અકીલના પુત્ર મુસલમને કુફે મોકલવામાં આવ્યો. અઢાર હજાર હથીઆરબંધ માણસોએ તાબેદારી બતાવી. આ વાત મુસલમે જણાવવાથી હજરત ઇમામહુસેન કુફે જવા નીકળ્યા. તેમની સાથે લશ્કર હતું નહિં; પણ કુટંબી અને નોકર સર્વ મળી બોંતેર માણસ હતાં. તેઓ જ્યારે કરબલાનાં ગામડાં પાસે આવ્યા ત્યારે દુસ્મનોનાં ચોવીશ હજાર માણસોએ તેમને ઘેર્યા.

મુસલમ કુફે આવવાના ખબર કોઇએ દમાસ્કસમાં યઝીદને પહોંચાડ્યા હતા. તેણે કુફાની હાકમી અબદુલા ઝયાદ નામના ઘાતકી માણસને આપી. તેણે મુસલમને તેમના બે નાના પુત્રો સમેત માર્યા અને ઇમામ હુસેનની સામે મોટી ફોજ સાથે ઉમ્મર બીનસાદને મોકલ્યો હતો.

ઇમામ સાહેબને યઝીદની બેત કબુલ કરવા આગ્રહ કરવામાં આવ્યો તે કબુલ ન કરવાથી દુસ્મનોએ ફ્રાત નદીનું પાણી બંધ કર્યું. ઇમામ સાહેબના કુટંબીઓ મરણીયા થઇ લડયા, તેઓએ ઉત્તમ વીરત્વ બતાવ્યું, એક પછી એક સર્વ મૃત્યુને આધીન થયા. ઘણા આગળ થોડા શું કરે ? અંતે ઇમામ સાહેબની પોતાની વારી આવી. તેમની સામે લડવા કોઇ આવી શક્યો નહિં; પણ દૂરથી તીરોનો વરસાદ વરસાવ્યો. હજરત ઇમામ હુસેનને જ્યારે ઘણા જખમો થયા ત્યારે ઘોડેથી નીચે ઉતરી જમીન ઉપર બેશી નિમાજ કરવા લાગ્યા. તે પૂરી થઇ ન હતી

એવામાં સમ્મરે આવી ગળાં ઉપર તલવાર ચલાવી દીધી. ( તવલદ સન ૪ અને વફાત સન ૬૧ હીજરી ).

આ દુ:ખદાયક બનાવથી ઇસલામીઓમાં ગડબડાટ ઉઠયો. આ ઇમામના ખુનનું વૈર "મુખતારબિન અબુઅબેદા" એ પૂરતી રીતે વાળ્યું હતું. આ વૈરમાં તેણે સુમારે બે લાખ માણસોને કાપી નાખ્યાં હતાં.

યઝીદના મુવા પછી તેનો દીકરો માવૈઆ (બીજો) ગાદી ઉપર ન બેસતાં તખ્તને લ્યાનત આપી જતો રહ્યો. સન ૬૫ હીજરી. પેલા માવૈયાએ સન ૪૦ હીજરીમાં રાજ્ય મેળવ્યું હતું. તે પ્રમાણે માત્ર પચીશ વર્ષ તેના અને તેના પુત્ર યઝીદના હાથમાં રાજ્ય રહ્યું. તેટલા સારૂં તેઓએ સર્વ અયોગ્ય કૃત્યો કર્યાં હતાં.

બીજા માવૈઆએ તખ્ત છોડયા પછી નીચ માણસ મરવાન જે વજીર હતો તે તખ્ત પચાવી પડયો. એને એની બાયડીએ મોઢાં ઉપર તકીઆ દબાવી ગુંગળાવી મારી નાંખ્યો હતો. એના વંશમાં સન ૧૩૨ સુધી બાદશાહી ચાલી હતી. તે પછી અબાશીઓ આ બાદશાહતના ધણી થયા હતા. અબાશીઓનો પહેલો ખલીફ અબુઅબાશ હતો જેનો વંશ પેગંબરસાહેબના કાકા અબાશથી ઉતરેલો હતો. અબાશનો અબદુલા, અબદુલાનો અલી, અલીનો મહુમદ, અને મહુમદનો ફતાહ અને ફતાહનો અબુઅબાશ અબાશી હતો. અબાશના વંશની કારકીર્દિ ૫૨૪ વર્ષ ચાલી હતી.

પહેલા ઇમામ હજરતઅલી, બીજા ઇમામ હસન, ત્રીજા ઇમામ હુસેન, કરબલાની કતલગાહમાંથી બચેલા ઇમામહુસેનના શાહજાદા ઇમામ "ઝયેનલાબદીન" એ ચોથા ઇમામ. એમણે પોતાની ઉમ્મર

કરબલાની દુખદાયક યાદ અને ' ની બંદગીમાં કાઢી હતી. એમના જન્મનો સન ૩૮ હીજરી અને વફાતનો સન ૯૫ હીજરી. એમનું મકાન મદીનામાં છે. તે પછી પાંચમા ઇમામ એમના શાહજાદા ઇમામ મહમદ બાકર તેમનો જન્મ સને ૫૮ હીજરી અને વફાત સન ૧૧૪ હીજરી. મકાન મદીનામાં.

ઇમામ મહમદ બાકરની પછી છઠા ઇમામ તેમના શાહજાદા જાફરસાદક સને ૮૩ હીજરીમાં જન્મ્યા હતા અને તેમની વફાત સન ૧૪૮ હીજરીમાં થઇ હતી. ઇસલામમાં સુની અને સીયા એવાં બે તડ એના વખતમાં પૂરતી રીતે પ્રસિદ્ધિને પામ્યાંહતાં. હનફી, માલકી, સાફી અને હુંબલી એમ ચાર ઇમામોએ ચાર ફિરકા કહાડયા, તે સુની કહેવાયા અને હજરત ઇમામ જાફસાદકનો એક જાફરી ફિરકો થયો તેને સિયા કહે છે.

ઇમામ જાફરસાદકનો દીકરો મૂસાકાઝમ સાતમો ઇમામ તેમનો જન્મ સન ૧૨૮ હીજરી અને વફાતનો સન ૧૮૨ હીજરી એમનું મકાન કાઝમીનમાં છે. એમના પુત્ર ઇમામ મૂસેરઝા આઠમા ઇમામ તેમનો જન્મ સન ૧૪૮ હીજરી અને વફાતનો સન ૨૦૩ હીજરી એમનો રોજો ખોરાશનના "મસેદ" નામના ગામમાં છે.

ઇમામ મૂસેરઝાના દીકરા મહમદતકી નવમા ઇમામ એમનો જન્મ સન ૧૯૫ હીજરી અને વફાતનો સન ૨૫૪ હીજરીઆ-. બરસ્થાન કાઝમીનમાં છે. અલીનકી દશમા ઇમામ એમના તવલદનો સન ૨૧૨ અને વફાતનો સન ૨૫૪ એમનું મકાન રૂમના સામરા ગાંમમાં છે. એમના દીકરા હસન અશકરી અગીઆરમા ઇમામ એમનો તવલદનો સન ૨૦૭ અને વફાતનો સન ૨૩૨ એમનું મકાન રૂમના સામરા ગામમાં છે.

ઇમામ હસન અશકરીના દીકરા ઇમામમેંદી બારમા ઇમામ અને છેલ્લા ઇમામ એમના તવલદનો સન ૨૫૫ અને વફાતનો સન ૨૬૬ એમનું મકાન રૂમના સામરા ગામમાંછે. એમને માટે એવી માન્યતાછે કે તે કૂવાની અંદર ગયેબ થએલ છે. તે સ્વારી કરશે ત્યારે કયામત થશે.

## સીયા ઈમામી ઈસમાયલી શાખા.

ઇમામ જાફરસાદકના બે દીકરા હતા. ઇસમાયલ અને મૂસા કાઝમ. ઇસમાયલ મોટા અને મૂસાકાઝમ નાના. ઇસમાયલને વસી કર્યો હતો; પણ તે ઇમામ જાફરસાદકની હયાતીમાં વફાત પામવાથી મૂસાકાઝમની વશીયત કરી. કેટલાક લોકોએ એવો મત આપ્યો કે, ઇસમાયલના દીકરા મહમદને ગાદી મળવી જોઇએ. કોઇ એમ કહે છે કે, ઇસમાયલનો દીકરો મહમદ હતોજ નહિં. મહમદ વિષેની હકીકત " કનૂઝલ મુસાહિબ " નામની કિતાબ આગા મહમદ હસનલ હુસેનીએ બનાવેલ છે તેમાં નીચે પ્રમાણે લખ્યો છે.

અબદુલાબિન મેમુન ઇમામ જાફરસાદકનો મિત્ર હતો. તેણે ઇસમાયલની પણ સેવા બજાવી હતી. ઇસમાયલનો મહમદ નામનો દીકરો હતો તેની પણ એણે ખિજમદ કીધી હતી. જ્યારે ધવાનકીએ હજરતસાદકને ઝેર દીધું ત્યારે અબદુલાબીન મેમુનનો દીકરો મરઝખાન, મહમદબિન ઇસમાયલને મિસર લઇ ગયો. ત્યાં તેની વફાત થઇ હતી. કેટલાક લોકો એમ પણ કહેછે કે, તેની શુરીઆ હમેલદાર હતી તેને મારી તેની જગ્યાએ મરઝખાને પોતાની શુરીઆને રાખી. તેણે દીકરો જણ્યો.

તેને મહુમદબિન ઇસમાયલ ઠેરાવ્યો.

ઇમામ ઇસમાયલના વંશમાંથી પહેલાં મહુમદ મેદી પ્રગટ થએલ છે. તે પહેલાં ઇસમાયલી વંશ અને ધર્મ ગુપ્ત રહેલ જણાય છે. એની વંશાવળી આવી રીતે મળી છે. ઇસમાયલના મહમદ, તેના વફી અહમદ, તેના તકી કાસમ, તેના રઝી અબદુલા અને તેના અબદુલકાસમ મહુમદ મેદી.

સીયા ધર્મ એકજ છે પણ ઇમામોની ગણનાથી બે ભાગ થયા છે. ઇમામ મુસા કાઝમના પક્ષવાળા જેનો મોટો જથ્થો છે તે પહેલાં બતાવેલા બાર ઇમામને માને છે અને ઇસમાલીઓ ઇસમાયલ સુધી સાત ઇમામને માને છે.

ઇસમાયલીઓએ મિસરમાં રાજ્ય સ્થાપન કર્યું હતું. જે રાજ્ય ફાતમાઇટ ખલીફને નામે ઇતિહાસમાં પ્રસિદ્ધ છે. ઇસમાયલી મજહબમાં અબદુલા મેમુન સુફીએ સુફીમત દાખલ કર્યો હતો. એ મજહબ શીખવા માટે નવ પાયરીની યોજના કરી હતી. એ પાયરીઓ ક્રમે કરી ચડાવવામાં આવતી. આ મજહબ શિખવા માટે મિસરમાં કોલેજો સ્થાપી હતી. તેમાં સંસારી કેળવણી પણ આપવામાં આવતી. આવિષેની હકીકત "હિસ્ટરી આવ ધી એસેશીન્સ" માં છે. તેનો ઇન્તેખાબ આ ભાગની છેવટ આપમાં આવશે.

ઇસમાયલીઓની સુફીમતની કિતાબો મેળવવા મેં તજવીજ કરી હતી; પણ મને મલી નહતી પણ "હિસ્ટરી આવ ધી એસેશીન્સ" ઉપરથી જણાય છે કે, એ મતનો આધાર કલામે શરીફ ઉપરથી લેવામાં આવ્યો હતો. સુફી એટલે જ્ઞાની. એ મત વેદમતને મળતો છે.

ઇસલામ મતમાં જ્ઞાન પામવા માટે ચાર પાયરી છે. શરીયત

એટલે કાયદા, તરીકત એટલે રસ્તો, હકીકત એટલે વિવેક અને મારફત એટલે જ્ઞાન—ખુદાની પિછાન.

"વાયદ હુલા શરીકલહુ" એનો અર્થ એવો છે કે, ખુદા એક છે તેનો શરીક નથી. એજ પ્રમાણે વેદનું વાક્ય પણ છે. "એક મેવા ન દુતિય" તે એકજ છે બીજો નથી. "નહુનો અકરબ અલેહ મિન હબલુલવરીદ" એનો અર્થ એવો છે કે, ઇન્સાનનાં ગળાંની રગ કરતાં પણ હું તેમને નજીક છું. આમાં અલ્લાની સર્વ વ્યાપકતા બતાવી છે. એમજ વેદમાં "સર્વત્ર બ્રહ્મ" એ વાક્ય છે તેમાં સર્વ જગ્યોએ ખુદા એમ વ્યાપકતા બતાવી છે.

ઇસલામનો મૂળ પાયો જે કલમો તેમાં પણ તત્વ દ્રષ્ટિ ચળકે છે. "લા–ઇ–લા" એનો અર્થ "નથી-છે-નથી." એટલે એક છે બીજો નથી અથવા એમ પણ થાય કે, આદિ અંત નહિં તે સત્ય અને મધ્યમાં હોવાપણું તે મિથ્યા; જેમ મણી સત્ય અને પ્રકાશ મિથ્યા; પણ મણી અને પ્રકાશ એકજ જેમ "બ્રહ્મ સત્ય જગત મિથ્યા", "જીવ બ્રહ્મ એક." એ વેદાંતનું સિદ્ધાંત છે તેમ.

## ગીતાનાં વચન.

અવ્યક્તા દીનિ ભૂતાનિ, વ્યક્ત મધ્યાનિભારત;
અવ્યક્ત નિધનાન્યેવ. તત્રકા પરી દેવના.

એનો અર્થ એવો છે કે, આદિ મૂળ જેના અવ્યક્તમાં એટલે ન દેખાતાં મધ્યે પ્રગટ દીસનારાં ને અંતે પાછાં અવ્યક્તમાં અદીઠ થનારાં એવાં પ્રાણીઓ છે ત્યાં તેઓને વિષે શોક વળી શો?

હદીસમાં ફરમાવ્યું છે કે, "મિનૂ અરફન ફસહુ ફકદ અરફ

બહુ " એનો અર્થ એવોછે કે, જેણે પોતાને ઓળખ્યો તેણે ખુદાને ઓળખ્યો. હું કોણછું એવો પોતાને સવાલ કરી વિવેક થી વિચાર કરવો અને તેમ કરતાં જણાશે કે, પાંચભુતાત્મક પ્રપંચ નાશવંત ત્યારે બાકી શું? બાકી એકજ અલ્લા.

મહા જ્ઞાની મનસુરે ખલીફ હારૂન અલ રશીદ આગળ "અનલ હક્ક" એ વાક્ય કહ્યું હતું "અનલ હક્ક" એટલે "હું ખુદા" તેથી મનસુરને શુળી મળી હતી; પણ તેણે કંઇ ખોટું કહ્યું નહતું. હું ખુદા એટલે મનસુર ખુદા એવો તેનો બોલવાનો ભાવ ન હતો; પણ મનસુરભાવ બાદ કરતાં બાકી જે રહે તે ખુદા. એમ તેના કહેવાનો ભાવ હતો. જેમ "અહં બ્રહ્મ સ્મિ" એ વેદનું મહાવાક્ય છે. તેનો અર્થ એવોછે કે, "હું બ્રહ્મછું" એટલે ખુદાછું.

જ્ઞાનનિષ્ટ મહાત્મા હજરત અલીસાહેબના કલામોનું એક પુસ્તક છે તેમાંથી થોડાં કલામોનું તારણ તેમનો જ્ઞાનમત બતાવવાને માટે અહીં ટાંકુછું. કલામના પાઠોના જે અંક છે તે દરેક પાઠ આગળ બતાવુંછું.

૨૨૪ સાચા દીન સો નબી ચલાયા, શરાહ સલાયા સોધી રાહ. આલી હિમ્મતસે સબ દીનોપર ફતેહ પાયા ફજલેલ્લાહ; નૂર ઇલાહી અવલથા સો આખર જગમેં પાયા જહુર. ઇસદીનકે તાબે હોવે, ઉસપર રોસન હોવે રબકા નૂર.

૨૪૯ જિસ બહેસ્તમેં મોત ન આવે, સોઇ તખ્ત ખુદાકા જાન. ખુદાસો સબ ઠારમેં બસતા, ખાલી નહિં કોઇ ઉસબીન મકાન; સબકુલ ઉસમે વોહો સબમેં, બાહિર ભીતર હયે ભરપૂર. એસા સમજ જો ઉસમેં મિલીઆ, સોલા મોત હુઆ ઉસકા નૂર;

૧૦૨ એક નુક્તા મારફ્ત કેરા, ઉસકું કોઇ ન પોચે અમલ. જિને પહિચાના ઉસ નુક્તેકું, ઉસકે ઇમાનમેં કુછ ન હોવેસી ખલલ; બિન પાહિચાને ભૂલા કહેવે, હરહયે આગ હરહયે પથર. હરહયે પાની. ચંદર સુરજ મૂરત માણુસ, બિન પહિચાને સબ કહે કહાની;

૧૦૩ એક નુકતા સો મારફ્ત કેરા, મુરશદ જિસકું બતલાવે. વાસલ હોવે જાત હક્કમેં, અસલ અપનેકું પાવે; જિને દિલસેં ખોયા ઉસ નુક્તેકું, ઉને ખોયા અપને રબકું. યે સુનો સમજો હરદમ વિચારો, મૌલા ફરમાતાહયે સબકું;

૧૧૦ ઇલમ મરતબા દરીઆ જૈસા, જિસકા વાર નપાર. બાત ઘેરા હયે ભેદ ઉંડા, ઉસમેં ચીજાં અનંત અપાર; જો કોઇ ઉસમે ગોતાં ખાવે, ઔર આપ ફનાં હોય જાય. સોઇ અમુલક સાંઇ અપના, મોતી ઉપર લાવે.

૧૫૪ આદમી આપમન સબ દુનીઆં ચાવે, જેતી ન્યામત હુ-યે ભાતોભાત. દિલ ચાવે સો સબ કાંસે પાવે, સારી દુ-નીઆં ન આવે હાથ; દિલકી આસા તો પૂરી હોવે જો આસા છોડ હોવે નિરાસ;

૧૬૫ બડી ફજર જાગે ને બંદગી કરે, તો તું નેકી કમાયા. જો ઇસ વેળાએ જાગેઆ, સો બંદગીસેં નેકી પાયા; સ-બુહ સાધક જાગો, કરો જિક્કર એલાહી. નમાજ તસબી બંદગીસેં, હોવે દિલ સફાહિ.

૧૮૧ ખુદાકા ડર જિસ દિલ બસે, વહે દિલ નિત્ય હોવે ઉ-જાશ, જિને દિલ અપના ઉજ્યાસા, દિદારકી ઉસકી પુગી આશ. દિલ આરીશા દિદારકા, જિને ઉજ્યાસા ઉસકા

પુરા ભાગ; રબકે ડરસેં દિલ ઉજાસો, સૂતા કયું હુયે ગાફેલ જાગ.

૧૯૨ દીન માણેક ઇરફાન ઇલાહી, દુનીઆં પથર દુનીઆં ચાહ. ચૌદ તબક તક જ્યો જ્યો ન્યામત, સો સબ જાનો દુનીઆં ફનાં; ખુદા તો હુયે સબસેં ન્યારા, ઔર જો પસર્યા સો રબકા નુર. જો દેહ મૈં પનસેં હાથ ઉઠાઓ, તો બાકી રહેસો રબકા જહુર;

૨૪૮ મલકલ મોત તો સબપર આવે, સબ બંદેકી લેતા હુયે જાન. ઇસમરને આગે જો મરચલે, સો મર કર પાવે અમાન; ઐસા મરનાં જો મરજાને, વાસલ હક્ક સો કામલ ફકીર; વહે ધીરજ પાવેસો વલી કલાવે, યે ફરમાયા હજરત આપ અમીર.

૨૩૧ અવલ આખર જાહેર બાતન, દિસતા સુનતા સો હુયે. હુયે સબહીંમે સબસેં ન્યારા, ઔર નહિં સબ વહો હુયે; મૈં ઔર તુંકી દાહી છોડકર, એક દેખ કુછ દો નહિં હુયે. ઐસા સમજ ફનાં હો ઉસમેં, તું નહિં તબ વહો સહી હે;

જ્ઞાનપદ પામવાના બે રસ્તા છે, એક વિચાર અને બીજો પ્રેમ. મુસલમાન ફક્ત બીજો રસ્તો લે છે. તેને ઇશક કહે છે, જારભાવે અલ્લાને ભજવો. ઇશકની બે પાયરી મિજાજી અને હકીકી. પહેલા મુરશદ અથવા કોઇ બીય વસ્તુનું ધ્યાન કરે છે તેથી વૃત્તિ સ્થિર થતાં ઇશકમિજાજી બદલી હકીકી થઇ જાય છે, અને અસીપદને પામે છે. ( ઐક્યતા ) આ જગ્યોએ સિંધના એક મહાપુરૂષ " શાહ અબદુલ લતીફ " ના રશાલાના થોડા બેત ઇશકમત બતાવવાને વાસ્તે ટાંકુંછું.

બેત.—અખર પડ અલફ જો, બ્યા વરક સભ વિસાર;
અંદર તન ઉજાર, પનાં પડંધે કિતરા.
અર્થ—એક અલફનો અક્ષર શિખ, બીજાં પાનાં વીસરીજા. અંતઃકરણને સાફ કર. પાનાં કેટલાં પડીશ?
બેત.—માન પુછન સિપરી, ચિતા લાય મચુર;
ઉનીંજા અમર, ખણુત ખાલી નથિએ.
અર્થ—પ્રી-તમ માંડ બોલાવે, ધ્યાન મચૂક તેનો હુકમ ઉઠાવશે તો નાઉમેદ નહિં થાય.
બેત.—મહોબત જે મેધાનમેં, અચી પેર પેઆન;
સર વઢણુ ધડધાર કરણુ, હે સીંગાર સદાન.
દીંધા મું દિઠાનૂ, મથા માસુકન લા.
અર્થ—પ્રેમનાં રણક્ષેત્રમાં જેણે પગ મુક્યા. શિર વાઢવા, ધડને જુદા કરવા, એ તેનો સદાનો શણગાર મેં તેઓને પ્રીતમ માટે માથાં આપતા જોયા. ( માથું એટલે દેહઅભિમાન )
બેત. મહોબત જે મેધાનમેં, પેયા લાલ લુછનૂ;
પાણુઇ બધન પટીઉં, પાણુઇ ધક ધુઅન.
દૈધન છડેઆ વિરચી, સો અજકાં કાલ મરન;
કેં કે કીં ન ચવનૂ, ધરધ પહિંજે ધિલજો.
અર્થ—પ્રેમક્ષેત્રમાં ઘવાએલા પોતે જખમો ધોઇ પાટા બાંધે છે. દૈદાએ તો કંટાળી મૂકી દીધા. તે આજ કાં કાલ મરવાના તેઓ પોતાનું દરદ કોઇને કહેતા નથી.
બેત.—સૂરી આય સિંગાર, અસલ આસકન જો.
મુડણુ મોટણુ મીંયણું, થ્યા નિજારે નરવાર;
કુસણુજો કરાર, અસલ આસકનસે.

અર્થ—આશકનો શણગાર શૂળી છે. ડગવું કે પાછું ફરવું એ તો એબ. નિજારા ઉપર નિછાવર થયા. આશકોનો કરાર કતલ થવાનો.

બેત.—સદા સુર નહુન, ગુંધર વિંઝન ગુધરી.
ઓખાઇયું આકલ ચે, હી પરખા કારણપોન્;
ચંગાં ઈ ચોંન્, તધર ન મટજે ધોસ્તજો.

અર્થ—હંમેશ દુ:ખ ન હોય. મુંજારો મટી જાય. દુ:ખ પરીક્ષા માટે પડે છે. સંત એમ કહેછેકે, મિત્રનું ઘર છોડવું નહીં.

બેત—પાણી મથે ઝુપડા, મુરખ ઉંઝ મરન.
સાખા ઓડો સિપરીં, ઉલુછેતા નલોન્;
સો--ધ્રમ--ન સુઝાણુન પોય ધ્રાઉ કન્ મુડનજી.

અર્થ—ઝુપડી પાણી ઉપર છે અને મુરખ તરસે મરેછે. પસાથી ઢૂકડો પ્રીતમ છે તેઓ વ્યાકુળ થાય છે; પણ શોધી શકતા નથી. તેઓ શ્વાસને ઓળખતા નથી. પછી દુ:ખના પુકાર કરેછે. (પોતાના આત્માને ઓળખતા નથી.)

બેત—જે ભાઇયેં જોગી થીયાં, ત તમા છડ તમામ્,
થી ગોલે જો ગોલો, તેંજો થી ગુલામ;
ત નાગા તોજો નામ્, લખઓ વિંઝી લાહુતમેં;

અર્થ—જો જોગી થવું હોય તો તૃષ્ણા છોડી દે. સેવકનો સેવક અને તેનો પણ શેવક થા. તૃષ્ણા ત્યાગ કરીશ તો તારૂં નામ "અરસની પાટી" ઉપર લખાશે. (અમ્મર પાટી)

બેત—અંદર સા નસુકાઇયેં, તું બાર સુકાઇયેં બાઉં,
મુઠા મુઠે પાણકે, ભાઇયેં આદશી આઉં;

ઉ પંધ પરાંઉં, જાુકકો નાગા ગડેયા નાથકે;

અર્થ—અંદર શ્વાસને મુકવતો નથી. અને બહારે બાહુને મુકવે છે. દુઃખીઆ પોતાને દુઃખ દીધું એમ જાણેછે કે, હું જ્ઞાનીછું; પણ તે પંથતો દૂર છે. જ્યાં ત્યાગીઓનો અલ્લા સાથે મેળાપ થયો.

બેત—મું નડિઠો પાણુ, તોકીં ડિઠો પાણુ કે,
કૂડા પડે કુરાન્, અલ્લા ઘરકી અઘનેં;

અર્થ—મેં તો તને જોયો નહિં. તેં મને કેમ જોયો! ખોટા મનથી કુરાન પડે છે. અલ્લાને ઘેર કેમ ચાલશે. ( એક મુલ્લાં કુરાન પડતો હતો તેના મુસલ્લા ઉપરથી એક ઓરત ચાલી ગઇ. મુલ્લાંએ ગુસ્સે થઇ કહ્યું, રાંડ આંધળી થઇ છે! ત્યારે તેણે ફરીને જવાબ આપ્યો કે, હું મારા પ્રીતમના ધ્યાનમાં હતી તેથી મેં તુંને ન જોયો; પણ તુંજે તારા પ્રીતમ અલ્લાના ખરા ધ્યાનમાં હતે તો મને જોઇ શકતે નહિં. માટે તારી બંદગી ખોટી છે. ખુદાને ઘેર તે કબુલ થવાની નથી.)

બેત—જે ભાઇયેં જોગી થીયાં, તવિંઝાય છડ વજુદ,
મોબત સંધો મિંઝહિ, ધિલમેં ધુખાઇજ ધુંધ;
ઉલફત રખ અલખસેં, અંદરમેં અફજુદ;
વાહદતજે વજુદમેં, નાગા કર ન મુંદ;
નફી કરતું નફસ કે, જિલત ડીયેં જુદ.
થીયેં ખફીસેં ખુદાનુદ, ત નાગા રસેં નાથકે;

અર્થ—જો જોગી થવું હોય તો અસ્તિત્વને ખોઇ નાંખ, મનમાં પ્રેમની ધૂણી લગાવ, અલક્ષ જે અલ્લા તેની સાથે અતી પ્રેમ રાખ, ઐક્યતાનાં દર્શન કર. જીવભાવ છોડી

૪૯૦

દ, દેહ કષ્ટ કરતો આનંદરૂપને પ્રાપ્ત થાય.

બેત—જે ભાઇયેં જોગી થીયાં, તવિઇ ગોલ વજુદ,
ઉથી અલખ સામહું, સામી કર સજુદ;
ખિલવત કર ખફિયસેં, થીયે નફીમેં નાબુદ,
પુરજ પૂરભ પારડેં, ભાબુ છડી ભુદ;
તનકે ડીયેં તસીઆ, થીયેં ઉલફતસે આસુદ.
લડી તુ લાહુતમેં, કર વેરાગી વરૂદ;
ગબી છડ ગનુદ, ત રાવલ રસે રામસેં.

અર્થ—જો જોગી થવું હોય તો સત્યને સોધ, તેને જોઇ નમ. એકાંતમાં મળ, નહિંમાં નહિં થઇજા, અહુંભાવ મુકી પેલે પાર જા, તેની મરજી અનુસાર ક્રમણ કર, મનને માર, પ્રેમમાં મગન રહે, જ્ઞાન ભુમીમાં જા, આળશ મુક તો અલ્લાને મળે;

બેત—અલફ અલખ મનમેં, કિઓ કાપડીઅન્,
સે હરફ ધારા હેકડી, બેયો કીં ન બુજન;
ફરજ ફનાં ફી અલ્લા, જો અયેન્ ઇભાબત ઉન્;
કુલહું વલ્લા અહદ, થા મિંઝા મત પડન્.
સાધત સાધત સરહિ, ગુરૂ કે ગડેયા કાપડી;

અર્થ—લક્ષમાં ન આવે એવો જે અલફ તેને કાપડીઓએ મનમાં ધારણ કર્યો. એ અક્ષર વિન્યા બીજું કાંઇ ન જાણુ એમાં ગુમ થઇ જવું એજ તેઓની ખાસ બંદગી બોલ "ખુદા એક" એજ પાઠ કીધો તેને આનંદરૂપ અલ્લાની પ્રાપ્તિ થઇ.

બેત—છોતી વિંઝે વણુકાર, હિતે ન ગોલીએ હોથ કે,
લિકયો નાંએ લતીફચે, બારો ચો બેપાર;

નિહુડી નેણુ નેઆર, તોમિંઝ ડેરો ધોસ્તજો;

અર્થ—શા માટે વનમાં જાયછે ? અહીં કાં પ્રીતમને સોધતી નથી? સંતાઇને બીજે પાર કંઇ બેઠો નથી. નિરખીને જો તો તારામાં તેનુ મકાન છે.

બેત—વાયધહુ લા શરીકલ હું, આચે હેકડાઇ હુક્ક.
બિયાઇ કે બખ, જિન વિધો સે વરસેયો;

અર્થ—તે એકછે, તે જેવો બીજો નથી એૈકયતા વ્યાજબી છે. દ્વૈતને જે ભેટયો તે વણસ્યો (બગડયો)

બેત—વાહદતસેં કસરત થીયે, કસરત વાહદત કુલ;
હુલા યો હુલ, બિલા સંધો સજાણુ.

અર્થ—એકમાંથી ઘણાપણું થાય અને તે ઘણાપણાંનુ એકંદર એક આ બધી જે ગડબડછે. હું પતિજ્ઞાથી કહુંછું તે પ્રી-તમની છે ( એક અલ્લા )

બેત—ચો તું અલ્લા હિકડો, બિઇ વાઇ વિસારે છડ;
ઉતાં તોસેં ઘડ, સજાણુ સાહ પસાહમેં.

અર્થ—બોલ અલ્લા એક છે, બીજી વાઇ વીસારી મુક, તે તો તારાથી મળેલ છે, શ્વાસોશ્વાસમાં;

બેત—સાધુ સદાવણુ કઠણુ હે. મત કોઇ સાધુ સદાય;
સાધુ તબ સદાઇયેં, જબ જીતાંઇ મરજાય.

અર્થ—સાધુ જે કહેવડાવવું એ તો કઠણુ વાત છે. સાધુ કહેવ-ડાવવું નહિં. સાધુ ત્યારે કહેવડાવવું જ્યારે જીવતે મરી જવાય ( અહંકાર મારવો )

બેત—હહોડીયે બફીયબાં, સોજે લધો સુભાન;
આસક હેડે અંગરે, લધેયા લા મકાન.

અર્થ—જ્ઞાનીએ ગુહ્યમાંથી સત્ય સોધી કાઢયું, આ દેહવડે લા

મકાન ઉકર્યા ( તુરીયાતીત )

બેત—હુમેં ઘડજી હું થીયા, બાબુસે બિરીઆન.
સબોહી સુભાન, આયો નજર ઉનજી;

અર્થ—" તે " માં મળીને " તે " થયા, જેણે અહંભાવ ભુજી નાંખ્યો. તેઓએ સર્વત્ર ખુદાને જોયો.

બેત—સુફી સેલ સભન મેં, જી રગન મે પસા.
શા નકરે ગાલડી, જિનપ્રોયો પરોડે પસા;
આયસો ગુનાહ, જિકા કરે પધરી.

અર્થ—સુફીની સહેલ સર્વત્ર છે જેમ રગોમાં જીવ છે તેમ. તે વાત કરતો નથી. જેણે ઓળખી જીવને પરોવ્યો છે એ વાત પાધરી કરવામાં ગુન્હા છે.

( આ જગ્યાએ એક સાહેરનું બનાવેલ રમુજી બેત અહીં લખવું અનુકુળ લાગે છે.

બેત—સાયલ સવાલ કરદ, બધર હજરતે કરીમ.
મનસુરરા બદામ, ચિરાદાદ એ હકીમ;
મનસુર બુઃ વાકફ, ઇસરાર સર દોસ્ત
સર દોસ્તરા બફાસ કુનદ, ઈસિઝાયઓસ્ત.

અર્થ—એક સવાલીએ ખુદાની દરગાહમાં સવાલ કર્યો કે મનસુરને ફાંશી શાને માટે દીધી. ત્યારે ખુદાએ ફરમાવ્યું કે, મનસુર પ્રી-તમનાં ગુહ્યથી વાકેફ હતો તે પાધરું કરી નાખ્યું, તેની એ શજા હતી.

બેત—સુફી સાફ કિયો, ધુહિ વરક વજુદજો.
તેયાં પો થિયો, જીરે પસણ પિરીંયજો;

અર્થ—જ્ઞાનીએ હયાતીનું પાનું ધોહી સાફ કરી નાખ્યું તે પછી તેને જીવતે માશુકનાં દિદાર થયાં.

બેત—હુનો વરક વિસાલજો, ક્રિયો મુતાલે મું.
તેઇ મેં તુંહિ તુંહ, બિઇ લાત ન લેજે જિતરી;
અર્થ—તેના મિલાપના પાનાનો મેં અભ્યાસ કર્યો. તેનામાં "તું-
હી તું" બીજી જરા જેટલી પણ વાત નહિં.
બેત—જિનકે ઘોર ધરધન્જો, સો સબક સુરપડનૂ.
ફિકર ફરઇ હથમેં, માઠ મુતાલે કનૂ;
પનુંસો પડન, જેંસેં પસન પિરીયકે;
અર્થ—જેનો અભ્યાસ પીડા, તે પાઠ દુઃખના વાંચે છે, હાથમા
ફિકરની પાટી છે, ચુપનો નિશ્ચય કરેછે, પાનું તે વાંચે છે,
જે વડે પ્રીતમનાં દર્શન થાય;
બેત—દુઃખેંધો ડાઢો થીયે, વિઠેં જિનીવટ.
સા મિજલસઇ મટ, જહાંશલ હુએ હજારજો,
અર્થ—જેના પાસે બેસવાથી બિમારી વધે. (દ્વૈત) તેની સો-
બત છોડી દે. જો હજારનું હાંસલ હોય તોપણ.
બેત—દુખેંધો દૂરથીયે, વિઠે જિની વટ.
તન ઉનીસેં કટ, ઓડા અડે પખડા;
અર્થ—જેની સોબતથી બિમારી (દ્વૈત) મટે. વખત તેની સાથે
કાઢ, નજીક ભુગાં ચણીને.
બેત—ઝંગ ખામી પટ થિયો, ભગી ચોરાં લિકક.
વિહી વજુદા નિકરી, જિકા ઘેડી ધ્રિકક;
પોય સિકડું એં સિકક, બિઇ ગડેઆ પાણુમેં.
અર્થ—ઝાડી બળીને પટ થયો, ચોરોની સંતાવાની જગ્યા ભાંગી,
હોવાપણું નીકળી ગયું. પછી આશક અને માશુક બેઉ
પોતામાં મળ્યાં. (આમાં જે ચોર કહયા છે તે કામ, ક્રોધ,
લોભ આદિ સમજવા)

સુફીમતની ઘણી કીતાબોછે, અહીં "દીવાને હાફેજ" "મસનવી મૌલાના રૂમી" બહુ પ્રસિદ્ધ છે. "દાનેશ નામે જહાન" કિતાબમાં પદાર્થ સોધન ઘણી બારીકીથી કરેલ છે. એનો મત એવોછેકે, સર્વ હોવાપણું અકલે કુલ અને નફ્સેકુલ વડેછે. જેમ સાંખ્યમાં પ્રકૃતિ પુરૂષ કહ્યાં છે તેમ. અવલ અકલેકુલ, તેમાંથી નફ્સેકુલ, તેમાંથો ક્રમે આસમાન, તત્વો, તેનાં પાંચ ફરજંદ, ધુમ્ર, તેમાંથી ખનીજ, તેમાંથી વનસ્પતિ, તેમાંથો હેવાન, તેમાંથી ઈનસાન એમ પાયરી દરપાયરી ચડતી સ્થિતિ થતી આવી છે. અનાશરો બદલ થવા વિગેરે જગતમાં જે બનાવો આપણે જોઈએ છીએ અને દેહની અંદરની શકિતઓ એ સર્વના ખુલાસા ઘણાજ બારીકીથી કર્યાછે. એનો ભાવાર્થ પણ ઐક્યતા બતાવવાનોછે.

તત્વજ્ઞાન છાનું રાખવાને માટે તાકીદ છે. તેનું કારણ એ કે, એની બારીકી ન સમજી શકે તે બગડી નાસ્તિક થાય; માટે જ્ઞાન પાત્ર હોય તેનેજ આપવું યોગ્ય. ઈસમાયલીઓએ જ્ઞાનને વિશેષે પ્રસિદ્ધ કર્યું. મદરેસાઓમાં શિખાવવા માંડયું જેથી પરિણામે તેનો ગેરઉપીયોગ ઈસમાયલીઓનો નિઝારી શાખાની કારકીર્દિમાં આપણે જોઈશું. એમાં કંઈ જ્ઞાન મતનો દોષ નથી. પણ ઉપીયોગનો દોષ ગણાય. એક છરી પોતાના રક્ષણ અર્થે કામ લાગે અને તેનાથી આત્મઘાત પણ થાય.

મહમદ મેદીથી મુસતનસર સુધી અને મુસતનસરથી આદદેલ દીન અલ્લા અને હસન સભાથી રૂકનદીન ખુરશા સુધીની હકિકતનું તારણ "રોઝતલસફા" નામની તવારીખમાંથી કર્યું હતું. તે હકિકત હવે હું લખુંછું.

ઇસમાયલ બિન જાફ્ફ સાદકના વંશજો.

એ વંશમાં ગાદી સ્થાપનાર અબ્દ કાસમ મહમદ બિન અબદુલા હતો. તેનો લકબ મેદી હતો. ઇસમાયલીઓનો એવો મતછે કે, હદીસમાં જે મેદીની ખબર મળીછે તે મેદી એજછે. હીજરી સન ૩૯૬ માં તેણે અબુ અબદુલા સુફીની મદદથી આફ્રિકા તરફ સ્વારી કરી. મેદીના મિત્રો માનેછે કે, ત્રીજા સૈકામાં પશ્ચિમ દિશા તરફથી સુર્ય, લોકોનાં માથાં ઉપર ચળકશે એવું હદીસનું ફરમાન છે તે આ મેદી વિષે ઇશારો છે તે કોઇપણ કોમ સાથે લડાઇ કરતો ત્યારે હમેશ ફતેહ મેળવતો હતો. કિરાન તરફ તેણે એક મજબુત કિલ્લો બાંધી તેનું નામ " મેદીઆ " પાડ્યું.

હી० સન ૩૯૯ માં પશ્ચિમના કેટલાક રહેવાશીઓએ મેદીની નાફરમાની કરવાથી તેણે તે લોકોને ઝેર કરવા પોતાના દીકરા કાયમને મોકલ્યો. કાયમ લાંબી મુદત સુધી તેઓના શેહેરના દરવાજા ઉપર ઘેરો ઘાલી બેઠો. ત્યારે અંતે ખોરાક ખુટી પડતાં તે લોકો તલવાર અને કફન લઇ બહાર આવ્યા અને જીવતદાન માગ્યું. કાયમે તેને તે બક્ષ્યું અને જે થોડો માલ લોકો તરફથી તેને જડયો તે લઇ વળી નીકળ્યો.

મેદીએ પોતાની કારકીર્દિમાં પશ્ચિમનો બધો મુલક તાબે કરી જુનાં ખાનદાન ને વેરાન કીધાં. જ્યારે તેનું લશ્કર કિરવાન અને ત્રાબલસ વિગેરે જીતી ફુરસદ પામ્યું ત્યારે તેણે કાયમને મોટાં લશ્કરથી મિસર સર કરવા મોકલ્યો ત્યાંના હાકેમ મુકદર અબાશીએ મનસબાદમને બળવાન ફોજ સાથે તેનો સામે મોકલ્યો. એ બેઉની વચ્ચે ઘણી લડાઇઓ થઇ. જેમાં મુનસે બહુ શુરાતન બતાવવાથી તેને પોતાનાં રાજ્ય તરફથી " મુ

જફર " નો ખિતાબ મળ્યો. કેટલાક ઇતિહાસવેતા લખેછે કે, મુનસે દસવાર કાયમ સાથે લડાઇઓ કીધી; પણ મિસર તેના હાથમાં જવા દીધું નહીં. મેદી પચીસ વર્ષ .ખિલાફત ભોગવી ૬૨ વર્ષની ઉમ્મરે મેદીઆના કિલ્લામાં વફાત પામ્યો.

### કાયમ બ અમ્મર અલ્લા.

મેદીએ પોતાની ખિલાફતના વખતમાંજ આથમણુ તથા બરબરના લોકોને કાયમની બેત કરાવી હતી. જ્યારે મેદી વફાત પામતાં કાયમ ગાદીએ બેઠો ત્યારે સકલીઆના લોકોએ તેની નાફરમાની કીધી. તેનું કારણ એ હતું કે, ત્યાંનો કારભારી સાલમ બિન રાશદ રૈયત ઉપર જુલમ કરતો હતો. સાલમે તેઓની નાફરમાનીનો રીપોર્ટ કાયમની હજુર કીધો ત્યારે કાયમે ખલીલ બિન ઇસાકને થોડું લશ્કર આપી તેની મદદે મોકલ્યો. સકલીઆના લોકોએ ખલીલને કહ્યું કે, અમારી નાખુશીનું કારણ સાલમના જુલમ શિવાય બીજું કંઇ નથી. ખલીલે તેવાત કાયમની હજુર પહોચાડતાં કાયમે સાલમને બરતરફ કરી તેની જગ્યા બીજાને આપી.

કાયમના વખતમાં અબુયઝીદ નામે એક સખસ છોકરાઓને શિખવવાનું કામ કરતો હતો તેણે પોતાના ઝુંડા નીચે ઘણા લોકો એકઠા કરી કાયમ ઉપર ચઢાઇ કરી. તે એવો તો નિર્દય માણસ હતો કે, ગુન્હાની માફી બક્ષવી એતો જાણે તેના મહજબમાં મના હતી. કહેછે કે, જ્યારે તે તીરવાન ઉપર ફતેહમંદ થયો ત્યારે તેણે લુંટ અને કતલનો હુકમ આપ્યો. શહેરનાં સારાં માણસોએ બહાર આવી માફી માગી; પણ અબુયઝીદે કહ્યું કે, તીરવાન કંઇ બહેતુલ મુકદસથી વધારે ન-

થી. તે શહેર જ્યારે લુંટ અને કતલથી ખરાબ થયું ત્યારે આ થાય તેમાં ફિકર નથી. કહેછેકે, અબુયઝીદ અને કાયમ વચ્ચે ઘણી લડાઈઓ થઈ તેમાં કાયમની હાર થતાં તે નાસીને મેદીઆના કિલ્લામાં ભરાયો અને અબુયઝીદે તેની આસપાસ ઘેરો નાંખ્યો તે ઘેરો પડેલો હતો તે દરમિઆન કાયમ મેદીઆના કિલ્લામાંજ મરણ પામ્યો તેની કારકીર્દિ બાર વર્ષ અને નવ મહિનાની હતી. ઇસમાયલી લોકોએ અબુયઝીદનું નામ "ડજાલ" રાખ્યું. કહ્યુંછેકે, હદીસમાં "ડજાલ મેદીઆ કાયમ ઉપર ચડાઈ કરશે" એમ લખ્યુંછે તે મેદી એજ હતો.

## મનસુર બિલ્લા.

જ્યારે કાયમ ગુજરી ગયો ત્યારે મેદીઆના કિલ્લાના લોકોએ મનસુરની બેત કીધી. મનસુર ચાલાક તથા શૂરો મરદ હતો. તેણે પોતાના બાપ કાયમના મરણની વાત છુપી રાખી અને સારી તદબીર તથા બહાદુરીથી, અબુયઝીદ ઘેરો ઘાલી પડયો હતો તેની સામે ટક્કર લીધી. તેથી અબુયઝીદને નાસવું પડયુ તેણે સુદાન શહેરમાં જઈ વિસામો લીધો ત્યારે મનસુરે તેને પકડવા એક ફોજ મોકલી એ ફોજ કેટલીક મેહેનત અને તજવીજથી તેને પકડી લાવી ત્યારે મનસુરે તેને હમદાનના કિલ્લામાં એક લોઢાના પીંજરામાં થોડો વખત કેદ રાખી અંતે તેનું ચામડું કહાડી તેમાં ઘાસ ભર્યું અને પોતાના દેશમાં ફતેહના કાગળો લખ્યા જેમાં તેની નાલાયક ચાલ પણ વર્ણવેલી હતી.

મનસુરે સકલીઆની હકુમત ઉપર હસન નામના એક અદલ અને દીનદાર માણસને નીમ્યો હતો તેણે પોતાની સારી ચાલથી ત્યાંના લોકોનો સારો પ્યાર મેળવ્યો હતો; પણ રૂમી

લોકો તેની સામે લડાઈમાં ઉતર્યા જેમાં હુસનનો પરાજય થયો પણ તરતજ મનસુરના ગુલામ ફરરૂખની સરદારી નીચે એક લશ્કરની ટુકડી તેની મદદે આવી પહોંચતાં રૂમી લોકોને નાશી જવું પડયું.

અબુ જાફર મુરારોદીને કેટલાક બેત મુબારકબાદીના રચીને મનસુરની ખિજમદમાં પહોચડયા તેમાં એવી મતલબ હતી કે, આપનો બેટો મુઈઝદીનઅલ્લા જે આપનો વારસ છે તેનું નામ મક્કા અને મદીનાના મંબરો તથા શિક્કાઓ ઉપર જારી થશે એવું હું ઇચ્છુંછું. અને તે બેત પ્રમાણે બન્યું. મનસુરે ૩૯ વર્ષની ઉમ્મરે સાત વર્ષ ખલીફાત ભોગવી આ દુનિઆં છોડી.

## મુઇઝદીનઅલ્લા.

મુઇઝદીન અક્કલમંદ તથા બહાદુર બાદશાહ હતો તે દેશના કાયદાની બારીકી તથા ધર્મના કાનુનો અચ્છી તરેહુથી સમજતો હતો. એના બાપનાં મરણ પછી સન ૩૪૧ ના શવાલ મહિનાની આખેરીએ તેની બેત કીધી. મુઇઝદીને સન ૩૪૭ માં પોતાના ગુલામ જહુરે ખાદમને મોટાં લશ્કરથી આથમણુ તરફ મોકલ્યો ઉપ્યાનુસના કાંઠા અને ખાલીદાદના બેટ સુધી ગયો અને ત્યાંના દરિઆની માછલી વખણાતી હતી તે તેણે ખલીફાને ભેટ મૂકી.

સલજમારશાનો હાકેમ મુગલબી હતો જેણે પોતાનું નામ " શાકુર અલ્લા " રાખ્યું હતું. તથા પોતાને " અમીરલ મોમનીન " કહેવા હુકમ આપ્યો હતો તેને મુઇઝદીન કેદ કરી તેનો મુલક સર કીધો અને એક મોટું લશ્કર બેટો તરફ મોક-

લ્યું. રૂમી તથા એ લશ્કરની વચ્ચે ઘણી લડાઇઓ થઇ જેમાં મુઇઝદીનની ફતેહ થઇ એ અરસામાં મિસરમાં મોટો દુકાળ પડ્યો હતો તથા ત્યાંના અબાશીઓની તરફનો હાકેમ કાફુર અક્ષીદી મરણ પામ્યો તેથી મિસરના મોટા માણસોએ મુઇઝ પોતે ત્યાં આવવા કે, કોઇ લાયક માણસ મોકલવા પેગામ મોકલ્યો. મુઇઝ મિસર લેવાનો મનસુબો કરી " જવર " નામના એક સખસને હથીઆરબંધ લશ્કર તથા મિસરી લોકો વાસ્તે ખોરાકથી ભરેલાં વહાણો સહિત મોકલ્યો. જવરના પહોચવાથી તથા તેઓને ખોરાક મળવાથી મિસરના લોકો ખુશી થયા અને જવરે અરસીદીના બાગમાં ઉતારો કરી ઓસતાન, મિસર તથા આઇન્સની વચ્ચે એક નવું સહેર વસાવી તેનું નામ " મુઇઝીઆ " રાખ્યું. જવરની કોશિષથી મિસર, સિકંદરીઆ, દિહારેસઇલા, ઝમાન, મક્કા અને મદીના અબાશીઓના કબજામાંથી અલવીઓના હાથમાં આવ્યાં. જવરે ફલસસ્તીન, દમાસ્કસ તથા શામના સર્વે પ્રાંતો જીતી લીધા અને " કરામાતા " કરીને એક ખાનદાન હતું જેણે બુરાં કામો કરેલાં હતાં તેને પકડી મિસરના રાજાને પહોચાડયું. તેમાંથી થોડાએક ભાગી ગયા તે મિસરમાં સંતાયા એ ઉપરથી જણાયછે કે, કરામાતાનુ ટોળું ઇસમાયલીઓથી જુદુંછે. અબાશીઓ અદાવતને લીધે એ ટોળાંને ઇસમાયલીઓમાં ગણે છે.

હી૦ સન ૩૬૧ માં મુઇઝદીન પોતાનાં કુટુંબ સહિત મિસર ગયો ત્યારે તેની સાથે ૨૫૦૦૦ ઉંટ ચાંદી અને સોનાની નગદીના હતા. તે મિસરની હદમાં પહોચ્યો ત્યારે તેના મહાજનો તેને સિકંદરીઆ સુધી સામા આવ્યા અને તેના દિદારથી પોતાને માન સમજ્યા. મુઇઝદીને રાજ્ય કારભારમાં ઘણો-

જ અદલ ઇનસાફ બતાવ્યો હતો. કહેછે કે, તેના દરબારની સામે કેટલીક પેટીઓ સોનાથી ભરેલી રાખેલી હતી અને રજા આપેલી હતી કે, જે લાચાર આદમી આવે તે તેમાંથી એક મુઠી ભરી લે તે ખાલી પેટીઓ હજુ ત્યાં મોજુદ છે પણ તે ખેરાતની નિશાની નથી. જ્યારે તેનું રાજ્ય મજબુતી ઉપર આવ્યું ત્યારે તે હી૦ સન ૩૬૫ માં મરણ પામ્યો. આ વખતે તેની ઉમ્મર ૪૫ વર્ષની હતી. તેણે ૨૩ વર્ષ ખિલાફત ભોગવી. રાજ્યના અમીરોએ તેના મહોતની ખબર સુલેહમાં ભંગ ન પડે માટે સાત મહિના છુપી રાખી તે જ્યારે અઝીઝ બિલ્લાની બેત થઇ ત્યારે ખુલ્લી પડી.

## અઝીઝ બિલ્લા.

અઝીઝ બિલ્લાના કાકા હૈદર, તેના બાપના કાકા અબુલ ફિરાક અને તેના દાદાના કાકાએ પણ તેની બેત કરી હતી. એવો દાખલો હારૂનઅલ રશીદની ખિલાફતના વખત શિવાય બનેલ નથી. અઝીઝબિલ્લા ઘણો નરમ અને ખુશમિજાજનો હતો. બેતના દહાડામાં તેણે ઘણા સારા શબ્દોમાં નશીહતથી ભરેલો એક ખુતબો બનાવ્યો હતો જે સાંભળવાથી લોકોને આંસુ આવ્યાં હતાં.

અઝીઝબિલ્લાએ આથમણ, શામ અને હિબઝના મુલકો તાબે કીધા. એની કારકીર્દિમાં અલપ્તગીન બગદાદથી શામ તરફ લશ્કર લઇ આવ્યો અને હસનઇબને મહુમદ કિરમતી સાથે મળી અઝીઝની સામે થયો; પણ અઝીઝ સામો આવતાં તેના ઝુંડા ઉપર જ્યારે તેની નજર પડી ત્યારે તેના મનમાં ખોફ અને ધાસ્તીની અસર થઇ તે ઘોડાથી નીચે ઉતરી પ્યાદો થયો

અને ઘણી નમ્ર-તાથી અઝીઝના ઘોડાના રેકાબને બોસ્સા દીધા. અઝીઝે તેનો ગુન્હો માફ કીધો અને તેના કેટલાક સાથીઓને ખિલાતો આપી.

અઝીઝે શામની હકુમત મનસાયહુદીને અને મિસરની હકુમત ઇસા નસરાનીને સોંપી હતી એ લોકો મુસલમાનો ઉપર ઘણો જુલમ કરતા હતા. એક દિવસે એક ઓરતે અઝીઝના હાથમાં એક કાગળ આપ્યો. તેમાં લખ્યું હતું કે, એ અમીર ખુદાએ યાહુદીઓને મનસાના સબબથી અને નસરાનીઓને ઇસાના સબબથી ફતેહ અને મુસલમાનોને તારેજ વાસ્તે જીલ્લત આપી તે ખુદાને વાસ્તે મારા હાલ ઉપર નજર કર. અઝીઝને એ કાગળની અસર થઇ અને તે બે માણસોને બરતરફ કરી તેઓ પાસેથી ઘણો માલ પાછો લઇ ગરીબ લોકોને આપી દીધો. આ ખલીફાએ અદલ ઇનસાફથી એકવીશ વર્ષ ખિલાફત ભોગવી હી૦ સન ૩૮૬ માં દેહ છોડયો.

## અલ હાકેમ બિઅમ્રિલ્લાહ.

એનો જન્મ તા૦ ૧૬ મી રબીઉલ અવલ સન ૩૫૦ માં કાયરા ( મિસર ) માં થયો. અલવીઓના ખલીફાઓમાંથી મિસરમાં પ્રથમ એજ જન્મ્યો હતો. એના વખતમાં હુસનબિન અબદુલ મલેકની નિસબતના એક સખસે ઘણી લડાઇઓ કરી; પણ અંતે ઇસમાયલીઓના અમીર ફજલ ઇબને સાલેને તે હાથ આવતાં તેણે તેને હાકેમ પાસે પહોચાડયો. હાકેમે તેના માથા ઉપર લાલ ટોપી પહેરાવી, હાથપગ બાંધી ઉંટ ઉપર બેસાડયો અને હમખુનાને તેની સાથે રાખ્યો તે તેની પીઠ ઉપર ઠોંસા મારતો હતો. આ દેખાવ જોઇ મિસરના લોક ઘણા રાજી થયા.

જ્યારે તેને નીચે ઉતાર્યો ત્યારે તે મુવેલો માલમ પડ્યો.

હી૦ સન ૩૭૮ માં બાદશાહે હુકમ કહાડયો કે, રાતની વખતે શેહેરના દરવાજા તથા દુકાનો બંધ ન કરવી અને ઘરના દરવાજા તથા ગલીઓમાં મશાલો બળતી રાખવી. લોકો રાતના બજારમાં ફરતા હતા તથા હાકેમ પણ પોતાના ખવાસો સમેત ફરતો હતો તથા લોકો સાથે વાતો કરતો હતો. સન ૩૯૨ માં તેણે કાયરે મેજીઆમાં જામે અઝર ( મસીદ ) બનાવી તથા હુકમ કર્યો કે, સરાબ અને બીજી કેફી ચીજોનો વ્યાપાર બંધ કરવો તથા સ્ત્રીઓએ ખુલે ચહેરે ફરવું નહિં.

કહેછે કે, તે ગધેડા ઉપર સ્વાર થઈ દબદબા સાથે બજારમાં ફરતો તથા ખુદાનો ખોફ રાખતો હતો અને કહેતો હતો કે, હજરત મુસાએ કોયતુર ઉપર મુનાજાત કરી હતી તેમ હું પણ કરૂંછું. તે શરીઅતના હુકમો બજાવવા તથા બુરાં કામોથી બચવાને લોકો ઉપર ઘણી તાકીદ કરતો હતો; તોપણ લોકોએ સરાબ પીવાની આદત છોડી નહિં ત્યારે તેણે સરાબની ઉત્પન્તિનાં જેટલાં વૃક્ષો હતાં તે બધાંનો નાશ કર્યો. ઓરતો બહાર ન નિકળે માટે તેઓના મોજા બનાવવાનું બંધ કીધું. યાહુદી અને ખ્રિસ્તિઓને ઘોડે ચડવા મનાઇ કીધી. તેઓ ખચ્ચર અથવા ગધેડા ઉપર બેસેતો રકાબ નહિં રાખે અને હમામમાં આવે ત્યારે ગળાંમાં ઘંટડી બાંધીને આવે કે તેઓ તરત ઓળખાઇ આવે. પાછળથી એ હુકમની મોકુફી કરી. હાકેમ બિલ્લાએ ઘણી મદરેસાઓ બનાવી તથા આલમ અને ફકીઓ ( કાયદા જાણનાર ) ને પોતા પાસે રાખી તેમને ઘણી મિલકત ચાકરી પશા આપી. એક વખત તેણે હુકમ કર્યો કે, તેલ અને મધ જે ચીજોમાંથી તે પેદા થાય છે તે સરવે

નાઇલ નદીમાં નાંખી દેવાં. તેજ દિવસે ગામનાં બધાં રખડતાં કુતરાંઓને મારી નાંખ્યાં. બાકી શિકારી હતાં તેજ બચ્યાં.

કહેછે કે, હાકેમ જાહેરમાં ધરમી દેખાતાં છતાં તેની રૈયત ઉપર કારભારીઓ છુપો જુલમ કરતા હતા તેની તે પુછા કરતો નહોતો. એક વખત લોકોએ એક ઓરતની પ્રતિમા બનાવી તેના હાથમાં એક કાગળ આપી હાકેમના જવાના રસ્તા ઉપર ઉભી રાખી. હાકેમે રસ્તે જતાં તે કાગળ લઇ વાંચ્યો તો તેમાં તેનું તથા તેના વડીલોનું બુરૂં લખેલું હતું આથી તેણે નાખુશ થઇ મિસરને લુંટવા તથા બાળી નાંખવાનો હુકમ આપ્યો જેથી મિસરના અરધા ભાગનો નાશ થયો. તેની એક એવી આદત હતી કે, તે કાગળો લખી હવામાં ફેંકી દેતો હતો. તેમાં લખેલું હોય કે, આ લાવનારને અમુક વસ્તુ આપવી અને કોઇમાં અમુક સજા કરવાનું લખતો હતો. જે કોઇ તેવો કાગળ લઇ અમીરબાદની પાસે જતો તેની પ્રત્યે અમીર લખેલુ અમલમાં લાવતો હતો.

કાજી અહુમદ ધામગાની કિતાબ " અસ્તઝાર " માં લખેછે કે, હાકેમે એક જમાયતને મદીને મોકલી તેઓએ ત્યાંના એક અલવી સાથે મળી તેના ઘરમાંથી એક સુરંગ પેગંબર સાહેબની દરગાહ સુધી ખોદી તેની મતલબ એ હતી કે અબુબકર અને ઉમ્મરની લાસોને બહાર લાવવી; પણ તે વખત અંધારૂં, વિજળી અને તોફાન થઇ આવતાં લોકો પેગંબર સાહેબના હુરમમાં પનાંહ લેવા ગયા. છેવટ મદીનાના અલવી લોકોએ તે વાત હાકેમને જાહેર કરતાં તેણે તે જમાયતને સજા કીધી કે તરત હવા સારી થઇ ગઇ.

કહેછે કે, તેને પોતાની બેન વાસ્તે પોતાના લશ્કરના ઉપરી

અમીર ઉપર શક જતાં તેને મારી નાંખવાનો મનસુબો કીધો. આ વાતની અમીરને ખબર થતાં તેણે હાકેમને કતલ કરવા માટે એક ટુકડી તૈયાર કીધી. હાકેમ દરરોજ ઉંટ ઉપર સ્વાર થઇ મિસરની આસપાસના પહાડોમાં ફરવા જતો હતો. તે નજુમના ફંદથી વાકેફ હતો અને હમેશાં કહેતો હતો કે, અમુક રાતમાં જો હું આફતથી બચું તો મારી ઉમ્મર ૮૦ વર્ષની થાય જ્યારે તે રાત આવી ત્યારે તે દસ્તુર મુજબ ફરવા ચાલ્યો; પણ તેની માએ તે વાત તેને યાદ આપી રોકયો તે થોડો વખત રોકાયો; પણ તેથી ઘણો બેચેન થયો અને માને કહ્યું કે, મને જવા નહિં દ તો મારો જીવ હમણાં નીકળી જશે. અંતે તે બહાર નિકળ્યો અને અમીરની ટોળકી જે સંતાઇ ઉભી હતી તેણે તેને કતલ કીધો. એની લાસને એની બેન પાસે લઇ આવ્યા તેણે ખિલાફતની હવેલીમાં તેને દફનાવી દીધી તેની કોઇને ખબર નહોતી. સાત દહાડા પછી વજીરે કાજીને એ વાત જાહેર કરી ત્યારે તેની ખિલાફત તેના દિકરાને સોંપી. હાકેમની ખિલાફતની મુદત પચીશ વર્ષની અને ઉમ્મર ૭૦ કરતાં વધારે હતી.

## જાહેર અઝદીન અલ્લા.

આ ખલીફા તેના દાદાની માફક ખુશ આદત અને પાક મિજાજનો હતો તેનાં ડહાપણથી સર્વ બંડ બેશી જતાં દોલત તથા દીનને મજબુતી મળી. તેને ખિલાફત મળી ત્યારે લશ્કરની અમીરી તેના બાપના કતલ કરાવનારના હાથમાંજ હતી; પણ જ્યારે તેના મનમાંથી ધાસ્તી નિકળી ગઇ ત્યારે તેને કતલ કીધો ને તે પછી પોતાની ફોઇને પણ મારી નાંખી. સન ૪૨૦ માં તેને

ત્યાં એક બેટાનો જન્મ થયો તેનું નામ મુસતન સરબિલ્લા રાખ્યું. એજ વર્ષમાં મિસર તથા રમલામાં એક મોટો ધરતીકંપ થયો જેથી કેટલાક પહાડો જમીનદોસ્ત થઇ ગયા તથા રમલાની ઇમારતોની પણ ખરાબી થઇ. એ વર્ષમાં ખોરાશાનના હાજીઓ મિસર અને શામને રસ્તે પાછા ફર્યા હતા તેમને આ ખલિફાએ ભારે પહેરામણીઓ આપી. હાજીઓ બગદાદ પહોચ્યા. સુલતાનમહમદ સબક્તગીનના એક એલચીએ તેનીવતી કાદરખલિફાને કહ્યું કે, આ હાજીઓએ બદમહજબી મિસરના હાકેમની પહેરામણી કેમ કબુલ કીધી? તેની સમજણ પડતી નથી. કાદરે તે કપડાં હાજીઓ પાસેથી લઇ બાળી નાંખ્યાં.

સન ૪૨૧ માં રૂમના બાદશાહે ૬૦૦૦૦૦ માણસોથી શામ ઉપર ચડાઇ કરી. તેઓ હલબના જીલ્લામાં આવ્યા ત્યારે હવા ઘણી ગરમ હોવાથી તેમને તરસ લાગી અને બીજી તરફ હલબવાળાઓએ તેમના ઉપર છાપો માર્યો જેથી રૂમીઓ હારી નાશી ગયા અને ઇસમાયલીઓએ આ ફતેહને વાસ્તે ખુદાની બંદગી કરી ભિક્ષુકોને દાન આપ્યાં. સન ૪૨૭ ના સાબાન મહિનામાં તે "ઇસતસ" ( પેટ અને પગ ઉપર સોજો ચડે છે તે ) ના રોગથી મરણ પામ્યો જેથી લોકો ઘણા દિલગીર થયા એની ખિલાફતની મુદત સોળ વર્ષની તથા ઉમ્મર ૩૩ ની હતી.

## મુસતન સર બિલ્લા.

તે સાત વર્ષની ઉમ્મરે ગાદી ઉપર બેઠો અને અગીયાર વર્ષની વયમાં તો ફોજ શણગારી નાઇલ નદીની સહેલ કરવા જતો હતો. એના માંથાં ઉપર જડાવદાર તાજ હતો જેની કિમ્મત કોઇ ઝવેરીથી થતી નહોતી. મિસરના લોકોની આંખો તેના ચળકાટ સા-

મે સ્થીર રહી શકતી નહોતી. એણે હલબ તરફ લશ્કર મોકલી નસર બિનસાલે જે નાફરમાન થઇ ગયો હતો તેને મારી હલબ બીજીવાર કબજે કીધું. એવીજ રીતે અરબ અને મગરેબની આસપાસ તથા બકર અને રબીઆંના દેશોમાં ફોજ મોકલી દુસ્મનોને જેર કીધા. સને ૪૩૫ માં આફ્રિકાના વાલીએ મુસતનસરનું નામ ખુતબામાંથી કાઢી કાયમ બઅમ્મરઅલ્લા અબાશીની તાબેદારી કરી. કાયમે તેને વાસ્તે પહેરામણી અને ફરમાન મોકલ્યું જેમાં લખ્યું હતું કે, જે દેશ તું ફતેહ કરશે તે તુંને સોંપવામાં આવશે.

સન ૪૪૪ માં હલબના રહેવાશીઓએ તે શેહેર જપ્ત કર્યું. તે વાસ્તે મુસતનસરે ત્યાં ફોજ મોકલી; પણ તે શેહેર પાસે પહોંચી એટલામાં ભારે વરસાદ પડવાથી ફોજનાં કેટલાંક માણસો ડુબી મુવાં તથા બાકીનાઓએ પીઠ પકડી. બીજી વખત ફરી ચડાઇ કરી ત્યારે હલબના હાકેમની હાર થઇ. આ અરસામાં અરબના અમીરોની એક ટુકડી આફ્રિકા ઉપર ફતેહમંદ થઇ. કાયમ અબાશીનું નામ ખુતબા અને શિક્કામાંથી કાઢી મુસતન સર અલવીનું નામ દાખલ કર્યું. સન ૪૪૬ માં એક ધુમ્રકેતુએ આકાશમાં દેખાવ દીધો તેની રોશનીથી શેહેરમાં અજવાળુ થઇ રહ્યું. આ કેતુની રોશની ઘણી મુદ્દત સુધી ચાલી. એટલામાં લોકો ઉપર ઘણી સખતી ચાલી દરરોજ સો માણસ ભુખમરાથી મરતાં હતાં.

તા૦ ૧૨ મી જમાદીઅલ અવલ સન ૪૪૬ માં મિસર વિગેરે મુસતનસરના બધા મુલકોમાં મોટો ધરતીકંપ થયો તે એવો સખત હતો કે, સમુદ્રમાંની માછલીઓ પણ આકુળ વ્યાકુળ થવા લાગી. મુસતનસરે ઘણો સામાન ગરીબોને બક્ષીશ

આપ્યો અને આ આફત દુર થઈ. આ વર્ષમાં અબાશી ખલિફાઓએ એક કાગળ મોઘમ શબ્દોમાં લખ્યો તેમાં એવી મતલબ હતી કે, અલવી લોક જે મગરેબ અને મિસરની હાકેમી કરે છે તેઓ જે દાવો કરે છે તે ખરો નથી તેઓ મજુસી વંશના છે ( પારશી ) અબાશીના મીત્રોએ એ ઉપર સાક્ષી લખી અને ધાર્યું કે, મિજલસો તથા મંબરો ઉપર તે પઢવાને માટે તેની નકલો બધા મુલકોમાં મુકવી; પણ ખલિફાના વજીરે મનાઈ કીધી મતલબ કે, મુસતનસરની સત્તા દિનપર દિન વધતી જતી હતી તે એટલે સુધી પહોંચી કે, તેણે એક વર્ષના અરસામાં કાયમ અબાશીને પકડી કેદમાં નાંખ્યો અને મદીનામાં મુસતનસરના નામનો ખુતબો પઢવા ફરમાવ્યું.

કેટલાક ઇતિહાસોમાં લખે છે કે, તેને એક રીતનું એવું ઘેલાપણું હતું કે, તે કિમ્મતી ઝવેરો સુરમાંની પેઠે દળી પાણીમાં નાંખી દેતો હતો. તે કંજુસ હતો. એક વખત તેણે લશ્કરીઓની ખોરાકી પાછી લઈ લીધી ત્યારે તેઓએ તેને ગાદીના મહેલમાં જઈ પકડી પોતાનો હક્ક માગ્યો છેવટ થોડાં ઉપર સલાહ કરી તેને છોડી દીધો.

એનો પ્રતાપ સાંભળી નાસરખુસરો નામે એક સખસ ખોરાશાનથી મિસર ગયો ત્યાં તે સાત વર્ષ રહયો. હર વરશે તે હજ કરવા જતો અને મિસરમાં પાછો વળી આવતો હતો. છેલી વખત હજથી પાછો ફર્યો ત્યારે બસરાને રસ્તે ઇરાક અને ખોરાશાન જવાનો વિચાર કીધો. તે જ્યારે બલખમાં પહોંચ્યો ત્યારે અલવીઓના તરફથી દાવત શિરૂ કરી જેથી દુશ્મનોએ તેને મારવાનો મનસુબો કીધો તેની ધાસ્તીથી તે ત્યાંના પહાડોમાં જઈ છુપ્યો અને ઘાસપાણી ઉપર સંતોષ કરવા લાગ્યો. એવી રીતે

ત્રીસ વર્ષ સુધી તે છુપો રહયો. એવીજ રીતે હસનસબા હુમેરી સુલતાન મલેકશાહના ડરથી છુપી જીંદગી ગુજારતો હતો તે મિસર ગયો. એક વર્ષ ત્યાં રહી અઝમના મુલકમાં જઇ મુસતનસરની દાવતનું કામ કરવા લાગ્યો. હસનનું વૃતાંત આગળ લખવામાં આવશે. મુસતનસર સાઠ વર્ષ હુકુમત ભોગવી કાયરા (કેરો) માં ગુજરી ગયો. કહેછે કે, ઇસમાયલીઓમાં કોઇએ તેની માફક હકુમત કરી નહતી. એની પછી અલવીઓની કારકીરદીમાં ફિતુર પેદા થયું.

—oOo—

## ઇસમાયલી પંથમાંથી નિઝારી મતનો જન્મ.

મુસતનસરે પહેલવહેલાં પોતાના મોટા દીકરા મુસ્તફાઅલદીનઅલ્લાનિઝારને વારસ કર્યો હતો; પણ પછી તેનાથી નાખુશ થઇ બીજા દીકરા મુસ્તઅલીબઅલ્લાને તેની જગ્યા આપી. જયારે મુસ્તનસરે દેહ છોડી ત્યારે ઇસમાયલીઓમાં બે તડાં પડયાં. એક બાજુએ મુસ્તઅલ્લીની બેત કરી અને બીજી બાજુ વાળાઓ પહેલાની વસીયત ઉપર ઇતબાર લાવી નિઝારના નામની દાવત કરતા હતા. હસન બિન સબા હુમીરી આ બીજા ફિરકાની પક્ષમાં હતો તથા કોયસ્તાનવાળા પણ નિઝારને તાબે થયા.

મુસ્તઅલીએ ગાદીએ બેસતાંજ નિઝારને મારી નાંખવાનો મનસુબો કરયો જેથી નિઝાર સિકંદરીઆ તરફ નાશી ગયો. ત્યાંનો વાલી એના બાપનો ગુલામ તેણે નિઝારની તાબેદારી સ્વીકારી; માટે મુસ્તઅલીએ તે ઉપર મોટી ફોજ મોકલી તેને ઠાર કીધો તથા નિઝારને તેના બે દીકરા સમેત પકડી મગાવી કાયરામાં કેદ કીધો; જ્યાં તે ગુજરી ગયો. મુસ્તઅલીની હકુમતને

સાત વર્ષ વીત્યાં ત્યારે નિઝારના મિત્રોમાંથી કોઇએ તેને છરીના જખમથી મારી નાંખ્યો. એની ઉમ્મર ૨૮ વર્ષની હતી.

## આમ્મર બ આકામ અલ્લા.

મુસ્તઅલી પાછળ અમીરોએ તેના દીકરા આમ્મરની બેત કરી. એના વખતમાં ફિરંગી લોકો તેની હદમાં દાખલ થયા હતા તેમને હાંકી કાઢવા માટે એક અમીરને લશ્કર સાથે મુકતાં ફિરંગીઓએ આઝીઝ થઇ સલ્લાહ કરવા માગી. અમીરે તે કબુલ કરવાથી તેઓ અસ્કલાન તરફ ગયા. ત્યાંના વાલી શમસુ ખિલાફત તેમની સાથે મળી જતાં આમ્મરે એક અમીર જોડે ફોજ ત્યાં મોકલી. તેણે સમસુ ખિલાફતને કતલ કરી ફિરંગીઓને શિકસ્ત આપી. આ વખતમાં નિઝારી મતનું ટોળું લશ્કરના અમીરોના જીવ લેવા ટાંપી રહ્યું હતું તેણે તેને તથા આબસનકર નામના ખલીફાના એક મિત્રને એકાએક મારી નાંખ્યા. આમ્મરના વખતમાં નિઝારી ટોળાંની દાવત શામના મુલક સુધી પહોંચી હતી. તેમણે ત્યાંના કેટલાક કિલ્લાઓ હાથ કરયા હતા. અને તા૦ ૪ થી જીલકાદ સન ૫૨૪ માં એક ગુપ્ત નિઝારી ટોળાંએ આમ્મર બ આકામ અલ્લાને નિઝારના વૈરમાં મારી નાંખ્યો. તેના રાજ્યની મુદત હાફેજ અબરૂના કહેવા મુજબ ૨૯ વર્ષની હતી.

## હાફેજલ દીન અલ્લા

આમ્મરની પાછળ પુત્ર ન હોવાથી મિસરના અમીરોએ મુસતનસરના વંશના સદરહુ શખસની બેત કરી. તેના વજીર અબુઅલી અહમદને નિઝારીઓએ મારી નાંખ્યો તથા તે જ-

૪૯૯૦

ત્યાએ બીજો વઝીર થયો તેના પણ એજ હાલ થયા. હારૂને પોતાના દીકરા હસનને વઝીરની જગ્યા આપી. તે ઘણો તીખા મિજાજનો માણસ હતો. એમ કહેછે કે, તેણે એક રાતમાં ચાળીસ અમીરોને મારી નાંખ્યા. આ મિજાજને લીધે તેનો બાપ ઘણો ડરતો હતો. એક ટોળીએ તેને મારવાનો કશદ કીધો; પણ હસને તેઓને સજાએ પહોચાડયા. અમીર અને લશ્કરના માણસોએ ખલિફાને કહ્યું કે, તે જો પોતાના દીકરાને તેઓને હવાલે નહિં કરશે તો તેને પણ તેની સાથે મારી નાંખવામાં આવશે. હારૂને લાચાર થઇ એક યાહુદી વૈદને હાથે તેને ઝેર અપાવી મારી નંખાવ્યો. તે પોતે સન ૫૪૪ ના જમાદીઉલ આખર મહિનામાં વફાત પાંમ્યો. તેની ખિલાફતની મુદત વીસ વર્ષની હતી. તેણે ૮૦ વર્ષ ઉમ્મર ભોગવી.

## જાફર બિલ્લા

હારૂનના મરણ પછી લોકોએ તેના દીકરા જાફરની તાબેદારી કરી. એના વખતમાં તબરીઆના વાલીએ " અબાશીઆ " ના નામનો ખુતબો પઢવાને ચાહયું પણ અલવીઓએ શોર કરી મુકયો, તેઓએ ખતીબને મારી નાંખ્યો અને મુંબરને બાળી દીધો. સન ૫૪૯ માં જાફર માર્યો ગયો તેનું કારણ એમ બન્યું કે, જાફરના વઝીર અબાશનો નશર નામનો એક દીકરો ઘણો ખુબસુરત હતો. જાફરની તેના ઉપર ઘણી પ્રીતી હતી એ વાતનો શોર ઘણો થયો હતો. વળી એ દહાડામાં ખલિફાએ એક ગામડું નશરને ઇનામ આપ્યું. લોક મશ્કરી કરવા લાગ્યા કે, નશરની મહાર એથી વધારે જોઇએ. ( ઓરતને નેકા વખતે અપાય છે. ) આ વાતથી અબાશને

ઘણી શરમ લાગી. જાફરને તે અમીરોની સાથે પોતાને ઘેર જ્યાફત આપવાને બહાને તેડી ગયો. ત્યાં તેમને મારવાને માટે એક ટોળકીને સંતાડી હતી. તેઓએ અમીરો સહીત ખલીફાને કતલ કીધો. અબાસે તેઓની લાસો પોતાના ઘરમાં ઘાલી દીધી. એની ખલીફાત સાડાપાંચ વર્ષની હતી.

## ફાએજ બ નશર અલ્લા.

જાફરના મરણ પછી લોકોએ તેના દીકરા ફાએજ બ નસર અલ્લાની બેત કીધી. ફાએજ તે વખતે પાંચ વર્ષનો હતો. જ્યારે ખલીફા થયો ત્યારે વજીરાત મલેકસાલેને આપી અને અબાશને પકડવાનો હુકમ કર્યો. અબાશ કિમ્મતી મિલકત સાથે લઈ નાસવા મંડયો. રસ્તામાં ફિરંગીઓએ તેને પકડી લુંટી લીધો. મલેકસાલે જયારે વજીરાતની ગાદી ઉપર બેઠો ત્યારે ખલિફાની લાસને અબાશના ઘરમાંથી કહાડી ઘણી ઇજત અને માનની સાથે એના વડીલના કબરસ્તાનમાં દફનાવી.

ફાએજના વખતમાં આથમણના ઘણા દેશો હાથ આવ્યા અને ઘણાએક દેશો ફિરંગીઓના કબજામાં ગયા હતા તે છુટા પડયા. ફાએજ જવાન ખુશ મિજાજનો અક્કલમંદ હતો પણ આયુષ્ય અને હકુમતમાંથી તેને ઝાઝો લાભ થયો નહિં. તેણે છ વર્ષ અને બે મહિના હકુમત ભોગવી સન ૫૫૫ ના સફર મહિનામાં તરૂણાવસ્થામાં દુનિઆં છોડી. કેટલાક એની હકુમતની મુદત એથી પણ ઓછી લખે છે.

## આદદલ દીન અલ્લા.

એના બાપના મરણને દિને અમીરોએ એની બેત કીધી.

આ અલવી ઈસમાયલીઓનો છેલો ખલીફો હતો. એના વખતમાં ફિરંગી લોક મિસરની તરફ આવ્યા. તેમના આવવાથી મિસરીઓએ ધાસ્તી ખાઈ સલ્લાહની વાત ચલાવી અને દશ લાખ દીનાર આપવાનું ઠેરાવી સુલેહ કરી. પૈસા વસુલ કરવા તેઓ શેહેરમાં આવ્યા, આ વાત મિસરના લોકોને ઘણી સખ્ત લાગી ને એવો વિચાર કર્યો કે, શામના વાલી નુરૂલદીન મહમદનો આશ્રય લેવો જેથી નશારાથી બચાવ થાય. ખલીફા આદધલ દીન અલ્લાનો વજીર શાપુર તેણે એક લાખ દીનાર ફિરંગીઓને આપ્યા અને બાકીનાને વાસ્તે મુદત માગી. આદધલના હુકમથી ફિરંગીની ફરીઆદ તે નુરૂલદીન મહમદ આગળ લઈ ગયો. તેણે અસાલદીનસેરકુની સરદારી નીચે એંશી હજાર સ્વાર મિસર તરફ મોકલ્યા. ફિરંગીઓને આ ખબર પહોંચી ત્યારે તેઓ ખુઆરી સાથે પાછા ફર્યા.

શેરકુ સન ૬૦૪ ના રબીઉલ આખર મહિનામાં મિસર પહોંચ્યો. આદધલ ખલીફાએ તેને વાસ્તે પહેરામણી મોકલી અને વજીરાત આપવાની ખુશ ખબર આપી. આ વાતથી જુનો વજીર શાપુર નાખુશ હતો. એક દહાડે તે કંઈ રાજયકામ માટે શેરકુના ઘરની તરફ જતો હતો. તેને રસ્તામાં શેરકુના ભત્રિજા અલીજાન સલાઉદીન યુસફ બિન નઝમુલદીન અયુબ જેની સાથે નુરૂલદીન મહમદના અમીરોનું એક ટોળું હતું તેણે પકડી મારી નાંખ્યો. આ વાતની ખબર આદધલદીન અલ્લાને પહોંચવાથી તેણે કાશીદ મોકલી તેનું માથું મગાવી લીધું.

સાપુરની કતલ પછી અસલદીન શેરકુ વજીર થયો; પણ તે પાંસઠ દહાડાની ટુંકી વજીરાત કરી ગુજરી ગયો એના મરણ પછી સલાઉદીન યુસફને વજીર બનાવ્યો. તેણે સન ૫૫૭ ના

મ્હોરમના બીજા જુમા (શુકરવાર) ને દહાડે આદધલનું નામ ખુતબામાંથી કહાડી મુસ્તઝીબ નૂર અલ્લા અબાશીનું નાંખ્યું. આ વાત એમ બની કે, સલાઉદ્દીન યુસફ ભાઉદ્દીનની મદદથી વઝીરાત ઉપર આવ્યો તેની ખબર નુરૂલદીન મહમદને પહોંચી ત્યારે તેણે સલાઉદ્દીનને સંદેશો કહેવડાવ્યો કે, ખુતબા અને દીનાર ઉપર મુસ્તજીનું નામ લખવું જોઇએ. પણ તેણે તેમ ન કરતાં જવાબમાં જણાવ્યું કે, મિસરી લોક આ કામથી નાખુશ થઇ બળવો ઉઠાવશે તે બેસાડવો મુશ્કેલ થશે. આ જવાબ નુરૂલદીન મહમદને પસંદ પડતો ન થયો તેથી ફરી લખ્યું કે, એનો બંદોબસ્ત અસુધદીને કરવો.

સલાઉદ્દીન ફિકરમાં પડયો અને રાજ્યના ખાસ માણસોની એ વિષે સલ્લાહ લીધી. કેટલાક એમ બોલ્યા કે, આદધલનુ નામ ખુતબામાંથી કહાડતાં મિસરી લોક તોફાન કરશે અને બીજાઓએ કહ્યું કે, નુરૂલદીન મહમદે અમને અહીં મોકલ્યા છે; માટે તેના હુકમને અમે કેમ ઉલટાવીએ ? આ અરસામાં આદધલ સખ્ત બિમાર પડયો હતો. એક અજુમીએ કહ્યું કે, આ કામની પહેલ કોઇ કરતું નથી, આજ જુમાનો રોજ છે હું મુંબર ઉપર જઇ મુસ્તજીના નામનો ખુતબો પઢું છું. તે જામે મશીદમાં ગયો અને ખતીબની આગળ મુંબર ઉપર ચડી મુસ્તજીના નામની દુવા કરી તેનો કોઇએ ઇનકાર ન કર્યો પછી ખતીબ જુના કાયદા મુજબ ખુતબો પઢયો અને બીજા જુમાને રોજે તો સલાઉદ્દીન યુસફના હુકમથી આદધલનું નામ ખુતબામાંથી કહાડી મુસ્તજીનું નામ દાખલ કીધું. આ વખતમાં આદધલની બીમારી વધતી ગઇ ને તે તા૦ ૧૦ મી મ્હોરમને દહાડે ગુજરી ગયો.

આદદ્યલ દીન અલ્લા ઘણા સારા સ્વભાવનો અને સખી હતો મેદીથી આદદ્યલ સુધી ઇસમાયલીઓના ચૌદ ખલીફા થયા તેઓએ આથમણમાં અને થોડાએક મિસરમાં રાજ્ય કરયું. મેદી, તેનો દીકરો કાયમ અને મનસુર, કાયમે આફ્રિકા અને કેટલાક પશ્ચિમના મુલકોમાં રાજ્ય કીધું. જયારે મુઇઝનો વખત આવ્યો ત્યારે તેણે મિસર કબજે કરી તેને પાયતખ્ત બનાવ્યું. આ પછી અઝીઝ, હાકેમ, જાહેર, મુસ્તનસર, મુસ્તઅલી, આમ્મર, હાફેજ, જાફર, ફાએજ અને આદદ્યલ એઓએ અનુક્રમે રાજય કરયું જેની બીના લખવામાં આવી છે. મેદીથી આદદ્યલ સુધીના જમાનાની લંબાઇ ૨૬૮ વર્ષની થઇ. જમાનો એવી બક્ષીસ નહિં કરતો કે જેને પાછી નહિં લેતો. મીઠાસની પછી કડવાશ અને સફાઇની પછી મેલાપણું છે. જેમકે, સાહેર કહેછે કે, ખજાનાની સાથે સાપ, ફુલ સાથે કાંટા અને દિલગીરીની પછી ખુશી હમેશ ઉપજે છે.

છેવટ આદદ્યલના મરણ અને ઇસમાયલીઓના રાજ્યની દોરી તુટવાની ખબર મિસરમાંથી બગદાદ પહોંચી. એ વાતથી ત્યાંના લોકો ઘણા ખુશી થયા. શેહેરને શણગારયું. ખુશીના વાવટા ચડાવ્યા, નગારાં વગાડયાં અને ખલીફાએ નુરૂલદીન મહમદને ભારે કિમ્મતી પહેરામણી મોકલી અને સલાઉદીનને પણ ઘણી બક્ષીસ આપી.

થોડી હકીકત ઇસમાયલ બિન ઇમામ જાફરસાદકના વંશજોની લખવામાં આવી. હવે હસન સબા અને તેના ખલીફા જેઓ ઇરાનના કેટલાક મુલકોમાં હકુમત કરી ગયા અને લોકોને ઇસમાયલી મહજબ તરફ દાવત કરતા હતા તેની બીના લખુંછું.

તવારીખ કર્ત્તા લખે છે કે, હસન સબાના ખલીફામાંથી જે-ઓએ ઇસમાયલી વંશનો દાવો કર્યો હતો તે દાવો તેઓનો ખરો નહતો તે તેઓની બીના ઉપરથી જણાશે.

## ઇસમાયલી મતની નિઝારી શાખા અને નિઝારી ગાદી.

## હસન સબા.

કેટલાક ઇતિહાસકર્તા લખેછે કે, હસનની નિસબત મહમદ-સબા સુધી પહોંચે છે; પણ ખ્વાજા નિઝામુલમુલ્ક એ વાતને નથી માનતો તે કહેછે કે, " ઇમામ મવાફ્ફ નસાપુરી ખોરાશા-નનો આલમ હતો તેને વિષે એમ કહેવાતું હતું કે, જે વિદ્યારથી તેની પાસે કુરાન અને હદીસ પડતો હતો તેનું નશીબ ઉઘડતું હતુ. આ સબબથી મારા બાપે મને તુસથી નિસાપુર તે ઇમામ પાસે શીખવા મુકયો હતો. મારી જોડે હકીમ ઉમ્મર ખીઆમ અને હસન સબા નામના જુવાનો પણ તેજ મદરેસામાં પડતા હ-તા તે બેઉ તિક્ષણ મગજના તથા મારી સાથે મિલનસાર હતા. હકીમ ઉમ્મર નસાપુરી અસીલ માણસ હતો અને હસનનો બાપ કપ-ટી તથા બદમહજબી હતો. તે રએના મુલકમાં રહેતો હતો. ત્યાંનો હાકેમ અબુ મુસલમ રોજી જે સારી આદતનો હતો તે હસનના બાપને રાફજી સમજતો હતો. આ બટો ઉતારવાને તે-ણે પોતાના દીકરાને મવાફ્ફ નસાપુરી ( જે સુન્નત જમાયતનો પેશવા હતો તે ) પાસે મોકલ્યો. તે મુશરકીની વાતો કરતો હતો અને પોતાની નિસબત યમનના અરબની સાથે મેળાવતો હતો તથા કહેતો હતો કે, હું સબા હમીરીના વંશમાંથીછું, મારો બાપ કુફાથી કુમમાં અને ત્યાંથી રએમાં આવ્યો; પણ ખોરાશાન અ-ને તુસના રહેવાશીઓ તે વાત ખરી માનતા ન હતા અને ખો-

લતા હતા કે, તે ગામડીઆ હતા ".

" હસન સબાએ મને તથા ધીઆમને કહ્યું કે, મવાફ્કના શિષ્યો દોલતવાન થાય છે એમ પ્રસિદ્ધ છે ત્યારે આપણુ બધા કે કોઇનું પણ નશીબ ચઢીઆતું થયા વગર રહેશે નહિં; માટે આપણે પરસ્પર ઠેરાવ કરવો કે, કોઇ મોટો ભાગ્યવાન થાય તો તેમાં ત્રણે જણે સરખા ભાગીદાર થવું. એ વાત અમે કબુલ કીધી અને કેટલોક કાળ વીત્યા કેડે મને અલફ્અરસલાંનની વઝીરાતનો હોદો મળ્યો. ત્યારે હકીમ ઉમ્મર ધીઆમ મારી પાસે આવ્યો. મેં તેને અમારા પરસ્પરના કરાર મુજબ કહ્યું કે, હું બાદશાહ પાસે તારી તારીફ કરી તુંને મુસાહેબનો હોદો અપાવીશ. પણ તેણે મારો બરોબરીઓ ન થતાં એકાંત બેસી વિદ્યાનો લાભ લઇ શકે એવી જોગવાઇ મળવા મરજી જણાવી માટે મેં તેને બારસો તુમન ( પાંચ રૂપીઆનો એક તુમન ) સાલીઆણું કરી આપ્યું. અને તે નસાપુરમાં જઇ રહયો. "

"હસન સબા જે સુલતાન અલફ્અરસલાનના જમાનામાં અદૃષ્ય રહયો હતો તે મલેકશાહના વખતમાં જાહેર થયો અને નસાપુરમાં મારી પાસે આવી કેટલીક તદબીરથી મને પેલો કરાર પાળવા કહ્યું , મેં તેને જવાબ આપ્યો કે, મારો હોદો, મરતબો અને માલમતા સરવે હાજર છે. એમ કહી બાદશાહ પાસે લાગ જોઇ મે તેની તારીફ કરી, અમ વચ્ચેનો કરાર કહી સંભાળાવ્યો જેથી બાદશાહે તેને પોતાની હજુરમાં દાખલ કીધો. હસન પોતાના બાપની મિસાલે ખટપટી તથા કપટી હોવાથી તેણે બાદશાહનો મિજાજ તરત હાથમાં લઇ લીધો અને મારી ખોદણી કરવા લાગ્યો. મારાથી કંઇ નાની ચુક થતી તો

તેના મોટો આકાર બનાવી બાદશાહ પાસે રજુ કરતો અને હુ-રહીલે મારે વિષે બાદશાહના મગજમાં ખોટું મત બેસે તેમ કરવાની તેણે કમ્મર બાંધી. એ વિષે એક બાબત નીચે મુજબ હતી."

"હલબમાં એક જાતનો સફેદ પથ્થર નીકળતો હતો. જેમાંથી વાસણ બનતાં હતાં. તે વિષે એક વખત બાદશાહની જબાનમાંથી એવી વાત નિકળી કે, થોડાક પથ્થર ઇસ્ફહાનમાં લાવવા જોઇએ. એ શબ્દો લશ્કરી બજારના એક રહેનારે સાંભળી બે વણઝારાને કહ્યું કે, પાંચસો મણ પથ્થર ઇસ્ફહાન પહોંચાડી આપો તમને કાયદા કરતાં બમણું ભાડું મળશે. તે ભાડુતોનો પાંચ પાંચસો મણ બોજો પોતાનો હતો અને પાંચસો મણ પથ્થર બાદશાહ વાસ્તે ઉપાડયા. એક ભાડુતના છ ઉંટ હતા અને બીજાના ચાર હતા. તે બધા ઉપર સરખો બોજો નાંખ્યો હતો. તેઓ જ્યારે ઇસ્ફહાનમાં આવ્યા ત્યારે સદરહુ લશ્કરી બજારના રહેનારે તે ખબર બાદશાહને પહોચાડી. બાદશાહે ખુશી થઇ તેને પહેરામણી આપી અને ભાડાંવાળામાં એક હજાર દીનાર વેંચી આપવા મને ફરમાવ્યું. મેં છ ઉંટવાળાને છસો અને ચારવાળાને ચારસો આપ્યા."

"આ વાતની હસનને ખબર પડતાં તેણે કહ્યુ કે, વેંચવામાં ભુલ કીધી છે. છ ઉંટવાળાને આઠસો અને ચારવાળાને બસો દીનાર દેવા જોઇએ. બાદશાહને એ ખબર થતાં મને બોલાવ્યો. હું હજુરમાં ગયો. ત્યારે હસન ઉભેલો હતો તેને બાદશાહે એ કેસ વિષે પુછયું. ત્યારે તેણે મ્હોં મરડી કહ્યું કે, બાદશાહનો માલ ગેરવ્યાજબી અપાયો છે. મિજલસવાળાઓએ તેનું કારણ પુછતાં તેણે કેટલીક આંટી ઘુંટી વાળી ગણીત

ફરી છેલ્લે કહ્યું કે, દસ ઉંટ છે અને પંદરસો મણ બોજોછે તો દરેક ઉંટે દોઢસો મણ બોજો હતો ત્યારે ચાર ઉંટવાળાએ છસો મણ બોજો બાંધ્યો હતો તેમાં પાંચસો મણ તેનો અને એકસો મણ બાદશાહનો હતો. છ વાળાએ નવસો મણ બાંધ્યો હતો તેમાં પાંચસો મણ તેનો તથા ચારસો મણ બાદશાહનો હતો. બાદશાહનો પાંચસો મણ બોજો અને હજાર દીનાર ત્યારે સો મણે બસો દીનારથાય ત્યારે ચાર ઉટવાળાને સોમણ વાસ્તે બસો અને છવાળાને ચારસો મણ વાસ્તે આઠસો દીનાર આપવા જોઇએ અથવા ઇનામની રીત પ્રમાણે અરધોઅરધ દેવા જોઇએ."

"બાદશાહને આ વાતની ધડ બેશી ગઇ; પણ મને માઠું ન લગાડવા એ વાત હસવામાં કહાડી નાખી. એવી તરેહની ઘણી લુચ્ચાઇ તેણે મારી સાથે કરી તેમાં સૌથી વધારે બાદશાહી જમા ખરચના હિસાબની મુદત વિષેની હતી. આ બાબતમાં તે સંપુર્ણ હોવાથી તેણે મારી માગેલી મુદત કરતાં ઘણી ઓછી મુદતમાં હિસાબ તૈયાર કીધો; પણ તેની બેવફાઇને લીધે ખુદાએ તેને સહાયતા ન આપી જેથી હિસાબ બતાવવા વખત તેની ફજેતી થઇ અને તે બાદશાહીમાં પગ ઠેરવી શક્યો નહિં"

આ બાબત વિષે જુદા જુદા ઇતીહાસ લખનારાઓ જુદી જુદી રીતે લખી ગયા છે પણ મતલબ એ કે જે હિસાબ તૈયાર કરવામાં નિઝામુલ મુલ્કે બે વરસની મુદત માગી તે હસને ચાળીસ દીવસમાં તૈયાર કીધો પણ નિઝામુલ મુલ્કે પોતાના એક ગુલામ જે હસનના ગુલામનો મિત્ર હતો તે મારફત હસનના ગુલામને હજાર દીનાર આપી તૈયાર દફતર ખરાબ કરાવી નાંખ્યું. જેથી માગેલી મુદતપર હસનની ફજેતી થઇ અને તે

રએના મુલક તરફ ચાલ્યો ગયો. ત્યાંથી તે ઇસ્ફહાનમાં રહીસ અબુ ફજલના ઘરમાં છુપાઇ બેઠો. કારણકે નિઝામુલમુલ્કનાં માણસો તેની શોધમાં ફરતાં હતાં.

રહીસના ઘરમાં તેણે ઘણી મુદત ગુજારી. એક દિવસ વાતો કરતાં તેણે સુલતાન અને વજીરની નિંદા કરી કહ્યું કે, બે મિત્રો મને એક દિલના મળતે તો હું આ ગામડીઆ તુરકનું રાજ્ય ઉથલપાથલ કરી નાખતે. રહીસ ડાહ્યો માણસ હોવાથી ચેતી ગયો કે, તેના મગજને કંઇ જનુનની અસર થઇ છે; નહિં તો મલેકશાહ જેની હકુમત અન્તાકીઆ અને શામથી કાશગર સુધી છે તેનો મુકાબલો તે કેમ કરી શકે? આ વીચાર તેણે છુપો રાખી બીજે રોજ જમવા વખત તેની પાસે સરબત રાખ્યું તેમાં દેમાગને કૌવત આપનારી કેટલીક ચીજો નાંખી હસન ઘણો ચાલાક હોવાથી તેનો ભેદ સમજી ગયો અને રહીસની ઘણી તાણ છતાં પણ તેને ઘેરથી ચાલી નિકળ્યો. જયારે તે મિસરથી પાછો ફર્યો અને અલમુતના કિલ્લા ઉપર ફતેહમંદ થયો ત્યારે રહીસ તેની પાસે ગયો તે વખતે હસને તેને કહ્યું કે, હે રહીસ, મારા દિમાગમાં ખલલ પહોંચી હતી કે તારામાં? જાફરાની ગજા (ખોરાક) મારે લાયક હતી કે તારે? તેં જોયું કે, જયારે બે માણસ મને મદદગાર મળ્યા ત્યારે મારી વાત હું શાબિત કરી શકયો.

હસનના તાબેદારોએ એક કાગળ ઉપર "હસન બિન અલીબિન નિઝાર બિન મહમદસબા હુમેરી યમની" એમ લખી તે કાગળ હસન આગળ લાવ્યા. હસને એ વાતનો ઇનકાર કરી કહ્યું કે, આ કાગળને ધોઇ નાંખો. મારો વિચાર એવો છે કે ઇમામનો ખોટો ફરજંદ બનવા કરતાં ખરો તાબેદાર થવામાં સારૂં છે.

હસને કહ્યું કે, નાનપણથી મેં ઇલમ શીખવામાં વખત કહાડેલ છે, જેવી તરેહ મારા બાપદાદા સીયા તનાશરી હતા તેમ હું પણ હતો. મારી જ્યારે અમીર ઝરાબ સાથે મિત્રાઇ થઇ ત્યારે મારો મત એમ હતો કે, ઇસમાયલી મહજબ ફિલસુફી સાથે મળે છે અને મિસરનો હાકેમ ફિલસુફી છે; પણ અમીર ઝરાબ ઇસમાયલીઓ મહજબને વખાણવા લાગ્યો. હું તેની સામે તકરાર લેતો હતો અને તે જે મારા મતથી વિરૂદ્ધ બોલતો હતો તે હું માનતો નહતો; પણ તેના બોલવાની જગ્યા મારા મનમાં થતી હતી. આ અરસામાં હું બિમાર પડયો અને મારા મનમાં એવી અસર થઇ કે, ઇસમાયલીઓ મહજબ ખરો છે. બિમારીમાંથી ઉઠયા કેડે હું એક અબુનઝમ શિરાજ નામે ઇસમાયલી સાથે મળ્યો, તેણે મારી આગળ એ મત વિષે સારો ખુલાસો કર્યો, જેથી હું તેના છુપા ભેદોથી વાકેફ થયો.

એ પછી શેખ અબદુલ મલેકના તાબાના એક ઇસમાયલી ધાઇ (ઉપદેશક) નામે મોમનની મેં ઘણા કાલાવાલા કરી ભેત કરી અને રએમાં જઇ અબદુલ મલેકને પણ મળ્યો. તેણે મને બોધનું કામ સોંપ્યું અને દાવતની સનદ મેળવવા મિસરના ખલીફા મુસ્તનસરની હજુરમાં જવા કહેવાથી હું ત્યાં ગયો.

હસન મિસરમાં પહોંચ્યો ત્યારે મુસતનસરે તેની સામે ધાઇઓની એક ટોળી મોકલી, તેને શેહેરમાં ઉતારો આપ્યો અને પરોણાગત વાસ્તે પોતાના મંત્રીઓને મોકલ્યા. હસન દોઢ વર્ષ ત્યાં રહ્યો પણ મુસતનસરની કચેરીમાં પહોંચ્યો નહિં. મુસ્તનસર તેના હાલની હમેશ ખબર રાખતો હતો અને તેની

એટલી બધી તારીફ કરતો હતો કે, લોકો તેને રાજ્યનું કામ જલદી સોંપાશે એવો શક લાવતા હતા. એટલામાં અમીરૂલ જીયુસ ( સૈન્યાધિપતી ) અને હસનની વચે ઝગડો પેદા થયો, તેની મતલબ આપણે આગળ વાંચી ગયા, તે મુજબ મુસ્તનસર ના બે ફરજંદો નામે નિઝાર અને મુસ્તઅલીની તાબેદારી બાબત હતી. હસન નિઝારની પક્ષમાં અને અમીરૂલ જીયુસ મુસ્તઅલીની તરફમાં હતો.

આ બે બાજુની તકરાર વધી પડી ત્યારે અમીરની પક્ષવાળાઓએ હસનને ધુમીઆદના કીલ્લામાં કેદ કરવા મુસ્તનસરને સલ્લાહ આપી; પણ તેણે માન્યું નહિં. એજ વખતમાં ધુમીઆદનો કિલ્લો જે ઘણો મજબુત હતો તે પડી ગયો, તે જોઈ મિસ્રના લોકો અજબ થઈ મુસ્તનસરની કરામાત અને હસનનું ચડતું ભાગ્ય સમજ્યા; પણ અંતે દુસ્મનોએ હસનને એક ફિરંગીઓના ઝહાજમાં બેસાડી આથમણુ તરફ વિદાય કીધો. એ જહાજ મધ્ય દરિયામાં આવ્યું, ત્યારે મોટું તોફાન થયું. જેથી તેમાં બેઠેલા લોકો ઘણા ગભરાટમાં પડયા; પણ હસન મીઠી ઉંઘ કહાડતો હતો. લોકોએ તેને આવા કઠોર વખતમાં ઉંઘ કહાડવાનું કારણ પુછતાં હસને કહ્યું કે, મૌલાનાએ મને ખબર આપી છે કે, ઝહાજને કંઈ નુકશાન થશે નહિં. ખરેખર તેમજ બનતાં ઉતારૂતો લોકો હસનના મુરીદ બની ગયા.

બીજે દહાડે પવન ઘણો તેજ ચાલવાથી એ ઝહાજ નશારા લોકોના શેહેરમાં પહોંચ્યું. હસન ત્યાં ઉતરી ત્યાંના કાજીની મિજબાની ખાઈ ફરી ઝહાજમાં બેઠો. આ વખતે પણ પવન સામો લાગવાથી વહાણુ શામ ભણી નિકળી ગયું. ત્યાં ઉતરી હસન પગ રસ્તે હલબ ગયો. થોડા દહાડા રહી ત્યાંથી બગદા

દ, ખોઝીસ્તાન, ઇસ્ફહાન અને અંતે ધામગાન ગયો. ત્યાં એ ક મોટી જમાયતને પોતાની દાવત કબુલ કરાવી અને ઘણાક ચાલાક ઉપદેશકોને અલમુતના કિલ્લા તથા મકરાન તરફ મોક-લી પોતે કુરબન અને ઘેલમાન જવાને ચાહ્યું; પણ તેણે જો-યું કે, અહીંથી જતાં ૨ એમાંથી વટાયા વગર છુટકો નથી અને ત્યાં તો નિઝામુલમુલ્કના હુકમથી અબુમુસલમ મને પકડવાની તક શોધે છે; માટે તેમ જવાનું માંડીવાળી ધમાવંધના મુલકમાં થઇ કઝવીન અને ત્યાંથી ધેલમાન ગયો. અલમુતનો કસ્બો ત્યાંથી નજદીક હતો. અહીં તેણે જાહેદ અને આબાદનો વેશ લીધો અને સારી યુકિત તથા ખુદાની મરજીથી અલમુતના કિ-લ્લા ઉપર ફતેહમંદ થયો.

અલમુતની વસ્તી મિસરના હાકેમની તાબેદારી કરે એટલા માટે હસન સબા (ઇસમાયલી લોકો સૈયદના કહેછે) એ રૂધ-બાર જવાની આગમચ ધાઇઓને અલમુતમાં મોકલ્યા હતા. હુસનકાયની એ ધાઇઓમાંથી હતો, તે અલમુતવાળાઓને સમ-જાવવામાં ઘણી મેહેનત કરતો હતો. તેની બેત ઘણા જણે કબુ-લ કરી હતી. કિલ્લાનો કોટવાળ મેદી નામનો હતો તે સુલતાન જલાલુદીન મલેકશાહની તરફથી કિલ્લાની રખવાળી કરતો હતો અને ઇસમાયલી લોકોની જોડે સુલેહ રહે માટે જાહેરમાં હું ઇસમાયલી છું એમ કહેતો હતો. મેદીએ જોયું કે, કિલ્લાનો કબજો મારા હાથમાંથી ગયો, ત્યારે તેણે હસનની બેત કરના રાઓને કંઇ ખોટું સમજાવી કિલ્લાની બહાર કાહાડી દરવાજા બંધ કીધા અને સાફ કહ્યું કે, આ કિલ્લો સુલતાનનો છે; માટે તેમાં તેના દુસ્મનોને રહેવા હક્ક નથી. એ વિષે ઘણી તકરાર ચાલતાં અતે તે લોકોને અંદર લીધા; પણ તે પછી તેઓ કદી

મેદીનું કહેવું સાંભળી બહાર નિકળ્યા નહિં. મેદીની આ મુરખાઇનો દાખલો ઇસમાયલીઓએ પોતાના દફતરમાં નોંધી રાખ્યો છે. એજ સમયમાં હસનના મિત્રોએ રાત વખતે તેને કિલ્લા ઉપર ચડાવ્યો. મેદીમાં કંઇ તાકદ રહી નહિં. એ બનાવ સન ૪૮૩ ના રઝબ મહીનામાં બન્યો. એ કિલ્લાને "અલામુત" જેનો અર્થ ચિલ્લાંનો માળો થાય છે, તે કહેછે.

હસને મેદીને કહ્યું કે, ત્રણ હજાર દીનારના બદલામાં એક ગાયના ચાંમડાંમાં સમાય એટલી જમીન મને વેચાતી આપ. મેદીએ તે કબુલ કરતાં હસને ગાયના ચામડામાંથી દોરી કહાડી કિલ્લાની આશપાસ વીંટી અને મેદીને કરાર મુજબ બહાર કહાડયો; પણ ત્રણ હજાર દીનારની ચીઠી રહીસ મુજફ્ફર હાકેમ ઉપર મેદીને લખી દીધી. રહીસે છુપી રીતે હસનની દાવત કબુલ કીધી હતી; પણ રૂકકામાં લખેલી નગદી તે આપે એ વીશે મેદીને શક હતો; માટે તે એકાએક રહીસ પાસે ગયો નહિં; પણ ધામગાનમાં તે તંગીમાં આવ્યો ત્યારે આ રૂકકો તેણે રહીસને પહોંચાડયો. રહીસે તરતજ તેને ત્રણ હજાર સોનાના દીનાર ગણી આપ્યા.

અલમુતનો કિલ્લો કબજે કરયા પછી હસને રૂધબારનો જિલ્લો સર કર્યો અને હસન કાયનીને કોયસ્તાનના લોકોની દાવત કરવા મોકલ્યો. રૂધબારના મુલકમાં અનુકુળ પડતી જગ્યાઓએ હસને કિલ્લા બાંધ્યા, તેના કૌવતનો અવાજ તુરકસ્તાન સુધી પહોચતો હતો. જેથી મલેકશાહનો એક અમીર જે અલમુતની નજદીક રેહેતો હતો તેને ભારે ઇર્ષા થતાં પોતાનાં બધાં લશ્કર સહીત અલમુત ઉપર ચડી ગયો અને હસનના કેટલાક તાબેદારોને કતલ કરી લુટ કીધી. આમ થવાથી કિલ્લામાંના લોકોએ

નાસવાનો વીચાર કીધો, તેમાંના કેટલાકને હસને તદબીરથી રો-કયા; પણ તરતજ સુલતાન મલેકશાહ તરફથી અમીરલ સલામ તાસ હસન ઉપર ચડી આવ્યો. આ વખતે હસનની હજુરમાં સિતેરથી વધારે માણસો નહતાં, તેમ ખોરાક પણ તંગ હતો. આ બારીક વખતે તેના તરફથી કેકમાં દીદારઅબુઅલી બોધ કરતો હતો. તેણે હસનની મદદે ત્રણસો માણસ મોકલ્યાં. તેઓ એકાએક અમીરના લશ્કર ઉપર તુટી પડવાથી તેને છેક પાય-તખ્ત સુધી નાશવું પડયું.

ખોરાશાન તરફ હુસેન કાયની હતો, તે ઉપર મલેકશાહે કુઝ-લશારક નામના એક સખસને મોકલ્યો. તેણે હુસેનને મોમ-નાબાદના કિલ્લામાં ઘેરી લીધો અને તેને તંગીમાં લાવવા ઘણી કોશિષો કરતો હતો. દરમીઆન તેને મલેકશાહના મરણની ખબર પહોંચવાથી છાવણી ઉઠાવી ચાલતો થયો. મલેકશાહના મરણ પછી હસને નિઝામુલમુલ્કને કપાવી નાંખ્યો. આવા બનાવોથી હસનના દોસ્તો અને દુસ્મનો વચે મોટી કાપા કાપી ચાલી. મલેકશાહ પાછળ બરકીઆરક ગાદીએ બેઠો. તેના મ-રણ પછી મહમદ અને મહમદના મરણ પછી સુલતાન સંજર તખ્તનશીન થયો. સુલતાન સંજરના વખત સુધી સુન્નત જમા-યત અને ઇસમાયલીઓની વચ્ચે જંગ ચાલુજ હતો; પણ છે-વટ હુસન સબાએ એક તદબીરથી સુલતાન સંજરને સુલેહ ઉ-પર લીધો.

હસને બાદશાહના સયનગૃહમાં એક ફિદાઇને છુપી રીતે મો-કલી તેનાં ઓશીકાં નીચે એક છરી જમીનમાં ખોડાવી. બાદશા-હ જાગૃત થતાં છરી જોઇ ફિકરમંદ થયો; પણ તે વાત છાની રાખી. ઘણા દીવસ વ્યતીત થયાબાદ હસને બાદશાહને સંદેશો

મોકલ્યો કે, મારી ઇચ્છા તમારા સારામાં નહોત તો પેલી છરી નરમ શીનાને બદલે સખ્ત જમીનમાં ન બેસાડત. સુલેહના આ ઇસારાથી સુલતાન રાજી થયો અને પરસ્પર એવા કોલ કરાર થયા કે, હસન સબા હવે પછી નવો કિલ્લો ન બાંધે, લડાઇનાં વધારે હથીઆર ખરીદ ન કરે અને લોકોને પોતાના મહજબની દાવત ન કરે.

આ સુલેહથી બાદશાહની મહોબત ઇસમાયલીઓ તરફ જવાના શકથી આલમ લોકો ફિકરમંદ થયા. સુલતાને કુમશનો બાબ મહેરબાનીથી મુકયો અને ગરદકુના રહેવાસીઓ ઉપર રાહદારોનો કંઇ કર આપવા વાસ્તે હુકમનામું મોકલ્યું. આમ બનવાથી ઇસમાયલીઓ ઘણા મજબુતી ઉપર આવ્યા. આ અરસામાં હુસૈનકાયની કોયસ્તાનની દાવત કરનાર હુસેન દમાવંદીના હાથથી માર્યો ગયો. કેટલાક લોકોએ તેના મરણનું તહોમત હસનસબાના દીકરા હુસૈન ઉપર મુકયું; માટે હસને પોતાના દીકરાને મરાવી નાંખ્યો. હસને પોતાના બીજા દીકરાને સરાબ પીવાના ગુન્હા માટે કતલ કીધો. એની મતલબ એ હતી કે, દીકરાને હકુમત મળવાને માટે તે દાવત કરે છે એમ લોકો ન સમજે.

હસનસબા પાંત્રીશ વર્ષ સુધી અલમુતના કિલ્લામાં રહયો હતો, તેમાં માત્ર બે વખત ઘરથી બહાર નીકળી બુરઝ ઉપર આવ્યો હતો. કિલ્લાની બહાર તો કોઇ વખત નિકળ્યોજ ન હતો. હમેશાં બાદશાહી અને મહજબની ગોઠવણમાં ગુંથાએલો રહેતો હતો. હસન સબા સન ૫૧૮ રબીઉલ આખરમાં બિમાર પડયો. તેણે જ્યારે પોતાનું મૃત્યુ નજદીક જાણ્યું ત્યારે સૈયદ બુસતનસરને લામસ્તરના કિલ્લામાં મોકલી, કીયા બુઝરગ ઉમેદ-

ને બોલાવી લીધો તેને પોતાની જગ્યા ઉપર કાયમ કરી દાવતનું કામ બેદારઅલીને સોંપ્યું ને ફરમાવ્યું કે, જ્યાં સુધી ઇમામ આ તેની બાદશાહતમાં આવે ત્યાં સુધી આ બે જણાએ હસન કશરાનીની જોડે એકમત થઇ રાજ્યનું કામ ચલાવવું.

### કીયા બુજરગ ઉમેદ.

હશાનની વફાત પછી કીયાબુજરગઉમેદ તેની ગાદી ઉપર બેઠો. એણે પોતાની હકુમતના વખતમાં મજબુત કિલ્લા બાંધ્યા અને આજુબાજુની જમીન સર કીધી. સન ૫૨૦ માં તેણે મેમુનદસનો કિલ્લો બનાવી અબદુલમલેકને ત્યાંનો હાકેમ નીમ્યો. શાબાન મહિનામાં અતાબક શેહેરગીરનો ભત્રિજો રૂધબાર ઉપર ચડી ગયો. કીયા બુજરગ ઉમેદ તેની સામે લશ્કર મોકલી તેને શિકસ્ત આપી. સન ૫૨૧ માં સુલતાન મહમદ સલજુકી અને કીયા બુજરગ વચ્ચે ફિસાદ ઉઠયો. સુલતાને ભરંકશને કહેવરાવી મોકલ્યું કે, અલમુત તરફથી એક માણસ ઇસ્ફહાન આવે અને ત્યાં સુલેહ થાય. ભરંકશે કીયા બુજરગને સુલતાનની ઇચ્છા જણાવતાં કીયા બુજરગે ખ્વાજા નાશર શિરસ્તાનીને ઇસ્ફહાન મોકલ્યો. ત્યાં સુલતાનની સાથે કેટલીક તકરાર ચલાવી નાશર શિરસ્તાની કચેરીમાંથી બહાર આવ્યો એટલે બજારમાં તેને આમ લોકોએ મારી નાંખ્યો. સુલતાને એક એલચી મોકલી કીયા બુજરગને જણાવ્યું કે, ખ્વાજાનું મરણ મારી મરજી વિરૂધ્ધ થયું છે. એના જવાબમાં કીયા બુજરગે જણાવ્યું કે, એમજ હોય તો તેના મારનારાઓને સજા કર અગર તેમ નહિં તો સજાની ઉમેદ રાખ. સુલતાને એ વાત ઉપર કાંઇ ધ્યાન આપ્યું નહિં; માટે સન ૫૨૩ માં ઇસમાઇલીઓએ કઝમીનમાં જઇ

ચારસો માણુસોને કતલ કીધાં, તેમાં ત્યાંનો એક અમીર માર્યો ગયો, ઇસમાયલીઓ ત્રણ હજાર બકરાં, બસો ઘોડાં તથા ખચ્ચર, બસો બળદ તથા ઉંટ લઇ આવ્યા.

સન ૫૨૫ ના મોહોરમ મહિનાની ચોથી તારીખે ત્રીસ હજાર માણુસનું લશ્કર ઇરાકથી લામસ્તર ઉપર આવ્યું. કઝમીની લોક લડાઇ કરયા વગર નાશી ગયા. આ સમયમાં સુલતાન મહમદ સલજુકી ગુજરી ગયો. ઇસમાયલીઓએ બીજીવાર કઝમીનના મગણાંમાં લુંટ કરી. તેમાં અઢીસો ઘોડાં, ચાર હજાર બકરાં અને વીશ હજાર ખચ્ચર મળ્યાં.

સન ૫૨૬ માં અલમુતનું લશ્કર અબુહાસમ અલવીના કશદથી ગીલાન તરફ ગયું એટલા માટે કે, ગીલાનીઓ ઇમામતનો દાવો કરતા હતા અને આસપાસના દેશોમાં દાવત કરતા હતા. કીયા બુજરગે તેઓ તરફ એક નશીહત પત્ર મોકલ્યું, તેના જવાબમાં તેઓ ઇસમાયલી મહજબ વિષે નઠારૂં બોલ્યા અને લડાઇ ચલાવી તેમાં તેમનો સરદાર પકડાયો અને તેને આતસમાં બાળી નાંખ્યો.

સુલતાન મહમદ આ વખતમાં ગુજરી ગયો અને મશઉદ ગાદીએ બેઠો. તેણે ભરંકશની જગ્યા ખારઝમશાહને આપી, માટે ભરંકશ નાશી કીયા બુજરગને શરણે આવ્યો. ખારઝમશાહે કીયા બુજરગને લખ્યું કે, હું તમ સાથે દોસ્તી રાખતો હતો અને ભરંકશે તમ સાથે દુશ્મની ઘણી ખેલી છે; માટે હાલ હું ઉમેદ રાખું છું કે, ભરંકશને મારે હવાલે કરશો. કીયા બુજરગે તેના જવાબમાં કહાવ્યું કે, તું કહે છે તે ખરૂં છે; પણ શરણાગતને સોંપવો હું વ્યાજબી ધારતો નથી. આ સબબથી ખારઝમશાહ સાથે ઘણી લડાઇઓ થઇ.

કીયા બુજરગ ઉમેદની હકુમતના વખતમાં તેના ફિદાઈઓએ ઘણા અમીરોને માર્યા. તેમાં કાજીમશરેક મગરેબ, અબુસૈયદ હરવી, મુસ્તઅલીનો દીકરો આમ્મર, સૈયદ દૌલતશાહ ઈસ્ફહાનનો અમીર, અક્ષંકુર મુરાગાનો હાકેમ, મુસ્તર સુધ ખલીફા તબરેજનો અમીર અને હસનઈબને અબુલકાસમ કઝમીનનો મુફતી ઈત્યાદિ હતા.

## મહમદ બિન કીયા બુજરગ ઉમેદ.

કીયા બુજરગ ઉમેદ પોતાના મરણથી ત્રણ રોજ પહેલાં પોતાના દીકરા મહમદને વલીહદ કરાવ્યો હતો. મહમદ તેના બાપ તથા હસન સબા કરતા શરીઅત ઉપર વધારે પ્રીતિ બતાવતો હતો. એના વખતમાં એકવાર સુલતાન સંજરે એના મુલકમાં આવી અલમુતમાં એક એલચી મુકી તેમના યકીન વાસ્તે પુછાવ્યું. તેના જવાબમાં તેઓએ કહ્યું કે; ખુદાતાલાને ગાલેબ તથા બુજરગ સમજી તેની તથા તેના રસુલના હુકમ પ્રમાણે વરતવું જોઈએ તથા કયામત, પેદાયશ, સવાબ અને અઝાબ એઓ વિષે ખુદાએ કુરાનમાં ફરમાવ્યું છે અને રસુલે હદીસ ફરમાવી છે તેઓ ઉપર આસ્થા રાખવી યોગ્ય છે. કોઈને તેમાં ફેરફાર કરવાનો અધિકાર નથી. આ શિવાય તે એલચી સાથે એટલું પણ કહી મોકલ્યું કે, જો આ મહજબ બાદશાહને પસંદ હોય તો ઠીક, નહિં તો એક આલમને અહીં મોકલે તો તેની સાથે અમે ચરચા કરીશું. સુલતાને આ સમાચાર પહોંચતાંજ મુકાબલો કરવાનો વિચાર છોડી દીધો.

કીયા મહમદ પચીસ વર્ષ હકુમત કરી દેહ છોડયો. તેના વખતમાં ઘણા નવા કિલ્લા બંધાયા અને કેટલાક અમીર, કાજી

અને આલમ લોકો તેની સાથે અદાવત રાખતા હતા, તેમને તેણે કતલ કીધા.

## હસન બિન મહમદ બિન બુજરગ ઉમેદ.

( જેને અલીઝિકરતલ સલામ પણ કહે છે. )

જ્યારે હસન જુવાનીમાં આવ્યો ત્યારે તેણે વિદ્યા પાછળ મન લગાડયું અને તેની મદદથી નવી બનાવટો કરી લોકોને ભુલથાપ આપવા લાગ્યો. જેઓ અભણ હતા, તેઓ તેને વિદ્વાન સમજી એમ માનવા લાગ્યા કે, હસનસભાએ ઇમામના આવવાની વકી આપી છે તે હસને બિન મહમદ (અલીઝિકરતલ સલામ ) છે. મિત્રોના વિશ્વાસ તેના ઉપર દિનપ્રતીદિન વધતો ગયો. હસને પણ તેમને એમ બતાવ્યું કે, હું જમાનાનો ઇમામ છું.

કીયા મહમદને એ વાતની ખબર પડી ત્યારે સરવે લોકોને એકઠા કરી કહ્યું કે, હું ઇમામ નથી. હસન મારો દીકરો છે ને હું ઇમામનો ધાઇ છું. જે તેની વીરૂધ્ધમાં ખિલાફતનો દાવો કરે છે તે બેદીન છે. હસન ઉપર ખફા થઇ તેને ઠપકો દીધો અને તેને ઇમામ માનનારાઓમાંથી અઢીસો માણસને કતલ કીધાં અને બીજા તેટલાને કિલ્લામાંથી કહાડી મુકયા. હસન આ સજા જોઇ ગભરાયો અને પોતાના આસ્તીકો વિષે માઠું બોલી, તેમના વિચાર ફેરવી પોતાના બાપના મત ઉપર લાવવા મહેનત લેવા માંડી અને તે માટે કેટલાક નિબંધો લખ્યા. આથી મહમદના મનમાંથી હસનનો કાંટો ઉખડી ગયો.

હસન જ્યારે છુપીથી સરાબ પીતો હતો તથા પાપી કામો

કરતો હતો ત્યારે તેને ઇમામ કરી માનનારા તેના કામોને જમાનાનો ઇમામ જાહેર થવાનાં ચિન્હ સમજતા હતા. તેના બાપના મરણ પછી હસને શરીયતને મજબુત કરવાની મહેનત લેવા માંડી; પણ પછી ગુન્હેગારોને કંઇ કહેતો નહોતો, જેથી દિનપરદિન બેવિશ્વાસપણું વધતું ચાલ્યું.

સન ૫૨૯ માં તેણે રૂધબારના લોકોને અલમુતમાં બોલાવ્યા. અલમુતના કિલ્લાની નીચેના મેદાનમાં એક મુંબર કિબલાની શામે ઉભો કીધો, તેની ચારે દિશાએ લાલ, સફેદ, પીળા અને લીલા રંગનાં ચાર નિશાનો ખડાં કરી હુકમ કીધો કે, રમજાનની સતરમી તારીખ સુધી બધા લોકોએ ત્યાં હાજર થવું. મેદાન ઘણું મોટું હતું. જ્યારે લોકો ત્યાં એકઠા થયા ત્યારે પોતે મુંબર ઉપર ચઢી તેઓને ભેદમાં ગુમરાઇનો રસ્તો બતાવવા લાગ્યો. તે બોલ્યો કે, ઇમામની તરફથી મને છુપો કાશદ આવ્યો છે. તેની સાથેના કાગળમાં મહજબના કાયદાની બિના છે. તેમાં લખ્યું છે કે, તાબેદારોને માટે સ્વર્ગના દરવાજા ખુલ્લા છે. તેઓ ખુદાતાલાના ખાસ બંદા છે. સરાહની તસ્દી તેમને માફ થઇ છે, અને તેમને કરવા ન કરવાના હુકમના બોજાથી છુટા કરી કયામતમાં પહોંચાડયા છે.

આ વખતે તે અરબીમાં ખુતબો પઢયો અને કહ્યું કે, આ વચનો પણ ઇમામનાં છે. તેનો તરજુમો લોકોને સમજાવવા એક માણસને મુંબર નીચે ઉભો રાખ્યો હતો. ખુતબાની મતલબ એ હતી કે, હસન ઇબને મહમદ બુજરગ ઉમેદ અમારો ખલીફો છે અને દાવત કરનાર છે. મારા સીયાઓ (મિત્રો) એ તેની દીન અને દુનીઆંના કામમાં તાબેદારી કરવી, તેની વાતો સત્ય કરી માનવી, તેના હુકમને અમારો હુકમ ક

રી માનવો, તેને અસીપદ (એકયતા) પહોંચાડેલો છે. આ વાતો કરી તે મુંબર ઉપરથી નીચે ઉતરયો. હસને બે રિકાત નિમાજ પડી સુફરો બિછાવ્યો અને રોજો છોડવા હુકમ કરી બોલ્યો કે, આજનો દિવસ ઇદ કયામતનો છે. તે દહાડાથી એ મતના લોકો સતરમી રમજાનને કયામતની ઇદ કહેછે, તથા તે દહાડો ખુશીમાં ગુજારે છે.

યુસફ શાહ કાતબને એક માતબર માણસે કહ્યું કે, એક વખત હું અલમુત ગયો હતો, ત્યાં એક પાટીઆ ઉપર આ બેત લખેલો હતો.

બેત—બરદાસ્ત ગીલ શરે ભીતા ઇદ ઇઝથી.

મકધુમ રોજગાર અલી ઝીકર તલ સલામ.

અર્થ—જમાનાના સાહેબ અલી ઝિકરતલસલામે શરીઅતની તોકને ખુદાની મદદથી ઉપાડી (કહાડી નાખી)

આ વાતો કોયસ્તાનના મુલકમાં જાહેર થઇ. જે આગલા હાકેમો શરીઅતના તાબેદાર હતા તેઓના ઉપર પણ લાગુ પાડી.

રમજાનની ૧૭ મી તારીખે તે એમ બોલ્યો હતો કે, હું મહમદ બુજરગ ઉમેદનો દીકરો છું; પણ તે આસપાસના દેશોમાં કાગળ લખતો તેમાં હું નિઝાર બિન મુસ્તનસરના લોહીમાંથી છું એમ કોઇ વખત ઇસારામાં અને કોઇ વખત જાહેરમાં પણ લખતો. હસનના કાગળોમાંનો એક જેમાંથી આ વાત નીકળે છે તે આછે. કોયસ્તાનમાં હસન તરફથી એક અમીર ત્યાંનો હાકેમ હતો, તેને હસને લખ્યું હતું કે, હું હસન આ જમીનને ઉપર ખુદાનો ખલીફા છું. મારો ખલીફા રઇસ અમીર મુજફ્ફર છે; માટે લોકોએ તેની તાબેદારી કરવી. આ કાગળ મોમનાબાદના કિલ્લામાં અમીરે મુંબર ઉપર ચડી લોકોની સમક્ષ

વાંચ્યો. ત્યારે લોકોએ ખુશીના અવાજ કહાડયા તથા ડફ અને વાંસળીઓ વગાડી સરાબ પીધો. કેટલાક લોકોને આ વાત ના દુરસ્ત લાગવાથી તેઓ વતન મુકી જતા રહ્યા અને જેઓનામાં સફરની તાકાદ નહતી તેઓ ગુપચુપ બેશી રહ્યા.

## અલીઝિકરતલ સલામનો નશબ.

રૂધભાર અને કોયસ્તાનના કેટલાક ઇસમાયલીઓ કહેવા લાગ્યા કે, સૈયદના ( હસનસભા ) ના વખતમાં અબુલહસન સૈયદી નામે એક સખસ ઇમામ મુસતનસરની વફાત પછી બાર મહિને મિસરથી અલમુતમાં આવ્યો, તેની જોડે ઇમામનિઝારનો દીકરો હતો. આ છુપી વાત તેણે હસનસભા શિવાય કોઇને કહી નહિં. હસને તેને ઘણી ઇજત આપી કિલ્લામાંના એક ભોંયરામાં સંતાડી રાખ્યો ત્યાં તે જોડીઓ થયો.

મહમદ બુજરગ ઉમેદના વખતમાં તેને ત્યાં ( નિઝારના દીકરાને ત્યાં ) એક પુત્રનો જન્મ થયો તેજ દહાડે મહમદની ઓરતે પણ એક બેટો જણ્યો. એક સ્ત્રીએ છુપીથી મહમદના છોકરાને ઉપાડી તેની જગ્યાએ ઇમામનો બેટો મુકયો, તે ઝિકરતલ સલામ છે. કેટલાક લોકો કહેછે કે, જે ઇમામ અબુલહસન સાથે આવ્યો હતો તેનો સબંધ મહમદની સ્ત્રીથી થયો જેનો હમેલ ઝિકરતલસલામ છે.

નિઝારી લોકો એમ માને છે કે, જ્યારે સરાહનો બંધ તુટશે ત્યારે કયામત થશે. હસનના વખતમાં એમ બન્યું માટે હસનની દાવતને તેઓ કયામતની દાવત સમજે છે. હસનને તેના સાળા ( જે ભોયાની ઓલાદમાંથી હતો ) એ સન ૫૬૧ માં લામસ્ટરના કિલ્લામાં છરીના ઘાથી મારી નાંખ્યો.

## મહમદ બિન હુસન.

હુસનના મરણ પછી તેનો દીકરો મહમદ ગાદીએ બેઠો. તેણે પોતાના બાપના વૈરમાં મામાને મારી નાંખ્યો. મહમદ પોતાના બાપનો મત ચલાવવામાં તેનાથી પણ શ્રેષ્ટ હતો. ઇમામના દાવાની તે ઘણી કોશિષ કરતો હતો અને હિકમત તથા ફિલસુફીના ઇલમનો ઘણો દાવો કરતો હતો.

કહેછે કે, ઇમામ ફખરાજીએ રએમાં એક મકતબ કહાડી. તેને વાસ્તે કેટલાક લોકો એમ કહેવા લાગ્યા કે, તેણે નિઝારીઓની દાવત કબુલ કરી છે. આ બટ્ટાથી મુક્ત થવાને વાસ્તે તેણે મુંબર ઉપર ચઢી ઇસ્માયલીઓ વાસ્તે માઠા બોલ કહ્યા. આ ખબર અલમુત પહોંચતાં મહમદે એક ફિદાઇને તેની પાસે મોકલ્યો. તે ઇમામના હાથને કોટી કરી તેની પાસે વિદ્યાભ્યાસ કરવાને બહાને રહ્યો અને એક વખત ઇમામ ઘરમાં એકલા હતા ત્યારે બારણું બંધ કરી ઇમામને નીચે ફગાવી, તેની છાતી ઉપર ચડી ખંજર કહાડ્યું. ઇમામે તેનું કારણ પુછતાં જવાબ આપ્યો કે, તું અમારા વિષે માઠું કેમ બોલે છે? ઇમામ કહે, હવે તેમ ન કરવા માટે હું સોગંદ ખાઉછું. ફિદાઇ કહે, મને તારા સોગંદ કરતાં મારા ખંજર ઉપર વધારે ભરોંસો છે. એમ કહી તેની છાતી ઉપરથી ઉતરી કહ્યું, તને મારવાનો મને હુકમ નથી, જો હોત તો તેમાં હું વિલંબ કરત નહિં. મહમદ બિનહસને તુંને સલામ કહી છે અને કહ્યુંછે કે, હુ તમારો તાબેદારછું, તમે અલમુતમાં આવો તો તમને ત્યાં અમીરની જગ્યા મળશે. ઇમામે ત્યાં જવા ના કહી; પણ કબુલ કીધું કે, આજ પછી હું અલમુતના હાકેમ વિષે ઉલટું નહિં બોલું.

આટલી વાતચિ-ત થઇ રહી એટલે ફિદાઇએ ત્રણસોસાઠ સોનાના દીનાર ઇમામ પાસે રાખી કહ્યું કે, આ તમારો એક વર્ષનો હદીઓ છે. દર વર્ષે તમને તેટલી રકમ મળતી જશે. એમ કહી ઇમામ વાસ્તે જે પહેરામણી લાવ્યો હતો તે પણ આપી. ઇમામ ફખરાજીએ ત્યાં ચાર પાંચ વર્ષ રહી વર્ષાસન ખાધું. પછી તે ઘોરના બાદશાહ ગ્યાસુદ્દીન તથા શાહબુદીન પાસે ગયો. ત્યાંથી ખારઝમમાં સુલતાન મહમદ ખારઝમશાહ પાસે કેટલોક વખત રહી મોટો દરજ્જો પામ્યો.

ઇમામ ફખરાજીએ ફિદાઇની મુલાકાત લીધા પહેલાં શિષ્યોને શબક આપતી વખત કોઇ ઉલટી તકરાર આવતી તો કહેતો કે, આ તકરાર નિઝારીઆ જેવી છે; પણ ફિદાઇના મેળાપ પછી તેણે તે ટેવ મુકી દીધી અને માત્ર એટલુંજ બોલતો કે, આ મશલ્લો ઇસમાયલીઆના મહજબથી ઉલટો છે. એક શાગરીદે તેનું કારણ પુછયું. ઇમામે જવાબ આપ્યો કે, ઇસમાયલીઓનું માઠું ન બોલવું જોઇએ. કારણ કે, તેઓની પાસે કાપનાર પૂરાવો છે.

મહમદ વિષે ઇસમાયલીઓના કવિઓએ નીચેની મતલબના બેતો બનાવી તેની તારીફ ગાઇ છે.

" જ્યારે મહમદ બિનઝિકરતલ સલામનું નામ દિલમાં જગ્યા પકડે, ત્યારે દુઃખને કયાં જગ્યા મળી શકે ? "

મહમદના વખતમાં નિઝારીઓએ ઘણાં ખૂનો કીધાં, રસ્તા લુંટયા અને લોકો ઉપર ભારે વિપત્તિ ગુજારી હતી.

મહમદના મોટા દીકરાનું નામ જલાલુદ્દીન હતું તે ઘણો અક્કલમંદ હતો. તે પોતાના વડીલોના મતને ધિક્કારતો તેથી મહમદ તેનાથી ડરતો હતો. તેમ જલાલુદ્દીન પણ પોતાના

બાપથી બીતો હતો અને દરબારમાં જતાં તે કપડાંની અંદર બખ્તર પહેરતો હતો. મહમદ સન ૬૦૭ માં ગુજરી ગયો. કેટલાક કહે છે કે, તેને ઝેર અપાયું હતું.

## જલાલુદ્દીન હસન.

જલાલુદ્દીન અભિષેક થતાંજ શરીઅતના કાયદાને સુધારવા લાગ્યો. તેણે દેશમાં હમામખાનાં બાંધ્યાં, મસજીદો ઉભી કીધી, બાંગ, તકબીર અને જુમાની નિમાજ જારી કીધી તથા બગદાદના ખલીફા નાશરલદીનઅલ્લા, સુલતાનમહમદ ખારઝમશાહ અને ઇરાકના બીજા રાજાઓ તથા હાકેમો આગળ એલચીઓ મોકલી પોતાનો મત જાહેર કીધો.

જલાલુદ્દીનના એલચીઓને ખલીફા અને બાદશાહોએ ખિલાતો આપી. તેઓની વચ્ચે કાગળપત્રનો વ્યવહાર ચાલુ થયો તેમાં જલાલુદ્દીનને બાદશાહી ખિતાબ લખવામાં આવતો હતો. આલમોએ તેને ખરો મુસલમાન છે, એવી ફિતવા ( શરટીફીકેટ ) આપી ને તે નવો મુસલમાન કહેવાયો, તેના વખતમાં ઠેકાણે ઠેકાણે ખેરાતખાનાં તથા મસજીદો બંધાઇ. આલમોને તેણે ખતીબ અને ઇમામના હુદ્દા આપી ઘણી પ્રીતિ દેખાડી.

કઝમીનીઓ આ વાત માનતા નહતા; માટે તેઓ તથા ઇસમાયલીઓ વચ્ચે લડાઇઓ જારી હતી. જલાલુદ્દીને તેઓની ખાત્રી કરવા માટે ત્યાંના કેટલાક સારા માણસોને અલમુતમાં બોલાવ્યા અને તેમની રૂબરૂ તેણે હસનસબાની રચેલ ઇસમાયલી કાયદાની કિતાબને બાળી નાંખી, બાપદાદાને કદુવા આપી, જેથી તેઓને તેના સારા મતની ખાત્રી થવાથી પરસ્પર સલુકી થઇ.

જલાલુદીનની મા ધર્મી સ્ત્રી હતી. તેણે ખેત અલ્લાની જી-યારત કરવાનો ઇરાદો કરયો. જલાલુદીને બાદશાહી કાયદા મુજબ તેની જોડે નિશાન તથા તોફા આપ્યા. આ પાક ઓરત મક્કે પહોચતાં તેને ઘણી ઇજત મળી અને ખલીફાએ હુકમ કર્યો કે, જલાલુદીનનું નીશાન હજના રસ્તામાં બધા બાદશાહો ના નિશાનથી આગળ ચાલે. આથી તથા બીજા એક કારણથી ( આગળ લખવામાં આવશે ) સુલતાનમહમદ ખારઝમશાહ નાશર ખલીફા ઉપર નાખુશ થયો.

આઝરબાઝાનના હાકેમ અતાબક મુજફ્ફરદીનની જોડે જલાલુદીનની મિત્રાચારી હતી. તે હાકેમની સાથે ઇરાકનો વાલી નાશરૂદીન મનકલી દુશ્મની રાખતો હતો. વળી તે જલાલુદીનની હકુમતમાં હાથ નાંખવા લાગ્યો, જેથી જલાલુદીન તથા અતાબકે એક સંપ થઇ બગદાદના ખલીફાની મદદ લઇ ઇરાક ઉપર ચડાઇ કરીને સન ૬૧૧ માં ત્યાંના હાકેમને મારી તેની જગ્યા બીજાને આપી.

જલાલુદીને ગીલાનના હાકેમ સાથે સગપણ કરવા એલચીઓ મોકલ્યા. તેમને જવાબ મળ્યો કે, ખલીફાના હુકમ શિવાય અમોથી તે બને નહિં. માટે જલાલુદીને બગદાદના ખલીફાની સિફારસ મગાવી ત્યાંના હાકેમ કેકાઉસની બહેન સાથે લગ્ન કીધાં તેને પેટે અલાઉદીન મહમદ જન્મ્યો.

આ પછી ચંગીસખાને તુરકસ્તાન તરફથી ચડાઇ કરી. જલાલુદીને લાંબા વિચારથી તેની તાબેદારી કબુલ કરી. ચંગીસખાને તાતારમાંથી ડોકું કહાડયું એથી ગડબડાટ મચી રહયો હતો. દરમિઆન સન ૬૧૮ માં જલાલુદીને આ દુનીઆં ત્યાગ કીધી.

## અલ્લાઉદ્દીન મહમદ.

અલ્લાઉદ્દિન નવ વર્ષની ઉમ્મરમાં ગાદીએ બેઠો અને તરત પોતાના કેટલાક સગાઓ ઉપર પોતાના બાપને ઝેર દેવાનું તહોમત મુકી મરાવી નાંખ્યા.

ઇસમાયલી લોકો ઇમામની બચપણ, જુવાની અને ઘરડપણ એ ત્રણે અવસ્થાને સરખી માને છે અને તે ત્રણે અવસ્થામાં તેના હુકમની સરખી તાબેદારી કરે છે. માટે અલ્લાઉદ્દીન જે હુકમ કરતો તે વ્યાજબી હોય કે નહિં; તોપણ તે બજાવતા હતા. અલ્લાઉદ્દીને એક બકરાનું ટોળું પાળ્યું હતું તથા રમતમાં વખત કહાડતો હતો અને રાજ્યનું કામ ઓરતોના કબજામાં પડ્યું હતું.

અલાઉદ્દીને બાપના મતનો ઇનકાર કર્યો. ઇસમાયલી મત ઉપર હજુ ઇસલામી મતે બરોબર મજબુતી પકડી નહતી તેથી તેઓ અલ્લાઉદ્દીનના મત સાથે મળી ગયા; માટે શરીઅતના કાયદા તુટી જઇ નિઝારીઓની રસમો ફરી ચાલુ થઇ.

અલ્લાઉદ્દીનના હકુમતનાં પાંચ વર્ષ વીત્યાં ત્યારે તેણે હકીમની સલ્લાહ વિન્યા ફસ ખોલાવી, જેથી તેની તબીયત બગડીને ભેજાંનો મરજ લાગુ થયો. તેથી રૈયત તેની પાસે દાદ ચહાવા આવતી, ત્યારે જો તેનો મિજાજ બરાબર ન હોય તો તેમને કતલ કરાવતો કે દુઃખ દેતો જેથી અંધેર ચાલવા લાગ્યું.

અલ્લાઉદ્દીન શેખજમાલુદ્દીનનો મુરીદ હતો. તેણે શેખને પાંચસો દીનાર વર્ષાસન કરી આપ્યું હતું અને કહેતો કે, કઝમીનની જમીનમાં શેખના કદમ ન હોત તો, તે જમીનની માટી તોબરામાં ભરી અલમુતમાં લાવત. એક વખત તે નિશા-

માં હતો ત્યારે એક માણસે તેને શેખના લખેલ કાગળ આપ્યો; માટે તેને સો ફટકા મારયા અને કહ્યું કે, નિશાની વખતમાં શેખનું ખત મને કેમ આપ્યું? હમામમાં જઇ આવું ત્યાં સુધી પણ તેં સબુર ન કીધી?

અલ્લાઉદીનના ઘણા પુત્રોમાં સર્વથી મોટો રૂકનદીન હતો. તે બાળક હતો, ત્યારે બાદશાહ કહેતો કે, તે મારો વારસ છે; માટે લોકો બેઉની સરખી તાબેદારી ઉઠાવતા હતા. સન ૬૫૩ માં અલ્લાઉદીને આ દીકરાથી નાખુશ થઇ બીજા દીકરાને વાલી કરવા કહ્યું; પણ ઇસમાયલીઓ પોતાની રીત પ્રમાણે આગળની વશીઅતને વળગી રહ્યા. અલ્લાઉદીન રૂકનદીન ઉપર કરડી નજર રાખતો હતો. માટે રૂકનદીન ત્યાંથી નાશી એક મજબુત કિલ્લામાં ભરાયો. રાજ્યના અમીરો બેદિલ થઇ ગયા હતા; તો પણ જાહેરમાં તેઓ પ્રીતિ બતાવતા હતા.

કહે છે કે, "હસન માઝીનદરાની" નામનો એક સખસ જે સાથે અલ્લાઉદીન બદસોબત થતો હતો તે રૂકનદીનની ઉશ્કેરણીથી અલ્લાઉદીનનું કામ પુરૂ કરવા તક શોધતો હતો. એક વખત મધ્યરાતે અલ્લાઉદીન બકરાંના તબેલામાં દારૂના નિસામાં સુતો હતો ત્યાં જઇ હુસેને તેનું ગળું તબ્બર ( કોહાડા જેવું હથીઆર થાય છે ) થી કાપી નાંખ્યું સન ૬૫૩

## રૂકનદીન ખુરશા.

રૂકનદીને ગાદીએ બેસતાંજ પોતાના બાપના ખૂનની તપાસ કર્યા વગર હસનમાઝીનદરાનીને તેના દીકરા સમેત મારી નાંખ્યો અને ગીલાનના હાકેમ તરફ એલચીઓ મોકલી દોસ્તી બાંધી. તેણે એક ચાલાક એલચીને મએસુર કનીન પાસે મો-

કલી તાબેદારી બતાવી. મએસુરે તેને બાદશાહ હલાકુખાંની હુજુરમાં રજુ થવા સલાહ આપી. એ બાબત એલચીઓની આવજા થતાં છેવટ પોતાના ભાઈ શાહનશાહને મએસુરના દીકરા જોડે હલાકુખાંની હજુરમાં મોકલ્યો.

સન ૫૬૪ માં મએશુર મુગલોનાં લશ્કર સાથે અલમુતના મુલકમાં આવ્યો તેનો અલમુત પાસેના એક પહાડ ઉપર રૂકન. દીનના લશ્કર સાથે મુકાબલો થયો જેમાં મુગલોને પાછું હઠવુ પડયું; પણ તેઓએ ઈસમાયલીઓનાં ખળાં બાળી નાંખી દેશમાં બીજી ઘણી ખરાબી કરી.

શાહનશાહ હલાકુની હજુરમાં પહોંચ્યો. ત્યારે હલાકુએ એક એલચી અલમુત મોકલી રૂકનદીનને કહેવડાવ્યું કે, તારા ભાઈને હું તાબેદારીની સનદ તરીકે કબુલ કરૂં છું. ગાદી ઉપર આવ્યા પછી તમારી તરફથી કંઈ ગુન્હો બન્યો નથી. હવે તમારે પોતાના કિલ્લાને તોડી મારી હજુરમાં આવવું જોઈએ. રૂધબારમાંથી લશ્કર કહાડી લેવા મએસુરને પણ હુકમ મોકલ્યો. આ હુકમ આવતાંજ રૂકનદીને કિલ્લાના કેટલાક કાંગરા તોડી નાંખ્યા અને મએસુર રૂધબારમાંથી નીકળી ગયો. બાદશાહના એલચી સદરૂદીન જંગીએ બાદશાહને જાહેર કર્યું કે, રૂકનદીને કેટલાક કિલ્લા તોડી નાંખ્યા છે; પણ આપની હેબતથી આપની હજુર આવવા બીહે છે તથા તે વાસ્તે એક વર્ષની મહેતલ માગે છે.

બાદશાહે શદરૂદીનની જોડે " શકાકી " નામના એક સખ્સને મોકલી રૂકનદીનને કહાવ્યું કે, તારે સુલેહ કરવી હોય તો શકાકીને દેશનું કામ સોંપી તરત અમારી હજુર આવવું. રૂકન દીને આ હુકમ તામીલ કરવામાં ઢીલ કીધી અને પોતાના વજીર શમસદીન કેલકી તથા તેના કાકાના દીકરા સહેફુદીનને એલચીઓ

સાથે બાદશાહ પાસે મોકલી ઢીલ થવાનાં બહાનાં જોડી કહાડયાં અને ગરદકુ તથા કોયસ્તાનના કારભારીઓને લખ્યું કે, તમારે બાદશાહની હજુર જઇ તાબેદારી કબુલ કરવી.

હલાકુખાંનનો ઝુડો ધમાવંદમાં પહોંચ્યો ત્યારે સહેફુદીનને કેટલાક એલચીઓ સાથે મેમુનદસ તરફ મોકલી રૂકનદીનને કહેવરાવ્યું કે, જો તું તારૂં હિત ચહાતો હોય તો, બાદશાહે ધમાવંદમાં મુકામ કર્યું છે ત્યાં તારે આવવું. કદાપિ વખત લાગે તો તારા દીકરાને આગળ મોકલવો. આ પેગામ પહોંચવાથી રૂકનદીન મુંજવા લાગ્યો અને હલકાં માણસોની સલાહથી એક ગુલામડીના છોકરાને એલચીઓ સાથે મોકલી ભાઇને પાછો મુકવા અરજ કરી. હલાકુ રૂધબારના દેશમાં આવ્યો ત્યારે તેને આ ઠગાઇ માલમ પડવાથી તે છોકરાને પાછો મોકલાવી રૂકનદીનને કહેવરાવ્યું કે, એ છોકરો ખિજમતને લાયક નથી; માટે જો શાહનશાહને છોડાવવો હોય તો તારા બીજા ભાઇને મોકલાવ.

આ વખતમાં સમસદીન વજીરે ગરદકુના કોટવાળ તાજદીનને બાદશાહની હજુરમાં પહોંચાડવાથી શાહનશાહને રજા મળી; પણ તેને એવો હુકમ હતો કે, તેના ભાઇને કહી મેમુનદસને ખરાબ કરી અહીં આવવું.

તવાચીખાન, મગણામાં લશ્કર એકઠું કરતો હતો તે હલાકુના લશ્કરને આવી મળ્યો અને સવાલ મહિનાની સતરમી તારીખે બાદશાહે મેમુનદસને ઘેરો ઘાલ્યો. પચીસમીની લડાઇ શિરૂ થઇ. બીજે દહાડે રૂકનદીને પોતાના ખરા દીકરાને પોતાના ભાઇ ઇરાનશાહની જોડે બાદશાહ આગળ મોકલી જીવતદાન માગ્યું અને ઓગણત્રીસમી તારીખે ખ્વાજા નશરૂદીન વીગેરે અ

મીરો સાથે રૂકનદીને બહાર આવી ઘણો માલ અને રોકડ બાદશાહને નજર કરી બાદશાહે તે સર્વે લશ્કરમાં વહેંચી દીધું.

રૂકનદીન મેમુનદસમાંથી બહાર નીકળતાં બાદશાહતને ત્રણ તલાક આપી એક ચાદર ઓઢીને હલાકુના લશ્કરમાં પહોંચ્યો. હલાકુએ તેને એક તાતારી ટોળાંને સોંપ્યો.

રૂકનદીને બાદશાહના હુકમથી પોતાના ખાસ માણસોને એલચીઓ સંગાથે રૂધબારના પ્રગણાના મજબુત કિલ્લા તોડી પાડવા માટે મોકલ્યા. તેમણે ખજાનાથી ભરપુર એવા ચાળીસ કિલ્લાઓને જમીન બરાબર કીધા. અલમુત, લામસ્તર તથા બીજા કેટલાક કિલ્લાના રહેવાશીઓએ તાબે થવાનાં બહાનાં કહાડી કહ્યું કે, બાદશાહની સ્વારી અહીં આવશે ત્યારે અમે હુકમ ઉઠાવીશું. બે ત્રણ વર્ષ પછી બાદશાહ અલમુતની નજદીક પહોંચ્યો અને તેમને દહેસત બતાવવા રૂકનદીનને કિલ્લા નીચે મોકલ્યો; પણ કિલ્લાના કોટવાળ તાબે ન થયો; માટે એક લશ્કરની ટુકડી કિલ્લાને ઘેરવા સારૂં મૂકી પોતે લામસ્તર ગયો. ત્યાંના લોકો તાબે થયા અને અલમુતવાળાઓએ પણ માફી માગી. કિલ્લાના જમાદારે લશ્કરમાં આવી ત્રણ રોજની મહેતલ લીધી, તેટલામાં ત્યાંની રૈયતે પોતાના માલનો બચાવ કીધો. ચોથે રોજ કિલ્લામાં જે કંઇ રહ્યું હતું તે સર્વે લશ્કરે લુટી લીધું.

અલમુત એક પહાડ છે. તેની શિકલ જમીન ઉપર ઉંટ બેઠેલો હોય એવી છે. અલમુતનો કિલ્લો એવો તો બુલંદ હતો કે, તેને તોડતી વખતે તોડનારાઓને આસમાનના બુરજો તોડતા હોય એવું લાગતું હતું. આ કિલ્લાના પેટામાંથી મધ, સરાબ, સરકાના હોજ તથા હસનસબાના વખતમાં સંગ્રહ કરેલો

કેટલોક ખોરાક જેવોને તેવો નિકળ્યો. ઇસમાયલીઓ આ વાતને હસનની કરામાત સમજે છે.

બાદશાહ હુલાકુખાન રૂકનદીનનાં લશ્કરને વીખેરી નાંખી સન ૬૫૪ ના ઝીલહજ મહિનામાં પોતાની ઉમેદથી ફળદૃપ થઇ હમદાનની કોરના અઝુક નામના ગામમાં ગયો. ત્યાં રૂકનદીનને સાથે લીધો હતો તેના ઉપર કૃપાદૃષ્ટિ હતી. રૂકનદીનને બાદશાહના એલચીઓ સાથે પોતાના ખાસ માણસો આપી શામના મુલકનાં કિલ્લા ચંગીસખાનના હાકેમોને સોંપવા હુકમ કર્યો. રૂકનદીન એક હલકા મુગલની દીકરી ઉપર આશક પડ્યો તેની ખબર બાદશાહને પડવાથી તેણે તે છોકરી તેને પરણાવી દીધી.

રૂકનદીને પોતાને મનકુખાન પાસે મોકલવા બાદશાહને અરજ કરી. બાદશાહ અજબ થયો; પણ અરજ પોતાને અનુકુળ પડવાથી કબુલ રાખી અને તેની રખવાળી વાસ્તે મુગલોની એક ટોળકી આપી. રૂકનદીન ગરદકુ પહોંચતાં મનકુખાનના એલચીઓએ મનકુખાન તરફથી તેને કહ્યું કે, તું ગરદકુ વિગેરે કિલ્લા કેમ સોંપતો નથી? તે કિલ્લાને તોડી પાછો આવ. તે પાછો ફર્યો ત્યારે એલચીઓએ મિજબાનીનાં બહાનાંથી તેને તેડી તીણી તરવારથી મારી નાંખ્યો.

ઇસમાયલીઓને સમાપ્ત કરવામાં મનકુખાનનો એવો હુકમ હતો કે, તેઓમાંના એક પારણામાં સુતેલાં બાળકને પણ જીવતું મુકવું નહીં. રૂકનદીનના મરણ પછી તેના નોકરો તથા લશ્કર જે હાકેમને સોંપવામાં આવ્યાં હતાં તે બધાંઓને મારી નાંખ્યાં અને પોતાના એક ખાસ માણસને કઝમીન તરફ મોકલી રૂકનદીન ખુરશાના દીકરા, દીકરી, ભાઇ, બહેન, ખેશ, કુ-

ટંખ અને તેની આખી કોમને કાપી નંખાવી માત્ર તેઓમાંથી બે સખસો બુલગાન ખાતુનને સોંપ્યા. તેઓને તેણે પોતાના બાપ ચકતાઇના વૈરમાં મારી નાંખ્યા.

કીયાબુજરગ ઉમેદની નશલ તૂટી ગઇ. કોઇ માણસ તેમનામાંથી જમીન ઉપર રહ્યું નહિં. મનકુખાને હુકમ કહાડયો કે, ખોરાશાન, રૂધબાર અને કોયસ્તાનના મુલકોમાં જે ઇસ્માયલી હાથ આવે તેને ઠાર કરવો જેથી બધા ઇસમાયલીઓ કતલ થઇ ગયા. આ કતલને " ઇસમાયલીઓની કયામત " નું નામ આપવામાં આવ્યું છે.

બાર હજાર માણસોની ખરાબી થઇ. બાદશાહી લશ્કર ચોમેર ફરતું હતું તથા જે ઇસમાયલી હાથ લાગતો તેને ગરદન મારતું હતું. આમ થવાથી સઘળા રસ્તાઓ નિર્ભય થઇ ગયા અને મુસાફરો મદદ વગર આવજા કરવા લાગ્યા. જે મુસલમાનો બચ્યા હતા, તેઓ ખુદાનો ઉપકાર માની હુલાકુખાનને આશિરવાદ દેવા લાગ્યા. હુલાકુખાન ઇસમાયલીઓનો કાંટો કહાડી ખ્વાજા નશીરતુશીની કોશિષથી બગદાદ રવાના થયો.

ઇસમાયલીઓની હકિકત " રોઝતલસફા " નામની તવારીખમાંથી લીધેલી છે એમ પહેલાં જણાવ્યું છે. હાલ એટલુંજ કહેવાનું છે કે, એમાં ઇસમાયલીઓ વિષે કેટલાક માઠા શબ્દો વાપરેલા છે તે મેં કહાડી નાંખ્યા છે તથા પ્રસંગોપાત લંબાણ સબબ થોડી થોડી નજીવી હકિકત પણ પડતી મુકી છે.

## રૂકનુદ્દીન પછી નિઝારી પેઢીઓ.

રૂકનુદ્દીન ખુરશા પછી નિઝારીઓની હકિકત " રોઝતલસફા " માંથી મળી નથી; પણ ખોજા લોકોની પોથીઓમાં પેઢીઓની

ટીપ છે તેમાં રૂકનૂદીનખુરશા પછી સમસદીન મહુમદ, અલ્લાઉ-
દીન મોમન, કાસમશાહ એ નામો છે. ફિરસ્તાની તવારીખમાં
મીરસમસના પ્રકરણમાં એમ લખ્યું છે કે, મીરશમસ એ કા-
સમ અનવ્વર બિન સૈયદ મહમદ નુરબક્ષના મુરીદોમાંથી હતો,
એ હકિકત ત્રીજા ભાગમાં આવશે. જેથી એમ સમજાય છે કે,
રૂકનૂદીન પછી સૈયદ મહુમદનુરબક્ષે નિઝારી પંથ ચલાવ્યો હોય
અને તેના બેટા કાસમશાહનું નામ પેઢીનામામાં દાખલ થયું
હોય; પણ મીરશમસની વાત તો સુમારે ચારસો વર્ષની છે અને
સૈયદ મહુમદ જેને અમે સતગુરનુર ગણ્યો છે તે તો મહારાજા
સિદ્ધરાજના વખતમાં હતો, તેને સુમારે સાડાસાતસો વર્ષ થયાં
ત્યારે આ વાત સાચી ગણીએ તો તે વાત ખોટી થાય એમ
આ પ્રક્રિયા બંધ બેસતી થતી નથી. ગમે તેમ હોય આપણે
આ જગ્યાએ ખોજા પંથમાં જેમ પેઢીઓ લખી છે તેમજ લ-
ખીએ. રૂકનદીન સુધીની પેઢીઓ ઘણીખરી ઇતિહાસ સાથે મળે
છે. પેઢીઓમાં " હાધી " લખેલ છે, તે હસનસબા સમજવો.
હાધી એટલે હદાયત આપનાર. તે પછી " મહતદી " લખેલ
છે તે કીયાબુજરગ ઉમેદ સમજાય છે. મહતદી એટલે હાધીના
મદદગાર. ખોજાની પેઢીઓની ટીપમાં રૂકનદીન પછી જે નામો
છે તે મળેલી હકિકત સમેત હવે હું લખુંછું.

શમસદીનમહુમદ ( ૧ ) અલ્લાઉદીન મોમન ( ૨ ) ( એમ-
ની તવલદ અને રહેવાસ અઝદુન જેને " અગુવા " પણ કહેછે
તેમાં હતો અને તુરબત પણ ત્યાં છે ) કાસમશાહ ( ૩ ) મુસત
નસરબિલ્લા ( ૪ ) અબ્દસલુમ ( ૫ ) ગરીબમિરઝાં ( ૬ ) મુ
ધરઅલી ( ૭ ) મુરાદમિરજાં ( ૮ ) જુલફિકારઅલી ( ૯ ) નુર
ધરઅલી ( ૧૦ ) ખલીલલ્લાઅલી ( ૧૧ ) નિઝારઅલી ( ૧૨ )

( આ નામોવાળા કેકમાં રહેતા હતા અને તેઓનાં આખરીનાં મકાન પણ ત્યાંજ છે ) હસનઅલી ( ૧૩ ) ( એનો જન્મ અને રહેવાસ કેકમાં હતો અને તુરબત શાહનઝફમાં છે ) કાસમઅલી ( ૧૪ ) ( એનો જન્મ અને રહેવાસ કેકમાં અને આખર સ્થળ કરબલ્લામાં છે ) અબુલહસનઅલી ( ૧૫ ) ( એનો જન્મ અને રહેવાસ શેહેર બાબકમાં અને આખર સ્થળ શાહનઝાફમાં છે ) ખલીલલ્લાઅલી ( ૧૬ ) ( એનો જન્મ શેહેર બાબકમાં અને રહેવાસ માલાતમાં અને આખર સ્થળ શાહનઝફમાં છે ) હસનઅલી ( ૧૭ ) ( એમનો રહેવાસ કીરમાન અને આખર સ્થળ મુંબાઇ ) અલીશાહ ( ૧૮ ) ( એનો રહેવાશ કિરમાન અને આખર સ્થળ કરબલ્લા ) મહમદ સુલતાન ( ૧૯ ) ( હાલ મુંબાઇમાં વિદ્યમાન )

## મારકોપોલોની મુસાફરીના ગ્રંથ ઊપરથી.

### પાહાડી ઘરડા પુરૂષ વિષે.

પાહાડમાં રહેનાર ઘરડો પુરૂષ મુલહિત ગામમાં અગાઉના વખતમાં રહેતો હતો જે નામનો અર્થ " આરામની જગ્યા " એમ થાય છે. મેસરસ મારકોપોલો જેમણે તે દેશમાં કેટલાક દેશીઓ પાસેથી સાંભળીને જે પ્રમાણે તવારીખ વર્ણન કીધીછે, તેમ હુ તમોને આખી તવારીખ કહીશ.

" તે ઘરડો પુરૂષ અલ્લાઉદ્દીનના નામે કહેવાતો હતો. બે પાહાડો વચ્ચેની એક ચોકસ ખીણ તેણે પુરાવી નાંખી હતી અને ત્યાં સૌથી મોટો, સૌથી ખુબસુરત બગીચો જે કદી દીઠામાં ન આવ્યો હોય, એવો દરેક જાતના મેવાના ઝાડોથી ભરપૂર બ-

નાવ્યો. તેના અંદર ઘણાજ ખુબસુરત તંબુઓ અને મહેલો જે-ના આપણને ખ્યાલ પણ ન આવી શકે એવા ગિલીટ ચડાવે-લા અને સરસ રંગના બનાવ્યા હતા. તેમાં નેહેરો હતી જેમાં દારૂ, દૂધ, મધ અને પાણી ખુલ્લાં વહેતાં હતાં અને તેમાં ઘ-ણીએક બાનુઓ અને ઘણીજ ખુબસુરત છોકરીઓ જે દુનિયાં-માં મુશ્કેલાઇથી મળી શકે તે હતી. તેઓ દરેક જાતનાં વાજિં-ત્રો વગાડી જાણતી અને ઘણુંજ મધુર ગાયન ગાતી તથા એ-વી રીતે નાચતી કે, જોનારનું મન હરણ કરી લેતી; કારણ કે તે ઘરડા પુરૂષની મતલબ એ હતી કે, લોકો એમ માનેકે, ખ-રેખર જિન્નત તે એજ છે. તેણે તે બાગ જે પ્રમાણે મહમદ નબીએ જિન્નતનું બયાન આપ્યું હતું કે, તે ખુબસુરત બગી-ચો છે. જેમાં દારૂ, મધ, દૂધ અને પાણીની નેહેરો તથા જિન્નત માં રહેનારાઓની ઘણીજ ખુશાલી માટે ખુબસુરત સ્ત્રીઓ છે તે પ્રમાણેનો બનાવ્યો હતો. જે કોઇ તેનો એશેશીન ( ખૂની ) નહિં થાય, તેને તે બગીચામાં દાખલ થવા આપ-વામાં નહિં આવતું. તે બગીચામાં દાખલ થવાના દરવાજા પા-સે ગઢ હતો તે એવો મજબુત કે, આખી દુનિયાંને અંદર પે-સતાં અટકાવે અને તે શિવાય અંદર આવવાનો બીજો રસ્તો નહિં હતો. તેણે પોતાની દરબારમાં બારથી વીશ વર્ષ સુધીની ઉમ્મરના કેટલાક છોકરાઓ, કે જેઓને સિપાહ બનવાનો શો-ક હતે, તેમને રાખ્યા હતા તેઓને જેમ મહમદનબી કહેતા તેમ જિન્નત વિષે કહેતો અને જેમ મુસલમાનો મહમદનબીને માનતા તેમ તે છોકરાઓ તે ઘરડા પુરૂષને માનતા હતા. પછી તેઓને ચાર, છ, કે દશદશને એકી વખતે એવી ચીજ પાવાની આપતા કે, જેથી ભરઉંઘમાં તેઓ પડી જતા. પછી તેમને ઉઆ-

કાવીને તે જિન્નતમાં દાખલ કરાવતો તેથી જ્યારે તેઓ જાગતા ત્યારે પોતાને જિન્નતમાં જોતા.

" આ ઘરડો પુરૂષ પોતાના ચેલાઓને એમ કેળવતો. જ્યારે તેઓ જાગતા ત્યારે તેઓ પોતાને એવી ખુશનુંમાં જગ્યામાં જોતા કે, તેઓ ધારતા કે, ખરેખર તેઓ જિન્નતમાં છે અને પછી તે બાનુઓ અને છોકરીઓ તેઓનો જીવ ભરાય એવી રીતનો તેઓ સાથ પ્યાર કરતી જુવાન પુરૂષ જે કંઇ માગે તે તેઓના માટે ત્યાં હતું તેઓ પોતાની મરજીથી તે જગ્યા કદી પણ છોડતે નહિં એવી હતી. હવે આ શેહેજાદો જેને આપણે ઘરડો પુરૂષ કહીએ છીએ તે પોતાની દરબાર દબદબા ભરેલી અને ઉંચી રીતે રાખતો હતો અને ભોળા લોકો જેઓ તેની આસપાસ રહેતા તેઓને એમ મનાવતો કે, હું મોટો નબીછું જ્યારે પોતાના એશેશીનમાંથી કોઇને કંઇ કામે મોકલવા ચાહતો ત્યારે ઉપર કહ્યા પ્રમાણે તેને પીવાનું આપતો. પછી તેને પોતાના મહેલમાં લઇ જવા હુકમ કરતો અને પછી જ્યારે તે જુવાન પુરૂષ ઉઠતો ત્યારે તે બગીચામાં નહિં; પણ તે કિલ્લામાં પોતાને જોતો. જે જોઇ તે નાખુશ થતો પછી તેને તે ઘરડા પુરૂષની હજુરમાં લઇ જતા અને પોતે જાણે એક ખરા નબીની હજુરમાં હોય તેમ ઘણાજ માન સાથે જુકીને સલામ કરતો. પછી તે ઘરડો પુરૂષ તેને પુછતો કે, તું ક્યાંથી આવ્યો. તે કહેતો કે, હું જિન્નતમાંથી આવ્યો તે જિન્નત જેવી મહમદ નબીએ પોતાના કાયદાની બુકમાં લખી તેવીજ હતી. જેથી જે લોકો તે વખત આસપાસ ઉભેલા હોય ને જેમને દાખલ કરવામાં નહિં આવ્યાં હોય તેઓને તેમાં દાખલ થવાની ઘણીજ ખાહેશ થતી. "

" પછી તે ઘરડા પુરૂષને જ્યારે કોઇને મરાવી નાંખવો હોય ત્યારે તેવા એક જુવાનને કહેતો કે, ફલાણા ફલાણાને જઇ મારી નાંખ ને જ્યારે તું પાછો આવશે ત્યારે મારા ફિરસ્તા તને જિન્નતમાં લઇ જશે ને તું જો મરી જશે તોપણ મારા ફિરસ્તાને હું કહીશ તો તુને જિન્નતમાં લઇ જશે. આ પ્રમાણે તેમને મનાવતો અને તેઓને પાછા તે જિન્નતમાં જવાની એવી મોટી ખાહેશ રહેતી કે, ગમે તેવો હુકમ હોય તે કરવા સારૂં પોતાની જાન જોખમમાં નાંખવા અચકાતા નહિં. એ પ્રમાણે જેને ચાહતો તેને તે ઘરડો પુરૂષ મારી નખાવતો અને રાજાઓના પેટમાં બીક ઉપજાવતો, જેથી તેઓ તેના ખંડણી આપનાર થઇ જતા અને પછી સલાહ અને દોસ્તી સાથ તેઓ ઘરડા પુરૂષ સાથ વર્ત્તતા. "

" મારે કહેવું જોઇએ કે, તે ઘરડા પુરૂષના હાથ હેઠળ બીજા હતા. જેઓ તેના કામની નકલ કરતા અને તેજ પ્રમાણે ચાલતા એઓમાંના એકને દમાસ્કસ અને બીજાને કુરદસ્તાનમાં મોકલી આપ્યા. ઇ૦ સ૦ ૧૨૫૨ માં એવું બન્યું કે, લીવંટના તાતાર લોકોના અમીર અલ્લાઉએ આ ઘરડા પુરૂષનાં ઘાતકી કામો વિષે સાંભળ્યું અને તેનો છેડો લાવવા ઠરાવ કીધો, તેથી પોતાના એક મોટા અમીરને તે કિલ્લા ઉપર મોટા લશ્કર સાથ મોકલ્યો; પણ તે કિલ્લો એવો મજબુત હતો કે, ત્રણ વર્ષ સુધી ઘેરો રાખવા છતાં લેવાઇ શકાયો નહિ; પણ પછી કિલ્લામાંના લોકોનો ખોરાક ખુટયો અને પકડાયા. તે ઘરડા પુરૂષને બધા માણસો સાથ કતલ કરવામાં આવ્યો અને કિલ્લા સહીત જિન્નતના બાગને જમીનદોસ્ત કરવામાં આવ્યો તે વખતથી તેના બાદ કોઇ તેની ગાદીએ ન આવ્યા ને તેની

લુચ્ચાઈઓનો છેડો આવ્યો "

માન પામેલા સાહેર ડી૦ જાનવીલ કહે છે કે,

"હુસેનના શોકકારક મોતના વખતથી અલીના ખાનદાનથી ઉતરેલાઓ તે ખરા વારસ પેગંબરના છે એમ લોકો માને છે. એમ માનનારાઓ પોતાના ધર્મના મતો છુપા રાખવાની કોશિષ કરવાને લીધે અને વળી તરેહવાર મતો ધરાવવાના સબબથી એઓના ધર્મની વલણ વિચિત્ર અને ગુપ્ત છે. એક તરફ અલીને ખુદાનો અવતાર લીધો હોય એવી રીતે માને છે અને તેની ઓલાદને પણ તેના જેવો દરજ્જો આપે છે અને બીજી તરફ બીજો ફિરકો એવો પણ છે કે જે પોતાને દીનનો કલમો અને બીજાં ફરમાનથી છુટો ગણે છે. હજરતઅલીને માનનારાઓમાંનો એક ફિરકો ઇસલામી છે. જેઓ સીયા પણ ગણાય છે. તે મુખ્ય ફિરકો છે અને અસલ ધર્મના મતથી આડે રસ્તે જનારી શાખાની એ જડ છે. એ નામ તેઓએ તેમના સાતમા ઇમામના નામપરથી ધારણ કીધેલું છે. જે ઇમામ વિષે એઓ એમ માને છે કે, તે જમીનમાં ગયો છે; પણ દુનિયાંનો છેડો આવશે તે દિવસે પાછો આવશે. ઇ૦ સન ૧૦૯૦ માં ઇરાનની ઉતર તરફના પાહાડી મગણામાં રહેનાર સબાના દીકરા હસેને આ ઇસમાયલી ખાનદાન સ્થાપ્યું હતું. અને એકસો સીતેર વર્ષ પછી મંગોલ લોકોએ તે કોમને દાબી નાંખી. તે વખત સુધી હસને જે ખાનદાન સ્થાપ્યું હતું, તે પુર્વ કોહીસ્તાનમાં બધે ઠેકાણે નહિં તો કેનગામ સુધી ફેલાઇ ગયું હતું. કાઝમોનની ઉત્તર પુર્વ દિશા તરફ. બત્રીશ

મૈલ છેટે અલમુતમાં તેઓનું મુખ્ય મથક હતું અને આખા સંસ્થાનમાં બધે ઠેકાણે ઘણા મજબુત કિલ્લાઓ તેઓ ધરાવતા હતા.”

“ડી૦ સાસીએ એ પ્રમાણે સાબીત કીધું હોય એમ દેખાય છે કે, એક જાતનો રોપો જેને “હસીસ” કહે છે તે તેઓ વાપરતા હતા. તે ઉપરથી તેઓ “હસીસીન” કહેવાય છે. તેઓની મારી નાખવાની અને જુલમ કરવાની રીત ઉપરથી “એસેસીન” એટલે કતલ કરનાર એ નામ હાલના વખતમાં વપરાય છે. આ રીત વાપરવાની અસલ નેમ તેઓની એ હતી કે, ખરા ધર્મને માનનારાઓ તેઓ ઉપર જુલમ કરે તો તેઓથી સામે તલવારથી ન થવાય; માટે ખીવડાવવાની અને સજા કરવાની એ રીત તેઓએ દાખલ કીધી”

મુલહિત નામની સમજણ [ રામુશીઆમાં છે તેમ ] મુલહિત એ નામનો અર્થ અરબીમાં “ખરા ધર્મથી આડો રીતે જનારાઓનું રેહેઠાણ” એમ થાય છે. અરબીમાં “મુલહિદ” જેનું બહુ વચન “મુલહિદા” છે જે બોલનું ઇરાની તવારીખમાં ઉપલી કોમને નામ આપવામાં આવ્યું છે. અને હજી સુધી ઇસમાયલીને લગતા થોડા ઘણા ફિરકાઓ જેવા કે, “ દરૂશીશ ” “શાઇરીસ ” માટે સુની અરબો એ નામ આપે છે.

“ તબકતે નાશરી ” નો લખનાર અલમુતના ફિરકાને “મુલાહિદ તલમૌત ” એટલે મોતના મુલાહિદ એટલે ધર્મથી આડે રસ્તે જનાર એમ કહેછે.

“ ખાનીકાફ ” અને તે પહેલાં “ મુલહિત ” એ અલમુતપરથી નામ નિકળેલું છે એમ જે૦ આર૦ ફોરેસ્ટર માનેછે; પણ મુલહિતનું મળતાપણું “ મુલહિદ ” અથવા “ મુલાહિદા”

ને વધારે મળતું છે. આરમીનિયન તવારીખમાં ઇસમાયલી દેશને " મુલહિત " એ નામ આપેલું છે અને " રબીબેન જામીને " બારમી સદીમાં અને " રૂબરૂકી " એ તેરમી સદીમાં " મુલીહેત " એ પ્રમાણે બોલ તેવી રીતે લાગુ પાડયોછે.

હુલાકુની સ્વારીના ચાઇનીસ વર્ણનમાં મુલાહી દેશ વિષે એમ કહેવામાં આવ્યું છે કે:—

" જેરૂસલમની યાત્રાએ જનારાઓએ " જાલેબેનાન " પાહાડની ઉતરે આવેલા પહાડોમાં વસનાર કોમની શાખાના સરદારને " પાહાડનો ઘરડો પુરૂષ " એ નામ આપ્યું છે. જે અરબીમાંથી " શેખુલ જબલા " બોલનો તરજુમો છે; પણ હામરના લખવા પ્રમાણે અલમુતના શેહેજાદાને જે પોતાને સુલતાન કે, મલેક કે, અમીર કંઇ નથી કહેવડાવતો તેનું નામછે એમજ હોય એમ લાગે છે. કારણ તેના દેશને "બિલદુલ જબલ " એમ કહેતા હતા "

નીચે લખેલું બયાન ચીનના રહેવાશી મી૦ રેમુંટસંટ તરફથી છે.

" મુલાહી દેશના સિપાઇઓ તે પક્કા લુટારા છે. જ્યારે તેઓ કોઇપણ વ્યસની જુવાન પુરૂષને જુએ છે ત્યારે તેને ફાયદા અથવા લાભની આશાથી લલચાવે છે તેને એટલી હદ સુધી લલચાવે છે ને ઉશ્કેરે છે કે, તે પોતાના હાથથી પોતાના મોટાભાઇ કે પોતાના બાપને મારી નાંખવા તેને કહેવામાં આવે તો મારી નાંખવા તૈયાર થાય એવી હદપર જયારે તે પહોંચે ત્યારે તેને કેફ પોવરાવી પીધેલો બનાવી તે હાલતમાં તેને એકાંતની આરામની જગ્યામાં લઇ જાય છે. જ્યાં તેને મધુર ગાયન અને ખુબસુરત સ્ત્રીઓથી ચકચુર કરવામાં આવે છે

કેટલાક દિવસ સુધી તેની બધી ઇચ્છા પુરી પાડવામાં આવે છે અને પછી જ્યારે તે ઉંઘમાં હોય ત્યારે તેની અસલી જગ્યાપર લઇ જવામાં આવે છે. જ્યારે તે જાગે છે ત્યારે તેને પુછવામાં આવે છે કે, જો તે ખુની થાય તો તેને તેજ સુખથી બદલો આપવામાં આવે. પછી ધર્મ પુસ્તકો અને બંદગી તેને શીખવી એવો ગરમ કરવામાં અને જોસ્સમાં લઇ આવવામાં આવે છે કે, કંઇપણ કર્મ તેને કરવાનો હુકમ કરવામાં આવે તો તે બજાવવા માટે દિલગીર થયા વગર કે મોતથી બીધા વગર તે બજાવે છે "

અરબી વર્ણન જેછે તે અત્રે કહી નહિં શકાય એટલું લાંબુ છે. તે એક " હકીમની તવારીખ " એ નામની કિતાબમાં છે. તેમાં જિન્નતનો વિગતવાર હેવાલ આપવામાં આવેલો છે. તેમાં લખેલું છે કે;—

" આવા જુવાન પુરૂષને ભાંગ જેવી કેફી વસ્તુ પીવરાવી તેને તે આરામની જગ્યામાં લઇ જવામાં આવેછે ત્યાં તે જાગ્યા પછી કહેછે કે; ઓ સરદાર હું જાગુંછું કે સ્વપ્નામાં છું. તેનો સરદાર કહે છે કે, ફલાણા, યાદ રાખ કે આ સ્વપ્નું કોઇને કહેતો નહિં. જાણ કે તે જગ્યા તારા માટે જિન્નતમાં રાખવામાં આવી છે. તે હજરતઅલી જે તારો ધણી છે તેણે તુને આ દેખાડવાની મહેનત કીધી છે * * * માટે તે ઇમામની ચાકરી બજાવવામાં એક પળ પણ આનાકાની કરતો નહિં તે તારાથી ખુશી છે એવું તુને જણાવવા માટે ઇચ્છયું છે "

વીલીયમ ડી૦ નાનજીર્સ તે ઘરડા પુરૂષ માટે એમ કહે છે કે;—

"તે ઘરડા શેખથી પાસેના અને છેટેના બધા અરબો અને ખ્રિસ્તિઓ ઘણા બીતા હતા; કારણ કે તે પોતાના જાસુસો મોકલી બેઉ વર્ગના શાહજાદાને ઘણીવાર મરાવી નાંખતો હતો; કારણ પોતાના દેશમાંના જુવાન પુરૂષોને પોતાના મેહેલમાં લાવતો. પછી તેઓને જુદી જુદી ભાષા શીખવતો અને બીજી બધી બાબતો ઉપરાંત તેઓના ખાવંદથી બીવું; તેને મરવાસુધી તાબે થવું કે જેથી કરીને જિન્નતની ખુશાલીમાં દાખલ થવાશે અને જે કોઇ તે ખાવંદનો હુકમ બજાવતાં મરી જશે તેને ફિરસ્તા માનવામાં આવશે. હવે આ ફિદવીઓ અથવા ચેલાઓ કેવી સખત તાબેદારી કરતા હતા તે વિષે "ફરાપીપીનો" અને "મરીનો સાનુન્ટો" એ બે જણો વર્ણન કરે છે કે, "એક વખતે જેરૂસલમનો રાજા તે ઘરડા પુરૂષની મુલાકાત કરવા આવ્યો અને તેઓ એક દિવસ સાથે ફરતા હતા ત્યારે તે ઘરડા પુરૂષે તે રાજાને પુછ્યું કે, જેવી મારી રૈયત મને તાબે છે તેવી કોઇપણ રાજાને તાબે હશે? તેનો જવાબ તે રાજા આપે તેટલીવાર વાટ જોયા વગર બે છોકરાઓ જેઓ એક મિનારા ઉપર હતા તેમને ઇસારો કીધો, તે સાથેજ તેઓ નિચે કૂદ્યા અને પોતાનો પ્રાણ છોડ્યો."

સીરીયા અથવા ઇરાનથી ઇસમાયલી એલચીઓએ જે જાણવા જોગ ખૂનો કીધાં અથવા ખૂન કરવાનાં યત્નો કરવામાં આવ્યાં તેની વિગત નીચે મુજબ છે.

—o0o—

## જેઓનાં ખુન કરવામાં આવ્યાં તેનાં નામ.

ઇ૦ સ૦ ૧૦૯૨—નિઝામુલ મુલ્ક—તે મલેકશાહનો અગાઉનો ઘણો જોરાવર વજીર.

ઇ૦ સ૦ ૧૧૦૨ સેલજુકીઆન—ઇરાનનો શાહાનશાહ અને થોડી મુદત પછી તેના બે દીકરા. હોમસનો બાદશાહ ને તેને તેજ શહેરની મસજીદમાં.

ઇ૦ સ૦ ૧૧૧૩ મોસલનો બાદશાહ. તેને દમાસ્કસની મુખ્ય મસજીદમાં.

ઇ૦ સ૦ ૧૧૧૪ સંજારશાહનો વજીર અબુલ મુજફ્ફરઅલી અને ચાકર બેગ, સંજારશાહનો કાકો.

ઇ૦ સ૦ ૧૧૧૬ અહમદ યલ ને બગદાદમાં. મરાઘાના બાદશાહ ને ઇરાનના સુલતાન મહમદની હાજરીમાં.

ઇ૦ સ૦ ૧૧૨૧ અમીર અફધાલ, મિસરનો શક્તિમાન વજીર તેને કેરોમાં.

ઇ૦ સ૦ ૧૧૨૬ કાશીમ અકસોંકર મુસલ અને અલેપોનો બાદશાહને મોશલની મોટી મસજીદમાં.

ઇ૦ સ૦ ૧૧૨૭ મોહ્યુદ્દીન, ઇરાનના સંજારશાહનો વજીર.

ઇ૦ સ૦ ૧૧૨૯ અમીરબિલ્લા, મિસરનો ખલીફ-

ઇ૦ સ૦ ૧૧૩૧ દમાસ્કસનો રાજા તાજુલ મુલ્કબુરી.

ઇ૦ સ૦ ૧૧૩૪ શમશુલ મુલ્ક, અને તેનો દીકરો.

ઇ૦ સ૦ ૧૧૩૫—૩૮ ખલીફ મુસ્તર શીદ, ખલીફ રાશીદ અને દાઉદ, આદર બાઝાનનો બાદશાહ.

ઇ૦ સ૦ ૧૧૪૯ ત્રીપાલીનો કાંઉન્ટ રેમાન્ડ.

ઇ૦ સ૦ ૧૧૯૧ કીઝલ અરઝલન, આદરબાઝાનનો બાદશાહ.

ઇ૦ સ૦ ૧૧૯૨ જેરૂસેલમનો રાજા કાનરાડ આફ માનફર્ડ [ આ ખુન ઇંગ્લાંડના રાજા કીંગ રીચર્ડની ઉશ્કેરણીથી કરવામાં આવ્યું હોય એવો તેનાપર શક લાવ-

વામાં આવે છે ]

ઈ૦ સ૦ ૧૨૧૭ હુમય્યાનનો બાદશાહ ઓગલમીસને મારી નાં-ખવાની કોશીશ કરવામાં આવી હતી.

ઈ૦ સ૦ ૧૧૭૪—૭૬ મોટા સલ્લાઉદ્દીનને.

ઈ૦ સ૦ ૧૨૭૧ બગદાદનો હાકેમ અને મોંગલની તવારીખ લ-ખનાર અલ્લાઉદીન જુવાઈની.

ઈ૦ સ૦ ૧૨૭૨ ઈંગ્લાંડના રાજા એડવર્ડને એકરમાં.

પાછલા વર્ષોમાં ઇસમાયલીના ફિદવીઓ ભાડુતી ખુન કરનાર તરીકે પોતાની ચાકરી બજાવવા તૈયાર થતા. બીબર્સે પોતાની કોર્ટમાં એક કાગળ લખ્યો તેમાં લખેછે કે, જ્યારે આવા ભાડુતી ખૂનની જરૂર પડે ત્યારે તેમને વાપરવામાં આવે છે.

એડવર્ડ રાજાને મારી નાખવા જે કોશિષ કરવામાં આવી તે વિષે એક મુસલમાન ગ્રંથકર્તા લખે છે કે, તે ઉશ્કેરણી બિબર્સે કરી હતી.

વાનહામર લખે છે કે, અલમુતનો શેખ અથવા ગ્રાન્ડ મા-સ્તર સીરીઆના સરદારના તાબા નીચેનો દેશ છે.

કોહીસ્તાન તે પુર્વ ઇરાનમાં દેશ છે.

કુમીસમાં એક દેશ તે [ ડમગનને બોસ્ટમના પાસે છે] ઇ-રાકમાં દેશ છે તે.

કુરદીસ્તાનમાં કોઇ દેશ તાબે હતો એમ લખતો નથી.

કરનલ મોન્ટીથ કહેછે કે; આશીશીનોના કેટલાક ભાગ હતા. જે સીરીયા, કુરદસ્તાન અને એશીયા માઇનરમાં વીખરાએલા છે પણ એ બધા અલમુતમાં રેહેનાર સરદારને ઇમામ અથવા મુ-ખ્ય ધર્મગુરૂ તરીકે માનતા હતા.

ઇ૦ સન ૧૨૫૧ માં જ્યારે મંગુખાન ગાદીએ આવ્યો ત્યા

રે મોંગોલ તેણે ફત્તેહ કરવાનો પૂરો ઠરાવ કીધો અને તેણે પોતાના ભાઈ કુબ્લાઈને ચીન અને આસપાસના દેશો તાબે કરવાનું કામ સોંપ્યું. જે લશ્કર ઈરાન અને સીરીયા જવાનું હતું તેની સરદારી તેના ભાઈ હુલાકુને સોંપી. મોંગોલના ઓફીસરો જેઓ લગભગ ઈરાનમાં હતા તેઓના તરફથી જે જે ફરીઆદો આવી તે ઉપરથી ઈસમાયલીઓને તાબે કરવાનો ઠરાવ કીધો અને ઈ૦ સન ૧૨૫૪ ના ફેબ્રુઆરી મહીનામાં કારાકોરમથી હુલાકુ નીકળ્યો તે ઘણીજ સંભાળથી આગળ વધ્યો અને સન ૧૨૫૬ માં જાન્યુઆરી મહિના સુધી આકસસ નદી ઓળંગી નહિં હતી; પણ એક લશ્કર ઘણી મુદત અગાઉ "કીતીબુકાનોયન" નામના ઉમરાવના હાથ નીચે મોકલવામાં આવ્યું હતું. અને ઈ૦ સ૦ ૧૨૫૩ માં ઈસમાયલી કિલ્લાઓ ઉપર ઘેરો ઘાલવામાં તે લશ્કર રોકાયલું હતું. લડાઈ ચાલતી હતી. તે વખતમાં ઈ૦ સન ૧૨૫૫ માં આસેસીનોના રાજા અલ્લાઉદ્દીન મહમદને તેના દીકરા રૂકનદીન ખુરશાની ઉશ્કેરણીથી મારી નાંખવામાં આવ્યો અને તે પછી તેનો દીકરો ગાદીએ આવ્યો. એક વર્ષ પછી [ નવેંબર ઈ૦ સ૦ ૧૨૫૬ માં ] રૂકનદીન હુલાકુને તાબે થયો. એકસો કિલ્લા આપી દેવામાં આવ્યા. જે બધા ખોરાક અને દારૂગોળાના ઈનજીનોથી સારી રીતે પૂરા પાડેલા હતા. તેઓમાંના બે કિલ્લાઓએ તાબે થવા ના પાડી. તેઓમાંનો એક "લયબેસર" નામનો એક વર્ષ પછી તાબે થયો અને બીજો "ગિરદકુ" નો કિલ્લો વીશ વર્ષ સુધી ટકી રહ્યો તે ઈ૦ સન ૧૨૭૦ ના ડીસેંબર મહિનામાં તાબે થયો. હુલાકુએ રૂકનદીનની સારી બરદાસ્ત કીધી અને તેને "કાનના કોર્ટ" માં મોકલી આપવામાં આવ્યો. તેનું મહોત

કેવી રીતે ઉપજ્યું તે વિષે વર્ણન જુદી જુદી રીતે લખવામાં આવ્યું*છે; પણ જે બયાન ઘણું કરીને માનવામાં આવે છે અને જે રાશીદુદીને લખ્યું છે તે એકે, "મંગુખાને જ્યારે તેના આવવા વિષે સાંભળ્યું ત્યારે તે ગુસ્સે થયો અને કહ્યુ કે, તેના ઘોડાઓને નકામી તકલીફ શા માટે આપવી જોઈએ? એમ કહી રૂકનદીનને મારી નાંખવા સારૂં જલ્લાદો મોકલ્યા અને તેને રસ્તામાંજ મારી નાંખવાનો હુકમ કીધો. તે પછી અલામુત કંઇ પણ વધારે અટકાવ કરયા વગર તાબે થયું. તે ફિરકાના કેટલાક બાકી રહેલાઓએ તે કિલ્લો પોતાના કબજામાં મેળવ્યો અને થોડી મુદત સુધી ટકી રહયો. એ પ્રમાણે તેઓનો દેશ પાયમાલ થયો. જો કે તે ફિરકો રહી ગયો તે જુદા જુદા દેશમાં વીખરાઇ ગયો અને અપ્રસિદ્ધ થઇ ગયો. ઇ૦ સન ૧૮૬૬ માં એક ઘણો તરેહવાર કેશ હાઇકોર્ટમાં સર જોસેફ આરનાલ્ડ આગળ આવ્યો, તે પરથી ઇસમાયલીના બાકી રહેલાઓ વિષે નવી ખબર મળી."

"કેટલીક સદી અગાઉ ઇસમાયલીના ધર્મગુરૂ પીર સદરદીને સિંધમાં હિંદુ વ્યાપારીઓમાંથી લોકોને વટલાવ્યા અને ખોજાઓના નામથી સિંધ, કચ્છ અને ગુજરાતમાં એ કોમ ઘણી વધી. જયાંથી તેઓ મુંબાઇ અને જંગબારમાં ફેલાયા. પશ્ચિમ હિંદુસ્તાનમાં તેઓની સંખ્યા હાલ પચાસથી સાઠ હજાર કરતાં ઓછી નહિં હશે. તેઓના ધર્મમત અથવા જે પુસ્તકોને તેઓ માને છે, તે હિંદુમત, તે સાથ મુસલમાની રીવાજ અને સીયાના ગુપ્ત ધર્મથી એક અજાયબ જેવો ભેળ થઇ ગયો છે; પણ તેઓમાં મુખ્ય બાબત એ જોવામાં આવે છે કે, તેઓ ઇમામથી વંશપરંપરા ઉતરતી ઓલાદને ( ભક્તિ કરે છે

એમ નહિં કહીએ તો ) ઘણું માન આપે છે. મારી હાજરીમાં જયારે હું ઇરાનમાં રહેતો હતો ત્યારે ઘણાએક યાત્રાળુ આવતા હતા અને મોટી રકમ નાણાની જેને ઇસમાયલીના પૈસા એમ આપણે કહીએ તે તેને આપતા હતા. છેલા ઇમામના અગાઉના ઇમામ અબુલહુસેન જે અલામુતના છેલા શેખમાનો માનવામાં આવતો હતો તે ઇમામની ઓલાદથી ઉતરેલો અને ઇમામ ઇસમાયલ અને તેનો મોટો દાદો અલીઅબુતાબેલના ઓ-લાદનો છે એવો દાવો કરતો હતો. એની પાસે મહેલાતીમાં ઘ-ણી મિલકત હતી. તે એક વખત કિરમાનનો હાકેમ હતો તે-નો દીકરો અને તેની ગાદીએ આવનાર શાહ ખલીલલ્લા યઝ-દમાં એક કજીઆમાં ઇ૦ સ૦ ૧૮૧૮ માં મારયો ગયો હતો.

ફતેહઅલીશાહ ઇસમાયલી કીનાથી ઘણો બીતો હતો જેથી માણસનું ખૂન કરવું એ ગુન્હાની સજા ઘણી સખત કરતો. તેણે નાના ઇમામ આગાખાનને બક્ષીસો અને માન અકરામ આપ્યું અને પોતાની દીકરીઓમાંની એક દીકરી વિવાહમાં આપી. ઇ૦ સ૦ ૧૮૪૦ માં આગાખાને કિરમાનમાં હુલ્લડ જગાડયું હતું જેથી ઇરાનમાંથી નાશી જવું પડયું. તેણે સિં-ધમાં આવીને આશ્રય લીધો અને છેલે કંદહારમાં જનરલ નાટને અને સિંધમાં સર નેપીઅરને ઘણા સારા વખતે મદદ આપી. જે માટે આપણી બ્રિટીશ સરકાર તરફથી પેનશન મળે છે.

ઘણાં વર્ષો થયાં આ ખરા વારસના રહેવાનું મથક મુંબઇ છે. જયાં તેને મોટી પેદાયશ ઇમાન રાખનારાઓ પાસેથી મળે છે તે સરતના ઘોડાઓ રાખવા અને તેના મુખ્ય મુરબી અને આગેવાન થવા ઉપર ખર્ચ કરે છે અથવા ખર્ચ કરતા હતા.

ખોજાઓમાં બે તડ પડવાનું કારણ એ હતું કે, કેટલાક મુંબઇની જમાયતમાંથી જેઓ પૈશાવાલા હતા તેઓની મરજી એવી થઇ કે, જમાયતના તરેહવાર ધર્મના મતમાંથી જુદા થઇ માન ભરેલા સુની થઇ રહેવું જેથી ઇ૦ સ૦ ૧૮૬૬ માં હાઇકોર્ટ મધ્યે કજીઓ ચાલ્યો હતો જેની મતલબ એ હતી કે, આગાખાનનો ખોજાઓ ઉપરનો સઘળો હક્ક દૂર કરવો અને જમાયતની મિલકત સુની મુસલમાનને સ્વાધીન થાય.

મી૦ હાવર્ડ અને જોસેફ આરનાલ્ડનાં ઘણી મહેનત લઇ કરેલાં ભાષણો જે આ બાબત કોર્ટમાં કરવામાં આવ્યાં તે ઉપરથી મેં ઉપર લખેલી વિગત મેળવી છે. ચુકાદો જે કરવામાં આવ્યો તે તદન પાહાડી ઘરડા પુરૂષની તરફેણમાં થયો.

---

## મિસરમાં ઈસમાયલીઓ કેળવણી આપતા હતા તે વિષે હકીકત.

### હિસ્ટરી આવધી આસીસીન્સમાંથી.

" ૨૫૭૦૦૦ ડ્યુકેટો આ વિદ્યાલયની પેદાયશ હતી ( સાડા બાર રૂપિયાનો એક ડ્યુકેટ ) અને તે $\frac{૧}{૧૦}$ અને $\frac{૧}{૮૦}$ એ પ્રમાણમાં ઉઘાડવામાં આવતી હતી. તેનો ઉપયોગ વિદ્યાલયના શિક્ષાગુરૂઓ અને બીજા અધીકારીઓના પગાર આપવામાં, શિખવવા માટેની જરૂરીઆતો પુરી પાડવામાં, શાસ્ત્ર સબંધી જાહેર કેળવણી આપવા માટેનાં સાધનો લેવામાં તથા ધર્મની છુપી ચીજો ખરીદવામાં થતો. શાસ્ત્રની કેળવણીમાં મનુષ્યજ્ઞાનની સઘળી શાખાઓનો સમાવેશ થતો અને ધર્મની બાબતમાં નીચે લખ્યાં નવ સિદ્ધાંતો અનુક્રમે નવ પાયરીએ આવતા "

" બીજી સઘળી પાયરીઓ કરતાં પહેલી સૌથી વધારે લાંબી તથા મુશ્કેલ હતી; કારણ કે શિક્ષકના જ્ઞાનમાં વિદ્યાર્થિને પુરો ભરોંસો રાખવાને ઉશ્કેરવા તથા ધર્મ સબંધી છુપા ભેદ પ્રમાણે વ-ર્તવામાં કંઈપણ વાંધો લેવો નહિં તથા તેમાંતો કેવળ આસ્થાજ રાખવી એવું આકરા સમ ખાઈને કબુલ કરવા તેનું વલણ કરાવવા માટે તે જરૂરની હતી. "

"આ મતલબ સાધવાને માટે સ્થાપિત ધર્મ અને બુદ્ધિથી જોતાં એક બીજાથી વિરૂદ્ધ જણાય એવી ઘણીક વાતોથી આ ડાઆવળા સવાલો અને કપટ ભરેલા શકો લાવી કુરાનની વાતોને ગુંચવણ ભરેલી કરી અને જેવી રીતે નાળિએર ઉપરના બહારના છાલાની અંદર કોપરૂં રહેલું છે તેવી રીતે ઉપર ઉપરના અર્થની અંદર વધારે ઉંડો ગુઢાર્થ બતાવી મનને ગુંચવણમાં નાખવાને માટે દરેક લઈ શકાય તેવો ઉપાય લેવામાં આવતો. શિષ્યની જીજ્ઞાસા જેટલા પ્રમાણમાં વધતી હોય તેટલાજ પ્રમાણમાં જ્યાં સુધી તે આકરા સમથી બંધાય ત્યાં સુધી આ મુશ્કેલીઓનો જરાપણ ખુલાસો આપવાને માટે શિક્ષકની ના પાડવામાં દૃઢતા વધતી. આ પછી તેને બીજી પાયરીમાં દાખલ કરતા. અહીં તેને ઇશ્વરે નિરમેલા ઇમામો, જેઓ સઘળી વિદ્યાનું મુળ હતા, તેમની ઓળખાણ પડતી. તેઓમાં તેને પુરૂ ઇમાન બેસે કે, તરતજ ત્રીજી પાયરીમાં તેઓની સંખ્યા વિષે તેઓને કહેવામાં આવતું. આ સંખ્યા પવિત્ર સાતથી વધારે નહતી. કારણ કે ખુદાએ સાત આશમાન, સાત દુનિયાં, સાત દરિયા, સાત ગૃહો, સાત રંગ, સાત સુર, તથા સાત ધાતુઓ, જેવી રીતે કરેલ છે તેવીજ રીતે તેણે પોતાના પ્રાણીઓમાં સૌથી શ્રેષ્ટ એવા સાત પ્રસિધ્ધ ઇમામો નીમેલ છે. આ-

નાં નામ અલી, હસન, હુશૈન, અલીઝેનલાબદીન, મહમદ બાકર, જાફર શાદક અને તેનો દીકરો સાતમો તથા છેલો ઇસમાયલ"

"આપણે જોયું તેવી રીતે ઇમામીઓ તથા આમાં ફેર એટલોજ કે ઇમામીઓ સાતને બદલે બાર માનતા. આથી પાયરીમાં આવવાનું તેઓએ બહુ સહેલું રાખ્યું હતું. આમાં એમ કહ્યું છે કે, દુનિયાંની શિરૂઆત થઇ તે પછી સાત ઇશ્વરી કાયદા કરનાર અથવા ઇશ્વર તરફથી મુકેલા બોલતા પેગંબરો થયા છે. જેમાંના દરેકે ખુદાની આજ્ઞાથી પોતાનાથી આગળના મતો ફેરવેલ છે. આમાંના દરેકને સહાયભુત થઇ પડે એવા સાત મદદગાર હતા. જેઓ વખતની દરમિઆન એક બીજા પછી આવતા ગયા; પણ તેઓ ખુલી રીતે પ્રસિદ્ધ ન થયા તેથી તેઓ "મુંગા" કહેવાતા."

"આ "મુંગા" ઓના પહેલાને "સુસ" કહેતા અને તે બોલતા પેગંબરોના આચાર્યોની જાણે કે, જગ્યા હોય નહિં ! આ સાત બોલતા પેગંબરો તેઓની સાત જગ્યાઓ શીખે નીચે મુજબ હતા.

"આદમ, નુહા, ઇબ્રાહિમ, મૂસા, ઇસા, મહમદ અને જાફરનો દીકરો ઇસમાયલ જે છેલ્લો હોવાથી સાહેબેઝમાન (વખતનો ધણી) કહેવાતો."

"તેઓના સાત મદદગારો નીચે પ્રમાણે હતા."

"સેથ, શેમ, ઇબ્રાહિમનો દીકરો ઇસમાયલ, આયરન, સીમોયન, અલી અને ઇસમાયલનો દીકરો મહમદ"

"આ સારી ગોઠવણ જેને માટે ઇસમાયલીઓને સપ્તનું નામ મળ્યું હતું તેથી ખુલ્લું દેખાય છે કે, દરેક પેગંબરી કા-

રફીરદીમાં મુંગાઓમાંથી માત્ર પહેલાનુંજ તેઓએ નામ આપ્યું છે. ઇસમાયલનો દીકરો મહમદ જે છેલા પેગંબરના સાથીઓમાંનો પહેલો હતો તેને ગુજરી ગયે સો વર્ષ થઇ ગયાં હતાં તેથી જેઓનો અભ્યાસ આ પાયરીએ અટકયો હતો તેઓને માટે ચાલતા જમાનાના "મુંગા" પેગંબર તરીકે તેઓની મરજીમાં આવે તેને નીમવાને શિક્ષકોને છુટ હતી."

"પાંચમી પાયરીમાં જ્યારે શિખાઉ આવે ત્યારે તેને મતોમાં વધારે ખુલ્લી રીતે ઇમાન આવેછે. આ કારણને માટે અને ખરા ધર્મના વધારાને માટે તેમાં એવું કહેવામાં આવ્યું હતું કે, સાત "મુંગા" પેગંબરોમાંના દરેકને બાર મદદગાર હતા. કારણ કે બારનો આંકડો સાતના આંકડા પછી શ્રેષ્ટ છે; કારણ કે રાશીઓ બાર છે મહિના બાર છે, ઇસ્રાયલીની જાતો બાર છે તથા દરેક હાથની આંગળીનાં હાડકાં અંગુઠાનાં બાદ કરતાં બાર છે.

"આ પાંચમી પાયરી પછી ઇસમાયલી ધર્મનાં સિદ્ધાંતો તપાસવામાં આવતાં અને છઠીમાં એવું દેખાડવામાં આવ્યું હતું કે, સ્થાપિત ધર્મના કાયદા સાધારણ અને તત્વજ્ઞાનના કાયદા કરતાં હલકે દરજ્જે હોવા જોઇએ."

"પ્લેટો, એરીસ્ટોટલ, પાઇથોગરાસના કાયદા પ્રમાણ તરીકે લેવામાં આવ્યા અને સિદ્ધાંત તરીકે કબુલ કરવામાં આવ્યા આ પાયરી બહુ કંટાળા ભરેલી હતી. જ્યારે તત્વજ્ઞાનીઓના ડહાપણમાં તેનું મન તે બરોબર પરોવી શકતા તથા તે વિષે બરાબર માહીતગારી ધરાવતા ત્યારે તેઓને સાતમી પાયરીમાં દાખલ કરતા. અહીં તે તત્વજ્ઞાનમાંથી છુપા જ્ઞાનમાં દાખલ થતા આ એકત્રપણાં વિષે સુફીઓએ પોતાનાં પુસ્તકોમાં જેવો મત જણાવેલ છે તેવો મત છે. આઠમીમાં ધર્મનાં વાસ્તવિક ફરમા

નો બતાવવામાં આવ્યાં હતાં; પણ તે આગલાં ફરમાનોને નાબુદ થવાને અને પેગંબરો તથા તેના મદદગારોના નિર્માલ્ય-પણાં માટેજ તે વાત હવે બરાબર અજવાળામાં આવતી. સ્વર્ગ, નર્કના અસ્તિત્વપણાં વિષે કૃત્યોનાં વિરકતપણાં વિષે તથા તેઓને માટે આ તથા આવતી દુનિયામાં ઇનામ તેમજ શિ-ક્ષા નથી, એ વિષે તેની આંખો ઉઘડતી અને સત્તાની હદમાં ન રહે એવી તૃષ્ણાનું હથીઆર થવાને માટે તે નવમી અને છેલી પાયરીમાં તૈયાર થાય છે. આ પંથનું ટુંકામાં સિદ્ધાંતઃ—"

" માનવું કંઇ નહિં અને હિમ્મત સઘળી વાતની કરવી હે-વાથી ધર્મ અને નીતિના દરેક તત્વમાર્ગનો નાશ થયો. ધર્મા-ચાર્યોની મદદથી લોભી યોજનાઓ પાર પાડવા શિવાય તેનો બીજો કોઇ ઉપયોગ થતો નથી. દરેક વાત ઠગાઇ ભરેલી તથા કોઇપણ વાતની મનાઇ નથી, એમ સમજી કોઇને પણ મા-ન આપે નહિં અને કુલ કામ કરવાની બાથ ભીડે તેવા ધર્મ-ગુરૂઓને ઘાતકી કામો કરવાનાં તેજી હથીઆર શિવાય બીજું શું નામ આપી સકાય. "

" મનુષ્ય દેહ ધરી જે ઉમદી મતલબો સાધવાની છે તેસા-ધવાને બદલે માત્ર વિષય ભોગનીજ તૃપ્તિ મેળવવી એજ આ સંપ્રદાયની મતલબ હતી અને તેનું પરિણામ એ આવેછે કે, આ સંપ્રદાય અજ્ઞાનરૂપી અઘોર ખાડામાં પડે છે અને તે મો-ટાં રાજ્યો અને ધર્મસ્થાનોને ખંડેરો કરી જુલમ ભરેલાં રા-જ્યના કમકમાટો બતાવી, પ્રજાના સુખનો નાશ કરી અને મ-નુષ્ય જાતિની સામાજીક પડતી લાવી અંતે નાબુદ થાય છે. "

# ભાગ ત્રીજો.

## ઉપદેશકો અને તેમની કૃતિ.

ઇસમાયલી ધર્મ, રાજય અને કારકીર્દિ વિષેની હકિકત બીજા ભાગમાં આપણે વાંચી. ઇસમાયલીઓની નિઝારી શાખાની અલમુતગઢ ઉપર ગાદી હતી એ પણ આપણે જાણ્યું. અલમુત એક પાહાડી કિલ્લો છે. જે કાસ્પીઅન સમુદ્રના દક્ષિણ કાંઠા ઉપર ઇરાનના ઉ-તર ભાગમાં આવેલ છે. નિઝારીઓ રાજ્યની સાથે ધર્મનો પણ ફેલાવો કરતા હતા. તેમના તરફથી ઉપદેશ અર્થે કેટલાક ઉપાધ્યાઓ આ આર્યભુમિ તરફ આવ્યા હતા. પહેલાં તેઓ કાશમીરમાં આવ્યા અને પછી આગળ વધ્યા. હિંદુઓને તેઓએ નિઝારી મતનો બોધ કર્યો હતો, તેમાં કાશમીરી અને લાહોરી શિખ લોકો અને તે તરફના માર્ગી ધર્મવાળા લોહાણા વગેરે હતા. તેઓના ઉપદેશની રીત એવી હતી કે, ફુંકી ફુંકી પગલાં ભરવાં. શિષ્યોના મનની અનુકુળતાની યોજના કરી આગળ વધવું, તેઓને હિંદુ ધર્મમાંથી ઇસલામ ધર્મમાં લાવવાના હતા. એકદમ મુસલમાન થવા કહેવામાં આવે તો લોકો માને નહિં; માટે યુક્તિથી કામ લીધું હતું.

સન ૧૮૯૬ ના ખોજા જૅન્ટ્મેન્ટમાં ઇસમાયલીઓની ધર્મ શીખવવાની યુક્તિ આધારવડે બતાવી છે, તે અહીં દાખલ કરવા દુરસ્ત ધારૂંછું.

" અગર એક સીયા જે ઇમામી ઇસમાયલી ધર્મના નહિં હોય તેને વટલાવવો હોય તો, ધાઇ અથવા પાદરી સીયા ધર્મનો તાલીમને દિલોજાનથી સ્વિકાર કરે છે. અલી અને

તેના દીકરાઓ ઉપર ગુજરેલ ઘાતકીપણું અથવા હુસેનની સાહદત વિષે અને તેના કુટુંબને કેદ કરવા વિષે તેણે ઘણી દયા ઉપજે એવો વિચાર આપવો. બની ઉમૈયા અને અબાશી તરફ તિરસ્કાર બતાવવો. એ પ્રમાણે પોતાના માટે રસ્તો તૈયાર કરીને પછી ઇસારો કરવો કે, સીયા ધર્મના મત સંપુર્ણ તૈર-જાણવા સારૂ ઇસમાયલી ધર્મના છુપા ભેદો શીખવા જોઇએ. "

" જો તેણે એક યાહુદીને વટલાવવો હોય તો તેણે ખ્રિસ્તિ અને મુસલમાન ધર્મ વિષે વિરૂધ્ધ બોલવું અને જેને વટલાવવા માગતો હોય તેની સાથે મળી જઇને કહેવું કે, " મસીઆ " આવનાર છે તેની વકકી રાખવી; પણ રફતે રફતે તેના મગજમાં આ વાત ઉતારવી કે જે " મસીયા " આવનાર છે તે ઇસમાયલી ધર્મનો મોટો " મસીઆ " અલી શિવાય બીજો કોઇ નથી. "

" જો તે એક ખ્રિસ્તિ ધર્મ પાળનારને વટલાવનાર હોય તો, યાહુદી લોકોની હઠ અને મુસલમાન લોકોના અજ્ઞાનપણાં વિષે લંબાણથી બોલવું, ખ્રિસ્તિ ધર્મના મુખ્યભાગને માન આપવાનો ડોળ ઘાલવો; પણ ધીમે રહીને એવો ઇસારો કરવો કે, તે સઘળું અલામતી છે અને તેમાં વધારે ઉંડો ભેદ છે અને તે ભેદ ખુલ્લો કરનાર માત્ર ઇસમાયલી ધર્મ છે. પછી તેણે એવી સુચના કરવી કે, ખ્રિસ્તિ લોકોએ " પારાકલીટ " ની તાલીમનો અર્થ કંઇ એક દરજ્જે ઉલટો કરયો છે. એક " પારાકલીટ " ( બચાવનાર ) તો છેજ અને એ " પારાકલીટ " એટલે બચાવનાર ધાઇ અથવા મિસનરી એમ પોતાના ખોળ કરનાર મિત્રને સમજાવે કે, કયો ખરો બચાવનાર છે? "

" પોતાના ધર્મના વિચારો છુપા રાખવા, જેઓને પોતાના ધ-

ર્મમાં લાવવા માગતા હોય તેઓના ધર્મનો મોટો ભાગ પોતાનો કરી કબુલ રાખવો. "

આ હકિકત ઇસમાયલી લોકોનાં સન્તા ભરેલાં પુસ્તક " કિતાબ સીયાશેસ્ત " ઉપરથી લેવામાં આવી હતી એમ જજમેન્ટમાં લખેલું છે.

આર્યભુમિમાં હિંદુઓને દિક્ષિત કરવામાં પણ આવી યુકિત વાપરવામાં આવી હતી. માતાપંથી શિવાય બીજા હિંદુ કેવા ધર્મમાં હતા અને તેઓને શી રીતે સમજ પાડી હતી તે વિષેની હકિકત મળી નથી; પણ જે મળી છે તે પીર શમસની હકિકતમાં લખવામાં આવી છે.

ઘેલમી ઉપદેશકોએ પોતાનાં નામ પાધરાં કરયાં ન હતાં, તેઓએ હિંદુ ધર્મની પુરતી માહિતી મેળવી હતી. પછી તે મતને મળતા થઇ ધીમે ધીમે તેનું સુકાન પોતાના મત તરફ મરડયું. નિશાળની રીતે તેઓએ ચોપડી ચડાવવા માંડી, માતાપંથીઓને સમજાવવા સારૂ માતાપંથનાં ભજનો બનાવ્યાં, તેમાં માતાપંથના ભક્તો, નિકલંકીની સ્વારી, ઘટપાટની ક્રિયા અને જ્ઞાનમત કાયમ રાખી તેમાં ઇસમાયલી મઝહબનાં બીજ છાંટયાં.

માતા પંથનો એવો મત છે કે, નિકલંકી દશમો અવતાર પશ્ચિમ દિશામાંથી પેદા થશે. તેને બદલે અલમુત ગઢમાં મેદી પેદા થવાનું સમજાવ્યું. માતા પંથમાં નિકલંકનાં દળ સાથે પાંચ પાંડવ આવવાનું બતાવ્યું છે, તેના બદલામાં મેદીની જોડે આવનારા પાંડવનાં નામ મુસલમાની દાખલ કરયાં; વળી એવું સમજાવ્યું કે, તેઓ મુસલમાની વેશમાં આવશે; પણ મુસલમાની ધર્મનું ખંડન કરશે. મસજીદો તોડી નાખશે અને ધર્મશાળાઓ બંધાવશે.

આવી રીતે મુસલમાની ધર્મની વીરૂદ્ધ બોલતાં તેમની ધર્મ-નિષ્ઠાને અડચણ આવે તેમ નહોતું; કારણકે તેઓ સુફી મતના હતા અને તેમને એ પ્રમાણે યુક્તિથી કામ કરવા આચાર્યોની પ્રેરણા હતી જે વાત પહેલાં બતાવવામાં આવી છે.

સુફીમત બરાબર જ્ઞાનમતને મળતો છે તે વિષે પાછળ આપણે બોલ્યા છીએ; માટે સુફીમત વિષે અહીં વીશેષ લખવાની જરૂર નથી.

આવા વિચારોના સુખનો એક મુસલમાનના મ્હોમાંથી નીકળી હિંદુના કાન ઉપર પડે તે અસરકારક થયા વિના રહે નહિં. આ લોકોની પેરવી જેમ જેમ અનુકુળ આવતી ગઈ તેમ તેમ તેઓ આગળ વધતા ગયા.

" આ ઉપદેશકોએ માતા પંથની માફક આ મતો છુપા રાખવા પોતાનાં ભજનોમાં ભલામણ કરી અને તે ખુલ્લાં પાડનારને સખત સજાનો ભય બતાવ્યો.

ઘેલમી ઉપદેશકોએ માતા પંથી લોકોને તેમના ધર્મ ઉપરથી શી રીતે ખશેડયા અને ઇસલામ તરફ શી રીતે પગલાં ભરાવ્યાં, તે વિષે એ લોકોનાં બનાવેલાં થોડાં ભજનો ટાંકવાથી વધારે સમજ પડસે.

## કુતબુદીનનું ભજન.

સતજુગ મધે રાજા પેરાજ પલ્લો પાયો,
પાંચ કોડીશે રાજા મુખી કહેવાયો,
રાણી રતનાવર ધર્મ ચલાયો,
હસ્તી વિરોધીને ગતમાં પધારયા,

કરમે ધરમે સંતરા દરશન પાયા,
તો એણી વિધે પલ્લો પાયો, ધણી ધ્યાયો. ૧
ત્રેતા જુગ મધે રાજા હરચંદ પલ્લો પાયો,
સાત કોડીશ રાજા મુખી કહેવાયો,
રાણી તારાદે ધર્મ ચલાયો,
તુરી વીશોધીને ગતમાં પધાર્યા,
કરમે ધરમે સંતરા દરશન પાયા,
તો એણી વિધે પલ્લો પાયો, ધણી ધ્યાયો. ૨
દ્વાપર જુગમાં રાજા યુધિષ્ટર પલ્લો પાયો,
નવ કોડીશ રાજા મુખી કહેવાયો,
રાણી ધ્રુપદી ધર્મ ચલાયો,
કવલી વીશોધીને ગતમાં પધાર્યા,
કરમે ધરમે સંતરા દરશન પાયા,
તો એણી વિધે પલ્લો પાયો, ધણી ધ્યાયો. ૩
કળજુગ મધે રાજા બળી પલ્લો પાયો,
બારાં કોડીશ રાજા મુખી કહેવાયો,
રાણી વિણવર ધર્મ ચલાયો,
અજા વીશોધીને ગતમાં પધાર્યા,
કરમે ધરમે સંતરા દરશન પાયા,
તો એણી વીધે પલ્લો પાયો, ધણી ધ્યાયો. ૪
પાંચ સાત નવ બારાં તેત્રીસે પલ્લો પાયો,
દાસ કરજોડી કુતબુદીન બોલ્યા,
તો ચારાં જુગારો પલ્લો પાયો, ધણી ધ્યાયો. ૫

## મેહી પુરાણ.

આદ નિરંજન જુગો જુગ સરીયા, બ્રહ્મા, વિષ્ણુ, દાય મુંખ ધરીઆ, ઈંડોજ સીંચી બ્રહ્માંડ રચાયા. સોએ સમરૂં ત્રીભોવન રાયા; એમ ગુર બોલ્યા આગમ વાણી, જુઓ વિચારો સંતો ખરી નિશાની. ટેક. ૧

સ્વર્ગ, મૃત્યું પાતાળ બોલાયા, ચંદ્ર સુરજ દાનું દીપક જલાયા, સુરીજન, મુનીજન હુઆ અજવાળા, એણી રીતે બાવો નીકલંકી આયા. જુઓ૦ ૨

મુની રાજા પ્રલ્હાદ હરીચંદ બોલાયા, સહસ્ત્ર લંબને સહસ્ત્ર ઘોડા; સહસ્ત્ર સેન ચડે સજોડા. જુઓ૦ ૩

નવ દાનવ છેદી બાવો દશમે અવતર્યો, આરભ ચક્ર ધણીરો સેન ચલાયા, સહસ્ત્ર નેત્ર આરંભ ફરશે નેજે નેજે ધણી બાવારી નિઝારી હોસે. જુઓ૦ ૪

અલમોત પાટણ વાજંત્ર ગામ હરો અવતરશે, નિકલંકી નામ રેણુ વીઆણી, ભાણુ પ્રકાશ્યા, કલંક ટાળી બાવો નિકલંક હોયશે. જુઓ૦ ૫

શેહેર દિલી માંહે જોગણી હોશે, કુંતા, પંચાળી દાય અવતરશે. ત્યારે સેનમાં ડાક ડમરૂં વાજશે, ચોસઠ જોગણી મેડું મળશે. જુઓ૦ ૬

અસુર આગળ દાય દૈત ઉપાયા, વાચા દઈને વેર વસાયા કંથડ નામે ન કાયમ રાયે, વેદા વેદ દલ મળાઓ; જુઓ૦ ૭

ઉંટ લાખ સિદ્ધ સુરીનર મળશે, મેરૂ શિખર ગઢ થાનક થાશે. ગોડીઆ રમણ સંગ્રામે રમશે, તોરણ બેત્ર મુલતાન મેડું મળશે. જુઓ૦ ૮

ઉંટ લાખ, ઝુન, ભુતાવળ હોશે, વીશ લાખ માંહે વાજંતર હોસે. નવ કોડી નાગ મેડં મળશે, પીરૂ રાજાને ભાણે ભળશે. જુઓ૦ ૯

મેઘ, ગંધર્વ તતક્ષણ મેડં મળશે, ક્રોડ છત્રીશ અઢાર ભાર ગઢ ગેમર ગળશે, બાર લાખ ગઢ પેરે ઢળી ઢળી પડશે. ઉંટ લાખ જોજન ઓતારા હોશે. સવા ગજ ધરતી લાદ ચડશે, ઉંટ લાખ સહસ્ત્ર શંખ ગડહુડશે. સિંગીનાદ રણ કાયમ હોશે; જુઓ૦ ૧૦

એવાં દળ આવે, રહેમાંની, વીછલ કીચડ પેલા પાણી. વાજંત્ર વાજે માંહે અનઘડ વાણી, અવર વાજંત્રનો પાર ન જાણી. જુઓ૦ ૧૧

એવાં દળ આવે અપાર ધરણ ગગન હોય ધમધુકાર. વાજંત્ર વાજે વેણુ રસ વાજે, હણમત, ભીમ ત્યાં મહા જોધા ગાજે. જુઓ૦ ૧૨

ખંડ કાશમીર યુધિષ્ટર હોશે, નવ ક્રોડ રાજા ધર્મ પુત્ર ચડશે. કોયલા ખડક સેત્રાદી જડશે, તોરણ ખેત્ર મુલતાન મેડં મળશે. જુઓ૦ ૧૩

ઉંચ મુલતાને અરજણ હોશે, બાવન લાખ ધનકધારી ચડશે. કોયલા ખડક સેત્રાદીપ જડશે, તોરણ ખેત્ર મુલતાન મેડં મળશે. જુઓ૦ ૧૪

નગર વિજાવળ નિકડો હોશે, છત્રીસ લાખ કુંતાદળ ચડશે. કોયલા ખડક સેત્રાદીપ જડશે. તોરણ ખેત્ર મુલતાન મેડં મળશે. જુઓ૦ ૧૫

કુંઆરી પાટણ પંડત સહદેવ હોશે, બત્રીશ લાખ પોથાદળ ચડશે, કોયલા ખડક સેત્રાદીપ જડશે, તોરણ ખેત્ર મુલતાન

મેડે મળશે. જુઓ૦ ૧૬

નારાયણને નર બોલાયા, કુંવર કુંતાના પાંચે આયા. એ વરામણ મનાવી લીજે, તો અભેવન શીર છત્ર ધરીજે; જુઓ૦ ૧૭

યુધીષ્ટર શીર ટોપી સર કમલ વિશેક, ત્રીકમ ત્યાં જગમગ હોય. ત્રિલોચન ત્યાં તરગસ તાણ, મારે કાળીંગાને ઉંધ મુખ બાણ. જુઓ૦ ૧૮

દેવદેવી સવાસ ઉપજશે, સોએ મુખે બ્રહ્મા વેદ વાંચશે, રાજ જુગતી રખીઆ ને હોશે, નદી દાન ધર્મ ચલાવશે; જુઓ૦ ૧૯

ખેત્ર ઉજેણી ભર કાળીંગો મરશે, ત્યાં સહસ્ત્ર અઠયાશીનાં રૂંઢ રડશે, હાથે દડુલો રમત કરશે, રમતાં રમતાં રગત ભક્ષસે. જુઓ૦ ૨૦

સિદ્ધ સાગર તખ્ત બેસસે, દોએ મળી દીશોદીશ જોશે. બે શી સિંગાસણે વર લેશે, દૈત દાનવ વચે નારદ ફરશે. જુઓ૦ ૨૧

ત્યાં ભોમ કુવારી નિકલંક નામ, નવા નથરો ત્યાં વિસરામ. હળ હલકારા હરરા હોયસે, મારી મ્લેચ્છ પ્રભુ રાજ કરશે. જુઓ૦ ૨૨

કહે કેશવ જાત્રુ પછમથી આવે, સુરજ બોલાવે બાવો ત્રિભુવન આવે. વિનવે દેવાયત નવગુણ વાણી, નવખંડમાં બાવા તમારી આશા. જુઓ૦ ૧૩

## ભજન ઘેલમી આરાધ.

સોહસ્ત્ર નામ્યા આ દેશ ગુરૂકુ, ધન ધરતી આરાધું, તોએ ઉંટ હાથ ધરતી માગું માએ, ઉંટ હાથપર, આસન ધરૂં પેલા પ્રણામ માતા, ધરતીકું કરૂં. ધરતી ધરણુ ધરતી આકાશ, ધરતી માને ધરતી બાપ, ધરતી નામ ધરાતું જોએ, પુરા પંડત કહાવે, સોય વાચકાચના શબ્દ લહો, મંત્ર જંત્રકું કહો, નીરપવન બાંધુ બંધ અકળ બ્રહ્માંડ કલ્પ્યો ન જાય, ગતમાં પધારયા કાયમદેવ.

કાયમદેવે કરૂણા કરી, ગતમાં બેઠા પાવલીએ કરી ત્રવેણી સંગમ એકાંત, ગતમાં ગુરૂએ વરતાવી શાંત. ગતગંગા ગરૂ કેદાર, જાગી જોત હુવા દીદાર. આલમની ગત અવિગત લહે, ગુરૂ પરતાપે ઘેલમી કહે; વરણવું માતા ધરતી.

પ્રથમ નિકલંકી કાયમદેવ, વરણવું માતા ધરતી, માગુ એક પસાએ ઉંટ હાથ દેઓ મેદની, બેશી આરાધુ કાયમરા. પ્રથમ પાટ ધરતી બોલીએ, સધવાન ખેત્રપાળ બોલીએ.

જોત તો ચક્ષુ સુરજની બોલીએ, ઢાંકણુ તોજરણનાં બોલીએ; અણ અખરા વેદ નવા નાથ સંત તેત્રીસક્રોડ દેવતા, અજપા જાપ ગુર તો સંતાને, મારગ તો અકલ સાંખતો ગત પ્રમતો ત્રન નત ગુરૂ સતગુરૂ દેવ, ગુરૂજી વજરમેં પાટ. વૃતતો સમસી, વૃષતો મંજાર, સપ્તમે પાવડી, અષ્ટમે કળીકાળ. કપુરમેં પરબત, પાષાણમેં રેવત, સોરવેતહી સાવડ કરશે. તેનું નામ શ્રી શ્રાવક ધરશે, ત્રિખૂણી પાખર માથે ઢળશે; મેઘાડંબર છત્ર માથે ઢળશે, ત્રભાજન સામી હાથે લેશે, તે જમ સીગણ અમર ધા છડી, ક્રેમણુ સેજમેં ખડગ.

તેને ધડકે કાલીંગાના મસ્તક છેદશે. સંતાને સંધારશે. વિશવાશીને તારશે, અલમોત પાટણુ ઘેલમ દેશ.

પછમ પાટ, કુઈ તો ફાતમાં, હીરલો તો સાણી, જરજરો બેલ નુરની વાટી, સંતાને સદાજી અઢાર લાખ તો, કિરણુ કેવળ તો ગનાન, ચૌદ લાખ તો આરાધે. અઢાર લાખ કરન, અઢાર લાખ થંભા, અઢાર લાખ કુરશી, નવ તો વ્યાકરણુ, ચાર વેદ તો પ્રગટ, પાંચમો વેદ ગુપત. અમીની પાવર લઇ નુરસતાગર પાટ પધારશે. ત્યાં ચાર વેદ ભણુશે. શામવેદ, રધવેદ, જુજરવેદ, અથરવેદ.

ગુરના ઘરનો છે નપાર, ચારે ક્રોડ ચોરાશી થંભા, સ્વરામંડપ રચાવશે, પાંચે ક્રોડે રાજાપેરાજ, પંદતા રાણી રતનાવળ, આદનાથજી પંડત, સુરજ કોટવાળ, નીલા ઘોડા, નીલાં પલાણુ, વાંચો પંડત વેદ પુરાણુ. અન્નપાણીનાં ઘો ફરમાન, ઉતરની પ્રોડેથી પાટ પધારશે, એટલાની અટલ પદવી ખાવો આદનાથ કનેથી માગશે. સાતે ક્રોડી રાજા હરચંદ પાટ પધારશે. રાણી તારાદે કુંવર રોહીદાસ, ચોરંગી નાથ પંડત ગણેશ કોટવાળ, પીલા ઘોડા ને પીલાં પલાણુ, બેઠા ખાવો અલખ દીવાન, વાંચો પંડત વેદપુરાણુ, અન્નપાણીનાં ઘો ફરમાન.

પુરવની પ્રોડેથી પાટ પધારશે, એટલાની અટલ પદવી ખાવો ચોરંગીનાથ પાસેથી માગશે. નવે ક્રોડી રાજા યુધિષ્ટર પાટ પધારશે. માતા કુંતા સતી દ્રુપદી, મછંદરીનાથ પાટ પધારશે, સફેદ ઘોડા ને સફેદ પલાણુ. બેઠા ખાવો અલખ દીવાન, વાંચો પંડત વેદપુરાણુ, અન્નપાણીનાં ઘો ફરમાન.

દખણુ સોડેથી પાટ પધારશે, એટલાની અટલપદવી બાવો ગોરખનાથ કને માગશે, કહે ગુરૂ ગોરખ મકરો ખેલ, ઉઠા-ઓ અજેઆ મકરો વેલ; એટલા મળીને ધણીના પાન ગ્રહણુ કરશે.

એવા ચાર જુગના નર મળીને, ચાર જુગનું લગન લખાવશે. સોળ જુગતો આગે વહી ગયા, બાર પાત્ર કુંઆરા. કહો સામી કેદાડે પરણુશે, કોણુ માતા પક્ષ બોલીએ. કોણુ પિતા પક્ષ બોલીએ, કોણુ ગુરૂ પક્ષ બોલીએ. માતા તો માતંગી, પિતા તો જોતસરૂપી. ગુરૂ તો સેજસરૂપી, માસકુપનાં હવન હોશે, સમલી શાસ્ત્ર મુલતાનદીપમાં, પુરૂષનો જન્મ હોશે હેમાતનાં કુપ ધરશે. પેલો મેલાણુ જંબુદ્વીપમાં, બીજો મેલાણુ કુંભાદ્વીપમાં, ત્રીજો મેલાણુ માકુદ્વીપમાં, ચોથો મેલાણુ ઉજેણી નગરીમાં, તેમાં છે સોનાગરો પર્વત, તેમાં છે રાણી મેઘડી કુંવારી, ત્યાં સવરામંડપ રચાવશે, ધણીની કોટે અમર વરમાળા રોપશે, ચંદી ને વૃમંદી બે છે, બેનો છે તેને દોઆત, હવે થાશે સોહાન, નીમ ધણીના ઓળાના, કુડાં આળ ચડાવે, ખોટી કમાઇઉંના ધણી, ઓછી નીમીના ધણી, માંહે આવી બહાર નિસર્યા, જેણે ગતગંગાના પરદા ખોલ્યા જેણે ગુરૂની વાચા લોપી, તેને બાવો ઘાણીમાં ઘાલીને પીલશે, તેની કપરાટીનાં તેલ કાઢશે, હરી આગળ દીવી દીપશે, કોહો સ્વામી કેતી દીવી દીપશે, છપનક્રોડ બોંતેરલાખ દળમાં દીવી દીપશે, પચાસ ક્રોડ પૃથ્વીમાં ધણી ધણી કરી સમાઇ રહ્યા છે, તેને બાવો બોલાવી બેઠા કરશે. અનંતક્રોડ સંતનર ધરતીમાં સમાણા, તેની વાચા રાજા બળી ઓલીંગણુ થાશે, તીયાં સોનાના ઠાઠ, રૂપાના પાટ, અઢાર વરણુ આવી મળી

બેસશે, ત્યાં આવશે જતી, ત્યાં આવશે અડસઠ કોડી દેશી હનમાન, સોનું સુગંધી હોશે, નાગ તો નિરવીખ હોશે, સવાશેરનો ફળ નાગરવેલને લાગશે, ઉંટનાં દુધ ઝરકે પડશે, હાથીણીનાં દુધ બાર બેડાં ઝરશે. શેરડીએ કણુદાણા થાશે, તેની ધણી આગળ ખીર રંધાશે. ગૌ વાઘનાં વેર ભાંગશે, નવ વર્ષની નારી ગર્ભ ધરશે. પનર વર્ષનો પુરૂખ ફળશે, કાગડા કોયલની કામસ ટળશે, પીંપળે ફુલ લાગશે, આકડે અમી ઝરશે, થોવરે ચંદન ઉતરશે, ખારા સમુદ્ર જળમીઠડાં થાશે, ધરતીનાં ધન પ્રગટ થાશે, તે ધન સંતસાધ મળી વાંટી ખાશે, એટલાનો કલંક ઉતારશે, એરણે પગ દઈ પુરવનો ધણી પછમે પાટ પધારશે. શીતળની છાંયા આવી ઉભા રહેશે, ત્યાં ખાનારાને, પીનારાને, લેનારાને, દેનારાને તેડાવશે. ત્રણેને તેડાવશે, એકુકીરતી તે સવામણની હોશે, બાવન બાવનવાર તોળશે, હજાર હજારવાર ધડે લેશે. અન્ન પાણીના તતગ્નરા લેશે, લુણ પાણીના હિસાબ લેશે, ખરા ખોટાના પટંતરા લેશે, લાખ ટકો દઈ બાવો પાટ પધારશે. નુગરાને ઘાણી ઘાલી પીલશે. દાઆતી પરલે જાશે, એકાતી જાદા ફળ લેશે, એણે સમે પાંચ પાંડવ આવશે. પાંચ પાંડવનાં નામ ધરાવશે ઇસાને આલબદીન, ખોજાને કમલદીન, મકરદીન, દસ સરદાર સોવણમાં આવશે, બ્રહ્મા પાટ ધારી, વિષ્નું આજ્ઞાકારી, ઈશ્વર તો જોત ધારી, જતી તો ગોરખ નાથ, સતી તો કણહુરી. ગઢ ગિરનાર, કુંડ દામોદર, ઈહાં હનમાન આવશે. ચાર સતીઉં મળી સામા જઈ વધાવશે, મક્કા મુલતાનનાં કમાડ ઉઘડશે. નાકા અરજણનાં શીશ જોડાશે, અજાવંઝાને આતન દેશે, માલમીને પાત્ર કરી પરણા-

વશે, સવા ઘડો ગાય દુધ ઝરશે. સવા બેડી માખણ ઉતરશે, સવા ગાઉ સાધુને સામા જાશે, વાટે પાટ મંડાવશે, શેરીએ સદાજી વરતાવશે. પડાવી મસજીદો ધર્મશાળાઓ ચણાવશે. એટલા મળીને હુકમે હાલશે. હરી લેશે સતા જાણી, પછી લેશે ખુરસાણ. રામ રાય કરી થિર થાપશે, આરખ વરતશે આણ, આરખદ નરખદ ઝુઝશે, ધણી તણે ફરમાન, ચીણ ખનગરી ગઢ ભાંજશે સુખવાણીને સાધશે, સત્ય પડશે ત્રાગ, ચેતો સંતો ચેતો મુનીવરો સાહેબ આવસે, માનવીને વેશ માસ આસુવાર થાવર તિથી બીજ, નખત્ર ભરણી, હાજરથી ઘેલમી, હાજરથી જીનાસુખનો ઘેલમી આરાધ, ગુરૂ દેવાયતજી લાવ્યા તાતકું જગત, જગતકું આદેસ, ચારવાણી ચાર ખાણી, ચંદર, સુરજ પવન પાણી, લ્યો ગુરૂ દેવાયત હુક સાહેબ, પછી ગણે તેને વૈકુંઠ વાસ. સામકુ સલામ, ગુરૂકું પ્રણામ, વેરાગીકુ રામ રામ, કાપડીકું જીનામ, ગુસાઈકું નમોનારણ, નાનકપંથી પેરીપેર, જંદાકુ અલાઈઅલા, સભગતકું સામ સદાજી, ક્રિયા માસ છની સોણે. આસણ છ માસ ધુપ બતીસો સાંજ સવાર, ઘીનો દીવો સવાપાશેર, અનાજ એક વખત ખાવો, દાતણ કરતાં મુખ દખણ દીશે, નહાતાં મુખ પુરવ દિશે, જાડે જાતાં મુખ ઉતર દિશે, ભજન કરતાં મુખ પછમ દિશે, અચલો રાતી લાએનો, નવ સોપારી, નવ લવીંગ, નવ એલચી, નવ જનાદી, શ્રીફળ એક, છ મહિના અકલકરાનો દાતણ કરવો, એક વખત નહાવું, દિન પહોર ચઢે લખતે ઘેલમી આરાધ, નરનારી શીખે સાંભળે, જનમ જનમનાં પાતક જાય.

## નુર સતાગર.

"ઘેલમી આરાધ" નામના ભજનમાં નૂરસતાગર અમીની પાવલ લઈ પાટ પધારશે. ઈત્યાદી ભવીષ્ય વાણી આપણે વાંચી છે. તે પ્રમાણે તેમની આ તરફ પધરામણી થઈ હતી. નૂર એટલે જોત અને સતા એટલે શકિત અને ગર એટલે ગુરૂ એવો અથ એ નામનો થાય છે, શકિતપંથી આ મહાગુરૂને બહુ માન આપે છે. નૂરસતાગરને ઉપદેશ અર્થે હિંદના દેશો તરફ અલમુતના વાલી અલી ઝીકરતલસલામે મોકલ્યો હતો.

ઘેલમીઓની ખાસ નેમ પ્રમાણે માતા પંથીઓને પ્રીય થ-વા પોતે મુસલમાન છતાં તેમણે માતા પંથીઓને, પસંદ પડે એવું હિંદુનું નામ રાખ્યું હતું. મુસલમાનો આગળ "સૈયદ સાદાત" એવું મુસલમાની નામ બતાવ્યું હતું; હાલ પણ તે એ બે નામથી ઓળખાય છે. ઘેલમી ઉપદેશકોની રીતિ ફા-રસી, શાહેર શેખ સાદીના નીચે લખેલા બેતમાં આપેલી શીખા-મણને મળતી આવતી હતી.

બેત—સાદી યા ગર વસ્લ ખાહી, સુલેકુન બા ખાસો આમ;
 બા મુસલમાં અલા અલા, બા હિંદુ રામ રામ;

આ બેતની મતલબ એવી છે કે, સૌની પ્રીતિ મેળવવી હો ય તો સૌ સાથે સભ્યતાથી વર્તવું, મુસલમાન આગળ અલ્લા નું અને હિંદુ આગળ રામનું નામ લેવું.

નૂરસતાગરનું વર્ણન ખોજા પંથનાં ઘણાં જ્ઞાનોમાં છે. તે માં "રમત" નામનું જ્ઞાન મુખ્ય છે, તેનો સાર ટુંકાંમાં લખું છુ.

આ જ્ઞાનના પ્રારંભમાં એમ કહ્યું છે કે, "શિષ્ય પુછતે હો સ્વામીજી આજ કળજુગ મધ્યે પરિબ્રહ્મ ક્યાંથી આવ્યા તે

ભેદ કયો. સરજનહાર જન સતગુર સો દેવ વાચા સુણો હો મુનીવરો " આ શબ્દોનો શાર એવો નિકળે છે કે, નૂરસતાગર ના શિષ્યોએ તેમને ઇશ્વરના અવતારનું માન આપ્યું છે. એ વાર્તામાં લખ્યું છે કે, નૂરસતાગર સંતરદ્વીપ ઘેલમ દેશ તરફથી ગુજરાતના પાટણ નામના ગામમાં આવ્યો તેણે ત્યાંના એક મંદિરમાં શિવની પિંડી ઉપર પગ મુકયો પુજારીએ તેને વાર્યો અને જણાવ્યું કે, આ દેવ ઉપર રાજા સિદ્ધરાજ ફુલ ચડાવે છે તેના ઉપર તું પગ કેમ મૂકે છે ? પીરે કહ્યું કે, તારો એ દેવ હોય તો તેને બોલાવ. પૂજારીએ કહ્યું, પત્થરની મૂર્ત્તિ બોલે નહિં, પીરે હુકમ કરવાથી મંદિરની સર્વે પ્રતિમા જાગૃત થઇ ગઇ તે નૃત્ય અને ગાયન કરવા લાગી, ભીંતો ઉપરનાં વાજિંત્રનાં ચિત્રોમાંથી મધુર સ્વર નિકળ્યા.

પૂજારી અચરતીમાં પડયો અને તેણે આ ખબર તરત રાજાને પહોંચાડી. રાજા " જાનીપા " નામના જોગી જોડે મંદિર આગળ આવી પહોંચ્યો અને પીરનો પ્રત્યક્ષ ચમત્કાર જોઇ પગે પડયો. આ પછી જાનીપા અને પીર વચ્ચે કેટલીક પરિક્ષા ચાલી. જાનીપાએ એક દંડ આકાશભણી મોકલ્યો. પીરની મોજડી તે દંડને પાછી લઇ આવી. આવા ઘણા ખેલ આ વાર્તામાં લખ્યા છે, તે બધા અહીં લખવાની અગત્ય નથી અંતે જાનીપા અને તેના સાથીઓ પણ પીરને નીમ્યા, અને ધર્મ માગ્યો. પીરે તેઓને બ્રહ્મજ્ઞાનનો બોધ કર્યો એ પ્રસંગે એ પીરના ઘણા શિષ્ય થયા તે પછી એ પીર ઘેલમ દેશ ભણી ગયો.

એ વાર્તામાં લખે છે કે, જંબુદ્વીપના નવસારીના ગામમાં રાજા સુરચંદને ઘેર કુંવરીનો જન્મ થયો તેનું નામ તેણે " પા-

લણદે " રાખ્યું બ્રાહ્મણોએ ભવિષ્ય કહ્યું કે, એ કન્યા તમારૂં તારણ કરશે. કુંવરી મોટી થઇ રાજાએ તેનાં સગપણનો વિચાર કર્યો; પણ કુંવરીએ જણાવ્યું કે, મારો વર ઘેલમ દેશમાં છે તે મને વરવા અહીં આવશે. રાજાએ કન્યાને એક જુદી મેડીમાં રાખી, ત્યાં તે પીર નૂરસતાગરનો જપ કરતી હતી. રાજાની કુંવરીએ એક પારધીને રોજ સવાસેર હરણનું માંસ લાવી આપવા હુકમ કર્યો હતો. તે પકાવી તેમાંથી એક આંગળી બોળીને હોઠને લગાડતી. ઘણાં વર્ષો વીત્યાં પછી નૂરસતાગર નવસારીના જંગલમાં આવ્યો. ત્યાં પશુપક્ષીનો મેળાવડો થયો તે દહાડે પારધીને હરણ ન મળતાં તે ત્યાં જઇ નિકળ્યો. તેને પીરે હરણો પાસેથી માંસ અપાવ્યું જે હોઠને લગાડતાં કુંવરીને પીરના આવવાની ખબર પડી. કુંવરીએ આ વાત રાજાને જણાવી, રાજા પીર પાસે ગયો અને પગે પડયો. પીરે તેમને બ્રહ્મજ્ઞાનનો બોધ કર્યો; પછી પીરને પાલખીમાં બેસાડી રાજા દરબારમાં લઇ આવ્યો અને તેની જોડે કુંવરીનાં લગ્ન કીધાં. લગ્નની રીતમાં ઘણા સરંજામની સાથે ગંગા નામની ચાકરડી અને " ચચ " નામનો ચાકર આપ્યો.

આ ગામમાં પીર નૂરસતાગરના ઘણા મુરીદ થયા. તેમાંથી થતી પેદાયસ જોઇ ચચનું મન બગડયું. તેણે પીરને ઠેકાણે પાડી પોતે પીરની જગ્યા ઉપર આવવા વિચાર કર્યો. પીર સમાધિમાં હતા ત્યારે ચચે બીબીને સમજાવ્યું કે, પીર સમાધિમાંથી જાગૃત ન થાય તો આપણી શી ગતિ થાય; માટે એ વિષે આપણે પીરને પુછી માહિત થવું જોઇએ. બીબીએ તેમ કર્યું. પીરે કહ્યું કે, મારા શરીર ઉપર માખ બેસે, ત્યારે સમજવું કે, મારા શરીરમાં જીવ નથી. આ વાત બીબીએ ચ-

ચ પાસે કરી. ચચે સમાધિની હાલતમાં પીરનાં બદન ઉપર ખાંડ છાંટી તે ઉપર માખ બેસવાથી તેણે પીરના પરદે થવાની વાત જાહેર કરી અને દફન કરાવ્યો.

પીરની કબરની બાજુમાં ચચે ખાડો ખોદી પોતાના એક ચેલકાને કંઇ ભેદ ભણાવી સંતાડયો અને પોતે પીરની ગાદીનો વારસ છે એમ શિષ્યોને જાહેર કર્યું, તેની સામે ચોટ નામના એક પીરના ચેલાએ દાવો ઉઠાવ્યો; અંતે આ વાતનો ખુલાસો મેળવવા તેઓ શિષ્યો સમેત પીરની કબર પાસે ગયા અને સવાલ કર્યો. કબરમાંથી એમ અવાજ થયો કે, "ચોટ ત્યાં ખોટ અને ચચ ત્યાં સચ" આ બોલવુ પીરનું નહિં પણ ચચના ચેલાનું હતું. આવી તરેહનો દગો પીરથી ખમી શકાયો નહિં. પીર પોપટરૂપ થઇ કબર માંહેથી નીકળી આવ્યો. ચચ નાઠો અને તે ધર્મનાં પુસ્તકો સમેત મેઘવાળોના પાડામાં ગયો અને તેવડે મેઘવાળોને બોધ્યા.

પીર નૂરસતાગર સુમારે સાતસો પચાસ વર્ષ ઉપર થઇ ગયા છે એમ અનુમાન થાય છે. આ કથામાં સિદ્ધરાજ જોડે તેનો સબંધ બતાવ્યો છે. રાસમાળા નામના ગ્રંથમાં સિદ્ધરાજનું વૃત્તાંત્ત છે, તેમાં લખ્યું છે કે, સિદ્ધરાજે ઇ૦સ૦ ૧૦૯૪ થી ૧૧૪૩ સુધી રાજ્ય કરયું હતું. એ અનુમાનને બીજો ટેકો અલીઝિકરતલ સલામની હકિકત ઉપરથી મળે છે. તે એવી રીતે કે, એના વખતમાં નૂરસતાગર અલમુતમાં હતો એવી વાત માતંગના કવીતમાં છે. જે આગળ આવસે અલીઝિકર તલસલામના વૃત્તાંત્તમાં તેની વફાતનો સન ૫૬૧ હીજરી બતાવેલો છે.

આ પીરની દરગાહ સુરતની દક્ષિણે આઠ કોશ ઉપર ન-

વસારી ગામમાં છે. એ ગામ ગાયકવાડ સરકારના તાબામાં છે. એ પીરના શિષ્યો ઘણા ખરા પીર ઇમામદીનને, નૂરસતાગર સમારો દારો થાય; એમ તેમને સમજાવી વાળી લીધા હતા; અને તેની દરગાહ પણ તે પછી તેમના વંશવાળાઓના કબજામાં આવી હતી. એ દરગાહ ઉપર સુમારે અઢીશો પાઘડી શિષ્યો પૈકી દશોંદ આપે છે, તેમાંથી પુજારી અને દરગાહનું ખરચ ચાલે છે.

એ પીરના શિષ્યો કણબી, ખારવા, કોળી ઇત્યાદિ છે. અસલ એક ઓટલા ઉપર એ પીરની કબર હતી, તે ઉપર ખોજાઓએ ઉઘરાણું કરી દરગાહ બનાવી હતી, તેને સુમારે સો વર્ષ થયાં હશે તે પછી તેને વધારવાના ખર્ચમાં ખોજા શેઠ કાસમભાઇ નાથાભાઇ અને બીજાઓએ મોટી રકમો ભરી હતી. એ પીરનો ઓરસ દરવર્ષે રમજાનની ૧૭ મી તારીખનો ભરાય છે. ત્યાં એના મુરીદ અને ખોજા લોકો તથા બીજી જ્ઞાતિના માણસો પણ એકઠાં થાય છે.

ખોજા પંથના જ્ઞાનોમાં એમ કહ્યું છે કે, એ પીરની એકવાર ભેટ લીધા વિના ચોરાસી લાખ ફેરાની મુક્તિ થતી નથી. એ જગ્યા ઇમામશાહી સૈયદોએ આગાખાનને કબજે ન આપવાથી સંવત ૧૯૨૨ ની સાલમાં તેની સત્તા ખેંચી લેવામાં આવી હતી એમ કહેવામાં આવે છે.

ઇસમાયલી સુઝરાની ચોપડીમાં નૂરસતાગરનું બીજું નામ "નરમહમદ" એવું બતાવ્યું છે અને તે ઇમામ ઇસમાયલનો દીકરો હતો એમ લખ્યું છે; પણ એ વાત બંધ બેસતી નથી. ઇમામ ઇસમાયલના દીકરા મહમદના વખતને સુમારે અગીઆરસો વર્ષ થયાં હશે અને નરસતાગર સુમારે સાડા

સાતસો વર્ષ ઉપર થઇ ગયાનું આગળ કહ્યા પ્રમાણે આધાર વાળી બીનાથી જણાયું છે; માટે ઇસમાયલનો દીકરો મહમદ બોધ અર્થે હિંદુસ્તાનમાં આવ્યો હતો એ બનવું અશક્ય છે. ઇમામ ઇસમાયલના દીકરા મહમદની હસ્તી વિષે મતભેદ છે; પણ ઇસમાયલીઓના મત પ્રમાણે તેમને દુશ્મનોના ભયને લીધે યમનના મુલકમાં છુપી રીતે રહેવું પડ્યું હતું.

નૂરસતાગર ઇમામ ઇસમાયલનો દીકરો હતો એ વાત ઇમામશાહી સૈયદોની ગોઠવેલી હોવી જોઇએ. મને પીરાણામાં ઇમામશાહી એક સૈયદ મળ્યો હતો તેને મેં ખોજાપંથની હકીકત પુછી, તેણે મારી સાથે જે વાત કરી તે ખાકી ખોજાની ઇસમાયલી સુઝરાની ચોપડીને મળતી આવતી હતી, તેથી હું ધારૂછું કે, તે ખાકીએ ઇમામશાહીઓને પુછી લખેલ હશે, ખાકીની ચોપડીમાં આધારની વાતો કરતાં જોડમેળ વધારે જણાય છે; તોપણ તેની કોશિષ સ્તુતીપાત્ર છે એમ મારે કહેવું જોઇએ એ ચોપડીમાં કેટલીક વાતો અગત્યની છે તેની મદદ મેં ઉપકાર સાથે આ વૃતાંત્તમાં લીધી છે.

નૂરસતાગર પોતે જ્ઞાની હતો અને શિષ્યોને પણ અંતનો બોધ તે તેવોજ કરતો હતો. એના શિષ્યો એને ઇશ્વરનો અવતાર ગણતા હતા અને બ્રહ્માનો અવતાર પણ લેખાતા, એ વાત માતાપંથીઓ પાસેથી મળેલા દશ અવતારના ભજનમાં છે તે ભજન હું અહીં ટાંકુંછું.

સતજુગમાં પ્રભુજી ચાર અવતાર લીધા, પ્રથમ કોરભ અવતાર લીધો, કોરભરી માતા પદમાવતી તેન પેટે અવતરયા, પીતા પૂર્ણબ્રહ્મ કહીજો, માન સરોવરમાં યુદ્ધ કીધો છે, ત્યાં મદ કોટક દૈતને મારયો

છે; દૈતંની માતાતો સંભાદેવી પિતાતો નારાકંશ, તેના દીક-
શે તે રાખસ અવતર્યો, તેને ધરતીના મધ ખાધો, તેનું
નામ મદ કીટક તે માર્યો ત્યારે બીજો અવતાર મચ્છનો
લીધો, તેની મા સંખાવતી, પિતાઅતીતરખ, ગુર સોજાનંદ
તે સંખા દાણુવ કાજે અવતર્યો; સંખવો બ્રહ્માજીના વેદ
હરી ગયો, તેની માતા જારજાદેવી, પિતા સામેરી રખ, તે
હંસના ખેત્રમાં માર્યો છે; ત્રીજો રૂપ વારાહીનો લીધો, ત-
મ્મર દાણુવ દેવ યુદ્ધ કીધો, વારાહીરી માતા તો પદમાવતી
પિતા દેલુરખ, ગુર દેરૂચંદ, તમ્મર દાણુવરી માતા જાંબુ-
વંતી, પિતા સિદ્ધખળ તે ઢોર સમુદ્ર ખેત્રમાં માર્યો છે.
ચોથો અવતાર નારશિંહરો લીધોછે, પેરાજ કારણુ યુદ્ધ કી-
ધો છે, માતા લીલાવતી, પિતા તો કંસવરગણુ, તેને પેટ
અવતાર લીધો છે, દૈત હરણાકંસ માર્યો છે, હરણા
કંસની માતા તો મછગંધા, પિતા આદક તે કાશમીરીમાં
નારસિંહરૂપ હોય માર્યો છે; એતા અવતાર પ્રભુજી સતજુ-
ગમાં લીધા; તા પછી ત્રેતાજુગમાં અવતાર હરી લીધા;
પ્રથમ તો વામનરૂપ લીધો છે; તેની માતા લીલાવંતી
પીતા હરીકસ, ગુર વિપચંદ, વામનરૂપ લઇ બળને માર્યો;
ત્યાંથે ફરસરામ અવતર્યો, ખેત્ર ઇસાણુદમાં અવતર્યો છે,
માતા રણુકાદેવી, પિતા જમદારખિ, ગુરૂ અંગરખ, દૈત સ
સા અરજણુ માર્યો, સસા અરજણુરી માતા ત્રજાતારકી,
પિતા જાભુધન તે ફરસરામ માર્યો, સાતમો અવતાર શ્રી
રામચંદ્રનો લીધો, તેની માતા કોસલા, પિતા દશરથ, ગુર
વશિષ્ટમુનિ, અજોધામાં અવતર્યા છે, ત્યારે જાણુ-
રખ ઘર સીતા અવતરયાં છે, તે ત્યાં રામ લખમણુ

વનવાસ થઇ આવ્યા છે, નવતાડી પાડી છે, રામચંદર સીતા પરણ્યા છે, ત્યાંથે રાવણનો વેર લાગો છે, રાવણરી માતા ત્રજટા. પિતા દેશારખ, રાવણ અસુર થયો છે, તે સીતા હરી ગયો છે, તે રાવણ માર્યો છે, લંકાં વિભિખણને સોંપી છે, સીતાજી વારી આવ્યા છે, ત્રેતાજુગ આવી રહ્યા છે. ત્યારે દ્વાપર આવ્યો છે, પ્રભુજી અવતાર લીધા, પ્રથમ અવતાર કરસનજીનો, માતા જસોદાજી પાર્યા છે; કંસ મારવા કાજે અવતાર લીધો છે; કળજુગમાં બુદ્ધારૂપ લીધો છે; તેની માતા કરણાવતી, પિતા તો વછરાજા. તે અંતજોતમાં બેઠા છે. તેની માતા ગંધારી. પિતા અંધરાજ, તે વાઘપર માર્યો, નુરસતાગરજી વેદ સુણાયો, મુસલમાન હોઇ વેદ સુણાયો, કળજુગ બેઠા તે કોણદને, ભાદરવા વેદ તેરસ વાર શુક્રવારને દને કળજુગ બેઠા છે.

નૂરસતાગરની પોતાની વાણીનાં ભજનો મને મળ્યાં નથી પણ નૂરસતાગરના મતો તે પછીના પીરોએ પોતાના જ્ઞાનોમાં બતાવ્યા છે તેમાંથી "સતગુર નૂરના શ્લોક" એ નામના જ્ઞાનમાંથી થોડાક શ્લોક હું અહીં લખું છુ.

સતગુર કહેરે દિલમાં દેવળ પુજીએ, અને દિલમાં દેવદુવાર;
દિલમેં સાઇઆ આપ વસેતો દિલમાં આપ દિદાર;
સતગુરૂ કહેરે આપે હરીઆ લેર હુયે અને આપે વરસે નૂર
આપે સબ ઘટ દીસતા સો અંધા, કે મન દુર. ૧

ફિરસ્તાની તવારીખમાં સૈયદ મહુમદ નુરબક્ષ વિષે હકિકત નિકળે છે તે આ મહાપુરૂષની હકીકત સાથે મળતી આવે છે. પીર શમસના વૃતાન્તમાં ફિરસ્તાની કિતાબ ઉપરથી કેટલુંક તારણુ લીધું છે તે આગળ વાંચવામાં આવશે. તેમાં બતાવ્યા પ્રમા-

ણે બદકશાનમાં તેના મુરીદ હતા ત્યારે બીજે ઠેકાણે પણ હશે મીર હેદરે અમીર સૈયદ મહમદ નુરબક્ષનો રશાલો વાંચ્યો હતો તેથી જણાય છે કે, તેમણે કેટલીક કિતાબો બનાવી હશે. પણ મને તેની કોઈ કિતાબ હાથ લાગી નથી. ફિરસ્તાની બિના ઉપરથી વિશેષ એ જણાય છે કે, શાહ કાસમ અનવર જેને મુરીદો જમાનાનો ઇમામ ગણતા તેનો આ મહાપુરૂષ બાપ થતો હતો અને પીર શમસ શાહ કાસમના મુરીદોમાંથી હતો એમ પણ ફિરસ્તાની બિનાથી જણાયું છે. માતાપંથને " જોતપંથ " પણ કહે છે એ મતને અનુકુળ આવે એવો નુરબક્ષ એટલે જોતનો આપનાર લકબ રાખ્યો હતો. એણે પોતાને ઇશ્વરનો અવતાર અથવા ઇમામ મનાવ્યો છે.

ચચ અથવા માતંગ.

નૂરસતાગરનો શિષ્ય ચચ જેને નૂરસતાગરે પોપટ રૂપ થઈ નસાડયો અને તે મેઘવાળોના પાડામાં સંતાયો એવી વાત પાછળ આવી છે. ખોજા લોકો આ ચચને " ચચમુખી " ના નામથી ઓળખે છે અને મેઘવાળો તેને માતંગનું નામ આપે છે. તે કહે છે કે, હજરતઅલીએ અલમુતગઢમાં નૂરસતાગરને જે મંત્ર આપ્યો હતો તે તેણે પોપટરૂપ થઈ માતંગને આપ્યો ને તે મંત્રવડે માતંગે મેઘવાળોને બોધ્યા, મેઘવાળો માતંગને ઇશ્વરનો અવતાર ગણે છે. એણે મેઘવાળોને શી રીતે બોધ્યા તે સમજવા સારૂ માતંગનુ એક કવીત અહીં ટાંકું છું.

## માતંગનું કવિત.

અલમુતગઢ આલી ભણે, કોકો મુંજા ભાખત્ર પાળશો, પચવીશ ગામ  સોસત્રપન એતરેમેં સદ સંભળાવે; તબ ઉચ્ચો નૂરસતાગર નેણુવાય, દેવ તારા ભાખત્ર પાળશું. જેમ હજરતઅલી કહે તેમ કરશુ, ઉગમણુ જઇ ગમન કરશુ આગળ સીમ નહિં મુજંત, દો નેણ ભેર રોદન કીઆ. આગળ છે પાલણદે મયા, બે બેનડીનો વેર હતો તે મેલાપત કરશું, અમનગુર, અડનગુર, વદનગુર, વ્યાસગુર, કલજુગ કઇ સાખ ફુટો, કરમ તો કરે કોયડા. અમોએ આલો, અમોએ ઇશ્વર, અમોએ રૂપ આગળ ધરંતે; મઢદ્દીપ, જંબુખંડ, ડંમર માતંગ નામ ઉચરંતે, થાન બેઠો દાંન દેશો, રાય રંક દોય સીંજવશો, દેખ મુનારા મુલતાનગ્ન, મુલતાન અચે મરેધું ઠામ. સુણો ન સુબ્રમ દશ અવતાર, નવ અવતાર આગે રમ્યો. દશમો મેઘવારેં જે ઘરે, મહેસરી માતંગ આયો દેવ. ૧

આ કવિતનો અર્થ કોઇ કોઇ જગ્યાએ સમજાતો નથી; તોપણ સમજ પડે છે તેનો સાર આ પ્રમાણે છે:-અલમુતમાં અલીએ ભાષણ કર્યું હતું. તેણે કહ્યું કે, મારાં વચન કોઇ કોઇ પાળશે ? આ વખત નૂરસતાગરે આંખોમાં આંસુ લાવી કહ્યું કે, હે દેવ, તારાં વચન અમે પાળશું અને જેમ તમે કહેશો તેમ કરશું.

નૂરસતાગરના વખતમાં હજરતઅલી અલમુતગઢમાં ન હતા. હજરતઅલીને તો પાંચસો વર્ષ થઇ ગયાં હતાં. આ વખત અલમુતમાં હસનઅલી ઝિકરતલસલામ બાદશાહ હતો તેને હજરતઅલીનો અવતાર ગણી તેના વિષે બોલવામાં આવ્યું હશે. અલમુતગઢમાં ભાષણ પણ તેણેજ કીધું હતું ઇત્યાદિ તેના

વિષેની બીના બીજા ભાગમાં આવી છે.

આ કવિતમાં વળી ઉગમણુ ગમન કરવાનું કહ્યું છે તે હિંદુસ્તાનમાં બોધ અરથે જવાની કબુલાત જણાય છે. માતંગે વળી કહ્યું છે કે, " હું અલીછું હું ઇશ્વરછું અને આગળ જે ઇશ્વરનાં રૂપ થયાં છે તે બધાં મેં લીધાં હતાં. નવ અવતારમાં મેં આગળ રમત કરી હતી અને હુમણાં મેં દશમો અવતાર ધારણ કરચો છે. "

મેઘવાળો એમ કહે છે કે, તેઓ પવિત્ર રૂષિ હતા. પણ ગાયનો વધ કરવાથી અપવિત્ર થયા. મેઘવાળો કહેછે કે, રૂષિઓએ મહુડાના ફળનો રસ પીધો તેથી ઘેલા બની ગયા અને ઘેલાપણાંમાં ગાયની હત્યા કીધી, આ બિના પિર સદરદીનના એક જ્ઞાનમાં વિસ્તારથી વર્ણવેલી છે, તે તે પીરની હકીકત જોડે ટાંકવામાં આવસે.

માતંગની જગ્યા સિંધના " રાએમા બજાર " નામના ગામની ઇશાન્ય ખુણા તરફ ત્રણ ક્રોશના અંતરમાં છે ત્યાં તેના શિષ્યો યાત્રા કરવા જાય છે આ પંથવાળા કહે છે કે,

" પેલા જુગનો શબ્દ આ દેશ નબી કેયો સલામ સદાજી ગુરૂ સતગુરે વરતાઇ રમાચાર અને ધરમ કે જોઆર સેં વરતાઇ ગુરમામ.

આ ભાષા સમજાય છે; માટે ટીકા લખતો નથી. મામ એટલે મામૈ તે માતંગનો પડ પૌત્રો કહેવાય છે. તેની જગ્યા સિંધના નગરઠઠ્ઠામાં છે. માતંગનો વંશ માતંગ પોત્રા કહેવાય છે. નૂરસતાગરનો " સદાજી " શબ્દ ખોજા પંથનાં જ્ઞાનોમાં પણ આવે છે ( સામ સદાજીએ મુલ્લા એ જ્ઞાન જુઓ )

માતંગ વિષે બીજી એવી હકીકત મળી છે કે, તેના પિતા

એક વિદ્વાન બ્રાહ્મણ રૂમશામ તરફનો રહેવાશી હતો. પોતાના પિતાનાં પુસ્તકો લઇ નાઠો, તેના ભાઇઓ પાછળ થયા ત્યારે તે સિંધના મઢડા ગામમાં એક મેઘવાળના ઘરમાં ભરાયો મેઘવાળે તેને પોતાની કુંવારી દીકરી એક ખાટલામાં સુતી હતી તેની જોડે સુઇ રહેવા કહ્યું તેના ભાઇઓ ત્યાં આવી પહોંચ્યા. તેમના પુછવાથી મેઘવાળે કહ્યું કે, મારા ઘરમાં તો મારી દીકરી ને જમાઇ સુતાં છે તે શિવાય બીજું કોઇ નથી, એ સાંભળી તે પાછા વળી ગયા; પણ તે બ્રાહ્મણને મેઘવાળે કહ્યું કે, મારી દીકરીને તેં આળ ચઢાવી માટે તેને તું પરણ. બ્રાહ્મણે તેમ કીધું, થોડે દિવસે તે બાઇને ગર્ભ રહયો. પ્રસવ વખત તેણે જોતિષ્યના નિયમ પ્રમાણે જોયું તો બે ઘડી પછી પુત્ર જન્મે તો પ્રતાપી નિકળે, એમ તેને જણાયું; માટે તેને પોતાની સ્ત્રીના પગ તંગ બંધાવ્યા અને વખત થયો ત્યારે છોડતાં પુત્રનો પ્રસવ થયો, તેનું નામ તેની માને તંગ બાંધ્યો હતો માટે " માતંગ " પડયું.

ચચ અને માતંગનો ઇતિહાસ એટલો બધો મળતો આવે છે કે, જેથી તે બે નામ એકજ સખ્સનાં હતાં એમ માનવાને સંશય રહેતો નથી. માતંગ ઘણો પ્રતાપી પુરૂષ થઇ ગયો છે. તેણે ઇતિહાસિક વાતો જોતાં જુનાગઢના અસલ રાજ્યવંશ ચૂડાસમા, પોરબંદરના જેઠવા અને કચ્છના જાડેજાઓમાં સારૂ માન મેળવ્યું હતું. એના વંશના " મામૈ " નામના સખસે કચ્છ વિષે કેટલુંએક ભવિષ્ય કહ્યું છે તે પ્રમાણે બને છે એમ કેટલાક લોકો માને છે. માતંગના વંશના હજીપણ કચ્છના રાવ અને નવાનગરના જામને ટીલે બેસતી વખત ટીલું કરે છે તે સમે બ્રાહ્મણ જેવા પણ તેની છીટ ગણતા નથી.

## રામદે પીર.

આ પીરના જુદા શિષ્યો છે; પણ તેનો મત પહેલાં કહેલા મતનો વારસો છે. રામદે પીર તુંવર જાતનો રજપુત હતો એની માનું નામ " મેણલી " અને બાપનું નામ " અજમલ " હતું એની સમાધ પોકર્ણના કોરંભડા ગામમાં છે ( થળમાં ) એની યાત્રા ભાદરવા સુદ ૧૧ ની ભરાય છે તેમાં તેના શિષ્યોનો જમાવ થાય છે. એના શિષ્યો રજપુત, લોહાણા, ઓસવાળ અને મારવાડા મેઘવાળ વિગેરે છે. તેઓ એને ઇશ્વરનો અવતાર ગણે છે એ પીરનો વંશ નથી; પણ એના ભાઇ વીરમદેનો વંશ છે તે રામદે પોત્રા કહેવાય છે. તેઓ કચ્છનાં "કુરાદી" અને " ખાનાએ " નામનાં ગામડાંમાં છે તથા પછમ અને થળમાં પણ છે, તેમને રામદેપીરના શિષ્યો કાંઇ દાન આપે છે. આ લોકો પણ હજરતઅલીને ઇશ્વરનો અવતાર ગણે છે. તેમના દશ અવતારના ભજનમાં તે પ્રમાણે લખ્યું છે તે ભજન અહીં લખવા દુરસ્ત ધારૂંછું.

પ્રથમ તે સુન, સુન તે નસુન, પહેલા નરારંભ, નરારંભ તે આદ, આદ તે અનાદ, અનાદ તે અહંકાર, અહંકાર તે સેન, સેન તે ફેન, ફેન તે કરીઅપ, કરીઅપ તે કંદ્રપ, કંદ્રપ જગમાં જળ ઉપાયા, જળમાં કમળ, કમળમાં બ્રહ્મા, બ્રહ્મારો અતીતસેન, અતીતસેનરો મચ્છાવતાર, મચ્છરો માન, માનરો જરમાન, જરમાનરો પુરૂવરખ, પુરૂવરખરો કોરભ અવતાર, કોરભરો એલ, એલરો ડેલ, ડેલરો વારાહ, વારાહરો દાતમ, દાતમરો ગોતમ, ગોતમરો હરીકસ, હરીકસરો નારસંઘ, નારસંઘરો એખંગ એખંગરો બેખંગ, બેખંગરો સસભ્રખ. સસભ્રખરો કંસવર-

ધન, કંસવરધનરો વામન, વામનરો માનધાતા, માનધાતારો કરીઅપ, કરીઅપરો છંભાછપ, છંભાછપરો પ્રભાત, પ્રભાતરો ત્રશીંધ, ત્રશીંધરો હરચંદ, હરચંદરો રોહીદાસ, રોહીદાસરો જમદગધ્રે, જમદગધરો ફરસરામ, ફરસરામરો શ્રીધર, શ્રીધરરો ભંગડ, ભંગડરો ભાગીરથ, ભાગીરથરો દુદેવ, દુદેવરો અજેપાળ, અજેપાળરો રૂઘ, રૂઘરો દશરથ, દશરથરો રામાવતાર, રામરો લવ, લવરો પરીખત, પરીખતરો ઇઆસેન, ઇઆસેનરો બીઆસેન, બીઆસેનરો વાસદેવ, વાસદેવરો કાનદેવ, કાનદેવરો પ્રભુપત, પ્રભુપતરો અનરદ, અનરદરો વનરદ, વનરદરો વછરાજા, વછરાજારો બુધાવતાર, બુધરો નૂરસતાગર, નૂરરો અમીવિખ, અમીવિખરો આલીશેર ( હજરતઅલી ) આલીસેરરો આદમ, આદમ આવશે., મેરો નામ ધરાવસે.

## પીર શમસ.

નુરસતાગરના બે ચેલા હતા, એક ચચ અને બીજો ચોટ ચચ મેઘવાળોનો ગુરૂ થયો અને ચોટ તે પીરનો વારસ ઠરયો. ચોટ વિષે કાંઇ વધારે બિના જણાયલી નથી. પીરશમસ ચોટનો વંશજ અથવા પંથી હોવો જોઇએ; કેમકે તે પીરશમસને " શામસચોટ " એમ ચોટનું વિસેષણ લગાડી બોલવામાં આવે છે. પીરની ટીપમાં નૂરસતાગર પછી ઇમામદીનનું નામ આવે છે તેને " ઇંદ્રઇમામ કાસરાશી " પણ કહે છે તે કદાચ ચોટનું નામ હોય.

શમસ વિષે " ચંદ્રભાણ " નામનાં જ્ઞાનમાં લખ્યું છે કે, તેણે શિષ્યો પાસેથી માણસનું માંસ માગ્યું હતું અને તેને

માટે ત્રણ લાંઘા કહાડયા હતા; અને ચંદ્રભાણ નામના ભક્તે પોતાનું માથું કાપી આપ્યું તેનું ખાણું બનાવ્યું; પણ તે ખાણું ચંદ્રભાણ વિના ખાવા ના પાડી; અને તેને સજીવનક-રી સાથે જમાડયો. આ વાર્ત્તા માતાપંથના સગાળશા અને ચે-લીઆને મળતી છે એટલે તેની નકલ કરી હશે ( શેઠ સગાળ-શા સાધુ સેવ્યા, વાણીએ પાળ્યુ વૃત. એ ભજન જુઓ )

ચંદ્રભાણને મળતું " સુરભાણ " નામનું જ્ઞાન છે સૂર-ભાણ ભક્તે આ પીરને પોતાની ચામડી ઉતારી આપી હતી તે-ની તેણે મોજડી બનાવી એમ જ્ઞાનમાં લખ્યું છે. ચંદ્રભાણ અને સૂરભાણના વખતમાં એક " હરજી " નામના મોચીએ પીર શમસની ઉત્તમ શેવા બજાવી હતી. ચંદ્રભાણ એક, સૂર-ભાણ એક અને હરજી મોચી અડધો એમ ખોજા લોકો પો-તાના પંથના અઢી મોમન ગણે છે તેઓ જ્યારે પ્રાર્થના પઢે છે ત્યારે આ અઢી મોમનની હિમાયત માગે છે. ( અઢા મોમન જે પ્રસાદ, એમ બોલે છે ) ' મોમન ચિંતામણી " નામના જ્ઞાનમાં પીર શમસની વાર્ત્તા નીચે પ્રમાણે આપી છે.

પીરશમસ ઉપદેશ અરથે ચોવીશ દેશ ફર્યો હતો. ચી-નબ નગરી જ્યાં કાળીંગા નામનો દૈત્ય રાજ્ય કરતો હતો અ-થવા માતાપંથના મત પ્રમાણે હાલ પણ કરે છે. ત્યાં એ દૈત્ય-ની વહુ સુરજારાણી અને તેના કુંવર કમળાને તેણે બોધ્યા હ-તા. આ પછી એ પીર મુલતાનના ઉંચ શેહેરમાં આવ્યો, ત્યાં એક મસજીદમાં ઉતર્યો. એક દહાડે તે દરિઆ કિનારે ગયો અ-ને એક કાગળની હોડી બનાવી તેમાં બેશી દરિઆની સહેલ કીધી.

આ શેહેરમાં બાઉદીન નામનો પીર રહેતો હતો તેણે તેની

મેડીના ઝરૂખામાંથી આ ખેલ જોયો તેની નજરથી હોડી ભીં-જાવા લાગી, પીરે આ માણસને શ્રાપ દીધો તેથી તેને તત્કાળ શીંગડાં ફુટી નીકળ્યાં, તેથી તેનું ડોકું ગોખમાં અટકી પડયું. બાઉદીને પોતાના દીકરા સદરદીનને પીર શમસની શોધમાં મોક લ્યો, તેણે તેને મસજીદમાં ખોળી કાઢયો. સદરદીનની અરજથી પીર શમસે શીંગડાં તો મટાડયાં પણ તેના દાગની નિશાની વંશ-પરંપરા રાખી. આ પછી બાઉદીને પીર સમસને એક દુધથી ભરેલો કટોરો મોકલ્યો. પીર સમસે તેના ઉપર ફુલ છાંટયાં. આ ક્રિયાની મતલબ એવી હતી કે, બાઉદીને ભેદમાં જણાવ્યું કે, આ કટોરો જેમ દુધથી ભરેલો છે તેમ આ દેશમાં પીરો ભરેલા છે; માટે અહીં તને રહેવાની જગ્યા નથી. પીરે જણાવ્યું કે, આ ફુલ જેમ વગર બોજે રહેલ છે તેમ હું રહીશ.

પીર સમસ પાસે એક અમીરનો દીકરો આવજા કરતો હતો તેના ઉપર તેની પ્રીતી બંધાઇ હતી. દૈવ યોગે તે છોકરાનું મૃત્યું થયું, તેથી તેના સબંધીઓ ઘણું કલ્પાંત કરવા લાગ્યાં. ઉચના પીરોને એકઠા કરી તે છોકરાને જીવતો કરવા વીનંતી કરી; પણ તેઓથી કાંઇ બન્યું નહિં. અંતે એ છોકરાની લાશ પીર સમસ પાસે લાવ્યા, પીરને બહું દયા આવી, તેણે લાશને કહ્યું કે, "ઉઠ ખુદાકે હુકમસેં" પણ છોકરો ઉઠયો નહિ. અંતે "મેરે હુકમસેં ઉઠ" એમ કહ્યું ત્યારે આળસ મરડીને છોકરો બેઠો થયો. (દ્વૈત ભેદ ત્યાગ કરી ઉઠવા કહ્યું ત્યારે ઉઠયો)

આ કરામત જોઇ લોકો દિંગ થઇ ગયા; પણ ઉંચના પીરોને ઇર્ષા થઇ, તેમણે ખુદાને અપમાન કરવાનું પીર શમસ

ઉપર તહોમત મુકયું. તેની સજા તેના બદનનું ચામડું ઉખેડી કહાડવું એવી ઠરાવી. આ ઠરાવ સાંભળતાં પીર શમસે પોતાની ચોટલી પકડી ખોળીયું ખેંચી કહાડયું; તોપણ ઉંચના પીરિએ તે ગામમાં પીર શમસને કંઇ વસ્તુ ન આપવી એવી બંધી કરી.

પીર શમસને જ્યારે ક્ષુધા થઇ ત્યારે અનાજને માટે ઘરોઘર ભટકયો; પણ તેને કંઇ મળ્યું નહિં. અંતે એક કસાઇને દયા આવી, તેણે સવાસેર માંસ આપ્યું; પણ તે પકાવવાને અગ્નિ મળ્યો નહિં ત્યારે એ પીરે આકાશ ભણી જોયું અને સુર્યને કહ્યું કે, " આવ, તમબી શમસ હો. ઔર મેં બી શમસ હું " ( અરબી ભાષામાં શમસ સુર્યને કહે છે ) સુર્ય નીચે ઢળી આવ્યો, પીર શમસે માંસનો કડકો ભાલાની અણીમાં ઘોંચી ભાલું ઉંચું કરી સુર્યના તાપથી પકાવી લીધો. તાપથી ઉંચના લોકો વ્યાકુળ થવા લાગ્યા, તેઓ ગામ બહાર નીકળી પડયા અને પીરને પગે પડી પોતાની ભુલ વિષે ક્ષમા માગી, પીરે તેમના ઉપર દયા કરી બ્રહ્મ જ્ઞાનનો બોધ કર્યો. અને તે લોકો તેના શિષ્ય થયા. પીર શમસનાં જ્ઞાનો સુફી અથવા વેદાંત મતનાં છે તેનો નમુનો નીચે ટાંકુછું.

## જ્ઞાન.

એજી હમદિલ ખાલક અલ્લા સોઇ વસે,
જેણે કાયમ કુદરત ચલાઇ. હે બી અલ્લા. ૧
એજી સુનપે મુલ્લાં સુનપે કાજી,
ઇએ સૃષ્ટિ કિન્હે રચાઇ. હે બી અલ્લા. ૨
એજી ઇસરે માટીમાં સારી દુનિયાં નિપાઇ,

ઈસમે કોન હિંદુ કોન મુસલમાનાં. હે ભી અલ્લા. ૩
એજી હિંદુ તે જે અડસઠ તીરથ જાવે.
મુસલમાન મસીદાં. હે ભી અલ્લા. ૪
એજી મેરા સાંઈ હિંદુ ન જાણે મુસલમાન ન બુજે,
મેરા શાહ બેઠા આપ નિરંજન હોઈ. હે ભી અલ્લા.૫
એજી મનમેસ મુસલા, અલ્લા મેરા કાજી,
કાયા હમારી મસીદાં. હે ભી અલ્લા. ૬
અંદર બેઠ નિમાજ ગુજારૂં,
મુરખ કયા જાને તાયત હમારી; હે ભી અલ્લા. ૭
એજી આવે તો રોજી નહિંતો રોજા,
એસા એસા ધ્યાન શાહજીસેં ધરના. હે ભી અલ્લા. ૮
એજી મુમન સે જે સરવ મરમ બુઝે,
એલમ રાહસું ચલનાં; હે ભી અલ્લા. ૯
એજી ધ્યાન ગ્યાનમાં સરવ સુદ્ધ થાઈ,
ખોજ ખોજ કર મિલનાં; હે ભી અલ્લા. ૧૦
એજી બોલ્યા પીર શમસ સુનો મુમનભાઈ,
પીર બિન પાર કયું ઉતરનાં; હે ભી અલ્લા. ૧૧

આ જ્ઞાનના નવમા પાઠમાં ઘણી સરસ ખુબી રાખી છે તેમાં એમ બતાવ્યું છે કે, "મુમન સેજે સરવ મરમ બુઝે ઇલમ રાહસેં ચલનાં" એટલે આ જ્ઞાનનો જે બારીક મર્મ છે તે સમજી લેવો; પણ શરીયત પ્રમાણે ચાલવું એટલે લોકાચાર ન મુકવો.

પીર શમસ કયા સૈકામાં હતો એ વાત હવે આપણે તપાસીએ. સુરભાણ નામનાં જ્ઞાનમાંથી તે સંવત ૧૨૦૭ માં હતો એવું નીકળે છે.

## જ્ઞાનનો પાઠ

સંવત બારને સાતજ જાણ, કોલ આપ્યા છે નિરવાણ.

"ચંદ્રભાણ" અને "સુરભાણ" નામના ભકતોને પીર શમસે સંવત ૧૨૦૭ માં એવો કોલ આપ્યો હતો કે, હું તમને તેરમી સદીમાં મળીસ. સદરહું જ્ઞાનમાં એવી મતલબ છે.

શુમારે પોણોસો વર્ષ ઉપર "મેરાલી" અને "સાંઇઆ" એવા નામના બે ખોજા ભકત કચ્છના મુંદ્રા ગામમાં થઇ ગયા તેમણે કાંઠીના ખોજાઓને તેઓ "ચંદ્રભાણ" અને "સુરભાણ" એ ભકતોના અવતાર હતા, એવી છુપી સમજ આપી હતી. એ ભકતોની હકીકત જાણવા જેવી છે, તેથી હું ટુંકામાં અહીં લખુંછું.

આ ભકતોએ કાંઠીના ખોજાઓની સારી પ્રીતિ સંપાદન કરી હતી. એ ભકતોની ઇચ્છા કાંઠીના ખોજાને ઇમામશાહની દરઘા તરફ વાળવાની હતી અને તે કોશિષ તેમની કેટલીક પાર પડી હતી. આ ખબર ઇરાનમાં આગાખાનને પહોંચી તેમણે સાંઇઆ ભકતને માન સાથે ઇરાન બોલાવ્યો; પણ ત્યાં તેની જીભ કપાવી નાંખી.

પછી એ ભકત મકરાણમાં આવ્યો. ત્યાં થોડા દહાડા તેણે મુગાની સ્થિતિમાં કહાડયા. અંતે ઇમામશાહ પીરે તેને જીભ આપી એમ કહીને બોલવા લાગ્યો, એથી ત્યાંના ખોજાઓનુ માન સંપાદન કરી પૈસાની મોટી રકમ મેળવી મુંદ્રે આવ્યો. મુંદરામાં આવ્યા પછી તેણે અસલનું કામ જારી કરયું. જીભ કપાવાનું નિશાન તે પોતાના મીત્રોને બતાવતો હતો. તેણે ત્યાં ઇમામશાહની દરઘા બનાવી. આગાખાને તેને ન્યાત બહાર મુકવા હુકમ મોકલ્યો. એના પક્ષવાળાએ ઇમામશાહના

પંથમાં આવવા તેને ખુલ્લી રીતે કબુલાત આપી; પણ તેને તેમ કરવા હિમ્મત ન આવતાં આગાખાન સાથે સલુક કર્યો. આ ભક્તોની દરગાહ મુંદ્રામાં ભુજવાળાં નાકાંની બહાર સવાલીનાં તળાવના પુર્વ કિનારા તરફ છે. એને કાંઠોના ખોજા માને છે અને તેમના વંશજને પણ માન આપે છે.

સુરભાણનું જ્ઞાન પીર શમસનો જે વખત બતાવે છે તે પીર નૂરસતાગરની નજદીકનો છે; પણ "ફિરસ્તા" નામની ફારસી કિતાબમાં પીર શમસ હીજરીની નવમી સદીમાં હતો, એવું નીકળે છે તેને ઓછાં વર્ષ થયાં છે તેથી એના સન વિષે સંશયમાં રહેવું પડે છે.

પીર શમસ વિષે વિશેષ હકીકત ફિરસ્તાની ફારસી તવારીખમાંથી નીકળે છે, તેનો તરજુમો અહીં દાખલ કરૂંછું. એ હકીકતથી પીર શમસ અને તેના પંથીઓના કેવા મત હતા અને તેઓના વિષે સુન્ની મહજબવાળા કેવા વિચાર કરતા હતા તે સમજાશે.

—oOo—

તારીખે ફિરશ્તાને પાને ૩૩૬

"રશીદી નામની કિતાબમાં મિરજાં હૈદર લખે છે કે, કાશમીરના લોકો હનફી મહજબના હતા. ફતેહશાહના જમાનામાં "શમસદીન" નામનો શખ્સ ઇરાકની તરફ આવ્યો, તે મીર મહમદ નૂરબક્ષની તરફ પોતાની નિસબત બતાવતો હતો એ માણસ એક નવો મહજબ લઇ આવ્યો તેનું નામ નૂરબક્ષ રાખ્યું તેણે "હોતા" નામની એક કિતાબ ફિકકેની બનાવી! એમાં બેદીનીની વાતો હતી. એ કિતાબ તેણે હલકી કોમમાં પ્રસિદ્ધ કરી."

" આ કિતાબ સુન્ની અને સીયા એ બેહુ મતથી ઉલટા મતની હતી; કેમકે એ મતના લોકો હઝરતના ત્રણ અસહાબ અને બીબી આયસાંને માઠું બોલવું વ્યાજબી સમજતા હતા. એ મત સુન્ની મતથી ઉલટો છે અને મીર સૈયદ મહમદ નૂરબક્ષને "જમાનાનો સાહેબ" અથવા "મેદી" જે આવવાની વકી છે તે સમજતા હતા અને દીનના મોટા માણસો અને ઓલીઆઓને તેઓ માનતા હતા. આ વાત સીયામતથી ઉલટી છે. ઈસલામી મહજબમાં ફરમાવેલી ઈબાદતો અને રસમોમાં ફેરફાર કરી તેણે એક નવો પંથ ચલાવ્યો. "

મીર હૈદર કહે છે કે, " નૂરબક્ષી ટોળાંને મેં બદકશાનમાં જોયું હતું તેઓ સુન્નત મહજબના હતા. તેઓએ અમીર સૈયદ નૂરબક્ષનો રશાલો મને બતાવ્યો તેમાં સારી સારી વાતો લખી હતી; એમાં એક વાત એ લખી હતી કે, બાદશાહ અને અમીરથી હકુમતની સાથે પરહેઝગારી ચાલી શકે નહિં; એ કહેવું મુરખ લોકોનું છે; કેમજે હજરત યુસફ, દાઉદ, મૂસા અને મહમદ એમણે પેગંબરીની સાથે બાદશાહી ચલાવી હતી. કાશમીરી નૂરબક્ષીયા, આ લોકોથી ઉલટા મતના હતા. "

" આ નવા મતની " ફિક્કે હોતા " નામની કિતાબ જે તે વખત કાશમીરમાં પ્રગટ હતી, તે લઈ મેં હિંદુસ્તાનના આલમોને મોકલી, તેઓએ તેની ઉપર નીચે પ્રમાણે શેરો ભર્યો."

" અયે ખુદા, દેખાડ અમને ખરી વાત, ખરી તરેહ ઉપર અને દેખાડ અમને બાતલવાત બાતલ તરેહ ઉપર અને દેખાડ અમને બધી વસ્તુ જેવી હોય તેવી. "

" આ કિતાબ જોઈ એના મતોમાં ઉંડુ ઉતરતાં માલમ પડયું કે, એ કિતાબનો બનાવનાર ખોટો મહજબ રાખે છે. તે

સુન્નત મહજબથી દુર થયો છે. તે એવો દાવો કરે છે કે, તેને ખુદાનો હુકમ મહજબોના ભેદ તોડી હજરતના વખતમાં જે મતો હતા તે ઉપર લોકોને પાછા લાવવા; પણ એ દાવો તેનો ખરો નથી તે બેદીની તરફ રજુ છે. આ કિતાબનો નાશ કરવો એવી દરેક માણસની ફરજ છે અને આ મહજબ ઉખેડી નાંખવો વ્યાજબી છે. આ મહજબ રાખનાર લોકોને આ મત છોડી દેવા સમજુત આપવી, તે છતાં તેઓ એ મત ઉપર કાયમ રહેતો આ બુરાઇથી બચવા માટે તેઓને કાપી નાંખવા વ્યાજબી છે; પણ જો તોબાહ કરે તો તેઓને હજરત અબુ હનીફાનો મહજબ જેને ઉમ્મતનો ચેરાગ કહયો છે તે મહજબ ઉપર લાવવા. ”

“ આ ફિતવા જ્યારે મને પહોંચી ત્યારે ઘણા કાશમીરીઓને આ ખોટા મત ઉપરથી ફેરવ્યા, કેટલાક ખુશીથી આવ્યા, કેટલાક ઉપર શકતી કરવી પડી અને ઘણાને કતલ કીધા. એક ટોળીએ સુફી મતનો દાવો કરયો; પણ તેઓ સાફ સુફી ન હતા. તેઓ ખોટી વાતોથી લોકોને ખોટે રસ્તે લઇ જતા, હરામને હલાલનો ભેદ તેઓ રાખતા નથી, પરહેઝગારી તેઓ રાતના જાગવામાં અને કમતી ખાવામાં સમજેછે, હરામ હલાલ જે મળે તે તેઓ ખાય છે, ભુત ભવિષ્યની વાતોમાં તેઓ ગુંથાએલા છે અને એકબીજાને પગે લાગે છે. આવી કઢંગી ચાલની સાથે આ લોકો ચાળીઆમાં બેસે છે, આલમોના ઇલમને ખરાબ સમજે છે, ગેરશરીઅતને ખુદાનો માર્ગ જાણે છે, તેઓની એવી સમજ છે કે, ખુદાના મારગમાં ચાલનારને દીનમહજબ સાથે કંઇ કામ નથી. ખુદા બધા મુસલમાનોને એવી વાતોથી બચાવે. ”

" આ ટોળાંની પહેલાં કાશમીરમાં સુર્યને પુજનાર એક ટોળું હતું તેને સમાશી ટોળું કહેતા હતા. તેમનો મત એવો હતો કે, તેઓના સાફ અકીદાને લીધે તેઓ રોશનીની પેદાયશ છે અને તેઓની હસ્તી નુરના સબબથી છે; પણ તેની દાનતમાં કંઇ શંકા આવે તો સૂર્યનો વજુદ નહિં રહે અને સૂર્ય તેઓને રોશની ન પહોંચાડે તો તેઓની વજુદ નાબુદ થાય. તે લોકો એમ માને છે કે, દહાડાનો સૂર્ય પ્રગટ છતાં તેમના ભેદ જાણે છે; માટે દહાડાનાં નેક કામ કરવાં; પણ રાતને વખત તે જોતો નથી. એટલે અમારાં કામથી તે વાકેફ રહેતો નથી; માટે રાતના કામના અમે જવાબદાર નથી. "

આ શમાસી ટોળું ઉપર જણાવેલા મતથી ઉતરીને નૂરબક્ષી આ મત ઉપર આવ્યું. કાશમીરી લોક શમાસીનો લકબ શમસદીનને લગતો સમજે છે એ ચુક છે.

તવારીખ ફિરસ્તાનો લખનાર મહુમદ કાસમ ફિરસ્તાએ કાશમીરના આલમોને મહજબની વાત પુછી હતી ત્યારે તેમણે કહ્યું હતું કે, ત્યાંના લોકો બધા હનફી મહજબના છે અને સીયા લોકો ઘણુંકરી સીયા મહજબ રાખે છે કાશમીરની આસપાસના હાકેમો સિપાઇઓની સોબતથી સીયા મહજબમાં ઘણા જનુની થયા છે. કોઇ પારકુ માણસ ત્યાં આવે અને હજરતના અસહાબોને માઠું ન બોલે તેને ગામમાં રહેવા ના આપે.

ચક લોકો એમ દાવો કરે છે કે, મીર સમસ ઇરાકી સીયા મહજબી હતો. મુલહિદ લોક અને તે જમાનાના બાદશાહ તેના ઉપર ઇમાન રાખી તનાશેરી ખુતબો તેના હુકમથી પઢતા હતા. તે કહે છે કે, " અહુતા " કિતાબ શમસ ઇરાકીએ નથી બના-

વી પણ મુલહિદ લોકોમાંથી કોઇએ બનાવી હતી.

ફિરસ્તા પાને ૩૫૦

" ફતેહખાં બિન આદમખાં હીજરી સન ૮૬૪ માં તખ્તે બેઠા તેણે ફતેહશાહનો ખિતાબ લીધો, તેણે "સએફી વાઘરી" નામના એક સખ્સને બાદશાહીનાં અઘરાં કામ સોંપ્યાં, આ સમયમાં શાહ કાસમ અનવ્વર બિન સૈયદ મહમદ નૂરબક્ષના મુરીદોમાંથી મીર શમસ નામનો એક સખસ ઇરાક દેશમાંથી કાશમીરમાં આવ્યો, તેણે ઘણા લોકોને પોતાના મુરીદ બનાવ્યા. તેઓએ તમામ ધર્માદા મિલકત, ભક્તિની જગ્યાઓ અને દેવળો તેને સોંપી દીધાં. મીર શમસના ચેલાઓ જે સુફી મતના હતા, તે બુતખાનાં તોડી પાડતા, તેને કોઇ અટકાવી શકતું ન હતું. થોડા દહાડામાં કાશમીરી લોક તેમાં વિશેષ કરી ચક ટોળાંવાળા મીર શમસના મુરીદ થયા, તેમણે સુફી સીયા મહજબ કબુલ કીધો. તે તરફના ઘણા લોક તેમના પંથી થયા અને કેટલાક મુરખ જે શમસના મતની બારીકી સમજતા ન હતા તે તેમના મરણ પછી મુલહિદ થઇ ગયા. "

ફિરસ્તાની આપેલી બિના ઉપરથી એમ માલમ પડે છે કે, પીરશમસ સીયા મહજબી પણ સુફી મતનો હતો. તે ઇસમાયલી શાહ કાસમને " જમાનાનો સાહેબ " એટલે ઇમામ કરી માનતો અને સીયા લોકોને પણ તેમજ મનાવતો હતો. શાહ કાસમનું નામ ખોજાઓની પોથીઓમાં ઇસમાયલી પેઢી નામામાં છે તથા જ્ઞાનોમાં પણ છે.

અનંતના પાઠ.

ખડગ અપુરવ કુદરતી છાજે, નર કાશમશાહ વાએજીં;
પાંચ નદી મુલતાન મળે છે, ત્યાં દૈત કાળીંગાને ગાએ.

" મોમન ચિંતામણી " નામના જ્ઞાનમાંથી જે બિના લીધી છે તેમાં મુવો માણસ જીવતો કરવા આદિ જે ચમત્કારોની વાતો છે તેવી વાતો શમસ તબરેઝ વિષે પણ બોલાય છે, તેથી " શમસ ચોટ " અને " શમસ તબરેઝ " એ નામ એકજ માણસનાં હતાં એમ કેટલાક લોકો માને છે; પણ ફિરસ્તાની તવારીખમાં બતાવેલા શમસને " શમસ ચોટ " ગણીએ તો તેને માત્ર ચારસો વર્ષ થયાં અને " શમસ તબરેઝ " ને સાડા છસો વર્ષ થયાનું નીચેની હકીકત ઉપરથી નીકળે છે એમ વખતનો વાંધો આવે છે.

એમ કહે છે કે, મનસુર નામનો એક સુફી મતનો શખ્સ " અનલહક્ક " એમ બોલ્યો. અનલહક્કનો અર્થ "હું ખુદા" એવો થાય છે. હિંદુવેદાંતમતી " અહંબ્રહ્માસ્મિ " બોલે છે તેનો અર્થ પણ એજ છે. આ શબ્દો ઉચરવાથી તેના ઉપર સરાહ આવી તેને શુળીએ ચડાવી તેના શરીરના કટકા કર્યા; તોપણ તે કટકામાંથી " અનલહક્ક " એવા અવાજ નીકળતા હતા. પછી તે કટકાને બાળી રાખ કરી તેમાંથી એક ચપટી કાજીની દીકરીએ મોમાં નાખી તેથી તેને હમેલ રહયો અને તેમાંથી પીર શમસનો જન્મ થયો. શમસ તબરેઝના મરણની તવારીખ " ગુલસ્તાન મસદ " ના કર્તાએ " મઝરતહક્ક " ની કિતાબમાંથી નીચે પ્રમાણે લખી છે.

બેત—આરફે બેનઝીર શમસદીન,
શોહેરે તબરેઝ મશકંદ સવયકીન,

સાલે તારીક નકલે વો રીધવાન,
યદરકન શમસ ઓઝ અદનું જનાન.

અર્થ—બે મિસાલ ખુદાને જાણનાર, શમસદીન તબરેઝ શેહેરનો રહેવાશી હતો. એના મરણની તવારીખ "રિધવાનમ" નામનો મયાલક જે બેહેસ્તની દેવડી ઉપર દરોગો છે એણે લખી "બહેસ્તની ઉંચાઇનો સુર્ય"

આ બેતની છેલી મીસરામાંથી, શમસ તબરેઝના મૃત્યુનો સન ૬૪૪ હીજરી અબજદની ગણતરી પ્રમાણે નીકળે છે. શમસ તબરેજ સુફી મતનો હતો એમ તેની બિના ઉપરથી આપણે જાણીએ છીએ; તોપણ તેની વાણીનો એક ગઝલ અહીં ટાંકુંછું.

ગઝલ—ચેતતંદબીરે મુસલમાનાં કે મન ખુદરા ન મેદાનમ્. નતરસાઓ, ન યહુધીયમ, નગબરમ, ન મુસલમાનમ્. ન શરકીયમ, નગરબીયમ, નબારીયમ, નબરવીયમ, ન અઝ મુલ્કે, એરાકમ, ન અઝ ખાકે ખોરાશાનમ, ન અઝ ખાકમ ન અઝ આબમ, ન અઝ બાદમ, ન અઝ આતસ, ન અઝ હુવ્વાં, ન અઝ આદમ, ન અઝ ફિરદોસ, ન રિધવાનમ, મકાનમ લા મકાં બાશદ, નિશાનમ બે નિશાં બાશદ, ન ત ન બાશદ, નઝાં બાશદ, ન બાશદ ઇસ્કે જાનાનમ; હુવલ અવ્વલ, હુવલ આખર, હુવલ જાહેર, હુવલ બાતન, બિઉઝ યાહુ વયા મનહુ, દીગર ચીઝી, નમે દાનમ્, ધુઇ રાચું બદર કરદમ, યકી દીદમ, ઘો આલમરા; યકી બીનમ, યકે જુયમ, યકે ખાનમ, યકી દાનમ, અલ્લા યા શમ્સ તબરેઝે, ચિરા મસ્તી ધરી આલમ; બેજુઝજ મસ્તી, વમદ હોશી, નબાશદ હીચ સામાનમ્.

આ ગજલની મતલબ એવી છે કે, શમસ તબરેઝ કહેછે કે

હું તત્વોનો બનેલો નથી, મારી કોઇ જાત નથી, મારૂં મકાન નથી, મારૂં તન નથી, મારો જીવ નથી, મારૂં નીશાન નથી, હું પહેલાં હતો અને પછી પણ હોઇશ, એટલે હું અનાદિ છું, હું દ્વૈતને તોડું છું, એક જોઉંછું અને જાણું છું, ઇત્યાદિ.

પીર શમસ ચોટનો રોઝો ઉચમાં છે. એના મુરીદો પંજાબ અને કાશમીરમાં છે. એના મુરીદો ચોખ્ખા તનાશરી સીયા થઇ ગયા છે અને કેટલાક સુન્નીની જબરીથી સુન્ની પણ થયાછે. એની સંખ્યા હાલ પોણા લાખની હશે, એમ અનુમાન થએલ છે. તે શિવાય ભોઇ, કંસારા, સોની, વિગરે કેટલાક લોકો એ પીર શમસના ધર્મ તરફ થોડાં પગલાં ભરયાં હતાં, તેની જાત બદલાઇ ન હતી. તેઓ પાછા પોત પોતાની જાતોમાં રહ્યા; તો પણ શમશના રોઝા ઉપર માનતા માને છે અને તેના વંશજને દાન આપે છે. એ લોકોની સંખ્યા ત્રણચાર હજાર કુટંબની ગણાય છે.

## પીર સદરદીન,

ખોજા પંથનાં જ્ઞાનોમાં સતગુર નુર પછી "સાલેદીન" નું નામ આવે છે અને પીરોની ટીપમાં ઇમામદીનનું છે. એ બે નામ નુરસતાગરના ચેલકા ચોટનાં હશે એમ અનુમાન થઇ શકે છે, તે પછી શમસદીનનું નામ છે, તેનું વૃતાંત લખ્યું. તે પછી નશીરદીન, સાહેબદીન, સદરદીન અને કબીરદીન એ નામો છે. નશીરદીન અને સાહેબદીન વિષે વિશેષ હકીકત મળતી નથી; તો પણ એ પીરો નુરસતાગર પછી થયા હશે એમ

માનવાને કારણ છે. આ પીરો કોણ હતા અને તેમનો શો સંબંધ હતો અને તેમની કેવી કૃતિ હતી તે વિષે પીર સદરદીનનાં બનાવેલાં "અનત" નામના જ્ઞાનના થોડા પાઠ અહીં ટાંકું છું, તે ઉપરથી થોડી સમજ પડશે.

અનંતના પાઠ.

અલી થકી બહુ ચેનજ ચાલ્યાં, સો સતગુર નૂરે પાયા.
સાલેદીન પુરા કહીએ, હુઆ સુ દીન રહેમાન;
શાહ શમસ કેરો દિન પિછાણો, ચોદિશ તેણે પાય.
સુરજ મગાવી જોત દેખાડી, નર સોઈ અવતાર;
કરણી કારણ ખાલ ઉતારી, પ્રતક્ષ એ પરમાણ્યા.
મુઆ જીવતા તે નર કરીઆ, કરણી વિના નવ હોય.
નશીરદીન નૂરજ પાયા, હુઆ સુ દીન રહેમાન.
હિંદુ કેરી પૂજા કરતા, કિન્ને ન પાયા ભેદ.
ચરીતર હિંદુ અંદર મુસલમાન, કોઈ નવ તેને જાણે;
રોમરાય કાયા નવ રાખે, રાતીઆં કરે ઉજાગા.
નશીરદીન એવા બુજરગ કહીએ, તેણે કૈક હિંદુને તારયા;
તિસ્કી આલ પીર સાહેબદીન હુઆ, હુઆ સુ દીન રહેમાન.
સાહેબદીન ગરીબી વેશો, ફકીરી પુરી રાખી.
સફળ તેણે દશોંદ કીધી, પાયા દીન રહેમાન;
પીર સદરદીન બુજરગ કહીએ, બાર ક્રોડીના ધણી.
કળજુગમાં તેણે જીવડા તારયા, જેણે સાચી દશોંદ દીધી;
હસન કબીર દીન ગરીબ બંદા, હોતા સાહેબજીકે ચરણે.
અનંત ક્રોડીના ગુરજી આવ્યા, કરવા જીવુનાં કામ.

પીર સદરદીનનાં ત્રણ નામ હતાં, એક સદરદીન, બીજું સહદેવ અને ત્રીજું હરીચંદ. હિંદુ મુસલમાન બંનેને રાજી રાખવા તેમણે બે તરેહનાં નામ રાખ્યાં હતાં એવી આ ધર્મગુરૂની નેમ હતી, એમ પહેલાં પણ કહ્યું છે. આ ત્રણ નામો ખોજાપંથનાં ઘણાં જ્ઞાનોમાં આવે છે તેનો નમુનો અહીં બતાવું છું.

જ્ઞાનનો પાઠ.

કહે ગુર હરચંદ હર કેરી વાડી, ગુર સહદેવ સિંચણહાર,
ભણાય પીર સદરદીન, સચે શા તુરજી વાડી;
ગુર સહદેવ સિંચણ હાર.

પીર સદરદીન વિષે શેખસનાહ અને અતારની વાર્તા જે ખોજાપંથની પોથીઓમાં લખી છે તે ઉપરથી ટુંકો સાર અહીં લખું છું.

પીર સદરદીન પીર શમસનો બાલકો હતો તે દરવેશ થઈ ઈમામની શોધમાં નીકળ્યો. એને ઈરાનના ઈસ્ફહાન શેહેર પાસે "બાબા કુઈ" નામના ડુંગર ઉપર શેખસનાહ અને અતાર નામના બે દરવેશ મળ્યા દરવેશોએ તેમને પુછ્યું કે, તું કયાંથી આવે છે અને શી ઇચ્છા રાખે છે. પીરે કહ્યું કે, હિંદ દેશથી આવુંછું અને ઈમામની ભેટની ઈચ્છા રાખુંછું. દરવેશોએ કહ્યું, કરબલા જશો તો ત્યાં ઈમામની ઝયારત થશે. પીરે કહ્યું, હું હાજર ઈમામ શોધુંછું. દરવેશોએ ભેદ ન આપ્યો; તોપણ પીરે તેઓનો પીછો મુકયો નહિં અને તેઓની સેવા કરવા લાગ્યો.

આ દરવેશોમાંથી સનાહ થોડા શિષ્યોને લઇ ઇમામ તરફ જવા નીકળ્યો; પણ ત્યાં જવાને બદલે તે ફિરંગીસ્તાનમાં ગયો ત્યાં એક ફિરંગી ઓરત ઉપર આશક પડયો. તે ઓરતે કહ્યું કે, લાકડી અને કચકુલ જલાવી મારાં કુક્કરનું ટોળું ચરાવે તો હું તને પસંદ કરૂં. આ દરવેશે તેમ કરયું. શિષ્યો બહુ નારાજ થયા અને તેને છોડી અતાર પાસે જઇ હકીકત જાહેર કરી. અતારે તેમને તસલ્લી આપી અને કહ્યું કે, તે ફિરંગણને લઇ ઘડીકમાં અહીં આવશે; થોડીવારમાં તેમજ બન્યું.

પીર સદરદીનની આગ્રહ ભરેલી ભક્તિથી દરવેશોનો અતે વિશ્વાસ બેઠો, તેથી તેને પોતાના ભત્રિજા શેખમહમદ જોડે ઇમામ પાસે મોકલ્યો અને એમ કહ્યું કે, અલમુત તરફ ઇમામ મળશે. તેઓ ત્રણ દહાડા ચાલ્યા ત્યારે એક જંગલ આવ્યુ ત્યાં મુકામ કરી ખાવા સારૂ માંસ પકાવતા હતા; એકાએક ઇમામ ઇસલામશાહ જે ઘોડેસ્વાર થઇ શિકારે ગયા હતા તે ત્યાં આવી નીકળ્યા. તેણે સલામ આપી. પીર સદરદીને તરત ઓળખી દસ્તબોસી કરી, શેખમહમદે પણ તેમજ કર્યું. પછી ત્રણે ભેળા બેશી જમ્યા. આ ઇમામની ભેટ લઇ પીર સદરદીન કાશ્મીર અને મુલતાનના મુલકમાં આવ્યા.

શેખસનાહ અને અતારની બાબતમાં એક જ્ઞાન છે તે ટુંકું હોવાથી અહીં ઉતારૂં છું.

શેખ અતાર શેખસનાહ, અવતરયા તે શિરાજ ગામ.
તેનો સદરદીન શેવા કરે, તેનું હાજી ફકીર નામ. ૧
તે પીર શમસ કેરા બાળકો કહીએ, શેખ અતાર તે ચંદ્રભાણુ
શેખ ફરીદ તેને કહીએ, લોક રયૈત મુસલમાન. ૨

સુરભાણ તેની શેવા કરે, શેખસનાહ તેનું નામ;
શેખ અતાર તેને કહીએ, તે સતપંથમાં પરમાણ. ૩
ભકતભાવે તે અવતર્યો, ઇસલામશા તે અવતાર;
પીર સદરદીનથી છાનો રહયો, ઘરે શેખ અતાર. ૪
પીર સદરદીને શેવા કરી, કરી તે બારે માસ;
પોટલીએથી પાણી ભરીઆં, થઇ રહ્યા તેના દાસ. ૫
શેખસનાહ વિદેશ ગયા, લાવ્યા તે ફિરંગી નાર;
મુરીદે ત્યાં નિંધા કરી, આગળ શેખ અતાર. ૬
શેખસનાહને સાહેબે બોલાવ્યા, લાવજો ફિરંગી નાર;
શેખસનાહને હાથે પરણાવ્યા, ગયા તે દેવદુવાર. ૭
પીર સદરદીન સિધાવ્યા, શેખ મહમદ લીધા સાથ.
તે છાને માર્ગે આવીયા, ગુરનર ભકત દાસ. ૮
પીર સદરદીન બોલીઆ, અમે બંદા ગુનેગાર;
શાહશ્રી સલામશા, તમે ભકતોને ઉતારો પાર. ૯
પીર શમસનો બાલકો, રૂપ પ્રકાશ્યું તેણીવાર;
અરજ કરી ઉભા રહ્યા, સ્વામી તમે હાથ દઇ ઉતારો પાર. ૧૦
વિમરસ વાણી બોલીઆ, ગુર શમસ કેરો દાસ;
સહી કરી જે માનશે, તે ઉતરશે પેલે પાર. ૧૧

શેખસનાહ અને અતાર વિષે કેટલીક હકીકત "નુરેએલમ" નામના ચોપાનીઆમાં છે તે અહીં દાખલ કરૂંછું.

---

સન ૧૮૭૮ ના અગીઆરમા અંકમાંથી.

" હકીમ સીનાઇ આફગાનીસ્તાન માંહેલા ગીઝની શેહેરમાં જન્મ પામ્યો હતો તે પોતાની બાળક વયમાંથીજ વિદ્યાભ્યાસ ત-

થા પહેરેઝગારીમાં સારૂં ધ્યાન આપતો હતો. એનામાં સુફી ફિલસુફીના ઉંડા ભેદોના જ્ઞાન સાથે એનું દિલ માયાળુ અને પરોપકારી તથા એની રીતભાતો મનને મનહર કરનારી હતી. એ કવિતા વાંચવાનો તથા જોડવાનો માહાવરો તથા શોખ ઘણો રાખતો હતો."

"નામીચો શાહેર જલાલુદીન રૂમી પોતાને સીનાઇથી ઉતરતો ગણતો હતો અને તે માટે કહેતો કે:—

"અતાર રૂહ બુદવ સીનાઇ દો ચશ્મેઉ,
મા અઝ પયે સીનાઇ વ અતાર આમદીન;"

"અર્થ—અતાર પોતે જીવ હતો અને સીનાઇ તેની બે આંખો હતી; પણ અમે તો સીનાઇ અને અતાર એ બેઉની પછી આવ્યા છીએ."

"સીનાઇ પોતાની જીંદગીની શિરૂઆતથીજ દુનિયાંઇ મોજ મઝાહથી પહેરેઝ રહી એકાંતપણામાં રહેલો હતો અને તેનું કારણ ઘણુંખરૂં આએ સબબને લીધે હતું એ પ્રથમ તો વારં વાર પાદશાહો અને શાહજાદાઓની દરબારોમાં જતો હતો અને તેઓની નેકી તથા સખાવતનાં કામોને માટે કવિતાઓ જોડતો હતો જ્યારે ગીઝનીના સુલતાન ઇબ્રાહિમે હિંદુસ્તાન ઉપર ચડાઇ કરવાનો ઇરાદો કીધો ત્યારે સીનાઇ તેનો તારીફમાં એક કશીદો જોડી તે હિંદુસ્તાન કુચ કરે તે આગમજ તેને આપવાને દરબારમાં જતો હતો તે વેળાએ ગીઝનીમાં "લાઇખુર" નામે એક દેવાનો સખ્સ હતો તે કોઇ વખતે લાહુતમાં આવતો ત્યારે ઘણી ડાહી ડાહી વાતો કરતો તથા સાહુચેતી ભરેલી બેતો ગાતો હતો. જેવો સીનાઇ પેલો પોતાનો જોડેલો કશીદો લઇ સુલતાન ઇબ્રાહિમની દરબારમાં જતો હતો તેવામાં તેણે સ-

સ્તામાં એક બાગમાં કોઇને ગાતાં સાંભળ્યો ને ત્યાં થોડોકવાર ઉભો અને તેને તે અવાજ લાઇખુરનો માલમ પડયો. તે ગાયનમાં એમ બોલતો કે, " અએ શાકી આએ સરાબનું પ્યાલું ભર કે હું. તેથી સુલતાન ઇબ્રાહિમના અંધાપાને માટે તેમાંથી પીઉં " પેલો શાકી આથી ગુસ્સે થયો અને કહ્યું કે, આવા એક અદલ પાદશાહને માટે એવું ચાહાવું નાલાયક છે. તે દેવાનાએ જવાબ આપ્યો કે, ગીઝની જેવું સુંદર શેહેર કે જ્યાં તેની હાજરી અને સંભાળની જરૂર છે તે મુકી ફક્ત એક મુર્ખના સંદેસા ઉપરથી આવા સખ્ત શિયાળામાં એ બાહેર જાય છે; માટે એનો એ મુર્ખાઇને માટે એ અંધાપાની શિક્ષાને લાયક છે. પછી વળી લાઇખુરે તે શાકીને બીજું પ્યાલું ભરવાને ફરમાવ્યું કે, તે હકીમ સીનાઇના અંધાપાને માટે સરાબ લીએ. આથી વળી તે શાકી ઘણો સખ્ત રીતે બડબડવા લાગ્યો કે, આતો આખી દુનિઆમાં વખણાયલો શાહેર કે જેને સઘળા એક સરખી રીતે ચાહે છે અને માન આપે છે તેને માટે શું કામ એવું ચાહાવું જોઇએ. તે દેવાનાએ કહ્યું કે, " સીનાઇને તો પાદશાહ કરતાંબી વધારે બદદુવા દેવી જોઇએ. કાંયકે એના આવા ઇલમ અને હુન્નર છતાં જે કારણસર ખુદાએ તેને આ દુનિયાંમાં પેદા કીધો છે તે કારણથી તે નાવાકેફ છે અને જ્યારે તે થોડુંકમાં ખુદાની દરગાહમાં જશે અને તેને પુછવામાં આવશે કે, તે સાથે શું નેકી લાવ્યો છે ? ત્યારે તે પાદશાહો અને શાહજાદાઓ કે જેઓ પણ તેના જેવા ખાકી બંદા છે તેમની તારીફમાં જોડેલી બેતો અને ગઝલો ત્યાં રજુ કરશે " આએ દેવાનાના સખુનોનો છાપ સીનાઇના મન ઉપર એવો તો પડયો કે, તેણે તુરતજ આએ દુનિયાંની સઘળી મ-

જાહ તથા માન અકરામ મેળવવાનું છોડી દીધું અને એકાંત વાસે જીંદગી ગુજારવાનો ઠરાવ કીધો."

'એ પછી મલેક બહેરામશાહે તેને પોતાની એક બહેન સાથે પરણવાની માગણી કીધી કે જે માન પણ તેને મોટા ઉપકાર સાથે ના પાડયું અને મક્કા તરફ હજ કરવા માટે ગીઝની છોડી ગયો. ઉપલી શાહાનશાહજાદીનું માગુ ના પાડવાને માટે તે પોતાની 'હદીકત" ની ચોપડીમાં પાદશાહ પાસે આ પ્રમાણે માફ માગે છે.

" મન ન મરદે, ઝરો ઝન વ જાહુમ.
બે ખોદા અગર કોનમ વગર ખાહુમ;
ગરતો તાજ દેહી ઝે અહે સાનમૂ
બે શરેતો કે તાજ ન સેતાનમૂ."

"અર્થ—હું કંઈ સોનું તથા બાયડી અથવા મોટા મરતબાની ઇચ્છા રાખનારો પુરૂષ નથી. ખોદાના કસમથી કહુંછું કે, હું કંઇ તે માગતો નથી અથવા તેની ખાએસ રાખતો નથી અગર તું તારી મેહેરબાનીથી મને તારૂં તાજ આપે તોપણ હું તારા માંથાના સોગંદ ખાઉંછું કે, તે હું લઉં નહિં."

"હકીમ શીનાઇએ "હદીકેહ" નામની આજ સુધી રહી ગએલી એક નામીચી કિતાબ બનાવી હતી કે જેમાં સઘળી જાતની નીતિ, નેકી, સચ્ચાઇ ઇત્યાદિને માટે એવું ગંભીર તથા અસરકારક લખ્યું છે કે, તેનું બ્યાન થઇ શકે નહીં. એ ઈ૦ સન ૧૧૮૦ માં મરણ પામ્યો હતો અને એની કબર ગીઝનીમાં છે કે જયાં આજ સુધી ઘણાક લોક હજ કરવાને આવે છે."

## સન ૧૮૭૯ ના પાંચમા અંકમાંથી.

" ફરીદદીન અતારનું જન્મનામ મહમદ ઇબ્રાહિમ " ફરી હતું અને તે મલેકશાહ સિલજુકીના છોકરા સુલતાન સંજારના રાજ્યમાં નોશાપુરને લગતાં કેદકન નામના એક ગામમાં જન્મ્યો હતો. એનો બાપ એક નામીચો ગાંધી હતો અને એણે પણ પોતાની વયે પુગતાંજ પોતાના બાપનો ધંધો હાથમાં લીધો. એ પોતાની દુકાન એવી તો સફાઇદાર તથા તેજી અને ખુશબોદાર કરીઆણાં તથા વસાણાંથી ગોઠવેલી રાખતો હતો કે રસ્તે જનારનું પણ તે ઉપર ધ્યાન ખેંચાય. અને કંઇ ખરીદી કરવાનું મન થાય. આ ઉપરથી એની ઓળખ અતાર યાને ગાંધીની પડી. "

" એ પછી થોડીક મુદતે એણે પોતાનો બાપીકો ધંધો મેલી દીધો અને સુફી ફિલસુફીનો અભ્યાસ કરવા માંડયો તેનું એ પ્રમાણે મન ફરી જવાનું કારણ એ કે, એક દિવસે એ પોતાની દુકાનના દરવાજા આગળ એક દોસ્તની સાથે બેઠેલો હતો તેવામાં ત્યાં એક ફકીર આવી લાગો અને તેની દુકાનના સામાનના ઢગલાભણી આતુર નજરે જોઇ આ સઘળી દુનિયાંઇ ચીજોની ક્ષણભંગુર હાલત તથા માણસની જીંદગીની અસ્થિરતા વિષે રડવા લાગ્યો. અતાર તે ફકીરના આવા હવાઇ બોલવા તથા તેની દુકાન ઉપર તગર તગર જોવા માટે કંટાળી ગયો અને તેને ત્યાંથી દુર જવાને ચેતાવ્યું. તે ફકીર બોલ્યો કે, " હા મને કંઇ તારો દરવાજો છોડી ચાલતી પકડવાને અથવા તો એકદમ આએ દુનિયાં છોડી જવાને કંઇ અટકાવ નથી; કાંએ કે મારી બધી દોલત તો આએ ફાટાતુટા ઝભામાં છે; પણ ઓ અતાર ? હું તારા માટે દિલગીર થાઉંછું કે, તું

આએ બધી દુનિયાંઈ ચીજો છોડી જવાને માટે તારા મનમાં મોતનો વિચાર કેમ લાવી શકે ?" અતારે પુછયું કે, " આવી દોલત અને આબાદી ભરી દુનિયાં છોડી જવાને તુને કેમ ગમશે ? " તે ફકીર બોલ્યો કે, " હું એક દરવીશ તરીકે સંતોષ તથા હિમ્મતથી મરી જઈશ " એમ કહી પોતાના હાથમાં એક લાકડાનું વાસણ હતું તે નીચે જમીન ઉપર મેલી દઈ તે ઉપર પોતાનું માથું મુકયું અને ખુદાતાલાનું નામ દઈ પોતાનો પ્રાણ તે કિરતારને સ્વાધિન કીધો. આ જોઈ અતારના મનમાં ઘણીજ ગંભીર અસર થઈ અને તેણે પોતાની દુકાન તથા સઘળો અસબાબ વેંચી નાંખી નામીચા શેખ રૂખનુદીન પાસે ઘણા ઉદ્યોગથી સુફી ફિલસુફીનો અભ્યાસ કરવા માંડયો. "

" તેણે એટલી તો ઝડપ તથા ઉલટથી અભ્યાસ કીધો કે, થોડીક મુદતમાં તો તે સુફી ભેદોનાં ઉંડાં તત્વો પણ સમજવા લાગ્યો. તેણે એ બાબતનાં ચારસો પુસ્તકો એકઠાં કીધાં અને તે બધાં ચીપી ચીપીને વાંચ્યાં એ પછી એણે મક્કા તથા મદીનાની એકકી હજ કીધી અને એક સુફી ફિલસુફ તથા નામીચા કવિ તરીકે આખા ઇરાન તથા અરબશ્તાનમાં વખણાયો. એને કવિતા બનાવવાનો શોખ પછવાડેથી થયો અને તેમાં એ રાતદિન ગુંથાએલો રહેતો હતો. એણે બધી મળી ૧૨૦૦૦૦ ) બેતો નીચલાં જુદાં જુદાં પુસ્તકોમાં લખી હતી.

| | |
|---|---|
| તજકરતુલ—ઓલીઆ | મુસીબત—નામેહ |
| જોહેર—અલઝાત | મનતીક—અલ—તેઇર |
| લીસાન—ઉલ—ગાહીબ | અસરાર—નામેહ |
| મઝહર—અલ—અજાઈબ | અશતર—નામેહ |
| વસલેત—નામેહ | વસીહત—નામેહ |

| | |
|---|---|
| ખુસરૂ—નગુલ | બીસર—નાં—તનેહ |
| બુલબુલ—નામેહ | કનઝઉલ—હકાયક |
| હરૂત—વાડો | મીરૂતાહ—ઉલ—ફતેહ |
| પંદ—નામેહ | મુખતાર—નામેહ |
| ઇલાહી—નામેહ | દીવાને—અતાર |

એ ઇ૦ સન ૧૨૨૯ માં પોતાની ૧૧૦ વર્ષની ઉમ્મરે સુલતાન જંગીસખાનના એક સિપાહને હાથે તે માર્યો ગયો હતો. જ્યારે જંગીસખાને ઇરાન જીત્યું ત્યારે ઉપલા સિપાહે ફરીદદીન અતારને પકડયો અને તેને મારી નાખવા જતો હતો તેવામાં એક મોગલ કે જે ત્યાંથી જતો હતો તેને આએ જઇફ શાએરની ઉપર દયા આવી અને તેના છુટકારા માટે તેણે પેલા સિપાહને ૧૦૦૦ દીરમ આપવા જણાવ્યું. પેલો સિપાહ મોટી ખુશીથી તે માગણી બાહાલ રાખતે; પણ અતાર પોતાનો જીવ આએ હાડપિંજરમાંથી છુટો મોકળો થાય એવા ઇરાદાથી પોતાના પકડનારને કહ્યું કે, આએ કરતાંબી મારી વધારે કિમ્મત આવશે માટે આટલી સસ્તી કિમ્મતે મને ના વેચ. એ પછી થોડીકવારે એક બીજો મોગલ આવ્યો અને તેને આએ બંધવાની જઇફ ઉમ્મર તથા પરહેઝગારીની દયા કરી તેના છુટકારાને માટે પેલા સિપાહને એક કોથળો ભરી ઘોડાને ખાવાનો ખોળ અથવા કુડો આપવા માગ્યો. અતારે હસીને પેલા સિપાહને કહ્યું કે, 'આએ મારી બરાબર કિંમ્મત છે. મને વેચી નાખ" આથી તે સિપાહને તેની ઉપર ઘણો ગુસ્સો થયો અને પોતાના ૧૦૦૦ દીરમ તેણે ખોવરાવ્યા તે માટે ચીડાઇ તુરત તેને મારી નાખ્યો."

જ્ઞાનો ઉપરથી એમ જણાય છે કે, શેખસનાહ અને અતાર પીર સદરદીનના વખતમાં હતા તેને તો સુમારે પાંચસો વરષ થયાં અને આ હકીકતથી તેઓ છસો સાતસો વર્ષ ઉપર હોવાનું નીકળે છે. કદાચ પીર સદરદીન સાથે જેની મુલાકાત થઇ તે શેખસનાહ અને અતારનાં ઉત્તરાધિકારી હોય તો હોય, અથવા સન લખવામાં ભુલ થઇ હોય.

૬ વૈદોએ અલમુત તરફ જવા કહ્યું હતું; પણ અલમુત તરફ ઇમામથી રહેવાય એમ ન હતું. અલમુતનો કિલ્લો તો રૂકનદીન પાશેથી ચંગીસખાને લઇ લીધો હતો અને તેઓ ઇસમાયલીઓના નાશ પાછળ મંડયો હતો. ઇમામ ઇસલામશાહને ઇસમાયલી પંથ છુપો રાખવો પડયો હતો એમ જ્ઞાનોની વાતોથી સમજાય છે. પીર સદરદીનના વખતમાં ઇમામ ઇસલામશાહ ઇરાનના કેક નામના ગામમાં રહેતો હતો એમ બીજાં જ્ઞાનોમાંથી નીકળે છે તે ખરૂં લાગે છે.

કાશમીર, પંજાબ અને સિંધના લોકોના મન ઉપર પાછલા ઉપદેશકોએ ધર્મ સબંધી અસર પહોંચાડી હતી. તે પાછળની હકીકત વાંચવાથી વાંચનારે જાણ્યું હશે તેમના પ્રયત્નથી ઘણા લોકો શુદ્ધ ઇસલામી મત ઉપર આવી ગયા હતા અને બાકી જે કાચા રહ્યા હતા તેને પાકા કરવા અને નવા લોકોને મુળથી પાઠ ભણાવવા સારૂં પીર સદરદીને જે કોશિષ કરી છે તે સ્તુતીપાત્ર છે. જે પુરા ભણી રહ્યા ન હતા તે ભણતરમાં સમપાયરી ઉપર નહતા. કેટલાક એમ સમજતા હતા કે, અલમુત અને ધેલમમાંથી અવતાર થવાનો છે. બીજા એમ જાણતા હતા કે અવતાર થઇ ચુકયો, તે મુસલમાની આકૃતિમાં છે. કોઇ હજરતઅલીને અવતાર માનતા હતા. અને તેથી જે આગળ

વધેલા હતા. તે ઇમામ કાશમશાહને ઇશ્વરી અવતાર અથવા "ઇમામ" કરી માનતા પણ પીર સદરદીને ઇમામ કાશમશાહના બેટા ઇસલામશાહને નિકલંકનો અવતાર અથવા ઇમામ બતાવ્યો.

માર્ગી એટલે માતાપંથના મત પ્રમાણે નવ અવતાર સુધી મળતા થઇ પીર સદરદીને દશમો અવતાર હજરતઅલીનો બતાવ્યો અને તેનો અવતાર ઇમામ ઇસલામશાહને બતાવ્યો. આ યોજના નીચે પ્રમાણે હતી.

શ્રી અનાદ (૧) આદ (૨) અવિગત (૩) આદ (૪) હવ (૫) કવ (૬) ધર્મ (૭) કવર (૮) તવ (૯) નાદ (૧૦) ઉત્રા (૧૧) હરીનક (૧૨) અંત (૧૩) અતીત (૧૪) વાસેશ્રી મછ (૧) મનાયક (૧૫) અજામેળ (૧૬) ઉગ્રસેન (૧૭) ઇચ્છવર્ષપત (૧૮) એસુમલ (૧૯) વણવીર (૨૦) વાંસેશ્રી કોરભ (૨) બશ્રીત (૨૧) બેદીઆત (૨૨) પ્રજાપત (૨૩) ઉગ્રસેન (૨૪) કદીમ (૨૫) દોએલ (૨૬) વાંસેશ્રીવારાહ (૩) કેશવ (૨૭) બળીઆ (૨૮) વસઅસુ (૨૯) તાહુતસ (૩૦) ગોતમ (૩૧) પુરીતક (૩૨) વાંસેશ્રી નરસંઘ (૪) મનાયેક (૩૩) કુસુપરખ (૩૪) કિસમંડણ (૩૫) વાંસેશ્રી વામન (૫) માનધાતા [૩૬] પૃથ્વીજય [૩૭] એશ્રીત [૩૮] જવ લગન [૩૯] વાંસેશ્રી પરસુરામ [૬] રધ [૪૦] જઇઆત [૪૧] કુંભહરી [૪૨] અજેપાળ [૪૩] દશરથ [૪૪] વાંસેશ્રી રામ [૭] પદમ [૪૫] જસવદણ [૪૬] વીરપાળ [૪૭] વાસુદેવ [૪૮] વાંસેશ્રી કાન [૮] ભીખત [૪૯] જન્મેજય [૫૦] શિવાનંદ [૫૧] વિણવછરાજ [૫૨] વાંસેશ્રી બુદ્ધ [૯] શીશ [૫૩] સામ [૫૪] મલેક [૫૫] ઇસલામ [૫૬] હારામ

[૫૭] સામાન [૫૮] આદાન [૫૯] નિઝાર [૬૦] મિંઝાર [૬૧] ઇલીઆસ [૬૨] મલેક [૬૩] ખઝીમ [૬૪] કિનાન [૬૫] મસરત [૬૬] ફઇઆલ [૬૭] ગાલબ [૬૮] લબે [૬૯] કાબ [૭૦] મુરાદ [૭૧] કઝીમ [૭૨] મુંતહુર (૭૩) અબ્દુલમુનાફ (૭૪) હાસમ (૭૫) મુતલબ (૭૬) તાલબ [૭૭] વાંસેશ્રી મૌલા મુરતઝાઅલી (૧૦)

આ પ્રમાણે હિંદુઓના ઇશ્વરી અવતારોની પેઢીઓ લખી નવમા બુદ્ધાવતાર પછી દાદા આદમની પેઢીઓ લગાડી દશમો અવતાર હજરતઅલીનો બતાવ્યો છે. શકિતના ત્રણ પુત્ર બ્રહ્મા, વિષ્ણુ અને શિવ વિષે આમ ગોઠવણ કરી. નબી મહમદને બ્રહ્મા ઠરાવ્યા, હજરતઅલીને વિષ્ણુ અને બાવા આદમને શિવ ઠેરાવ્યા.

## જ્ઞાનના પાઠ.

જીરે ભાઇરિ આજ કલજુગમાં, ઇશ્વર આદમ નામ ભણાયાં,
ગુરૂ બ્રહ્મા તે નબી મહમદ કહાવ્યા, હો જીરે ભાઇ. ૧
જીરે ભાઇરિ પુરૂખ ઉતમ વિષ્નુજી, અલીરૂપે નામ ભણાયાં,
તે તો નામ રખીસરે ધાયાં, હો જીરે ભાઇ. ૨

પીર સદરદીનના વખતમાં દાદાઆદમ, પેગંબર મહમદ અને હજરતઅલી કોઇ હતા નહિં; પણ સદરદીને તે નામોનો સંબંધ લગાડી એમ યોજના કીધી કે, પીર સદરદીન એ ગુરૂબ્રહ્મા, નુરસતાગર અથવા નબી મહમદ અને ઇમામ ઇસલામશાહ વિષ્ણુ અથવા અલી એમ જાહેર કર્યું.

## જ્ઞાનના પાઠ.

હંસપર, બગપર, સામપર મેં હુઆ, હેમપુરમે તખ્ત રચાયાજી.

આયા મોલાના શ્રી ઇસલામશા, વારે ફેરો પુરૂષ એવો.
એદી ઇસલામશા; મોમન તેને ભ્રાંત છોડશેજી.

બીજા જ્ઞાનના પાઠ.

એજી અલખ પુરૂખ શા જીવેંજો દાતાર,
અલખ પુરૂખ શા સરણી સતાર.
એવો શ્રી ઇસલામશા, દશમો અવતાર. ૧

ત્રીજા જ્ઞાનના પાઠ.

આસાજી સંતરદીપ ઇરાકખંડે, ઘણુસર વધાઇયું અલી અવતર્યા;
અલી નામ નિરંતર ભણીએ, શ્રી ઇસલામશા જુગ પરવર્યાં. ૧
(અનત)

ચોથા જ્ઞાનના પાઠ.

જુગમે ફિરે શાહજી મુનેરી,
શાહ પીર વકીલ, ધતીચે ઘર વાધાઇયું.
ગઢ આલમોત છા દેખાડયો. ૧

પાંચમા જ્ઞાનના પાઠ.

જીરે ભાઇ જુગ સરજીને ગુરે જ્ઞાન સુણાયાં,
નુર સતગુર ચડીને જંપુ આયાં. ૧

છઠા જ્ઞાનના પાઠ.

જીરે ભાઇ ધંધુકારે પહેલા નબી મહમદ;
સોઇગુર જંપુમેં આયાં. ૧

સાતમા જ્ઞાનના પાઠ.

પીર સદરદીન નબી મહમદ કહીએ,
જેણે પ્રત્યક્ષ શા દિખલાયા. ૧

### આઠમા જ્ઞાનના પાઠ.

આસાજી હેમપુરમેં તખ્ત રચાયા, ત્યાં કોણે ન જાઇ કળયાં,
ગુરૂબ્રહ્મા પીર સદરદીન પહોંચ્યાં, તે ઢુંઢ ઢુંઢકર મળીયાં. ૧

માતાપંથના ચાર જુગના ચાર ભકત અથવા મુખ્ય છે પ્રહલાદ, હરીશ્ચંદ્ર, યુધિષ્ટર અને બળી તેમાંના પહેલા ત્રણને કાયમ રાખી ચોથાના નામને બદલે પોતાનું નામ ગોઠવ્યું.

### જ્ઞાનના પાઠ.

ક્રોડી પાંચસુ રાજા પેરાજ સીધાં, સાતેશુ હરીચંદ મુગતા હુવા
ક્રોડી નવસુ રાજા યુધિષ્ટર સીધાં, બારે પીર સદરદીન ઓળખ્યાં.

ચાર જુગના ચાર બળિદાન હાથી, ઘોડો, ગાય અને બકરો જેમ માતાપંથમાં છે તેમ પીર સદરદીને કાયમ રાખ્યાં.

### જ્ઞાનના પાઠ.

કૃતા જુગમેં કુંજરદાન, ત્રેતામેં તાજી,
દ્વાપરમાં દેતાં ગુરૂને ગાયજી.
અજકળ વારે અજાદાન દેતા,
મુરખે તે વારયા ગમાઇજી. ૧

માતાપંથમાં ચાર જુગનાં ચાર દ્વાર ઉત્તર, પુર્વ, દક્ષિણ અને પશ્ચિમ એમ બતાવ્યાં છે. તેમજ પીર સદરદીને જ્ઞાનમાં લખ્યાં છે.

### જ્ઞાનના પાઠ

કૃતાજુગે દ્વાર ઉત્તર મુખે હુઆ, ત્રેતામેં પુરવ રચાયાં;
દ્વાપર દખણ અજકળ પાછમે, મેદી શા નામ ભણાયાં.

ચચ અથવા માતંગની હકીકતમાં રૂષિઓએ ગાયનો વધ કરવાની વાત આવી છે એ વાત પીર 'સદરદીનના જ્ઞાનમાં નીચે પ્રમાણે છે.

## જ્ઞાન.

દ્વાપર જુગે શાહે રચાયા,
પહેલાં રખીઆને તેડી બોલાયા;—હો સ્વામી. ૧
રખીએ કહ્યો ન માન્યો,
પછી વનખંડ વાસ કીધા—હો સ્વામી. ૨
નહિ ત્યાં પવન, નહિં ત્યાં પાણી,
નહિં ત્યાં શિતળ છાયા—હો સ્વામી. ૩
નહિં ત્યાં બેણુ ન ભાણેજ,
ધર્મ કિસ્સિસુ કીજે—હો સ્વામી. ૪
નહિં ત્યાં હાટ ન વાણીઆ,
વણજ કિસ્સિસું કીજે—હો સ્વામી. ૫
ત્રાંબા તે વરણી ધરતી,
પાણી ઉંડા પાતાળ—હો સ્વામી. ૬
સ્વામીએ ઉપાઇ એક વાવડી,
તેપર મહુડા કેરા ઝાડ—હો સ્વામી. ૭
પાકા તે મહુડા ખરી પડયા,
તેનાં પાણી તે સરબત પાન—હો સ્વામી. ૮
તેમાંથી રખીસ્વરે ચાખીઆં,
પછી સરવે ચાખવા લાગ્યા—હો સ્વામી. ૯
રખીએ તે પાણી પીધાં,
તેનાં માથાં ફરયાં તતકાળ—હો સ્વામી. ૧૦
સ્વામીએ ઉપાઇ એક વાછડી,
નવખંડ ચરવાને જાય—હો સ્વામી. ૧૧
કાને જનોઇ હાથે લાકડી,
સ્વામી ગોઆં ઢુંઢનકું જાય—હો સ્વામી. ૧૨

પહેલા તે રખીઆને પુછ્યુ,
તમે કયાં તે દીઠી મોરી ગાય—હો સ્વામી. ૧૩
સ્વામી અમે રખીસર દેવતા,
અમે કયા જાણીએ તમારી ગાય—હો સ્વામી. ૧૪
સ્વામી ગૌઆં ચરાવનકું પૂછ્યો,
જે જાણે તેરી ગાય—હો સ્વામી. ૧૫
ત્યારે સ્વામી કોપીઆ,
તારે મંડળી ઢુંઢવાને લાગો—હો સ્વામી. ૧૬
પહેલાં નીકળ્યાં વાછડીનાં હાડકાં,
પછી નીકળ્યા ચારો પાય—હો સ્વામી. ૧૭
કહો રખીસર દેવતા,
તમે કેમરે ખાધી મારી ગાય—હો સ્વામી. ૧૮
અમો રખીસર ભુલીઆ,
હમકું લાગો ક્ષુધા—હો સ્વામી. ૧૯
પહેલા હમ પાપ ન જાણતા,
સ્વામી ભૂલેકુ મારગ લગાઓ—હો સ્વામી. ૨૦
ત્યારે સ્વામી કોપીઓ,
તબ રખીઉકું વન ચલાયો—હો સ્વામી. ૨૧
કાને જનોઇ માથે લાકડી,
સ્વામી દિન દિન કલમું પઢાયો—હો સ્વામી. ૨૨
હંસનાપુરી માંહે આવીઓ,
સ્વામી અનંત રંગ રચાયો—હો સ્વામી. ૨૩
કાને કુંડળ જગમગે,
સ્વામી રખીઆકું વૈકુંઠ વાસ—હો સ્વામી. ૨૪
સતગુર સોદેવ બોલ્યા,

સ્વામી સો ધન નજર દેખાય—હો સ્વામી. ૨૫

માતા પંથમાં નિકલંક અથવા મેહદીની સ્વારી, દૈત્ય કાળીંગાનું મરણ અને વિશ્વકુમારીકાનું લગ્ન ઇત્યાદિ ભવિષ્ય વાણી ભજનોમાં ગાઇ છે તેજ પ્રમાણે એ વાતો પીર સદરદીને કાયમ રાખી છે. એ હકીકત "શાહના વિવાહ" નામના જ્ઞાનમાં ખુલાસાવાર છે; પણ તે જ્ઞાન બહુ લાંબુ હોવાથી તેને બદલે એક ટુકું જ્ઞાન જેમાં એ વિષે હકીકત ટુંકામાં છે તે લખુંછું.

—※—

જ્ઞાન.

એજી વર જંપુ અમે, વર જંપુ અમે શાહ અચે, અનંત ક્રોડીએ વધાઇયું, શાહવર આયોજી. ૧

એજી તુંહો રાજા તુંહો ધરમી, તિનીકે ફળડે; જિના એક મન આરાધ્યો. ૨

છાજા જાનીસેં જાની, પાર ઉભી પુછે; રાણી ડામણી. ૩

છાજા જાનીસેં જાની, સે એડે પાર; જિનીકે કળીકાળ ન ભેટ્યો. ૪

હરચંદ હરચંદ બાબો અચે, સહસ્ત્ર ઘોડે તેંજા આવણાં. ૫

સેતાંસે સેતાં, સેસેભઇ સોઆર; ગાઇજાવર ડામણે. ૬

એજી મિડનસેં મિડનત્રે સચાદેવ, બ્રહ્મા, વિષ્ણું, મહેસરા. ૭

એજી મિલનસેં, મિલન, પાંડવ પંજ, જિની શાસલામત મજયો. ૮

એજી રતડાસેં રતડા, હિયડે મિંજા, ઉડે રેઆ અલી છાજે. ૯

એજી જિતે તે તિતે શાજી શેવા તાકન, પારલભે છાજી આકરી. ૧૦

એજી જોસીસેં જોસી, જોસ નેઆર, કેડો લગન શાજો આવ્યો. ૧૧

એજી બિજ સાબિજ, થાવર રાત, લગન શાજો આવ્યો. ૧૨

એજી અઠલખ, અઠલખ પરવત, મર તોરણુ થંભ, શાહ અડાયા. ૧૩

એજી વરતન વરતન, મંગળ ચાર, ચારે સતીઉં વડે શારો. ૧૪

એજી વરતન વરતન મંગળ ચાર, અનંત ક્રોડ ઓછ-વસે. ૧૫

એજી સજોડીઆંસે સજોડીઆં, ક્રોડીઉં પંચ પેરીઉં પેરા-જશે. ૧૬

એજી સજોડીઉં તે સજોડીઉં, કોડીઉં સત વીરલોચન વરરા-યસે. ૧૭

એજી સિધો રાજા, સિધો ધરમી, ધરમ પુત્ર નવ ક્રોડસે. ૧૮

એજી બારોસેં બારો, શા નિઝાર ગુણ, બધે શા ગતી-અનસે. ૧૯

એજી હિનવાટ હિનવાટ, ફુલડા વિછાય, જિનરે વાટ સા-હેબજા આવણાં. ૨૦

એજી તેડોસે તેડો સતીઉં ચાર, માતા કુંતા સતી ધ્રુપદી. ૨૧

એજી તેડોસે તેડો હરચંદ નાર સા રાણી, બધે શા કે સાં-ભણું. ૨૨

એજી તારાસે તારા માલ ગુંથીને, ચંદ્ર સુરજ શાજા છુ-મણાં. ૨૩

એજી ઉભસે ઉભ શા જી ચોરી ચિતરે, ધરતી તુર શા-

જો બેઠણો. ૨૪

એજી ધણી રાજા, ધણી રાજા, સિંગારજી સેજ ચડયો. ૨૫

એજી હલો વિઝ્યો, હલો વિઝ્યો. ખર ઘોર્યો મછણુ લગે શાકે દ્રષ્ટિ. ૨૬

એજી હિનવર હિનવર, દ્રષ્ટ ન હોય, સબે સાહેબ સબ નીડે. ૨૭

એજી પરણેસે પરણે ત્રભોવર રાય, ગતીએ મુંરાધું આસુ પુનીઉં. ૨૮

એજી બોલ્યાસે બોલ્યા, પીર સદરદીન, કર્યો મુમન હેક આરાધ. ૨૯

માતાપંથમાં ચાર યુગના ચાર પાટ સોનાંના, રૂપાંના, ત્રાંબાના અને માટીના અનુક્રમે ગણ્યા છે તથા ચાર જુગના ચાર બળીદાન હાથી, ઘોડો, ગાય અને બકરો એમ છે ચોથા યુગમાં બકરો જીવતો ન થયો. એ મતો પીર સદરદીને બાહાલ રાખ્યા.

## જ્ઞાન.

એજી કહો કહો પંડીતાં, જુગ સતજુગ કેરી બતીઆં, કિસ રૂપ નર પ્રગટ હુઆ, કાયદારે ઘટ અને કાયદારે પાટ, કાયસુરે ભાઇ મોરા જુગ જડયા. સોનેકા ઘટ, સોનેકા પાટ, હસ્તી કુંજર ભાઇ મેરે જુગ જડયા. ત્યાં મિલી પંચ મિલી કરયો સિફાએત, હસ્તી કુંજર ભાઇ મેરે ઉઠ ખડા. ૧

એજી કહો કહો પંડીતાં, જુગ ત્રેતાજુગ કેરી બતીઆં, કિસ રૂપ નર પ્રગટ હુઆ. કાયદારે ઘટ કાયદારે પાટ, કાયસુરે ભાઇ મારા જુગ જડયા. રૂપાંદા ઘાટ, રૂપાંદા પાટ, અશ્વ

ભાઇ મેરે જુગ જડયા. ત્યાં મિલી પંચ મિલી કર્યો સિફા-
યત, ત્યાં અશ્વભાઇ મેરા ઉઠ ખડા. ૨
એજી કહો કહો પંડીતાં, જુગ દ્વાપર જુગ ફેરી બતીઆં,
કિસ રૂપ નર પ્રગટ હુઆ. કાયદારે ઘટ, કાયદારે પાટ, કા-
યસુરે ભાઇ મોરા જુગ જડયા. ત્રાંબેકા ઘાટ, ત્રાંબેકા પાટ,
ગાય વાછડા ભાઇ મેરે જુગ જડયા. ત્યાં મિલી પંચ કર્યો
સિફાયત, ગૌ વાછડા ભાઇ મેરે ઉઠ ખડા. ૩
એજી કહો કહો પંડીતાં, કળજુગ ફેરી બતીઆં કિસ રૂપ
નર પ્રગટ હુઆ. કાયદારે ઘટ, કાયદારે પાટ, કાયસુરે ભાઇ
મેરે જુગ જડયાં. માટીદા ઘટ માટીદા પાટ અજા બકરા-
ભાઇ મેરે જુગ જડયાં. ત્યાં મિલી પંચ ર્ક્યો સિફાયત. અજા
બકરા ભાઇ મેરે પડ રહયા. ૪ એસો જ્ઞાન ભણત પીર સ-
દરદીન, મેરે સ્વામી રાજેકું ઇંઉં ગમ્યાં. ૪

ઘટપાટના મંત્ર અને કૃતિ પીરસદરદીને માતાપંથની રીત પ્ર-
માણે કાયમ રાખી હતી મંત્રમાં ચોથા ભગત બળીના નામને
બદલે પોતાનું નામ દાખલ કર્યું. મંત્રનો નમુનો નીચે બતાવુંછું.

સતગુરસો દેવ, બ્રહ્મા હો વાચ, પ્રથમ કૃતજુગ મધે સાહેબનાં
ચાર રૂપ, ઉત્તર દશે પાંચક્રોડીસું રાજા પ્રલાહદ ઘટપાટ સ્થા-
પંતાં, સોનાનાં ઘટ, સોનાના પાટ, કુંજર જાગ કરતવા, સો-
નાનું મુલ દેતવા, એણે ફૂલેથી પાંચે ક્રોડીસું પ્રલાદ સીજં-
તાં તે અમ્મર અમરાપુરી પહોંચંતાં. (૧)

ત્રેતાજુગ મધે સાહેબનાં ત્રણ રૂપ પુરવ દશે સાત ક્રોડીશું
રાજા હરચંદ, તારા રાણી, કુંવર રોહીદાસ, ઘટપાટ સ્થાપંતાં
રૂપાંના ઘટ, રૂપાંના પાટ, અશ્વ જાગ કરતવા, રૂપું મુલ દેત-

વા, એણે ફળેથી સાત ક્રોડીસું રાજા હરચંદ, તારા રાણી, રોહીદાસ સીજંતાં, તે અમરાપુરી પોંચંતાં. (૨)

દ્વાપર જુગ મધે સાહેબનાં દોય રૂપ, દખણ દશે નવ ક્રોડી સુ રાજા યુધિષ્ટર, પાંચ પાંડવ, માતા કુંતા, સતી દ્રુપતી, ઘટપાટ સ્થાપંતાં, ત્રાંબાના ઘટ, ત્રાંબાના પાટ, ગૈઆં જાગ કરતવા, ત્રાંબાદાન દેતવા, તેણે ફલેથી નવ ક્રોડીસું રાજા યુધિષ્ટર, પાંચ પાંડવ, માતા કુંતા, સતી દ્રુપતી સીજંતાં, અમ્મર અમરાપુરી પોચંતાં. (૩)

આજ કલજુગ મધે સાહેબનુ એક રૂપ પછમ દશે, બાર ક્રોડીસું પીર સદરદીન, ઘટપાટ સ્થાપતાં, માટીના ઘટ, માટીના પાટ અજા જાગ કરતવા, અજાનું મુલ તે સેજાદાન દેતવા, એણે ફલેથી બાર ક્રોડીસું પીર સદરદીન સીજંતાં, અમ્મર અમરાપુરી પોચતાં. (૪)

આજ છેલી સંધે તળફળ વેળા મધે અનંત ક્રોડીસું પીર હસન કબીરદીન વર સ્વામી રાજો આવશે, રખીઆ મોમનાને તારશે, શોનાનાં કાંકણ કરી રાખશે, રખીઆને ઉગારશે, સતદાન, સુક્રીત, ખીરખાંડ, ગુરમુખે દેતવા, એણે ફલેથી અનંત ક્રોડીસું પીર હસન કબીરદીન સીજંતાં, અમ્મર અમરાપુરી પોચંતાં, અન્નદાન ગુરમુખે દેતવા, હક સચા હેજંદા કાયમ પાયા, ફરમાન શા પીરજો.

આ ઘટપાટની કૃતિ " વાલા પાટ મંડાવો ને ચોક પુરાવો " એવા મથાળાના ભજનમાં છે, એ રાવળ માલાનું ભજન છે જે માતાપંથીની બિનામાં લખ્યું છે, તેમાં થોડો ફેરફાર અને કાંઇ વધારો કરી પીર સદરદીને પોતાના નામથી જ્ઞાન કહ્યું છે તે નીચે પ્રમાણે છે.

જીરે વાલા પાટ મંડાવીને ચોક પુરાવો, વાલા હરખેસું કળશ થપાવો, ચાર શુઆસણને તેડાવો, વધાવો તે કાયમ રાએ. ૧

વાલા આજ મંદર રળીઆમણાં દીસે, રૂડા સાધ આવ્યા, રૂડા સંત આવ્યા અપને ઘેર, પ્રભુજી પધાર્યા મંદીરે. ૨

જીરે વાલા દીસતણા રૂડેરા દીસે, બોલતણા મુખ મીઠા, પવીત્ર થયાં ઘર આંગણાં મારાં, જેણે સતગુર નયણે દીઠા. ૩

જીરે વાલા સુણ્યા, સાંભળ્યા ને નયણે દીઠા, ભવોભવ આશ તમારી, દોહલું સરવ દુર કરો, વિનતી કરી પાય લાગુ. ૪

જીરે વાલા કોઇ છે મેલા ને કોઇ છે ચોખા, અને કોઇક છે આલ્યા કેવા? જોત જગાડી જુમલોજી બેઠા, હું બલીહારી ગુરૂ તેની. ૫

હે વાલા ગુરનર સાથે ગોઠડી કીજે, તો તત્વ અખર લીજે, ગુરનરને નમી દુહીત તડ તરીએ, તો શેવા તિસ્કી કીજે. ૬

જીરે વાલા પીર સદરદીન બોલીઆ મોમનભાઇ તમે અમીરસ પીવાને આવો, વાલા હાજર જોમાને પાય પડી જે, આપણા સતગુરને મોતીએ વધાવો. ૭

પીર સદરદીને હિંદુ મુસલમાન બન્ને ધર્મની ટીકા કરી પોતાના મતનું ખરાપણું શિષ્યોને સમજાવ્યું.

## જ્ઞાન.

રોવે રોવે હિંદુઅડા, દૂજા મુસલમાનાં,
રોવે બાંભણ જોસીઅડા, વાંચન પોથ પુરાણાં.
રોવે મુલ્લાં કાજીઅડા, જિકકો પડણ કુરાનાં,
રોવે કૂડા સુન્ની સગ, સચે શા ન સિભાંણાં,
રોવે જંદા જોગીઅડા, જિકકો મરન મસાણાં,

રોવે રોવે સંસારી, તે સઘળો રોવે.
એક ન રોવે જિને શાહ પીર પાયા,

ज्ञान.

હજ નિમાજ રોજા ધરે, ફૂટી ક્રિઆએ કામ ન સરે.

ज्ञान.

ત્રણ વેદ ન ધ્યાઇએ, મુનીવર ભાઇ, તમે કાંયરે ખુવો પુર્વ-
જન્મની કમાઇ.

ज्ञान.

ધીન હમારા ધાયમ જાણો, બીજા સરવે થોથા.
(અનંત)

આ હકીકત પીર સદરદીનનો અદ્વૈત સુફી મત બતાવે છે તે સુફીસોયા મતનો હતો; છતાં હિંદુ લોકોને પોતાના મતમાં લાવવા તેણે અનુકુળ ગોઠવણ કરી હતી. સુફી અથવા આત્મજ્ઞાનની તેની વાણીનું એક જ્ઞાન નીચે બતાવુંછું.

સબ ઘટ સાહેબ મારો ભરપૂર બેઠાં, તમે ગાફલ દૂરમ દેખો,
સાચેકુ સાહેબ હરદમ હાજર, જેમ નેનાંમાં પૂતલી પેખો. ૧
ત્રણ ભૂવનમાં ભરપૂર બેઠા, જેસા ફૂલોમેં બાસા,
ફૂલોમાં બાસા તેસા મેરા સાંઇ, જેસા ઘટમાં સાસા. ૨
સબ ઘટ સાહેબ એસા કરી દેખો, જેસા દૂધમાં ઘૃત પિછાણો,
ખલકમાં ખાલક પીરે દેખાડયા, તે પ્રગટ ઘટમાં જાણ્યા. ૩
જેમ શશી એક આકાશે ચંદા, તેમ કોટાકોટ કુંભા જળમેં દેખા,
મેરે સાહેબકે પાર ન જાણો, ગુરૂ પ્રસાદે મુનિવર પેખો. ૪
દૂર દેખાડયા જેણે દૂર કરીજાણ્યા, તેનાં કામ ન સીધાં તોય,
ધરતી, સુરજ, પવન, પાણી, ગુર સમો તોલ ન જાણી. ૫
સતગુર પારસ, મુનીવર ત્રાંબા, ગુરૂ ભેટે તો સુવરણ હોય,

ઇસ જુગમે ગુરૂ ખોત કહાવે, તેથી સંશા ન મટે કોઇ. ૬
અલખ નારાયણ પારસ જાણો, તિસથી ભવસાગર છુટે,
ખલકમાં ખાલક પીરે દેખાડયા, ઔર સર્વે શિર કુટે. ૭
જિસરે દિન જમીન નહોતી, આકાશ નહોતા એક ઇલાહી,
તિસ દિનકી બાતાં ગુરૂએ દેખાડી, સુણજો મુનીવર ભાઇ. ૮
ધંધુકારે પેલાં નરજ હોતાં, તે નૂર જંબુદીપમાં આવ્યા,
સીતોજ, જરોજ, ઇંદોજ, ઉદભોજ, ચારે ખાણમાં પાયા. ૯
આદ અનાદે એ ગુર રમતા, પીર સેવંતાં મુનિવરે પાયા,
એ જ્ઞાનમાહા રસ ભણે પીર સદરદીન, આદ અંત કહી સુણાયા.૧૦

પીર સદરદીને પોતાના શિષ્યોને ધર્મદાન દશોંદ આપવા સુચના કરી હતી તે લેવા માટે ઝોળી ફેરવતા હતા તેમાં જે શિષ્યો નાંખતા તે લેતા.

આ વખતની શિષ્યોની ગણતરી છત્રીશ ક્રોડની કરી છે. તેના ત્રણ ભાગના ત્રણ મુખી હતા. બાર ક્રોડનો મુખી તુળશીઆ કાશમીર તરફ હતો, લાહોરની બારનો મુખી સામદાસ હતો અને સિંધ તરફની બાર ક્રોડીનો મુખી ત્રીકમ હતો. આ ત્રણ મુખી અને છત્રીસ ક્રોડી શિષ્યોને લઇ પીર સદરદીન પરમેશ્વરના અવતાર આગા ઇસલામશાહની ભેટ લેવા નીકળ્યા તેની હકીકત “ છત્રીસ ક્રોડી ” નામના જ્ઞાનમાં છે તેનો સાર અહીં ટાંકું છું.

પાઠ.

પછમ દશે અલી અપનો ભણીજે, સોઇ ધેલમ દેશ,
ગઢ અલમોત પાટણ કહીજે, ત્યાં બેઠા માનખા વેશ. ૧
કેક અગવા થાનક કહીજે, વરચા માંહે વાસ,
પીર સદરદીન ચાલીઆ, ક્રોડી છત્રીશ લઇને સાથ. ૨

આ સંઘ પંજાબમાંથી ચાલ્યો. તેઓએ અટક નદીના પુર્વ કિનારા તરફ "ગુજરાત" નામના ગામમાં મુકામ કર્યો. પીર એ ગામમાં ફરવા નીકળ્યા અને એક ગણિકાને ઘેર ગયા. સંઘના મુખી તેને શોધવા લાગ્યા, તુળશીઆને હાથ પીર આવ્યા, તેણે સંઘમાં આવવા વીનંતી કરી. પીરે કહ્યું કે, ગણિકાના લેણા પઈસા તું આપે તો હું આવું. મુખીએ કહ્યું; તમે પીર થઈ આવાં કામ કરોછો ત્યારે અમારા બેટા બેટીની લાજ કેમ રેહેશે. તુલશીઆ જતો રહયો. પછી સામદાસ આવ્યો તેણે પણ તેમજ કર્યું.

ત્રીજે દહાડે ત્રીકમ મુખી આવ્યો, તેણે ઘણી વીનંતી કરી અંતે ગણિકાના પઈસા સારૂં પોતાની દીકરી સામસુંદર અને દત્તદયાળ ભીમરાજા પાસે ગીરો મુકી. આ વખત પીર મોજમાં પડયા હતા. ત્રીકમે નમ્રતાથી પૈસા રજુ કર્યા; પણ પીરે તેને કેફની મસ્તીમાં ત્રણ તમાચા મર્યા તે છતાં ત્રીકમે વિશ્વાસ ન છોડયો (જ્ઞાનનો કેફ સમજવો)

## જ્ઞાનનો પાઠ.

ખોજી એક શીશો હાથે અમ્રતનો, અજાણ્યો જાણે શરાબ,
એક હાથ કાચે હૈડે, મુખી ન મેલે વિશ્વાસ. ૧
ત્રીકમ મુખી જઈને સંચર્યો, ચાલો સંગ સંગાથ,
ત્રણ તમાચા ત્રીકમને માર્યા, હડસેલ્યો તેને ઠામ. ૨
તોએ ઈમામ ન મેલ્યો, સોનું કસે ન થાય સામ.

અંતે ગણિકાના પઈશા ચુકાવી પીરને ત્રીકમ મુખી સંઘમાં લાવ્યા. તે પૈસાનો સંઘમાં ફાળો કર્યો. આ મુકામ ઉઠાવી સુરચંદ રાજાના "સમાવાત" નામના ગામમાં કર્યો. રાજાની કુંવરી વ-

સ્ત્ર ઉતારી નહાવા બેઠી ત્યાં પીરે ત્રીકમની શિકલ બનાવી એક શેતાનને મોકલ્યો તે કુંવરીનો મોતીનો હાર ચોરી આવ્યો. તે હાર સોધ કરતાં પીર પાસેથી જડયો. રાજાના સિપાઈઓએ તેને પકડયો. ત્રીકમ વચ્ચે પડયો અને કહ્યું, એ ચોરી મેં કીધી છે તેથી સિપાઈઓએ પીરને મુકી ત્રીકમને પકડયો અને કેટલાંક સંઘનાં માણસોને કાપી નાંખી તેનાં મુડદાં નદીમાં નાંખી દીધાં. પીર નદી ઓળંગી ગયા. તુલશીઓ અને સામદાસ પાછા ફર્યા. આ સંઘનાં થોડાં માણસો શેહેરમાં રહી ગયાં હતાં તે જંગલમાંથી લાકડાં લાવી પેટ ભરતાં હતાં તેમના ઉપર પણ અંતે ચોરીનું તહોમત આવ્યું તેથી રાજાએ તેમને મારી નંખાવ્યા. પીર સદરદીન ઇમામ ઈસલામશાહની હજુરમાં પહોંચ્યા; પણ ઈમામના દીદાર તેને ન થયા. ત્યાં એક લોઢાની ભીંત ઉભી થઈ. પીરે ૭ મહિના તપસ્યા કરી ત્યારે ભીંત પીંગળી.

આ જ્ઞાનમાં એવો બોધ કર્યો છે કે, પીર સદરદીને છત્રીશ ક્રોડીને કસી જોઈ હતી તેમાં બાર કાયમ રહી તે સ્વર્ગમાં પહોંચી ને ચોવીસ પાછી ફરી તે નર્કમાં પડી.

પાઠ.

છત્રીશ ક્રોડી પુરા ધરમી, શ્રી ઈસલામશાંકું સંભારેજી,
દશોંદ કારણ જીવ ડુલાયા, તે ચોવીશ ચાલ્યા ઘોર અંધાર. ૧
દશોંદ ન દીધી ક્રિયા કીધી, તે સતી હુઆ અસતી અપાર,
દશોદ વિના મુળ ઉખેડી જાશે, તે જાશે ઘોર અંધાર. ૨

માતા પંથીઓ જેમ પોતાનો પંથ છુપો રાખવા ભલામણ કરે છે તેમ પીર સદરદીને પણ કીધું છે અને પોતાના પંથનું નામ “સતપંથ” એવું રાખ્યું છે.

## જ્ઞાન.

સતપંથનો પડદો જે યાર ખોલે તેનો જીવડો દોજખે જાશેજી.

પીર સદરદીન આ બીજીવારની ઇમામની ભેટ લઇ ઉંચમાં આવ્યા ત્યાં તે ગુજરી ગયા "જેતપુર" નામના ગામડામાં તેનો રોઝો છે તે સિંધના ખોજાઓએ ચણાવ્યો છે. તેઓ એ પીરની યાત્રા કરવા જતા હતા અને એમ માનતા હતા કે; જે માણસે એકવાર તેની કબરની ઝયારત જીવતે નહિં કીધી હશે તેને મુવા પછી પગને બદલે માથાંથી ચાલીને જવું પડશે; પણ હાલતો સિંધના ખોજાઓ આ વાત વીસરી ગયા હોય એમ લાગે છે.

ખોજા લોકો પીર સદરદીનનાં જ્ઞાન પ્રીતીથી પઢે છે, તેમાં છેવટ એ પીરનું નામ આવે છે ત્યારે અદબથી નમે છે; પણ આશ્ચર્ય જેવી વાત એ છે કે, હમણાં કોઇ તેની દરગાહની સલામ માટે પણ જતું નથી. તેની દરગાહ ક્યાં છે તે વાત પણ થોડાનાજ જાણવામાં હશે, પીર સદરદીને પોતાના શિષ્યોને ખોજાનો લકબ આપ્યો. એના શિષ્યો જે હિંદુની આકૃતિમાં રહી ગયા છે તેને ખોજા લોકો "ગુપ્તિ" કહે છે. તેઓ પંજાબ અને સિંધમાં છે. પીર સદરદીને જાહેર રીતે ખાનાંની સ્થાપના પહેલ વહેલાં સિંધના " કોટડા " નામના ગામમાં કીધી હતી.

———

## જિન્નતનામાંના પાઠ.

પીર સદરદીન પંથજ કીયા, જાહેરખાનાં મકાન,
પેલો ખાનો આવી કર્યો, કોટડા ગામ નિધાન. ૧
પીર સદરદીન જાહેર થયા, હિંદુ કર્યા મુસલમાન,

લોવાણા ફેરી ખોજા કર્યા, તેને આપ્યો સાચો ઇમાન. ૨
ખોજો ગુલામશા અલીનો કહીએ, તે મુરીદ આલનો જાણ,
ત્યાં પંથ સમારીને ખાનાં કરીઆં, તેને પીરે બોધ્યા પ્રમાણ.
આગળ ખાનું સુરજા રાણીનું કહીએ, તેતો ગુપ્ત પિછાણ,
સતગુર સદરદીન જ્ઞાન સુણાવ્યા, તે કોટડા ગામમાં જાણ. ૪
એજી કોટડા ગામમાં કહીએ, ત્રીકમ રહે તેણે ઠામ,
તે જાહેર ઇમામ લાવેઆ, અને ખોજો ધરાવ્યો નામ. ૫
એવા દીન ચાલેઆ, શ્રી ઇસલામશા નીવાર,
આજ ઉંચ મુલક જે કહીએ, ત્યાં અમારો ઠાર. ૬

## પીર કબીરદીન.

પીર સદરદીન જ્યારે બીજીવાર ઇમામની ભેટ માટે ગયા ત્યારે પીર કબીરદીન નહાંની ઉમ્મરમાં છતાં તેમની સાથે હતા. ઇમામ પાસે નજરાણો ધરવા તેની પાસે કંઇ હતું નહિં તેની તેને ફિકર થઇ. રસ્તામાં તેણે આકડાનાં ફળ એકઠાં કર્યાં તે-માંથી કપાસ કહાડી તેને કાંતી એક પાઘડી વણી તૈયાર કીધી. તે ઉપર ઇમામ ઇસલામશાહની સિફ્તના શબ્દો લખ્યા. આ પાઘડી ઇમામની હુજુરમાં રજુ કરી. ઇમામે તે માથાં ઉપર બાંધી અને પીર કબીરદીન ઉપર પ્રસન્ન થઇ અનંત ક્રોડીનો મુખી ઠરાવ્યો. ( જુઓ અનંત અખાડાનું જ્ઞાન) પીર કબીર-દીનનો બોધ પણ પીર સદરદીન જેવોજ હતો.

### જ્ઞાનના પાઠ.

મછ, કોરભ વારાહ ભણાયાંઇ,
નરસીંહ રૂપે સ્વામીજી વિષ્ણું ભણો. ૧

વામન ફરસરામ સોઇ અવતર્યો,
શ્રી રામે લંકાંગઢ લીઓ. ૨
કાનજી બુધ દખણ અવતર્યો,
અઢાર ખુણી શા નર દેર્યો. ૩.
પાછમે પાત્ર નિકલંકી નારાયણ,
ધેલમ દેશમે શા જો સ્થાન રચ્યો. ૪
કોડી પંજ, સત, નવ, બારો અનતહી તારીયો,
શ્રી ઇસલામશા શા જો નામ ભણાં. ૫

પીર કબીરદીનનું એક જ્ઞાન છે તેના પહેલા ભાગમાં ઇશ્વરનું વૈરાટ સ્વરૂપ બતાવ્યાની કોશિષ કરી છે તેથી તેના મતનો તત્વ જણાઇ આવે છે. વૈરાટ સ્વરૂપ એટલે ઇશ્વરને જગતનું રૂપક આપવું એ પણ બ્રહ્મજ્ઞાનનો મત છે; પણ એજ જ્ઞાનના પાછલા ભાગમાં તેમના ભોળા શિષ્યોની અનુકુળતા માટે ભકિતમાર્ગ તેમાં જોડી દેવો પડેલ છે એ જ્ઞાન નીચે લખું છું.

## જ્ઞાન.

સતપંથ સતનું મુખ છે, જીભ્યા હેત પરીત,
નાશીકા ગુરનરનું નામ છે, ક્ષમા દયા બે દ્રષ્ટ. ૧
જ્ઞાન દેવનું મન છે, પાલવ વાયક વિચાર,
સંતોષ દેવનો સેજ છે, કાઇ દેત દેવનો અહાર. ૨
સ્વર દેવના શ્રવણ છે, જપ તપ છે બે પાવ,
ધરમ દેવની દેહ છે, થડપગ છે પરમાણ. ૩
આકાશ દેવનું મસ્તક છે, પાતાળ દેવના પાવ,
દેવને કાળ નહિં નિંદ્રા નહિં, માંહે રખીએ રાવ ધ્યાન. ૪
મન પુષ્પની પુજા ચડે, ગુરમુખે તે પ્રસન થાય,

તમે સતી લોક સેવજો, આવાગમન બો જાય. ૫
જેમ જક્ષ નવાણું ક્રોડ સીધા, છપનક્રોડમે ઘાય,
કિનર ક્રોડ બત્રીસ સીધા, તેત્રીશ ક્રોડ દેવતાય. ૬
ક્રોડી પાંચસુ રાજા પેરાજ સીધા, સાતેસું હરીચંદ મુગતા હુઆ,
ક્રોડી નવસું રાજા યુધિષ્ટર સીધા, બારે પીર સદરદીન ઓળખ્યાં. ૭
કળજુગ મધે અનત ક્રોડી, પીર હસનશાને શાએવર આલયા,
અવતાર દશમો દિલમાં ધરી, ઘટ કળશ રૂપે સહી થાપીઆ.
જીઆં કળશ થાય ઘટ થાપના, ગતીઉં બોલે તે અમૃતવાણી,
સામીને ચરણ થકી પાતક ટળે, ઉપજે પ્રાણ સમાન- ૮
ગત સરવે હેતે મળો, રાખો ધણીસું ધ્યાન,
માંહોમાંહે મેળા મળો, એક એકને સનમાન. ૧૦
તમે એવે મન આરાધ કરતાં, હોએ હરની સુધ,
જેને મનખાદેહીમાં આવા ગુરનર મળ્યા, તે કરે છે આનંદ.
બીજ શુકરવારી શેવીએ, નિશા હોય તો નિશ્ચળ માન,
ગુરગત માંહે આરાધ કરતાં, થઈએ બહુ પાવન. ૧૨
સતપંથ સોળ કળાશું ઉગેઆ, જેમ ઉગ્યા શશી આરચંદ,
જેણે સાચી સેવ્યો એક મન, તે કરે છે નવ નીંદ. ૧૩
ફરમાન માનો તો ફેરા ટળે, શાપીર કેતાં ઉતરીએ પેલે પાર,
તમે સુખે અમરાપુરી પામશો, સહી જાણજો નીરધાર. ૧૪
હેજંદા કહેતાં હસ્તીકો દાન, કાયમ પાયા કેતાં દાન તુરંગ,
તમે સતી લોક સવજો, કાંઈ અમરગઢ છે આગળે. ૧૫
અમરગઢ ઉમરાપુરી, તમે સાંભળો મોમનવીર,
તમે સાચે મનથી શેવજો, બોલ્યા હસન કબીરદીન. ૧૬

આ જ્ઞાનમાં " હેજંદા " એ શબ્દ વિષે લખ્યું છે કે, તે કહેવાથી હાથીદાન જેટલું પુણ્ય થાય અને " કાયમપાયા " કહેતાં ઘોડાના દાન જેટલું પુણ્ય થાય. ખોજા લોકો ઘટપાટનાં સ્થાપન અને ઉથાપન વખત આ શબ્દો બોલે છે એની ઉત્પતિ વિષે કેટલાક કહે છે કે, પીર સદરદીને કેકમાં જંદા રૂપે તપશ્ચર્યા કરી ત્યાં તેને ઇમામે કૃપાવંત થઇ " હેજંદા " એમ કહી બોલાવ્યો ત્યારે તેણે કહ્યું " કાયમપાયા " એટલે ઇમામ જે અમ્મર છે તેને હું પામ્યો. આ વાતના બે મતો છે બીજા એમ કહે છે કે, નુરસતાગર કબરમાંથી પોપટ રૂપે નીકળ્યો ત્યારે ચોટે શિષ્યો તરફ કહ્યું " હેજંદા " એટલે પીર સજીવન છે તેની સામે તેઓએ " કાયમ પાયા " કહ્યું એમ એ શબ્દ વિષે જુદી જુદી રીતે બોલાય છે; એક નીશ્ચય નથી.

" હેજંદા " અને " કાયમ પાયા " એ સતપંથીઓના ગુપ્ત 'શબ્દો છે. કોઇ માણસ કોઇ સતપંથીને એમ કહે કે, " હું સતપંથી છું મને ક્રીયામાં સામેલ કરો " તેની ખાત્રી કરવા સારૂં તેને " હેજંદા " એમ કહે છે તેના જવાબમાં જો " કાયમપાયા " કહે તો તેને દાખલ કરે છે. હાથ મેળવવામાં પણ તેવો ગુપ્ત ઇસારો છે તે એવો કે, અંગુઠાને પકડી પછી રીતસર હાથ આપવો. અંગુઠાને પકડવો એ અદ્વૈત મતની નિસાની છે એટલે એક ખુદા સત્ય બીજું સર્વ મિથ્યા.

પીર કબીરદીને પણ દશોંદ આપવા સુચવ્યું છે; પણ તેણે ઝોળી ફેરવવાને બદલે ખાનામાં એક " કરો " જોડયો હતો. " કરો એ માટીનું વાસણ છે તે મુસલમાન લોકો વાપરે છે, ખાનાંની અંદર ખાડો કરી એ વાસણ તેણે ડાટયું હતું, તેનું મ્હોડું ખુલ્લું રાખ્યું હતું એના શિષ્યો જે દશોંદ કહાડતા તે.

ના પૈશા તે " કરા " માં નાંખી જતા હતા.

એ પીર સંવત ૧૫૦૫ ના કારતક મહિનાની સતરમી તારીખે દેવલોક પામ્યા એવું " ઝનાજા " નામના જ્ઞાનમાં લખ્યું છે એની લાશ ઉંચમાં દફનાવી તે ઉપર સિંધના ખોજાઓએ મકબરો બાંધ્યો છે; પણ હમણાં તેની જ્યારત કરવા કોઇ જતું હોય એમ જણાતું નથી. એ પીરે પોતાના શિષ્યોને પોતાની ઓલાદને માન આપવા ભલામણ કરી હતી.

અનંતના પાઠ.

આલ હમારી કાયમ જાણો, અઢાર ફરજંદ પુરા,
તેને તમે પુરા કરી જાણો, સેવો સતગુર જાણી. ૧

પીર કબીરદીનનો ઇસલામી મહજમ સીયા જાફરી તનાશરી હતો. " મોમન ચિંતામણી " નામના જ્ઞાનમાં તેમ તેણે કહ્યું છે અને પોતાની હકીકત બતાવી છે.

પાઠ.

પીર સદરદીનના નુરમાંથી હસન કબીરદીન હુઆ, તેણે દીન કીધો વીસ્તાર,
ઉંચ મુલકથી પ્રગટ્યા, તેણે રાખ્યો સાંઇ સું વહેવાર. ૧
તે વેળા શ્રી ઇસલામશા અવતાર છે, ગુરબ્રમાપીર હસન કબીરદીન જાણ,
અઢાર ફરજંદ તેનાં કહીએ, સાત હુરમજ જાણ. ૨
એક તેની બેટી કહીએ, બાઇ બુબડી તેનું નામ,
જાફરી તેના મહજબ કહીએ, જાફર સાધક ઇમામ. ૩

પીર કબીરદીનનો " તાજદીન " નામનો એક નાનો ભાઇ

હતો. અઢાર તેના દીકરા હતા અને એક દીકરી હતી તેની ટીપ નીચે પ્રમાણે મળી છે.

રહેમતુલ્લાશાહ (૧) આદમશાહ (૨) લાલશાહ (૩) જાફરશા-(૪) ઓલીયાશાહ (૫) કશીરદીન [૬] નુરશાહ [૭] સલામદીન [૮] ઈમામદીન [૯] ફરમાનદીન [૧૦] અસાઈદ [૧૧] અલીશેર [૧૨] નુરમહમદ [૧૩] તૈયબગાઝી [૧૪] કબીરશાહ [૧૫] દર્વેશઅલી [૧૬] અબદુલઅલી [૧૭] આલમશાહ [૧૮] અને બાઈ બુબડી [૧૯]

પીર કબીરદીને પોતાની આખરીના સમયમાં તાજદીનને કારભારી ઠરાવ્યો અને રહેમતુલા શાહને પીર--મુખી નીમ્યો;

## પીર ઇમામુદ્દીન.

પીર કબીરદીનના અંતકાળ વખત પીર ઈમામુદીન હાજર ન હતા; પણ જ્યારે ઝનાજો તૈયાર કરયો ત્યારે આવી પહોંચ્યા. ઈમામુદીને ઝનાજો અટકાવ્યો અને પોતાના વારસાનો હિસ્સો માગ્યો. લોકોએ તેની હાંસી કરી; પણ તેણે તો પોતાની વિનતી જારી રાખી. અંતે ઝનાજામાંથી હાથ નીકળ્યો અને પીર ઈમામુદીનને સાકર અને તસબી મળી.

પીર કબીરદીનનું ચાળીઉં કરી પીર ઈમામુદીન સિંધના જુણ ગામમાં ગયા, ખાનાંમાં મુકામ કર્યો એ ગામના ખોજાઓએ તેની કંઇ પરોણાગત ન કરી. પીરે ત્રણ લાંઘા કરયા. અંતે ખોજાની જમાયતે તેને માર મારી ખાનાંમાંથી કહાડી મુકયો ત્યાં એક મેમજી નામનો ખોજો રહેતો હતો તેને દયા આવી તે તેને પોતાને ઘેર તેડી ગયો અને લાંઘો છોડાવ્યો. ખોજાઓથી નાખુશ થઇ તે કેક ભણી ગયા. ત્યાં બાવા ગુલમહ-

મદની મારફત આગા ઇસલામશાહની મુલાકાત કીધી. આ હકીકત " ઝનાજા " નામના જ્ઞાનમાં છે.

" ઝનાજા " નું જ્ઞાન પીર ઇમામદીનનું જોડેલ છે તેમાં તેણે કહ્યું છે કે, આગા ઇસલામશાહે તેને બેહેસ્ત જોવાની પાસ આપી હતી અને " હૈદરબેગ " નામનો ભોમીયો સાથે આપ્યો હતો જેને ચંદ્રવીર પણ કહે છે. બેહેસ્તમાં તેની પ્રહ્લાદ, હરીશ્ચંદ્ર, યુધિષ્ટર, સદરદીન અને કબીરદીન જોડે મુલાકાત થઇ હતી. એ પીર બેહેસ્તમાંથી એક ઇંટ લઇ આવ્યા તે એના રોઝામાં જડેલી છે એમ કહેવાય છે.

પીર ઇમામદીન ઇરાનથી પાછા ફરયા ત્યારે તેને પીર તાજદીને શિષ્યોની કૃતઘ્નતાને લીધે આપઘાત કર્યો હતો એવી ખબર મળી તેથી તેની ખોજા મુરીદો વિષેની ઉમેદ તદન તુટી ગઇ. તે નિરાશ થઇ ગુજરાત તરફ ગયો અને ત્યાં તેણે પોતાના નવા પંથની સ્થાપના કરી.

સવત ૧૫૦૮ ના ભાદરવા સુદ ૧૧ ને રોજે પીર ઇમામદીન ગુજરાતના " આટુણા " નામના ગામમાં આ૦યા. એક મસજીદમાં ઉતારો કર્યો. જે મુસલમાનો ત્યાં નીમાજ પડવા આવતા તેમણે એ પીરને કહ્યું ' તમે મુસલમાન છતાં નિમાજ કેમ નથી પડતા " પીરે કહ્યું " મારી વતી મસજીદનો મિનારો નિમાજ પડશે " એમ કહી તેણે નુરસતાગરની પ્રાર્થના કરી એટલે મિનારો સેજદા માટે નમ્યો તે જોઇ લોકો નાઠા.

આ વાતની ખબર અમદાવાદના બાદશાહ મહમદ બેગડાને પડી. તેણે પીરને પોતાની હજુર બોલાવ્યો અને મિજબાની કીધી. રકેબીમાં બિલાડીની તરકારી હતી પીરે રકેબીને લાકડી ઠોકી કહ્યું, " ઉઠ રંડી ઘ્યાં તેરા કયા કામ હચે " બિલાડી સ-

જીવન થઇ રકેબીમાંથી કુદકો મારી નીકળી. બાદશાહ અને પાસેના આ જોઇ દીંગ થઇ ગયા. બાદશાહે તેને ઇનામ આપવા માંડયું; પણ પીરે એક વેહેલ શિવાય બીજું કંઇ લીધું નહિં.

આ પછી પીર ઇમામદીન "ગુરમત" નામના ગામડામાં આવ્યા. રસ્તામાં નાંઇઓ કોલી જે લુટારાનો સરદાર હતો તે મળ્યો તેણે વેહેલને પકડી. પીરે કહ્યું કે, તારા અપકૃત્યની કમાઇ તારા કુટુંબ સાથે તું ખાય છે; પણ તેના પાપમાં ભાગ લેવા તારૂં કુટંબ કબુલ કરે છે કે નહિં? તે તારે તેઓને પુછવું જોઇએ. નાંઇઆએ તેમ કીધું. એની સ્ત્રી કેશર, દીકરી ધીરજ, બાપ પસુર પગી અને બહેન ગધુર એ બધાંઓએ પાપમાં ભાગ લેવા ના પાડી તેથી નાંઇઆ કોળીને જ્ઞાન આવ્યું, વાટપાડુનો ધંધો તે દહાડેથી તેણે છોડયો. પીર ઇમામદીનનો શિષ્ય થયો. હૈદરબેગે તેને કાંકણ બાંધ્યાં. ત્યાંથી પીર લાથારે ગામમાં આવ્યા. ત્યાં પાંચ મણ જનોઇ અને સવા મણ કુંડળ ઉતરયાં, મતલબ ત્યાં ઘણા શિષ્યો થયા.

સંવત ૧૫૧૦ ના કારતક વદી ૧ ને રોજે પીર ઇમામદીન પાછા નાંઇઆને મળ્યા. નાંઇઆએ બહુ સેવા કરી તેથી પીરે તેને પીરતણુ આપી અને કાનંથ ગામ જવાને હુકમ કર્યો.

સંવત ૧૫૧૨ ની સાલમાં પીર ઇમામદીન આલમશાહના ખાનદાન મહમદ બુખારીની બેટી ખતીજા વેરે પરણ્યા. સવત ૧૫૨૪ માં પીરાણાની દરગાહનો પાયો નાંખ્યો અને તે અરસામાં પીર આલમશાહનો જન્મ થયો તે શિવાય બાકરશાહ, બાલાશાહ, અને મહમદશાહ તેમનાં ફરજંદો થયાં. આ છેલ્લો શાહજાદો મહમદશાહ વધારે પાણીવાળો હતો તેનાં બાદશાહ

મહુમદ બેગડાની દીકરી વેરે લગ્ન થયાં હતાં.

અમદાવાદના કવિશ્વર દલપતરામ ડાહ્યાભાઈએ ઈ૦ સન ૧૮૭૧ ના ડીસેંબરના બુદ્ધિપ્રકાશમાં પીરાણાની કથા લખી છે તે જાણવા જોગ જાણી આમાં ઉતારૂંછું.

"પીરાણાની જગ્યા અમદાવાકથી ગાઉ પાંચ દક્ષિણમાં મોજે જરમથા પાસે છે તે ગામમાં ૭—૮ રોઝા છે તેમાં કબરો છે. જગ્યા મોટી જોવા લાયક છે. કેટલાએક સાહેબ લોકોએ તેની છબી પાડી લીધી છે. પીરાણાનો પંથ કહેવાય છે. તેની હકીકત જાણવા લાયક છે એવું જાણીને પ્રસિદ્ધ કરી છે તેમાં મુખ્ય રોઝો ઇમામશાહનો છે તેના માલેક તેના મુઝાવર કાકા નથુ સામજી હાલ છે તે જાતે લઉવા કણબી છે તેની ઉમ્મર બેતાળીશ વર્ષની છે તેની ગાદીએ જે બેસે અથવા સંસાર તજી ને તેમના ધર્મનો સાધુ જે થાય તે કાકા કહેવાય છે. પીરાણાની જગ્યામાં તેમના નોકર ચાકર તથા કાકા મળીને પચાસ માણસો રહે છે તે રોઝાને લગતી વસ્તી પંચોતેર ઘરની છે. વર્ષ દહાડે સેવક લોકો તરફથી પેદાયશ આશરે દશ હજાર રૂપીયાની છે. ત્યાં રાંધેલું તથા કાચા અનાજનું સદાવ્રત હિંદુ અને મુસલમાન ભીખારીને અપાય છે."

"તે ધર્મ ચલાવનાર ઇમામશાહની હકીકત"

"વિક્રમ સંવત ૧૫૦૫ ની સાલમાં ઇરાનથી ઇમામશાહ નામે સૈયદ ગુજરાતમાં આવ્યા. તેણે જરમથા ગામની ભાગોળે ટેકરા ઉપર મુકામ કર્યો. એવામાં બે ત્રણ વર્ષમાં વરસાદ વરસેલો નહીં તેથી ગામના પાટીદારોએ ઇમામશાહને મહા પુરૂશ જાણી તેની પાશે જઇ વિનંતી કરી ને વરસાદ માગ્યો ત્યારે ઇમામશાહે કહ્યું કે, "અભી વરસાદ આયગા" પછી તરત વર-

સાદ થયો તેથી પાટીદારોએ તેમને ગુરૂ કરયા."

"પછી ઇમામશાહે પાટીદારોને કહ્યું કે, ગામથી દુર મારે વાસ્તે એક જગ્યા બંધાવી આપો ને આ ગામથી પશ્ચિમ દિશાએ હું તીર ફેંકું તે જયાં જઇ પડે તે ઠેકાણે બંધાવી આપો. પછી તે ઠેકાણે ઝુંપડી બંધાવી આપી. એવામાં અમદાવાદના બાદશાહે શિકાર કરવા વાસ્તે (મહુમદ બેગડો હશે) ત્યાં આવીને મુકામ કરયો. તેણે ઇમામશાહુની પરીક્ષા લેવા સારૂં દુધમાં ઝેર નાખીને પાયું; તોપણ ઇમામશાહુને કંઇ પણ ઇજા થઇ નહિં. વળી બાદશાહે બિલાડીનું માંસ રંધાવીને તેની આગળ મુકયું ત્યારે ઇમામશાહે કહ્યું કે, "આઓ બચ્યા કાયકોં મરી પડી હયે" તેથી બિલાડી જીવતી થઇને તેમની પાસે ગઇ. વળી બાદશાહે માંસની રકાબી મોકલીને કહ્યું કે, આમાં ગુલાબનાં ફુલ તમારે વાસ્તે મોકલ્યાં છે. એમ કહીને મેજ ઉપર રકાબી મુકી. પછી ઇમામશાહે રૂમાલ ઉઘાડયો એટલે તેમાં ખરેખરાં ફુલ થઇ ગયાં ને સૌને વહેંચી દીધાં."

"પછી બાદશાહ ઇમામશાહુને પોતાના દરબારમાં અમદાવાદ લઇ ગયા તે કેટલાએક દહાડા અમદાવાદમાં ને કેટલાક દહાડા પોતાની જગ્યામાં આવીને રેહેતા હતા, તે બાદશાહને એક દીકરી હતી તે ઇમામશાહુ ઉપર મોહીત થઇ તેથી બાદશાહે તેમની સાથે પરણાવી"

"તેનો મહેલ તો અમદાવાદમાં હતો. તે બાઇને પેટે ચાર દીકરા થયા તેઓના વંશના સૈયદો પીરાણાની વસ્તીમાં રહે છે. તે વંશમાં હાલ આશરે ૧૩૦ પુરૂષો છે. તેઓનું ગુજરાન હાલ પીરાણાની પેદાયશમાંથી ચાલે છે તેઓમાંનો કોઇ પીરાણાની ગાદી ઉપર ગણાતો નથી; પણ તેઓને ગોરના જેટલું

માન પીરાણાના ધર્મના લોકો આપેછે."

"જયારે ઇમામશાહ ઘરડા થયા ત્યારે તેમણે પોતાની કબર ને વાસ્તે પીરાણામાં રોઝો બંધાવવા માંડયો. તે ઉપર આશરે દોઢ લાખ રૂપીઆ ખરચ્યા તે રોઝાથી દક્ષીણ તરફ ચાળીસ કદમ છેટે "નગીના ગોમટી" નામે પોતાની બેઠક છે ત્યાં ગાદી ઉપર બેશીને રોજ સાંજે ગાદી નીચેથી નાણું કહાડી કહાડીને મજુરોને મુલ ચુકવી આપતા હતા તેથી મજુર કોળીએ જાણ્યું કે, આ ગાદી હેઠ ખજાનો છે તેથી તેમણે રાત્રીએ આવીને તે ઠેકાણે ચોરી કરવા સારૂં ખોદ્યું; પણ કંઇ મળ્યું નહિં; બીજે દહાડે સાંજે મજુરી ચુકવી આપતાં ઇમામશાહે કોળીને કહ્યું કે, તમે રાતે જે આ ગાદી હેઠ ખોદવાની મજુરી કરી તેના પણ આ પૈસા લ્યો. એમ કહીને પૈસા આપ્યા."

'જયારે રોઝો તૈયાર થયો ત્યારે તેમની સેવામાં મુખ્ય સેવકો પાંચ હતા તેમનાં નામ હાજરબેગ મુસલમાન, ભાભારામ ગાડીવાન કણબી લઉવા, નાંઇઆ કાકા કોળી, શાણા કાકા લઉવા કણબી અને ચીચીબાઇ ભાભારામની બ્હેન તે પાંચ જણાંએ કહ્યું કે, આપ હવે સ્વર્ગમાં જવાની તૈયારીમાં છો અને આપની સેવા આજ સુધી કરી તેના બદલામાં શું ફરમાવો છો."

"ઇમામશાહે હાજર બેગને કહ્યું કે, જયારે મારો દેહ પડશે ત્યારે તારો દેહ પણ પડશે ને તારી લાશને મારા રોઝાથી વીશ કદમ દુર દફનાવવામાં આવશે અને ઉનાળામાં ગમે તેવો તડકો પડે તો પણ તારી કબર અગાશીએ છતાં તેને તાપ લાગશે નહિં. તે થંડી રહેશે અને મારા સેવકો તારી કબરને ફુલ ચડાવ્યા પછી મારી કબરને ચડાવશે; તેમ આજ થાય છે."

" ભાભારામને કહ્યું કે, ચરોતરમાં પેટલાદ પ્રગણામાં દેવા ગામ છે ત્યાં જઈને તમે મુકામ કરો અને ચીચીબાઈને કહ્યું કે, તમે પણ દેવા ગામથી એક ગાઉ ઉપર ગામ વસાવીને રહો. તમારી બન્નેની માનતા મારા જેવીજ ત્યાં ચાલશે. પછી તેઓ ત્યાં ગયાં ચીચીબાઈએ ગામ વસાવ્યું તેનું નામ ચીચીબાઈની રોણ કહેવાય છે. તે બન્ને ગામોમાં તેઓના રોઝા છે. ત્યાં સદાવ્રત અપાય છે અને ત્યાંની પેદાયશના અને જગ્યાના માલેક તેમના વંશના છે તેઓ " કાકા " ઉપનામથી કહેવાય છે."

"નાંઈઆ કાકાને ઇમામશાહે કહ્યું કે, તમે રેવાકાંઠે કાનમ પ્રગણામાં કુકશ ગામ છે ત્યાં જઈને રહો. ત્યાં તમારી માનતા ચાલશે, શાંણાકાકાને પીરાણાની ગાદી ઉપર રહેવાનું કહ્યું તેથી તેઓ ત્યાંજ રહ્યા. ગાદી ઉપર બેસે તે સંસારનો ત્યાગ કરેછે ભગવાં લુગડાં પહેરે છે અને દાઢી રાખે છે, માથે ધોળી પાઘડી બાંધે છે. અંગરખું ધોળું, પહેરવાનું ધોતીયું તથા ચાદર ભગવી કરેછે, કાછડી વાળેછે."

"જ્યારે તે દેહ મુકે ત્યારે તેમના હજુરના ત્યાગી સેવકોમાંથી તેની ન્યાતનો જે હુશિયાર જણાય તેને સર્વ સેવકો મળીને ગાદીએ બેસાડે છે અને તે કાકો કહેવાય છે. કાકાઓની એકવીશમી પેઢી હાલ છે. પેઢી એટલે શીષ્ય પરંપરા ગાદીના વારસ."

"ઇમામશાહે દેહ મુકયો ત્યારે તેની કબર તે રોઝામાં કરી. રોજા મહીના પછી ૯ ઠી તારીખે તેમના ઓરસનો દહાડો આવે છે. તે દહાડે હિંદુ તથા મુસલમાનોનો મેળો ભરાય છે. તે શીવાય બાર મહિનાની બાર બીજો, ગોકુળઆઠમ, ધરો

આઠમ તથા ભાદરવા સુદ ૧૧ ને દહાડે પણ ત્યાં મેળો ભરાય છે ત્યાં જીવહિંસા થતી નથી."

"તેમના સેવકો મુખ્ય લઉવા તથા કડવા કણબીઓ છે કાછીઆ, સોની, બ્રાહ્મણ અને વાણીઆ પણ છે. કોઈ મુસલમાન પીરાણાનો સેવક નથી, મુમના મુસલમાન છે. તેઓ પીરાણાનો બીજો રોજો નુરશાહનો છે તેને માને છે. તેમની ગાદીએ મુમનાની ન્યાતનો કાકોછે, તે મુમના, હિંદુઓમાંથી વટલીને થએલા કહેવાય છે. તેઓ મુસલમાનો સાથે ખાવા પીવાનો વ્યવહાર રાખે છે, લગ્ન ક્રિયા પણ મુસલમાનની પેઠેજ કરે છે."

"ત્રીજી સુરાભાઇની જગ્યા છે તે રોઝો નથી તેમાં ગાદી છે તેને રબારી લોકો માને છે. ચોથો બાલા મહમદશાહનો રોઝો છે તેને શેખ મુસલમાન જાતના લોકો માને છે. એ ત્રીજી જગ્યાના માલેક બાજીભાઇ સુરજીભાઇ છે, તે જાતે શેખ કહેવાય છે ને તે ઘરબારી છે, શેખ જાતિ હિંદુ મુસલમાનથી જુદી છે. ચોથી જગ્યાના માલેક પણ બીજા શેખ છે. એ ચારે ગાદીવાળા કાકા કહેવાય-છે."

"પાંચમી જગ્યા બાકરઅલીએ સવત ૧૮૮૮ માં બનાવી છે તે રોઝો છે તેમાં બાકરઅલીની કબર છે તેની વાત એમ છે કે, તેના મુળ પુરૂષ આકલમીયાં દિલ્હીમાં રહેતા હતા તે જાતના સિંધી હતા; પણ સૈયદ બનીને પીરાણાની ઇમામશાહની જગ્યાના ધણીપણાનો પાદશાહનો પરવાનો લઇને "અમે ઇમામશાહની ઓલાદના સૈયદ છીએ" એવું કહીને તે આવ્યા તે સમય કાકા લોકો તથા ઇમામશાહની ઓલાદના ખરા લોકો દેશમાં ફરવા ગએલા તેથી આકલમીયાંએ જગ્યા કબજે કરીને

એક બે વર્ષ વહીવટ કર્યો.

પછી કાકા લોકો અને સૈયદો આવ્યા તેઓએ અમદાવાદના મરેઠા સુબા આગળ ફરિઆદ કરી. તે સુબાએ વાદી પ્રતિવાદીઓને પુને મોકલી દીધા. ત્યાં ખરા સૈયદોએ દિલ્હીથી મેજર મંગાવીને સાબીત કરી આપ્યું કે, આકલમીઆં સિંધીવંશના છે; સૈયદ વંશના નથી. તેથી પુણાની સરકારે આકલમીઆં કનેથી પચીસ હજાર રૂપીઆનો મચરકો લખાવી લીધો અને જગ્યા, કાકાને તથા ખરા સૈયદોને સોંપી.

પછી આકલમીઆંના વંશના અમદાવાદ તથા ખંભાતમાં રહ્યા. આકલમીઆંના ફાજલ, તેના સરીફ, તેના બડામીઆં, તેના પુત્ર બાકરઅલી થયા, તેના દત પુત્ર હુસેનમીઆં હાલ હયાત છે, તેઓને પીરાણામાં જુદી જગ્યા બાંધવાની ઘણી આતુરતા હતી; પણ જગ્યા મળતી નહોતી. એવામાં અમદાવાદનો એક તરગાળો કે જેની ચોથી પેઢીએ હાલ મોતી નાયક છે તે તરગાળે બે ત્રણ વર્ષ સુધી મોજે જરમથામાં ભવાઇ કરીને કોઇ પાસેથી એક પૈસો લીધો નહિં. પછી ત્યાંના પાટીદારોએ કંઇ આપવાનું કહ્યું ત્યારે નાયકે કહ્યું કે, મનેતો એક ખેતર પસાયતું આપો તો લેઉં. પછી "કરપટીઉ" નામે ખેતર જેમાં કબરો ઘલાતી હતી તે ખેતર નાયકને આપ્યું તે ખેતર તેની પાસેથી શરીફ મીઆએ રોઝો બંધાવા સારૂ વેચાતું લીધું; પણ પેશ્વા સરકારનો હુકમ એવો હતો કે, તેઓએ ત્યાં જવું નહીં અને ત્યાં જગ્યા બાંધવી નહિ તેથી તેઓ રોઝો બંધાવી શકતા નહોતા. પછી અંગ્રેજ સરકારનો અમલ થયા બાદ સંવત ૧૮૮૮ માં તે ખેતરમાં બાકરઅલીને દફનાવીને તે ઉપર રોઝો બાંધ્યો તેમના પણ કેટલાએક શેવક છે ને પાંચ હજાર રૂ-

પીઆની પેંદાયસ છે અને તે શેવકોના પૈશાથીજ તે રોઝો બંધાયો હતો તેણે હવેલીઓ વિગેરે ચણાવીને રૂ. ૮૦૦૦૦નું કરજ કરયું હતું; માટે શેવકોએ તે જગ્યા કબજે કરીને દેવું પતાવ્યું અને હુસેન મીઆંને દરશાલ આશરે રૂપીઆ પાંચસોની છવાઈ બાંધી આપી અને જગ્યા ઉપર એક કણબી કાકો બેસાડયો, એ વાત આજથી આશરે પચીશ વર્ષ ઉપર બની હતી.

પોરાણામાં ઉપર પ્રમાણે પાંચ ગાદીઓ છે અને તેઓના શેવકો જુદા છે. તે નીચે લખેલા નામથી ઓળખાય છે.

૧ ઈમામશાહની ગાદીને માનનારા " ઈમામશાહી ".

૨ સુરાભાઈની ગાદીને માનનારા " પાંચીઆ "

૩ બાલા મહુમદશાહની ગાદીને માનનારા " સાતીઆશેખ"

કાકાભાઈ કારભારીઓ થઈને માલેક થયા તેમાં પાંચ કારભારીઓએ કામ ઉઠાવી લીધું તે " પાંચીઆ " અને આઠે લીધું તે " આઠીઆ " ઈત્યાદિ.

૪ બાકરઅલીની ગાદીને માને છે તેઓ " આઠીઆ " કહેવાય છે.

૫ નુરશાહનો રોઝો છે તેને અમદાવાદના નુરશાઈ મુમના માને છે તેનું પીરાણામાં કારખાનું નથી; ફક્ત કાકા શીરા મુરાદ સહકુટંબ પીરાણામાં રહે છે. તે ખેતીનો ધંધો કરે છે અને રોઝામાં દીવાબતી કરે છે. દીવાબતીનું ખર્ચ નુરશાઈ મુમના આપે છે.

૧ ઈમામશાહના શેવકો સુરતમાં તથા સુરત જીલ્લામાં, ખાનદેશમાં, બુરાનપુર વિગેરેમાં, કચ્છમાં, ભાવનગર, વડોદરૂં. ખંબાત, ચડોતર તથા અમદાવાદમાં છે.

૨ સુરાભાઇની ગાદીના શેવકો પાટણ પ્રગણામાં ખાલેસણ ગામમાં રબારી છે અને શીહોરમાં સોની છે. કચ્છ માંડવીમાં સોની તથા કંસારા લોકો છે તથા મુંબાઇમાં પણ સોની છે.

૩ બાલામહમદશાહના શેવકો વસો તથા પેટલાદ, ખંભાત, નડીઆદ અને બોરસદમાં તથા અમદાવાદમાં શેખ લોકો છે.

૪ બાકરઅલીના શેવકો સુરત, વડોદરા, અમદાવાદ મહીકાંઠા અને કાઠીઆવાડમાં કાછીઆ, કણબી, કોળી, સોની તથા સુતાર લોકો છે.

સૌથી વધારે સેવકો ઇમામશાહનાછે. મોટાં મોટાં ગામોમાં તેમના ધર્મની જગ્યાઓછે. કાકા લોકો ત્યાં ફરવા જઇને ઉતારો કરે છે, દરરોજ તે ગામના શેવકો ભેળા થઇ ઇમામશાહની પ્રાર્થના કરે છે તે જગ્યાનું નામ " ખાનુ " અથવા " પોશાળ " કહેવાય છે. અમદાવાદમાં જમાલપરામાં કાછીઆશેરી આગળ હળદરીઆની પોળમાં ઇમામશાહનું ખાનું છે અમદાવાદમાં ઇમામશાહના શેવકો બસો આશરે છે.

હીં૦ સન ૭૪૦ માં ઇમામશાહનો જન્મ ઇરાનમાં થયો. પછી મક્કે થઇને પ્રથમ કોચરબપાલડીમાં આવ્યા. પછી જરમથે આવ્યા તે હીજરી સન ૮૧૫ રમજાન મહિનાની તારીખ ૫ચો શમીએ પડદે થયા એટલે ગુજરયા " [ પેલાં બતાવેલાં વર્ષો અને આ વર્ષોમાં અંતર આવે છે. ]

## ઇમામશાહનો ચમત્કાર.

ઇમામશાહની હયાતીમાં એક સમય ગુજરાતના હિંદુઓનો શંઘ કાશીએ જવા સારૂ મળીને જરમથે મુકામ કર્યો તેમાંના લોકો ઇમામશાહનાં દર્શન કરવા ગયા, ઇમામશાહે પુછયું કે

તમે સૌ કયાં જાઓ છો. તેઓએ કહ્યું કે, અમે કાશીની યાત્રાએ જઈએ છીએ. ઈમામશાહે કહ્યું કે, તમારૂં મન સાબીત હશે તો તમને કાશીની યાત્રા અહીંજ થશે. પછી રાત્રિએ સુઈ રહ્યા અને સવારે ઉઠે ત્યાં કાશી દીઠી, ગંગાજીમાં સૌ નાહ્યા. અને દેવદર્શન કર્યાં અને કાશીની હુંડી વટાવીને નાણાં લઈ કાશીના બ્રાહ્મણો જમાડયા. પછી રાત્રિએ સુઈ રહ્યા અને બીજે દહાડે સવારમાં ઉઠયા ત્યારે ફકત પીરાણાની જગ્યા દીઠી.

પછી ઈમામશાહને ગુરૂ કર્યા અને રજા માગી ત્યારે ઈમામશાહે બ્રાહ્મણોને કહ્યું કે, તમે આ જનોઈઓ કાઢી નાંખો અને અમારા નામની નવી જનોઈઓ પહેરો. પછી તેમ કર્યું તેથી ત્યાં સવામણ જનોઈઓ ઉતરી હતી.

ઈમામશાહ હકક થયા પછી જ્યારે આકલમીઆંએ આવીને જગ્યા દબાવી ત્યારે ઈમામશાહના દીકરાના દીકરા અશરફશાહ દિલ્હી ફરીઆદ કરવા ગયા હતા. એ અશરફશાહનો રોઝો ધોળકામાં લાકડાંકુઈ આગળ છે. પાદશાહે કહ્યું કે, આકલમીઆં કહે છે કે, અમે ઈમામશાહની ઓલાદના છીએ અને તમે પણ એમ કહો છો; માટે તમારી કાંઈ પીરાઈ બતાવો તો અમે માનીએ. વળી કહ્યું કે, લોઢાનો તવો તપાવીએ તે ઉપર રહીને જો નિમાજ પડો તો તમને તે જગ્યાની સનદ આપીએ. એ વાત તેમણે કબુલ કરીને જુમારાતનો ઠરાવ રાખ્યો. પછી પાદશાહ સાથે નિમાજ પડવા ગયા તે જે વખતે પોતે નમ્યા એટલે મસજીદના બે ટોડા નમ્યા અને પોતે ઉભા થયા એટલે ટોડા પણ પાછા ટટાર થયા તે જોઈને પાદશાહ અચરત પામ્યો અને પીરાણાની પીસતાળીશ વીઘા જમીનનો પરવાનો કરી આપ્યો તથા તે જગ્યાની માલેકી લખાવી આપી.

હાલ ઇમામશાહની માનતા ચાલે છે. લોઢાંની બેડી તુટે છે; મતલબ કે કોઇને માથે તહોમત આવ્યું હોય તે ઘણી લોઢાના વાળાની બેડીઓ પહેરીને કબર આગળ જાય એટલે તે જો સાચો હોય તો બેડી એકદમ તુટી પડે છે તેથી લોકોને ભરોસો આવે છે કે, તે માણસ નીરઅપરાધી છે.

## ધર્મ વિષે.

કોઇ કાકા ફારસી ભણતા નથી. નિમાજ પડતા નથી; પણ કાકાનાં મુડદાંનેડાટે છે તે ઉપર કબર કરે છે. ઇમામશાહે શિક્ષાપત્રી ગુજરાતી ગદ્યમાં લખી છે. "શિવોહં શિવોહં" એમ ભજન કરે છે, ઘણુંકરીને વેદાંત મતને માને છે. ઇમામશાહને ફકત ગુરૂ માને છે, કેટલાક ભોળા શેવકો ઇમામશાહનું ભજન કરે છે, "ઇમામ કેવળાસ" એવો જપ પણ કરે છે, બાર મહિનાની બાર બીજોના અપવાસ સૌ સેવકો કરે છે તથા દર ગુરૂવારે અપવાસ કરે છે, રોજા મહિનામાં રોજા કરે છે, મહોરમમાં કંઇ કરતા નથી; સૈયદો કરે છે.

સેવકો સૌસૌની ન્યાતમાં છે તે ન્યાત બહાર રહયા નથી. મુડદું બાળે છે અને બ્રાહ્મણ પાસે લગ્ન ક્રિયા કરાવે છે. કચ્છના મુમનાઓ મુડદું ઠાઠડીમાં બાંધીને લઇ જઇને દાટે છે. અને બ્રાહ્મણોને બોલાવ્યા વગર લગ્ન ક્રિયા એવી રીતે કરે છે કે, ઇમામશાહની ગાદી આગળ વરકન્યાને લઇ જઇને લગ્ન કબુલ કરાવે છે એટલે બસ. જેમ બીજા હિંદુઓ મુડદાંનાં હાડકાં ગંગાજીએ લઇ જાય છે તેમ પીરાણાના હિંદુ સેવકો કેટલાક મુડદાંનાં હાડકાં લઇ જઇને પીરાણાની જગ્યામાં દાટીને તે ઉપર નાની કબર કરે છે; તે ઉપરથી લોકો વાતો કરેછે કે,

ગુજરાતમાંના પીરાણાના શેવકો મુડદાંની ટચલી આંગળી કાપીને ઘરમાં દાટે છે અને તે ઉપર નાની કબર કરાવે છે અને તે વાત ગુપ્ત રાખે છે; પણ એ વાત આ બીના લખાવનાર ગ્રહસ્થ ના પાડે છે.

પોતપોતાની ન્યાતના ચાલ તથા હિંદુઓના તહેવાર હિંદુ સેવકો કરે છે. ગીતા, સુંદરવિલાસ, અખેગીતા વિગેરે વાંચે છે, સુન્નત કરાવતા નથી, દાઢી રાખતા નથી, ચોટી રાખે છે અને કેટલાએક તો હિંદુના દેવોને માને છે, કોઇની બાઇડી, છોકરાં વૈષ્ણવની કંઠી બાંધે છે. "

પીર ઇમામશાહે પોતાના શિષ્યોને પીર સદરદીન અને કબીરદીનના મત પ્રમાણે બોધ કરેલ છે; પણ તેણે શિષ્યોને સ્વતંત્ર પોતાના કબજામાં રાખવા સારૂ નિકલંકી અવતાર ઉપર પડદો નાંખી દીધો અને ફરી માતાપંથના મતમાં ભેળસેળ કરી નિકલંકી અવતાર આવવાનાં ચિન્હ બતાવ્યાં તેમાં અગત્યની વાત એ હતી કે, જ્યારે નિકલંકી અથવા મેદી હિંદમાં આવશે ત્યારે પીરાણાનો રોઝો સોનાનો થઇ જશે અને નિકલંક જોડે પીર ઇમામદીન તખ્તનશીન થઇ લોકોના ઇનસાફ કરશે.

મોમન ચીંતામણીના પાઠ.

જયારે જંબુદીપ નગરીમાં શાહ દેશે પાય.
ત્યારે ગુર ઇમામશાનો રોઝો સોનાનો થાય. ૧
ત્યારે ગુર ઇમામશા, બેસે શાહજીને પાસ.
ત્યારે સાચા મુનીવરની થાશે બક્ષીસ. ૨

પીર ઇમામશાહે પોતાના શીષ્યોને એવી પણ સમજ આપી હતી કે, હાલ હું તમારો ગરૂ અને મહમદશાહ ઇશ્વરનો અવતાર છે.

પીર ઇમામશાહના પુત્ર મહમદશાહ જેને નરમહમદશાહ પણ કહે છે ( નર એટલે ઇશ્વર ) તેણે કહેલી વાણીમાં "સતવેણી" નામનું જ્ઞાન શ્રેષ્ઠ છે. એ જ્ઞાનમાં વૈરાગ્ય અને જ્ઞાન નિરૂપણ કર્યું છે.

પાઠ.

જોઇ વલોવે આપકું, નેહકી રવાઇ ટાલ,
જુઠી છાશ દુર કરો, તો મસકા દેખો જાય. ૧

સતવેણીના જ્ઞાનમાં અવતારની કોઇ જગ્યાએ પિછાન આપી નથી, તેમ દશોંદનો પણ બોધ કર્યો નથી; પણ તેથી વિરૂદ્ધ પૈસાના લાલચુને માટે ટીકા કરી છે.

પાઠ.

વલી મુસાયક જે કહલાવે, દોકડે ધમડે પર જીવ લાવે,
સુધા કાફર ઉસ્કું જાણો, સેતાનરૂપ તમે દેખ પિછાણો. ૧

આ સતવેણી નરમહમદશાહે સિંધના ખોજાઓને ભેટ મોકલી તે તેઓએ આગા ઇસલામશાહના શાહુજાદા અબ્દ સલુમને બતાવી. તેમણે નરમહમદશાહને ન્યાત બહાર મુકવાનો તાલીકો મોકલ્યો; પણ ઇમામશાહના જુદા મુરીદ હતા તેથી તેને કંઇ અસર થઇ નહિં.

પીરાણાની દરગાહની વારસદારી કચ્છના માનકુવા ગામના લધા કણબીના હાથમાં છે. એનો વડીલ વાલો વેલાણી શીકરામાં રહેતો હતો તે ત્યાંના ગ્રાશીઆની અડચણને લીધે માનકુવામાં રહ્યો. વાલાનો ગોપાલ, તેનો માવજી, માવજીનો હીરો અને હીરાનો લધો એમ તેની વંશાવળી છે.

...બર કરે છે; તે ઉપર

## પીર ઇમામસાહના કુટંબીઓ.

પીર ઇમામશાહની વફાત પછી તેની ઘરવાલી બીબીએ ખેતામુખીને મોકલી પીર રહેમતુલાશાહના વંશના સૈયદને ઉચમાંથી બોલાવીને પોતાની શાહજાદી વેરે લગ્ન કરી દીધાં તેના દાયજામાં ખેતા મુખી સમેત મુરીદાની બરો પાઘડી આપી. એ સૈયદ અમદાવાદની ઇશાન્ય ખુણા તરફ સુમારે વીશ કોશના અંતરમાં કડી ગામ છે ત્યાં રહ્યા. એના વંશના સૈયદો કડીવાળ કહેવાય છે.

પીર રહેમતુલાશાહના વંશજોએ પોતાના મુરીદાના મનનું સુકાન ફેરવી કેક તરફ મરડી દીધું એટલે કેકમાં તેમને ઇશ્વરી અવતાર બતાવ્યો અને મુરીદાની દશોંદની ઉપજની ઝોળી કેકના આગાખાનને મોકલવાનું જારી કર્યું અને પોતે પેઢી દર પેઢી પીરતનની ગાદી પસંદ કરી.

## પીર મુસાક શાહ.

આગાશાહ નિઝાર (બીજા) ના સમયમાં પીર રહેમતુલાશાહના વંશમાંથી પીરતનનો ગાદીવાન પીર મુસાકશાહ થયો. "હસન" નામનો એક તેનો નાનોભાઇ હતો તેની મુસાકશાહ સાથે સુલેહ ન રહેવાથી તે આગાખાન પાસે ગયો. મુસાકશાહ દાનના પૈસા ઉચાપત કરે છે એવું આગાખાનને સમજાવ્યું તેથી આગાખાને હસનને પીરતનની ગાદી આપી અને મુસાકશાહને ન્યાત બહાર કહાડવા હુકમ મોકલ્યો આ હુકમ આવવાથી મુરીદામાં તડ પડયાં. કેટલાક લોકોએ એ હુકમ માન્ય કર્યો અને ઘણા સામે થયા. માનનારા હસનપીર સાથે રહ્યા અને ન માનનારા મુસાકશાહના સાથી થયા.

મુસાફશાહે દશોંદના કાયદા રદ કરી મુરીદો ઉપર વાર્ષિક પાઘડીના એક રૂપીઆ પોતાને અને પોતાના વંશ માટે લેવા ગોઠવણ કરી. મુસાફશાહનાં શિષ્યો નવા ધર્મી કહેવાયા અને હસનપીરના હાથમાં જે રહ્યા તે જુના ધર્મી કહેવાયા.

મુસાફશાહનો રોઝો અમદાવાદમાં દિલ્હી દરવાજાની પુર્વે બાજુ છે તેના ઉપર એ પંથના લોકોમાંથી મુજાવર બેસે છે. એના વંશમાંથી સૈયદ હસનઅલી હતો તે ગુજરી ગયો. તેના દીકરા પાલણપુરમાં છે તેને પાઘડીની લાગત મળે છે અને દરગાહનું ખર્ચ પણ શિષ્યો આપે છે.

મુસાફશાહના શિષ્યોમાંથી શુમારે દોઢસો પાઘડી સંવત ૧૮૯૦ ની લગભગમાં સુન્ની થઇ ગયા તેઓ વાંકાનેર પ્રગણામાં છે. બાકીની શુમારે અઢારસો પાઘડી મુસાફશાહના મુરીદ કહેવાય છે તે પાલણપુર જીલ્લામાં વસે છે અને થોડાક મુંબાઈમાં રેકડા હાંકે છે. તેઓ મામાદેવી પાસે રહે છે અને મુમના કહેવાય છે.

આ લોકોનો પહેરવેશ ગુજરાતી ખેડુ જેવો છે તેઓ દાઢી રાખે છે, સુન્નત બેસે છે, સાદીગમીની ક્રિયા તેમની સુન્નો મુલાં કરે છે તે રોજા રાખે છે, નિમાજ થોડા પડે છે, મહોરમમાં ઈમાંમની ગમગીનીની મિજલસો કરે છે, પીરોના જ્ઞાનો તેની પાસે છે; પણ તેઓ ઘટપાટની ક્રિયા કરતા નથી.

## હસન પીર.

હસનપીરે પોતાના મુરીદ ગુજરાતમાંથી કહાડી જુનાગઢ તાબામાં "થાણાંપીપળી" નામના ગામમાં રાખ્યા તે હાલ ત્રણસો ચારસો પાઘડી છે. તેઓ પહેરવેશ અને રીતભાતમાં મુસાફશા

હીઆ જેવા છે; પણ તેઓ આગાખાનને માને છે. મુસાફશાહ ને નથી માનતા. હસનપીર ખોજા લોકોમાં પણ ફરતા હતા અને દુવાનો બાબ ઉઘરાવતા. એ પીરે એક વખત જુનાગઢ તાબેના ગણોદ ગામની પાસે બાદલ નદીના કિનારા ઉપર તંબુ નાંખી મુકામ કર્યો હતો તે ઉપર એકાએક નદીનું પુર આવ્યું તેમાં તે રશાલા સમેત તણાઇ ગયા; પણ એ પીર-ની લાશ રબારી અને ગોડીઆ લોકોને બાદલમાંથી મળી હ-તી તે તેઓએ ગણોદની આથમણ તરફ દફનાવી એક કબર બાંધી. મુમના અને ખોજાઓએ તે ઉપર સંવત ૧૭૭૪ ની શાલમાં રોઝો બાંધ્યો. ત્યાં દરવર્ષે ભાદરવા વદી ત્રીજથી મેળો ભરાય છે તે આસુ સુદી બીજ સુધી ટકે છે. મેદીની રોશની પહેલે રોજ રબારી લોક કરે છે, બીજે રોજ મુમના કરે છે અને તે પછી રોશનીનું ખર્ચ ખોજા લોકો આપેછે.

હસનપીરની દરગાહ ઉપર ગોડીઆ મુજાવર બેસે છે તેઓ દરગાહની પેદાયશમાંથી ચોથો હિસ્સો આગાખાનને માટે કહાડી ત્રણ હિસ્સા પોતે લે છે. મેળામાં લોઢાંની બેડી પેહેરા-વાની લોકો માનતા કરે છે. ઘણુંકરી ઓરતો બેડી પહેરે છે. તેઓ બાદલ નદીમાં નહાય છે. બેડી પહેરીને ચાલતાં બે ત્રણ કદમ ભરે છે એટલે બેડી તુટી પડે છે. જેની બેડી વહેલી તુ-ટે તે ધર્મી માણસ કહેવાય. એ બેડીઓ ઘડનાર લોહારનું એ કજ કુટંબ હોયછે. કચ્છના મુંદ્રા ગામમાં હસનપીરનું આસતા-નું છે; ત્યાં પણ એવીજ રીતે બેડીઓ તુટેછે. એ પીરના બિ-દડા, નાગલપર, વિંઝાણ અને રેહા ગામમાં આસતાનાં છે, ત્યાં બેડી પહેરવાનો રીવાજ પડયો નથી. ઠેલા રેહા ગામમાં આસતાનાંનો મુજાવર માવજી ખોજો હતો તે વીશેક વર્ષ ઉપર

ગુજરી ગયો. તે સખ્સ હસનપીર અને આગાખાનનો વારસો લેતો હતો અને શ્રીકૃષ્ણની પેઠે રાસ લીલા કરતો. ભોળા લોકો આ ખેડુત માણસના પગ ધોઇ તે પાણી પીતા.

## પીર ગુલામ અલીસાહ.

કડીવાળ સૈયદો પૈકી તેઓ મુમના લોકોના પીર હતા તે શિષ્યો પાસેથી દશોંદ ઉઘરાવી આગાખાનને મોકલતા. ખોજા લોકોમાં તેઓનો સારો વગ હતો તેથી ત્રણ વર્ષે ખોજાની જમાયતોમાં તે ફેરો કરતા. ખોજા લોકો તેમને દુવાના નામથી કંઇ રકમ રોકડી આપતા અને રશાલાનું ખર્ચ પણ આપતા. કચ્છની દુવાની રકમ શુમારે પાંચ—સાત હજારની થતી હતી.

એ પીર ભગવાં કપડાં પહેરતા વેદાંત મતનો બોધ કરતા માંસ ખાવાનો તેમણે ત્યાગ કર્યો હતો તેથી હિંદુ લોકો પણ તેમને બહુ માન આપતા હતા. એ પીરને કચ્છ પ્રાંતનું કેરો ગામ પસંદ પડયું હતું તેથી તેમાં તે ઘણો વખત ગુજારતા. એ ગામની દક્ષિણે એક ટેકરા ઉપર એ પીરે પંજતનનું આસતાન બનાવ્યું હતુ; ત્યાં બેઠક કરતા, ઘરડા લોકો કહે છે કે, એ ટેકરા ઉપર ભુત અને જીન વસતા હતા તે એ પીરે કહાડી મુકયા.

પીર ગુલામ અલીશાહે ઘણાં જ્ઞાન જોડયાં છે તેમાં " મનહર " નામનુ જ્ઞાન સૌથી શ્રેષ્ઠ છે એ જ્ઞાન દોહરા ચોપાઇના આકારમાં રચ્યાં છે તેમાં વેદાંતનો બોધ કર્યો છે.

દોહરા—રંગ રંગાવો દેહમાં, કાએ ફેરો વનવાસ;
　　ઘટમાં તીરથ સાધીએ તો, પીયુજી અપને પાસ.

અર્થ—અલ્લા દેહમાંજ છે તેનું ધ્યાન કરો, વનમાં તપસ્યા ક-

રવા જવાની જરૂર નથી, દેહમાં તીર્થ છે તેની સાધના કરો તો પ્રીતમ પાસેજ છે.

ચોપાઇ—કનક કુંડળ જળ લહેરી જેમ, બ્રહ્મ માંહે બ્રહ્માંડજતેમ.

અર્થ—સોનું અને કુંડળ એટલે દાગીના અને પાણી તથા તેની લહેરો તેમ બ્રહ્મ અને બ્રહ્માંડ સમજવાં એટલે " પિંડ તે બ્રહ્માંડ "

આ પીર સંવત ૧૮૫૩ ની શાલમાં સિંધના કરાંચી ગામમાં ગુજરી ગયા એની વસીઅત મુજબ એની લાશ કેરા ગામમાં લાવી તેમના પસંદ કરેલા ટેકરા ઉપર દફનાવી. તે ઉપર ખોજા લોકોએ મોટો રોઝો બંધાવ્યો તે ઉંચાણમાં હોવાથી ભારે દીપે છે. દરવર્ષે ત્યાં ચૈત્ર સુદી અગીઆરશથી તે વદી એકમ સુધી ખોજા લોકોનો મેળો ભરાય છે; ત્યાં બીજા વરણના લોકો પણ ઘણા આવે છે.

પીર ગુલામઅલીશાહની ઘરવાળી બીબી અઝન બીબી પણ ભગવાં વસ્ત્ર પહેરતાં અને કથા વાંચતાં, બ્રહ્મજ્ઞાનનો લોકોને બોધ કરતાં. ખોજા લોકો તેમજ હિંદુ લોકોનું તેમણે ઘણું સરસ માન મેળવ્યું હતું. એ બીબીની કબર પીરની કબરની જોડમાં આથમણ તરફ છે. એમની બનાવેલી વાણી પૈકી એક ભજનનો પાઠ આ જગ્યોએ ટાંકુંછું.

ધ્યાનકા તંતા ને ગ્યાનકા તુંબા,
ગુરગત ભીડ લગાઇ;
અનહદ જંત્રી અહોનીશ બાજે,
સો સુરતી ગગન સમાઇ;
સાધુ જંત્રી પ્રેમકી લાગી.
હાંરે જાકી સુરતા સુન ધુન ગાજી;

સાધુ જંત્રી પ્રેમકી વાગી.

પીર ગુલામ અલીશાહના શાહજાદો “ અકબરશાહ ” નામના હતો તેની વફાત દરીઆમાં થઇ કહેવાય છે એનું આસતાન પીર ગુલામ અલીશાહના રોઝાની દક્ષિણ બાજુના પડથાર ઉપર છે. એ પીરની શાહજાદી બીબીશાહેબનો વફાત સિંધના ઝોલ ગામમાં થવાથી ત્યાં પીર તાજદીનની દરગાના કિલાની અંદર સ્ત્રીઓના ખાનામાં દફનાવી છે.

પીર ગુલામઅલીશાહની દરગાહ નીચે થોડા ગરાસ છે. તેની અને શિષ્યોમાંથી જે આમદાની થાય છે તેમાંથી જાતિભેદ રાખ્યા વિના ભિખારીઓને સરખી રીતે દાઢશેર અન્ન અને ત્રાંબીઓ રોકડો મુરત પ્રત્યે સદાવૃત આપવામાં આવેછે.

## પીર મહુમદશાહ.

પીર ગુલામઅલીશાહ પછી મુમના લોકોનો પીરતનનું કામ આગા ખલીલલ્લાઅલીએ મહુમદશાહને સોંપ્યું હતું. એ પીર પણ મુમના લોકો પાસેથી દશોંદના પઈસા ઉઘરાવી આગાખાનને મોકલતા. દુવાની બાબતમાં તે ગુલામઅલીશાહ પ્રમાણેજ ખોજા લોકોમાં તેનો વહીવટ હતો.

પીર મહુમદશાહ, મુસાફરીમાં ઘોડા, ઉંટ, વહેલ, ડંકા, નિશાન અને ઘડીઆળ વીગરે મોટો રસાલો અને દમાક રાખતા, ચાકર નોકર તેની જોડે ઘણા રહેતા. તેના મુકામ આગળ ગરીબો માટે ખાણાંની ડેગ ચડતી. ડેગ તૈયાર થતી ત્યારે એક માણુશ “ભત ? ભત ? ” એ શબ્દો ઘણા જોરથી પુકારતો, તે સાંભળી જે કોઇ આવતું તેને ખાણું મળતું. ટુંકામાં કહીએ તો એણે જે રીતી રાખી હતી તે અમીરને છાજે એ-

વી હતી. જમાદાર ફતેહમહમદ કેરા ગામ ઉપર ફોજ લઇ આવ્યો અને ઇદગાહના ટેકરા ઉપર મોરચો માંડયો ત્યારે કેરાના જાડેજાઓ અને જમાદાર વચ્ચે સંધી કરનાર એ પીર હતો.

પીર મહમદશાહનો મત બીજા પીરોની રીતે બ્રહ્મજ્ઞાની હતો. એ પીર ભુતાદિ વહેમોને માનતો નહતો. ઘરડા લોકો એવી વાત કરેછે કે એ પીરના એક નોકરને દુધ લેવા જતાં રસ્તામાં એક ભુત નડતું. આ વાત પીર આગળ જાહેર થતાં એક દહાડે પીરે તેને હુકમ કર્યો કે, ડેગના તળીઆની મેષ હાથ ઉપર લગાવી આજ તારે જવું. અને ભુતનો મેળાપ થતાં તેના મ્હોં ઉપર મેસ લગાડવો એટલે ભુત નાસી જશે. નોકરે તે પ્રમાણે કીધું અને પીરના કહેવા પ્રમાણે બન્યું. નોકર જયારે પાછો આવી હકીકત જાહેર કરી ત્યારે પીરે તેને એક આરસી આપી અને તેમાં જોવા કહ્યું. નોકરને પોતાનું મ્હોં કાળું થએલું જોવામાં આવ્યું, તે બિચારો અચરતીમાં પડયો. પીરે તેને સમજ આપી કે, માણસની ભ્રમણા તેજ ભુત છે બીજી ભુતાદિ કંઇ વસ્તુ નથી.

પીર મહમદશાહનાં બનાવેલાં ઘણાં જ્ઞાનો છે તે પૈકી એક જ્ઞાન જેમાં મૌલાના આગાખાનનો શ્રી કૃષ્ણ સાથે મુકાબલો કીધો છે તે જાણવા યોગ્ય છે; માટે તે જ્ઞાનનાં થોડા પાઠ હું આ જગ્યાએ બતાવું છું.

પાઠ.

જીરે કૃષ્ણ પહેરતાં પીતાંબર ધોતી,
જીરે અજકુળમે કલાને ટોપી. ૧

જીરે કૃષ્ણ ચાલતાં તે ટીલડી કાઢી,
જીરે અજકળમેં વધારી દાઢી.　　　૨

પીર મહમદશાહે સંવત ૧૮૯૯ ના માહા વદી અમાવાસ્યાને દીવસ મુંબાઇમાં વફાત કીધી. તેને મુંબઇના ખોજાના કબરસ્તાનમાં દફન કરી તે ઉપર ખોજાઓએ એક સુંદર રોઝો બાંધ્યો છે; ત્યાં દર વર્ષ માહા સુદ અગીઆરસથી સુદ પુનેમ સુધી મેળો ભરાય છે. કેરા ગામમાં પીર ગુલામઅલીશાહના ટેકરા નીચે મહમદશાહની જગ્યા છે અને નાનો રોઝો છે. એ જગ્યાને મહમદશાહની હવેલી કહેછે. કેરાના ખોજાઓને ન્યાત ખર્ચ કરવું હોયતો એમાં કરે છે.

## શાહ બુરાનદીન.

બુરાનદીન મુમના લોકોનો સૌથી છેલો પીર અથવા વકીલ થઇ ગયો. એને બુલાકીમીયાં પણ કહેછે. એને બે બીબીઓમાંથી બે દીકરીઓ થઇ; દીકરો નહતો. એ પીર મહુવા ગામમાં ગુજરી ગયા. તેને તે ગામના તળાવ ઉપર દફન કરી ખોજા લોકોએ રોઝો બાંધ્યો છે. આ બનાવ બન્યા પછી કડીવાળ સૈયદોને મુમના લોકોની પીરતનનું કામ સોંપવાનું મોકુફ થયું હતું.

## પીર તાજદીન.

પીર તાજદીનને ખોજા લોકોના તિરસ્કારથી આપઘાત કરવો પડયો તે વાત પીર ઇમામશાહે આગાખાનની ભેટ લઇ વળતાં સાંભળી હતી અને તેથી તે ખોજા લોકોથી તદન ના ઉ-

મેદ થઇ ગુજરાત તરફ ગયા એ વાત ઇમામશાહના વૃત્તાંન્તમાં આવી છે; પણ એ બનાવ શીરીતે બન્યો તે હકીકત હવે લખુંછું.

પીર તાજદીનને તેના બાપે સિંધનો કારભાર સોંપ્યો હતો તે દશોંદના પૈસા ઉઘરાવી તેમના વડીલની રીત પ્રમાણે આગાખાનને પહોંચાડતો હતો, આ કામમાં હજી તેણે બે વર્ષ પુરાં કર્યાં ન હતાં એટલામાં તો દાનના પૈસા ઉચાપત કરવાનો ખોજા લોકોએ તેના ઉપર આરોપ મુકયો અને તેનું અપમાન કર્યું જેથી તેને આપઘાત કરવો પડયો.

પીર તાજદીનનું બીજુ હિંદુસાઇ નામ પ્રહુલાદ હતું તેથી તેના વંશજો પેરાજ પોત્રા કહેવાય છે. તેઓ સોઢા લોકો સાથે વસે છે. તેઓ કહેછે કે, પીરતાજદીન સોઢી પરણ્યા હતા તેના વંશમાંથી તે લોકો છે. ખોજા જુદી રીતે બોલે છે. તેઓ એમ કહેછે કે, સોઢી પીરના રૂપ ઉપર મોહીત થઇ હતી તેને પીરે પેરાણુ આપ્યું તે પહેરવાથી તેને હમેલ રહ્યા. આ પેરાજપોત્રા પીર તાજદીનની દરગાહ ઉપર બેસતા અને ચાંઠની પેદાયશ ખાતા. પહેલાં ઉપજ થોડી હતી. તે જયારે વધી ત્યારે ખોજાઓએ એ પીરની દરગાહમાં ખાનું બંધાવ્યું તેમાં માનતા વિગેરેની ઉપજ લેવા માંડી; તોપણ ચડતર પેરાજપોત્રા લેતા હતા. પેરાજપોત્રો ખાલકદનો સંવત ૧૯૦૫ ની સાલમાં ગુજરી ગયો. તે પછી એ દરગાહ ઉપર પેરાજપોત્રો કોઇ જણાનો નથી.

ખોજા લોકો એમ પણ કહે છે કે, પીર તાજદીનની વફાત તો પંજાબના ઉચ્ચ શેહેરમાં થઇ હતી. સિંધમાં તેની લાશ ખાટ ઉપર આકાશ માર્ગે આવી. એ ખાટના ચાર પા-

યા ને ચાર ગુલામડી વળગેલી હતી તેમાંથી ત્રણનાં ઈમાન કાયમ ન રહેવાથી રસ્તામાં પડી ગઈ બાકી એક ખાટની સાથે જુણુ ગામમાં પહોંચી તેને દરગાહની આથમણી બાજુએ દાટી છે એને " દાઈ દાદલી " કહે છે. પીર તાજદીન શિષ્યોના અવિશ્વાસથી નાખુશ થયો હતો એ વાત તેનાં બનાવેલાં એક જ્ઞાનમાંથી પણ સમજાય છે.

## જ્ઞાન.

દહી ગુર વાંચા હેજે થર નહીં રેણું,
તિનસાણુ કહેણાં ન કીજે—હો જીરે ભાઈ. ૧
જ્ઞાનને રીજન, ગુરજે વાયકે ન પુરા,
કયા કરણાં ઈનકા જીણાં—હો જીરે ભાઈ. ૨
ચરણ છત્રીશ, બેતાળીશ ભાષા,
બેડલા કનેન સુણીન—હો જીરે ભાઈ. ૩
અંધલેકુ નજર ચંદ ન આવે,
કેણાં સોઈ નપતીન—હો જીરે ભાઈ. ૪
નેસ અંધારી ગુર ચાંદૃડા હુઆ,
જોત આયે ગુર ડીઆ—હો જીરે ભાઈ. ૫
હીણી વખરી વણુજ ન કીજે,
કીઆ લીજે કયાં દીજે—હો જીરે ભાઈ. ૬
માણેક છોડે કંચ વણુજન,
તિનસેં વણુજ ન કીજે—હો જીરે ભાઈ. ૭
ઘર સર વધાઈયું શા તખત બેઠો,
વારે કેરો પુરૂખ એવો—હો જીરે ભાઈ. ૮
ભણે તાજદીન ગતીયું ઉમાયો,

ફળ સચા મુમન લેશે—હો છેરે ભાઇ. ૯

## પીર દાદુ.

પીર સદરદીનના વંશની પીરતન ખતમ થઇ. પીર તાજદીનની વફાત પછી કપુરા જોડે થોડાક સિંધી ખોજા દશોંદની ઝોળી કેકમાં લઇ ગયા. આ સમયમાં આગા અબ્દસલુમની વારી હતી તેની આગળ બધી હકીકત જાહેર કરી. આગાખાને આ ખોજાઓને એક નસહીતની કિતાબ લખી આપી. એને " પંદીઆદ જવાં મરદી " કહે છે. આગાખાને ફરમાવ્યું કે, આ કિતાબ તમારો પીર છે, એમાં લખેલી નસીહતો પ્રમાણે તમારે વર્તવુ. ખોજા લોકોએ એ કિતાબને પીર ગણી એનુ નામ પીરોની ટીપમાં દાખલ કર્યું.

આ કિતાબ ફારશી હરફોની મેં જોઇ નથી; પણ ફારશી ઝબાનમાં સિંધી હરફથી લખેલી મેં જોઇ છે તેમાં નસીહતો જોડે દશોંદ આપવાની બહુ તાકીદ કરી છે. એ કિતાબના નમુના દાખલ થોડા ફકરા અહીં બતાવુંછું.

### ફકરા.

" ખુદા રોઝીમી દેહદ, અઝુન રોઝી ધે હિસ્સે ભકુંનીધ યકી આસ્તુને મૌલા મુરતઝાઅલી બરસુન. "

" અગર ઇ હિસ્સેરા ભખુરીદ ઈયકી આતસ શવદ દીગરનો હિસ્સે હીઝમમી શવદ ધરાંબા હમે સુઝદ "

" મન પરવરદગારમ ઇવઝે યકીરા સદ હજાર મી દેહમ હુરો કસર મી દેહમ. "

મતલબ કે, ખુદા જે રોજી આપે છે તેના દસ હિસ્સા કરવા તેમાંથી એક હિસ્સો મૌલા મુરતઝાઅલીની દરગાહમાં પહોં

ચાડવો. આ દશમો હિસ્સો કોઇ ઘરમાં રાખશે તો તે આતસ બનશે અને બીજા નવ હિસ્સા લાકડાં થસે તેથી સર્વ બળી નાશ પામશે. હું ખુદાછું એકના લાખ આપીશ. બેહેસ્તમા હુરો અને હવેલીઓ આપીશ, ( જેનું અહંપદ નાશ થાય છે તે "હું ખુદા" કહી શકે )

ફકરા.

"અઝસીયકી રોઝે રવા હસ્ત વ ધીગર હાજત નેસ્ત"

મતલબ કે ત્રીશ પૈકી એક રોજો રાખવો રવા છે. બીજા રોજાની કંઇ જરૂર નથી.

આ કિતાબ આપ્યા પછી પીરની ગાદી આગાખાનના ઘરમાં ચાલી. તેથી બોધનું કામ અટકયું. પંજાબના ખોજા સુન્ની થઇ ગયા ને આગાખાનને માનવાનું મોકુફ કર્યું તેથી બાવા હાસમના વંશજ દાદુને આગા ભુદરઅલીએ પોતાની હજુરમાં બોલાવી પીરતનની ખિલાત આપી.

બાવા હાસમનું હિંદુસાઇ નામ હરીચંદ હતુ. "શાહના વિવાહ" નામના જ્ઞાનમાં એને બાબો કરી લખેલ છે (હરચંદ હરચંદ બાબો અચે—એ પાઠ જુઓ) બાવા હાસમનો ગુલમહમદ, તેનો મહેરદીન તેને "મોરચો" કહેતા તેનો ખેરદીન તેને ખેરાજ કહેતા, તેનો આસર અથવા જેસર તેના ત્રણ દીકરા હતા. એક આરાદીન, બીજો જમરૂદીન અને ત્રીજો દાઉદ અથવા દાદુ.

પીર દાદુના પુર્વજોનો સબંધ નિઝારીઓ જોડે આગા ઇસલામશાહના વખતમાં થએલો જણાય છે. પીર ઇમામશાહના "જિન્નતનામા" માં કહ્યું છે કે, તેની મુલાકાત આગા ઇસલામશાહ જોડે બાવા ગુલમહમદે કરાવી હતી.

## જિન્નતનામાંના પાઠ.

એજી અવતાર પાત્ર તારે નુરશાનું, બાવો ગુલમહુમદ તેનીપાસ
તેને ઘેર જઈ કરીને, તાસું કીધી અરદાસ. ૧
સાંભળો મુખી એક વાતડી, અમે ગરીબ અભ્યાગત સાર,
પવિત્ર પાવન મુખીતો થાઈએ, જો દેખાડો શાનો દિદાર; ૨
ત્યારે બાવે ગુલામે નહીં ઓળખ્યા, અને કરેછે અરદાસ;
શાહજી ગરીબ એક આવ્યો, તેને છે દિદાર જોવાની આસ;૩

આ જ્ઞાનમાં નુરશાહનું નામ છે તે ઈસલામશાહને નુરશાહ પણ કહે છે. બાવા હાસમના વંશના અદ્યાપિ બાવા કહેવાય છે. હાસમ અથવા હરીચંદ વૃદ્ધ છતાં કાણુદાર માણુસ હશે તેથી આગાખાને તેને "ભાભા" કહી બોલાવ્યો હશે. "ભાભા" નો અર્થ બાવા અથવા બાપ થાય છે; એ લકબ જારી રહ્યો.

પીર દાદુને પીરતનની ખિલાત કારતક સુદી પુનેમની મળી હતી. એ દહાડો ખોજા લોકો ઈદ તરીકે ગણે છે. અને એ દહાડાને શાહનો ઈદનો દહાડો કહે છે. આરાદીન અને જમરદીનને સિંધના ફતેહ બાગમાં મહમદ સુમરાએ મારી નાંખ્યા. તેઓને ત્યાં દફનાવી ખોજા લોકોએ રોઝા બાંધ્યા.

સંવત ૧૬૦૬ માં દાદુપીર સિંધનો મુલક છોડી કચ્છમાં આવ્યા; ત્યાંથી નવાનગર ગયા, ત્યાં જામ તમાચીજીએ તેનો સત્કાર કર્યો. જામની ફરમાસથી સિંધના ખોજાઓનાં ચાળીસ કુટંબ બોલાવી ત્યાં રાખ્યાં. તેમને રેહેવા વાસ્તે જમીન મળી તેને ફરતો કોટ કરી તેમાં રહ્યા. એ કોટના દરવાજો અદ્યાપી દાદુ પીરના નામથી ઓળખાય છે.

કાઠીઆવાડ પ્રાંતમાં દાદુપીરે કેટલાક લોહાણાને ઉપદેશ કરી

ખોજા બનાવ્યા હતા. તેઓના ઉપર ધર્મની લાગત દશોંદને બદલે પેટાંદ ઠરાવી. પેટાંદ એટલે પેટખાય ઉપર લાગત.

આ પછી દાદુપીર કચ્છની રાજધાની ભુજ શહેરમાં આવ્યા. એ વખત મહારાવ શ્રી ભારમલજી મોટા ગાદીપતી હતા. એ વર્ષમાં વરસાદ તાણી ગયો. રાવ સાહેબની ઇચ્છાથી વરસાદ માટે દાદુપીરે ચાળીઓ નાંખ્યો ( ચાળીસ દિવસ ખુદાની બંદગી કરવી તે ) અલ્લાની ઇચ્છાથી વરસાદ થયો. દાદુપીરના પ્રતાપની પ્રસંસા થઇ. આ દહાડો અસાડ સુદી પાંચમનો હતો. એ દહાડે વાર્ષિક પીરદાદુની દરગાહ ઉપર મેળો ભરાય છે; ત્યાં કચ્છના માહારાજા દબદબા ભરેલી સ્વારી સાથે પધારે છે. એ મેળો અશાડ સુદી બીજનો શિરૂ થઇ સુદી પાંચમનો પુણ થાય છે.

દાદુ પીરે કેટલાક સિંધી ખોજાને કચ્છમાં બોલાવી લીધા હતા. કેટલાક કાઠીઆવાડમાંથી આવ્યા અને કચ્છમાં નવા મુરીદ પણ દાદુપીરે કીધા હતા.

પીર દાદુના મુરીદ પેટાંદી હતા તેથી તેના બનાવેલા મુરીદો ઓળખી શકાત; પણ પાછળથી કેટલાક દશોંદીમાંથી પેટાંદી થયા તેથી હવે ઓળખાણ પડી શકે એમ નથી.

ખોજા લોકોની બંદગીની રીત અસલ એવી હતી કે, દરરોજ ખાનામાં જઇ બાર તસબી કહાડવી તેમાં "પીરશાહ" એ મંત્ર જપવો; પણ પીર દાદુએ ઇસલામી સીયામત તરફ વિશેષ વાળવા સારૂ સીયા લોકો જેમ પંચ વખતની નિમાજ ત્રણ વખતમાં પુરી કરે છે તેમ ત્રણ વખત દુવા પઢવાનો ઠરાવ કર્યો એ દુવામાં અરબી શબ્દો છે. અને તેનો અર્થ નિમાજને લગતો છે. વળી તેની જોડે આગાખાનની પેઢીઓ પણ દાખ-

લ કરી છે. એ દુવા સવાર, સાંજ અને સુવા વખત ખોજા લોકો પઢે છે.

પીર દાદુએ સવાસો વર્ષની ઉમ્મર ભોગવી હતી એમ કહેછે. સંવત ૧૬૫૦ ના પોશ વદી છઠ ને રોજે તેમણે વફાત કરી હતી ભુજના કિલ્લાની બહાર ઉત્તર બાજુએ પીર દાદુનો ઘણો સરસ રોઝો છે તે નવાનગરના ધરમશી ખોજાએ શંવત ૧૮૨૧ માં બંધાવેલો છે.

દાદુ પીર પછી તેનો દીકરો બાવા સાદકજી દરખાંને ગયો હતો; ( આગાની હજુર ) પણ તેને પીરતન ન મળી. સાદકજીને વકાલત આપી તે તેના ઘરમાં પેઢી દરપેઢી ચાલી.

સાદકજીના પ્રપૌત્ર સાહેબદીન અને સલામદીન જોડીઆ જનમ્યા હતા. એ બે ભાઇના વંશમાં ખટપટ ચાલી. સાહેબદીનના વંશવાળા હાલાર જતા રહ્યા અને સલામદીનનો વંશ કચ્છ માંજ રહ્યો. પીર દાદુના વંશજોનું પેઢી પત્રક પીર ઉમેદઅલી સુધીનું આ પુસ્તકની છેવટ આપવામાં આવશે.

વકીલ અલાદાદના વખતમાં આગાખાન તરફથી પાંચ પાંતીના બક્ષનાં લેખાં કરવાનો હુકમ આવ્યો એટલે મુરીદોની મિલકતનો હિસાબ કરી તેમાંથી પાંચમો હિસ્સો લેવો. આ હુકમનો અમલ થતાં અબડાસાના સોનારા જે આગાખાનના મુરીદ હતા તેમણે કંટાળી તાબેદારી છોડી દીધી. તેઓ સુન્ની મુસલમાનોમાં ભળ્યા જેના વંસજો હાલ અબડાસામાં છે.

સંવત ૧૯૦૦ ની સાલમાં આગાશાહ હસનઅલી તરફથી તેમનો ભત્રિજ તેમજ જમાઇ જેનું નામ આગા મહમદ જાફરખાન વકીલ થઇ કચ્છમાં આવ્યો એટલે કચ્છના બાવાની વકાલત બંધ પડી અને સંવત ૧૯૦૬ માં હાલાર ગયો ત્યારે

હાલારના બાવાની વકાલતનું કામ લઈ લીધુ.

પીરીના વખતમાં મુરીદો પાસેથી દશોંદ અને પાછળથી પેટાંદ લેવાની રીત પડી હતી; પણ તે પછી વકીલોના વખતમાં ઘણા બાબ વધ્યા તેની ટીપ બહુ લાંબી થાય; તોપણ થોડા બતાવુંછુ જેવા કે સારશુર, લેખો ચોખો, ચોપડો દફતર, સમર છાંટો, મરણું પરણું, છઠી મુનાણું, ચંદરાણું પીરાણું, બાકી ભુકી, દરીઆ બકસ, ગુલ ફુલ, ફાડો ફુડી, માતા સલામતની મહોર અને સદામાજીનો કાંગો ઇત્યાદિ.

# ભાગ ચોથો.

## પાછલો સારાંસ, વર્તમાન હકીકત અને સુચના.

ત્રણ ભાગ આપણે વાંચ્યા તેનું સંક્ષેપ સ્મરણ આપુંછું ખોજાની અસલ સ્થીતીના બે ભાગ પાડી શકાય. કાશમીરી, પંજાબી હિંદુ તેમાં મુખ્ય કરી ચક લોકો અને બીજો ભાગ લોહાણાનો હતો. પેહેલા ભાગ વિષેની હકીકત ફિરસ્તાનની તવારીખ ઉપરથી મળી છે તે લખી છે. લોહાણા તો માતાપંથી હતાજ. એમની ઉત્પત્તિ લવમાંથી થઇ હતી. લવના રાઠોડ અને રાઠોડના લોહાણા કનોજમાંથી લોરગઢમાં આવ્યા. માતા પંથના ધર્મનું તત્વ એકે, બ્રહ્મની શકિતથી જગતની ઉત્પત્તી. જેમ અગ્નિ, દાહ અને તેનું પરિણામ ફોલ્લા. અગ્નિ અને તેની શકિત એક તેમ બ્રહ્મ અને પ્રકૃતિ એક. એ મતમાં પ્રાધાન્ય તત્વજ્ઞાન છે. પછી કૌલ માર્ગ પેઠા અને વામ માર્ગી કહેવાયા.

આ હિંદુ લોકો પોતાના ધર્મોમાં જામ્યા હતા. સુમારે તેરસો વર્ષ ઉપર ઇસલામ ધર્મ પેદા થયો. થોડી મુદતમાં તે વધ્યો. એ ધર્મનું તત્વ એ કે, અલ્લા એક અને મહમદ સાહેબ તેના સંદેસા લાવનાર. એ ધર્મમાં ભેદ પડી સુન્ની સીયા એમ બે મત થયા; ફેર એટલોજ કે, સુન્નીઓએ ચાર ખલીફને માન્યા અને સીયાઓએ એકજ અલી સાહેબને માન્યા. હજરતઅલીને ગાદી મળી ત્યારે બીબી આયસાં તરફથી બંડ ઉઠયું તેની સમાધાની થઇ એટલે માવીઆ સામે થયો. અલી સાહેબના પુત્ર શુરવીર હુસેનને માવીઆના પુત્ર યઝીદ મરા-

વી નાંખ્યા; સીયા લોકો તેના ગમમાં જીવતર ગાળે છે.

સીયામાંથી ઇસમાયલી શાખા નિકળી. ઇમામ જાફરસાદકના બે દીકરા ઇસમાયલ અને મુસાકાઝમ પહેલાં ઇસમાયલને વસી કર્યો; પણ તેની વફાત પછી મુસાકાઝમને વાલી કર્યો. કેટલાક લોકોએ એમ કહ્યું કે, ઇસમાયલના દીકરા મહુમદનું હક્ક થાય; પણ તેમનું કંઇ ચાલ્યું નહિં તેથી તેમને ગુપ્ત રહેવું પડ્યું. ઇસમાયલના વંશમાંથી મહુમદ મેદી પ્રગટ પડ્યો. એના વંશમાં મિસરના રાજ્યની સ્થાપના થઇ. તેઓ ફાતમાઇટ ખલીફ કહેવાયા. શુમારે પોણાત્રણસો વર્ષ ત્યાં ગાદી ચાલી. ઇસમાયલીઓ પણ સીયા માત્ર ઇમામોની ગણનાનો ફેર; પેલા બારને માનનારા, અને બીજા સાતને. ઇસમાલીઓએ સીયા ધર્મમાં સુફી મતનું મિશ્રણ કરી મદરેશાઓમાં તેના પાઠ આપ્યા હતા. એમાં કલામે શરીફની ફિલસુફીનો પ્રકાશ કર્યો અને ગ્રીક વિદ્વાનોના મત પ્રમાણ તરીકે ગણ્યા આ ફિલસુફી વેદની ફિલસુફીને મળતી છે. આ અદ્વૈત મતના પાઠ ભણાવવા માટે નવ ભુમિકાઓ યોજી હતી એનો પાયો નાંખનાર અબદુલા મેમુન સુફી.

ઇસમાયલીઓમાં વળી ઇમામ મુસતનસરના વખતમાં બે તડ પડ્યાં. પહેલાં મોટા પુત્ર નિઝારની વસીઅત કરી હતી. પછી તેની સાથે ન બનતાં નાના મુસ્તઅલીની વસીઅત કરી. મુસ્તઅલીનો પક્ષ વધવાથી નિઝારને તેણે કેદ કર્યો. તેના પક્ષનો હસનસભા ત્યાંથી નાઠો. તેણે ઇરાનના ઉત્તર ભાગમાં અલમુતગઢ ઉપર ગાદી માંડી. એનું રાજ્ય સુમારે પોણાબસો વર્ષ ટક્યું હતું. નિઝારીઓનો છેલ્લો ખલીફ રૂકનદીન ખુરશાનો અંત ચંગીસખાનના દોહિત્રા હલાકુએ આણ્યો.

નિઝારી ખલીફાઓ રાજ્યની સાથે ઇસમાયલી મતનો ફેલાવો પણ કરતા હતા. સુમારે આઠસો વર્ષ ઉપર તેમના ઉપદેશકો હિંદમાં પેઠા. સૌથી પહેલાં કાશમીર, પંજાબ અને સિંધમાં આવ્યા તથા આગળ વધ્યા. તેઓએ જુદા જુદા મતના હિંદુઓને અનુકુળ આવે એવી રીતે ઉપદેશ કરયો. માતાપંથી લોકો નિકલંકી આવવાનું ભવિષ્ય માનતા હતા તેઓને અલમુતમાં નિકલંકી બતાવવાનો હતો; પણ તેમ એકદમ બતાવે તો લોક ભડકી ભાગે, તેથી ધીમે ધીમે પગલાં ભરાવ્યાં. હિંદુ ધર્મથી તેઓ વાકેફ થયા, તેમાં મુસલમાની ધર્મનાં બીજ છાંટયાં. એમ સમજાવ્યું કે, નિકલંક મલેચ્છ રૂપમાં પેદા થયા છે. એક ભજનમાં કહ્યું છે કે, " તુરકાં રૂપ ધરયો મહારાજ " આ વાતની અસર થયા પછી અલમુતમાં અવતાર થવાનું સમજાવ્યું. એક ભજનમાં એમ કહ્યું છે કે, " અલમુત પાટણ હરી અવતરશે " નિકલંક તે નિઝાર છેવટ એવી સમજ આપવામાં આવી હતી એક ભજનમાં એમ કહ્યું છે કે, " નિઝાર પથી નિરમળ હોય " આવી રીતનાં ઘણાં ભજનો છે. હિંદુ લોકોને નિઝાર પંથમાં આવવા તદબીરોથી ઉપદેશકો દોરતા હતા.

આ ઉપદેશકો અલમુતના ખલીફાઓ તરફથી આવતા હતા. ભજનોમાં ઘણુંકરી નામ જણાતાં નથી; પણ ઘેલમ દેશની સંજ્ઞા જણાએલી છે. એ દેશ અલમુતના કિલ્લા પાસે છે, એને " ઘેલમાન " કહે છે. પછીથી જ્ઞાનોમાં પીરોનાં નામ જણાયાં છે તેમાં નુરસતાગર જેને ઇતિહાસમાં " સૈયદ મહમદ નુરબક્ષ લખેલ છે. પીર સમસ ઇતિહાસમાં " મીર સમસ " છે પીર સદરદીન, પીર ઇમામદીન અને પીર દાદુ એમનાં નામ અગત્યનાં છે.

નુરસતાગરના શિષ્યો ખોરાંશાન અને ઇરાનમાં હતા અનેહિંદમાં પણ તેમના શિષ્યો થયા હતા, તેઓ તેમને "જમાનાનો સાહેબ" એટલે ઇમામ તથા ઇશ્વરી અવતાર ગણતા હતા. આ પીરો અને બીજા પીરોના ઉપદેશની કૃતિ ઘેલમીઓ જેવીજ હતી.

પીર શમસ નુરસતાગરના શિષ્યોમાંથી હતા. તેનું પ્રયત્ન યશસ્વી છે. તેણે કાશમીર અને પંજાબમાં બોધ કર્યો હતો. કાશમીરના સિષ્યો શુદ્ધ સિયા મતમાં આવ્યા હતા અને પંજાબના જે અપુર્ણ હતા તે પાછળથી સુન્ની મતમાં મળ્યા હતા. આ ધર્મમત શીખાવનારા તરફ સુન્નીઓની કરડી નજર હતી. તેઓ આ લોકો ઉપર બળ વાપરતા. સુન્ની મતમાં ન આવે તેને કાપી પણ નાંખતા તેથી આ સિયામત તેઓને છુપો રાખવો પડતો. બહારનો દેખાવ સુન્ની જેવો રાખતા, ક્રિયાએ સુન્ની રીત પ્રમાણે સુન્ની મુલ્લાંને હાથે કરાવવી પડતી.

પીર સદરદીને અપૂર્ણ સીખેલાઓને આગળ વધાર્યા અને ઘણાઓને નવા બોધ્યા. એના શિષ્યોની ગણના જ્ઞાનોમાં છત્રિશ કરોડની બતાવી છે, કરોડ એ "કુળ" શબ્દનો અપભ્રંસ હશે.

એના પુત્ર કબીરદીન તેણે પણ સારો પ્રયાસ કર્યો. એના અઢાર દીકરા હતા; એણે પોતાના ભાઇ તાજદીનને વસુલાતી કારભારી અને દીકરા રહેમતુલાશાહને પીર નીમ્યા હતા. સિંધના ખોજાઓએ તાજદીન ઉપર દાનના પૈસા ઉચાપત કરવાનો આરોપ મુકયો તેથી ખેદિત થઇ તેણે આત્મઘાત કર્યો હતો એમ કહેવાય છે. તે પછી પીર કબીરદીનના દિકરા ઇમામદીન સિંધમાં આવ્યા તેનું પણ ત્યાં અપમાન થયું તે આગાખાન

પાસે કેકમાં ગયા; ત્યાંથી પણ ના ઉમેદ થઇ ગુજરાતમાં જઇ પોતાના આવગા શિષ્યો બનાવ્યા તેની આમદાનીમાંથી તેનો પીરાણાની દરગાહનું ખર્ચ અને તેના વંશજોનો નિર્વાહ ચાલેછે.

આ પીરે પીર રહેમતુલાશાહનાં વંશજને પોતાની કન્યા આપી તેના દાનમાં શિષ્યો આપ્યા હતા તેઓને તેણે આગાખાન તરફ વાળી દીધા. એના વશજ મુસાકશાહની પીરતન તેના ભાઇ હસનપીરે આગાખાનને સમજાવી લઇ લીધી; પણ મુરીદોની ઘણી સંખ્યા મુસાકશાહ તરફ રહી. જે એકલા મુસાકશાહને માનનારા થયા તે અદ્યાપિ તેના રોઝા અને વંશજને માને છે તથા કરભાર આપે છે.

આગા અબ્દશલુમના વખતમાં સિંધી ખોજા દશોંદની ઝોળી કેક લઇ ગયા. આગાખાને " પંદોઆદ જવાંમરદી " કિતાબ લખી આપી અને તેમાં લખેલી નશીઅતો પ્રમાણે અમલ કરવા ફરમાન કર્યું. એ કિતાબનું નામ પીરોની ટીપમાં દાખલ થયું. આ પછી આગાખાનના કુટુંબીઓ પીર નીમાયા. તેથી હિંદ તરફ બોધનું કામ અટક્યું. શિષ્યો ઘટવા લાગ્યા તેથી પીર દાદુને ખિલાત મળી. એણે જુના શિષ્યોને ઇસલામ તરફ પગલાં ભરાવ્યાં અને નવા પણ બનાવ્યા, તેમના ઉપર પેટાંદનો બાબ ઠરાવ્યો. કચ્છ અને હાલારમાં ખોજાઓને સિંધથી એ પીર લાવ્યા હતા; ત્યાંથી પછી તેઓ ઘણા પ્રદેશમાં પથરાયા હતા.

ખોજા શી રીતે થયા તે આપણે જાણ્યું; પણ સુન્નત ક્યારે કરવામાં આવી તે વિષે ખાસ આધાર મળતો નથી; પણ પીર શમસ અને પીર સદરદીનના વખતમાંજ સુન્નત થએલી હોવી જોઇએ; કારણ કે સુન્ની લોકો તેઓને પોતાના તરફ

ખેંચતા હતા. અગર હિંદુ આકૃતિમાં હતે તો તેમ બની શ-
કતે નહિં.

હિંદુઓની મોટી સંખ્યા અપુર્ણ રહી ગઈ હતી તેથી ઘણા હિંદુઓ પાછા પોતપોતાના પંથોમાંજ રહી ગયા. કેટલાક અધવચ રહી ગયા. પીર ઈમામદીનના શિષ્યો કણબી લોકો અધુરા રહ્યા. તેઓ ઈમામમેદી આવવાની વાત માને છે, કયામતનો હિસાબ માને છે, તેઓનાં મુડદાં દટાય છે, તેઓ કરબલાની ખાક પાણીમાં પીંગળાવી પીએ છે, લગ્ન વખત દુવા પઢે છે; પણ મુખ્ય વાત જે સુન્નત તે થઈ નહિ, અને જાતિભેદ તોડયો નહિં. હવે તેમ થવાનો સંભવ નથી; પણ પાછા તેઓ હિંદુમાં મળી જાય એવો વધારે સંભવ જણાય છે. સ્વામીનારાયણનો ધર્મ તેઓમાં પેઠો છે. વર્ષો વર્ષ તે વધારો કરે છે.

જે લોકો હિંદુ આકૃતિમાં છતાં ખોજા પંથને માને છે તેને ખોજા લોકો "ગુપ્તિ" કહે છે જેઓ ભણાવેલ પાઠ વિસરી ગયા; પણ ભજનો માત્ર રહી ગયાં. તેને નિઝાર પંથની કંઈ ખબર નથી. ભજનો તેઓ ગાય છે તેમાં નિઝારને ઈશ્વરી અવતાર ગણે છે; પણ નિઝાર વિષે વધારે વાત તેઓ જાણતા નથી. ભજનોમાં અલમુતગઢ અને અલીના અવતારની વાતો છે પણ અલમુતગઢ કયાં છે અને અલી કોણ! એ વાતની તેઓને મુદલ ખબર નથી. એવાં ભજનો ત્રીજા ભાગમાં દાખલ કર્યાં છે તે માતાપંથી હિંદુઓમાંથી જડયાં હતાં.

પીર દાદુ પછી એના વંશજને પીરતન મળી ન હતી; પણ વકાલત મળી હતી. પીર દાદુના વંશજને ખોજા લોકો "બાવા" કહે છે. એ લકબ તેઓના વડીલ હાસમ અથવા હરીચંદને મળ્યો હતો તે કોમનો મુખી હોવો જોઇએ. આગાખાને તે

ને "ભાભા" કહી બોલાવેલ હશે તે ઉપરથી તેઓ "બાવા" ક હેવાયા હશે. "ભાભા" ફારશી શબ્દ છે તેનો અર્થ " બાવા " થાય છે. આગાખાન હજી પણ તેઓને " ભાભા " કહે છે. સિંધમાં " બાબા " કહે છે. " બાબા " તે પણ " બાવા " " શાહના વિવાહ " નામનાં જ્ઞાનમાં આ પ્રમાણે એક પાઠછે.

હરચંદ હરચંદ બાબો અચે.

સહસ્ત્ર ઘોડે તેંજા આવણાં.

પીર દાદુના વંશજ ખોજાની જમાયતોમાંથી દાનના પૈસા એ-કઠા કરી આગાખાનને તેમના રેહેઠાણ ઉપર ઇરાન મોકલતા હતા. તેઓના રેહેઠાણને " દરખાનું " કહે છે; હાલ મુંબાઇ-માં દરખાનું છે.

બાવા અલાદાદના વખતમાં પાંચમા ભાગનાં લેખાંનો હુકમ આવ્યો હતો, તેના અમલમાં વાંધો પડ્યો હતો. કેટલાક મુરી-દાએ તાબેદારી છોડી હતી. તેઓ સુન્ની મહજબમાં 'મળ્યા હતા. હાલ તેઓ કચ્છ અબડાસામાં છે અને સોનીનો ધંધો કરે છે.

સંવત ૧૯૦૦ ની સાલમાં આગાશાહ હસનઅલી તરફથી તેમના ભત્રિજા આગા જાફરખાન કચ્છ ભુજમાં આવ્યા તેથી કચ્છના બાવાની વકાલત બંધ પડી અને સંવત ૧૯૦૬ માં હાલાર ગયા ત્યારે હાલારમાં વસનાર બાવાની વકાલતનો કબ-જો લીધો.

આગા જાફરખાન કચ્છના કેરા ગામમાં આવ્યા હતા અને ઘણો વખત ત્યાં રહ્યા હતા. મને યાદ છે કે, એક વખત ખા-નામાં આવી ખોજા ભક્તોને ધર્મ વિષે સવાલો કર્યા. તેઓએ અવતારોની સમજણ આપી તેથી તે ઘણા ગુસ્સે થયા. તેણે

શરીયત પ્રમાણે વર્તવા તાકીદ કરી. ભક્તોનાં પોથાં જપ્ત કરી તેનો નાશ કરવા વિચાર જણાવ્યો; પણ કેરાના જાડેજાની સિફારસથી તે પોથાં પાછાં મળ્યાં.

આગાશા હસનઅલીના બાપ શાહ ખલીલલ્લા ઇરાનના કિરમાન જીલ્લાના ગવરનર હતા તે પછી શાહ હસનઅલ્લીએ તે જીલ્લો જીતી લીધો હતો તે ઇરાનની શાહજાદી પરણ્યા હતા. શાહથી તેનો અણબનાવ થતાં તેમને હિંદ તરફ આવવું પડયું. કાબુલની લડાઇમાં નામદાર અંગ્રેજ સરકારને મદદ આપવાથી સરકારમાં તેમની પ્રતિષ્ઠા થઇ હતી અને ત્રણ હજાર રૂપીઆનો દરમાયો કરી આપ્યો હતો.

આગાશાહ હસનઅલી સિંધમાં આવ્યા ત્યારે ઘણા દેશના ખોજા તેમનાં દર્શન માટે ત્યાં ગયા હતા; હું પણ મારા દાદા સાથે ત્યાં ગયો હતો, આ યાત્રાળુઓના નજરાણાથી તેમની પૈસાની તંગી મટી હતી. સંવત ૧૯૦૧ ની સાલમાં તેઓ કચ્છમાં આવ્યા હતા. કચ્છ દરબાર તરફથી તેમનો સારો સત્કાર થયો હતો. બાવા ઉમેદઅલી વિગેરે જોડે હિસાબની તકરાર હતી તેનો અંત આણ્યો; પછી તેઓ મુબઇ સીધાવ્યા.

સંવત ૧૯૦૪ ની શાલમાં મસકતના ખોજાઓમાં ટંટો જાગ્યો; ત્યાં બે પક્ષ થયાં. " જાગણ હાજીઆણી " નામનો ખોજો શુદ્ધ ઇસલામી ધર્મ ઉપર આવ્યો હતો તેણે શરીયત પ્રમાણે વર્તવા બીજાઓને સલ્લાહ આપી. થોડા લોકોએ તેની સલ્લાહ માની; પણ ઘણા સામે થયા. જ્યારે દશ મુખ્ય માણસો એના જેવા મતના થયા ત્યારે તો તેઓએ ખાનાની પોથીઓ અને પુજાનાં વાસણ દરિયામાં નાંખી દીધાં. એ પક્ષમાં વધારો થવા લાગ્યો. એમને સુલેહ ઉપર લાવવા આગા જાફર-

ખાનને મોકલવામાં આવ્યા હતા; પણ તેઓ સમજુતી ઉપર ન આવ્યા અને સામાં હથીઆર ઉઠાવ્યાં તેથી તેમને કેદ અને દંડની શિક્ષા થઇ તોપણ હઠયા નહિં. અંતે આગા જાફરખાનને પાછું ફરવું પડયું. પછી તેમની સંખ્યા વધી, તેઓએ આગાખાનને માનવું છોડી દીધું, ખાનું કહાડી મસજીદ બંધાવી. તેઓની વસ્તી સુમારે ચારશો કુટંબની છે તેમાં ચાર પાંચ કુટંબો સુન્ની શિવાય સર્વ સીયાતનાશરી છે.

સંવત ૧૯૨૦ ની સાલમાં મુંબાઇના ખોજાઓમાં કજીઓ ઉઠયો તેનું કારણ એમ હતું કે, આગાખાને એક લેખ તૈયાર કર્યો તેમાં ખોજા લોકો સીયા છે; માટે સાદીગમીની ક્રિયા પણ તેમણે સીયામત પ્રમાણે કરવી ઇત્યાદિ લખ્યું. એ લખત ઉપર સહી કરવા હુકમ કરવામાં આવ્યો. ખોજાગલીવાળા શેઠીઆઓ સામે થયા. આગા તરફવાળાએ જમાયતની મિલકત વાપરવા તેઓને અટકાવ કર્યો. શેઠીઆઓએ કોર્ટમાં ફરીઆદ માંડી.

શેઠીઆ તરફથી એવી તકરાર લેવામાં આવી કે, ખોજા અસલ સુન્ની છે. સામેવાળા સીયા હોવાનું કહેતા હતા. ખોજા શેઠીઆ અહોનીશ ધંધા રોજગારમાં ગુથાએલા, ધર્મના વિષયમાં મન ઘાલેલું નહીં, ખોજાની જડ વિષે તેઓને માહિતી નહોતી. તેઓની સાદીગમીની ક્રિયાઓ સુન્ની મુલ્લા સુન્ની રીત પ્રમાણે કરતા તેથી તેઓ એમ ધારતા કે, તેઓ સુન્ની હતા પણ સુન્ની મુસલમાનોના ભયથી તેમને એમ કરવું પડયું હતુ એ વાત જાણતા નહોતા.

સંવત ૧૯૨૪ ની શાલમાં આ કેશનો ચુકાદો થયો તેમાં ખોજામત સીયા ઠર્યો જેથી સુન્ની પક્ષવાળાઓનું હક્ક જમાયત-

ની મિલકત ઉપરથી ઉઠી ગયું. શેઠીઆ પક્ષના ઘણા માણસો સીયા પક્ષમાં મળ્યા અને જેમને તેમ કરવું ઠીક ન લાગ્યું તે સુન્નીમાં રહ્યા. તેમણે પોતાની જુદી મસજીદ બંધાવી અને કબરસ્તાન શારૂં જુદી જમીન ખરીદ કરી. તેઓ શુમારે સો કુટંબની સંખ્યા ગણાય છે. તેમનો આગેવાન શેઠ અહમદ હબીબ છે.

મુંબાઈમાં જયારે આ ઝઘડો ચાલતો હતો ત્યારે પુર્વે કહેલા લખતમાં કેટલોક વધારો કરી તેવાં લખતો બીજા પ્રાંતમાં પણ મોકલવામાં આવ્યાં હતાં. એવું એક લખત કચ્છમાં આવ્યુ તેમાં સીયામત રાખવા ઉપરાંત અમુક કરો આગાખાનને આપવા લખેલું હતું તેમાં કચ્છના ખોજાઓએ સહીઓ કરી; પણ કેરાના ખોજાઓએ ના પાડી. તેઓએ એમ કહ્યું કે, અમે જે આપીએ છીએ તે ખુશીથી આપીએ છીએ; તે લખતમાં લખી સહી લેવાનું કારણ નથી. નામદારે આગાખાનના આડતીયા ઇસમાયલ બેગ અને કચ્છના ખોજાઓએ ભુજ દરબારમાં કેરાના ખોજાઓ ઉપર ફરીઆદ માંડી તેમાં સદરહુ લખત ઉપર સહી કરવા કેરાના ખોજાઓને ફરજ પાડવી એવી માગણી કરી. આ કેશનો ચુકાદો સંવત ૧૯૨૦ ની સાલમાં થયો તેમાં એમ ઠર્યું કે, ધર્મની બાબતમાં કોઇને કંઇ કરવાની ફરજ પાડી શકાય નહિં. સંવત ૧૯૨૩ ની સાલમાં નામદાર આગા અલીશાહ કચ્છમાં આવ્યા તેમણે પાછલા કજીઆની ચાલતી વિરૂદ્ધતા શાંત કરાવી; પણ સંવત ૧૯૨૫ માં તેજ કજીઆનાં રહી ગએલાં બીજ પાછાં ઉગ્યાં. કજીઆનું કંઇ કારણ હતું નહિં; માત્ર પાછલાજ દ્વેશથી ઉભો થયો હતો તેની માણસોને રફતે રફતે સમજ પડવા લાગી જેથી સત્યતા તરફ

માણસોના મત વધતા ગયા. સંવત ૧૯૩૦ ની સાલમાં નામદાર આગાશાહ હસનઅલીની હજુર એ કજીઆની સંધી થઇ હતી.

હમણાં ખોજા લોકોનાં રહેઠાણના બે ભાગ થઇ શકે છે. એક ઉતર અને બીજો દક્ષિણ. ઉતરમાં કાશમીર, લાહોર પંજાબ આદિ દેશોના ખોજા જેને આપણે જુના ખોજા કહીએ. તેઓનો મોટો ભાગ શુદ્ધ સીયામત ઉપર છે. થોડા સુન્ની હશે તેઓ પૈકી ઘણા લશ્કરી નોકરીમાં છે તેઓની સંખ્યા કેટલી છે તેનો ચોકસ આંકડો મળ્યો નથી; તોપણ શુમારે પોણા લાખ માણસનો અડસટો કરી શકાય છે. તેઓ નામદાર આગાખાનને માનતા નથી. દક્ષિણ તરફના એટલે નવા ખોજાની સંખ્યા પણ શુમારે એટલીજ હશે. શેઠ ખલફાન દામાણીએ આગાખાનના મુરીદોમાં થાલાં વેચ્યાં હતાં તેની નોંધ મને મળી છે તે ખોજા લોકોની સંખ્યાનો વિચાર થવા સારૂ અહીં ટાંકુ છું,

## ખોજા લોકો.

| | | | |
|---|---|---|---|
| ૨૬૯૦૬ | કાઠીઆવાડ | ૭૨૫૩ | કચ્છ |
| ૫૩૯૩ | સિંધ | ૮૪૫૧ | મુંબાઇ |
| ૨૨૬૧ | અમદાવાદ જીલ્લો | ૧૮૭૨ | વડોદરા જીલ્લો |
| ૧૨૭૨ | થાણા જીલ્લો | ૩૩૯ | સુરત જીલ્લો |
| ૧૫૬ | ખાનદેશ જીલ્લો | ૨૫૦૦ | જંગબાર જીલ્લો |
| ૧૩૦ | કલકત્તા જીલ્લો | ૨૫૦ | દમણ, દીવ |
| ૭૨૫ | મકરાણ | | |

| | |
|---|---|
| ૧૭૫ કરબલા, શાહનઝફ, કાઝમીન | ૧૧૦૦ મસકત, ભારેન, બંદર અબાસ, મીના, લંગા, કસમ વિગેરે |
| ૭૫ શેહેર મક્કલા, એડન | |

૫૯૪૮૫

| | |
|---|---|
| ૨૮૦૦ મુમના—ખેડવાયા | ૪૫૦ મોચી-મુમના |
| ૭૫૦ ગુજર-ગુપ્તિ | ૧૫૦ સોની, લોહાર |
| ૧૫૦૦ મુલતાની | ૬૭૦૦ કાબુલી બદકશાની |
| ૮૦૦૦ અતલાઇ-ખોરાશાની | ૨૧૩૫૦ |

૮૦૮૩૫

હવે આપણે નવા ખોજા વિષે બોલીશું. તેમની સંસારી સ્થિતિ સારી છે. તેઓ સર્વ તરેહના ધંધામાં ગુંથાએલાછે તેઓ ખેતી કરે છે. કસબના ધંધા કરે છે, વ્યાપાર કરે છે, મુંબાઇ અને જંગબારના ખોજાઓએ વ્યાપારમાં દ્રવ્ય અને પ્રખ્યાતિ મેળવી છે. વ્યાપાર અર્થે તેઓ ચિન વિલાયત વિગેરે પૃથ્વીના સર્વ ભાગો ઉપર મુસાફરી કરે છે, વિદ્યામાં તેઓ બીજી ઇસલામ કોમ કરતાં આગળ પગલાં ભરે છે, તેઓએ સોલીસીટર, વકીલ બેરીસ્ટર અને ડાકટરની પદ્વિઓ મેળવી છે તેમનામાં બી૦ એ૦ ના વિદ્વાનો છે. સરકારમાં તેઓની સરસ આબરૂ છે, તેઓમાં ઘણા "જસ્ટીસ આવ ધી પીસ" છે ઘણા કારપોરેશનના મેમ્બર છે, સ્ટેન્ડીંગ કમિટી પોર્ટ ટ્રસ્ટ અને લેજીસ્લેટીવ કૌન્સિલના મેમ્બરો પણ થએલા છે. મુંબાઇના શરીફના હુદ્ધા ઉપર પણ આવેલ અને સર નાઇટનો ખિતાબ પણ મેળવેલ.

ખોજા લોકો સુધરેલી રીત પ્રમાણે પરોપકારનાં કામો પણ કરે છે, તેઓએ આસ્પિટાલો સ્થાપી છે, દવાખાનાં કહાડયાં છે, સ્કુલો કરી છે, સેનેટેરીઅમ, મુસાફરખાનાં, ધર્મશાળાઓ બંધાવી છે, કુવા—તળાવ ખણાવેલ છે, કલામે શરીફ અને અરબી ફારસી, હિંદી ઇલમ શીખવા મકતબો પણ સ્થાપી છે અને જુની રૂઢી પ્રમાણે સદાવરતો પણ કહાડયાં છે; કોણે કયાં પરમાર્થનાં કામો કર્યાં તેની ટીપ જો બની શકશે તો આ ભાગની છેવટ આપવામાં આવશે.

ખોજા પંથની ભકિતની જગ્યાને " ખાનું " કહે છે. જે જે ગામમાં ખોજાની વસ્તી હોય તે તે ગામમાં અકેકે " ખાનું " હોયજ. એક જમાયતની મંડળી હોય તેમાં એક મુખી, એક કામડીઓ અને ગામના પ્રમાણમાં બે અથવા વધારે અમલદાર હોય. એ અમલદાર પૈકી કેટલાકને આગાખાન તરફથી " વજીર " ના ખિતાબની ખિલત મળે છે તેને " વારસ " કહે છે. આ મંડળી જેના તે ગામના પોતાના ન્યાતીલાના ન્યાતગીરીના કજીઆ ચુકવે છે તથા આગાખાનને હદીઓ મોકલવા સારૂ દાનના પૈસા વસુલ કરે છે તેને માટે કેટલીક રીતો બાંધેલી છે. તેમાં કેટલીક નિયમિત છે અને કેટલીક અનિયમિત છે. કેટલાક ખોજા કમાઇમાંથી દશમો હિસ્શો આપે છે, કેટલાક પેટાંદની રકમ વાર્ષિક આપે છે. સાદીગમીના ખર્ચ ઉપર કયાંક નવમો હિસ્સો લે છે અને કયાંક ઉધડ બાંધી છે એ શિવાય દસ્તબોસી, નજરાણા વિગેરે અનિયમિત ઉપજ ઘણી છે તમામ ખોજા કોમમાંથી વર્ષની રૂપીઆ પાંચ લાખથી પણ વધારે ઉપજ થતી હશે એવું અનુમાન થઇ શકે છે.

આનામાં કેટલાક ખોજા બંદગી કરવા જાય છે, ત્યાં ચાર

દિશાએ બેસે છે અને પીર દાદુની બનાવેલી દુવા સવાર, સાંજ અને સુવા પહેલાં એમ ત્રણ વખત પઢે છે. દરેક ઇદ, ચાંદરાત, ચૌદમી રાત અને શુકરવારની રાતના ઘટસ્થાપના કરે છે. એક પાટ માંડે છે તેના ઉપર ચીનીનો પ્યાલો મુકી તેમાં પાણી નાંખે છે તેમાં કરબલાની ખાકની ગોળી પીંગળાવે છે તે ઉપર મંત્ર ભણી ક્રિયા કરનારની આજ્ઞા માગી એકઠા થએલા લોકો કંઇ પૈસા મુકી પીએ છે. હિંદુ માતાપંથીના ઘટપાટની રીતીમાં ફેરફાર થઇ આ રીતી પ્રવૃત થઇ છે.

ખોજા લોકો તસબી ફેરવે છે ત્યારે "શાહપીર" એ મંત્ર ભણે છે "શાહ" એટલે અલી "પીર" એટલે રસુલ એવી એ મંત્રની સમજ છે. એનો હેતુ કલમા જેવો છે. ખોજા લોકોએ પોતાના "શાહ" અને "પીર" ની પેઢીઓ નોંધી રાખી છે તેનું પણ બંદગીમાં તેઓ સ્મરણ કરે છે; તેની નોંધ નીચે આપુંછું;

## શાહની પેઢીઓ.

૧ મૌલાના અલી
૨ મૌલાના હુસેન
૩ મૌલાના ઝાએનલ—આબદીન
૪ મૌલાના મહમદ—બાકર
૫ મૌલાના જાફર સાદક
૬ મૌલાના ઇસમાયલ
૭ મૌલાના મહમદ
૮ મૌલાના સાદી તાએમ

૯ મૌલાના રઝીઅહમદ
૧૦ મૌલાના તકી અહમદ
૧૧ મૌલાના વફી અહમદ
૧૨ મૌલાના મેદી અબદુલ્લા
૧૩ મૌલાના કાએર
૧૪ મૌલાના મનસુર
૧૫ મૌલાના મુઈઝ
૧૬ મૌલાના અઝીજ
૧૭ મૌલાના હાકેમ અલી
૧૮ મૌલાના જાહેર હુસન
૧૯ મૌલાના મુસ્તનસર બિલ્લા
૨૦ મૌલાના નિઝાર
૨૧ મૌલાના હાદી
૨૨ મૌલાના મહુતદી
૨૩ મૌલાના કાહેર
૨૪ મૌલાના અલીઝિકરતલ સલામ
૨૫ મૌલાના ઉઝાઉદીન—મહમદ
૨૬ મૌલાના રૂકનદીન ખુરશા
૨૭ મૌલાના શામસદીન—મહમદ
૨૮ મૌલાના અલ્લાઉદીન
૨૯ મૌલાના કાસમશાહ
૩૦ મૌલાના ઈસલામશાહ
૩૧ મૌલાના સલામશાહ
૩૨ મૌલાના મુસતનસર બિલ્લા
૩૩ મૌલાના અબ્દ સલુમ

૩૪ મૌલાના ગરીબ મિરઝાં

૩૫ મૌલાના મુરાદ મિરજાં

૩૬ મૌલાના બહાદુર અલી

૩૭ મૌલાના કલંદર અલી

૩૮ મૌલાના જુલફિકારઅલી

૩૯ મૌલાના નુરધરઅલી

૪૦ મૌલાના નીઝારઅલી

૪૧ મૌલાના હસનઅલી

૪૨ મૌલાના અબુલ હસનઅલી

૪૩ મૌલાના અબદુલ કાશમઅલી

૪૪ મૌલાના ખલીલલ્લાઅલી

૪૫ મૌલાના હસનઅલી

૪૬ મૌલાના અલીશાહ

૪૭ મૌલાના મહમદ સુલતાન.

## પીરોની પેઢી.

૧ પીર નબીમહમદ મુસ્તફા,

૨ પીર ઈમામહસન

૩ પીર કાસમશાહ

૪ પીર અહમદઅલી

૫ પીર સતગુરનુર

૬ પીર ઈમામદીન

૭ પીર મહમદ મનસુર

૮ પીર ગાલબદીન

૯ પીર અબ્દુલઅઝીજ
૧૦ પીર મુશતનશર બિલ્લા
૧૧ પીર અહુમદ હાદી
૧૨ પીર કાસમશાહ
૧૩ પીર મહુમદ
૧૪ પીર મહમુદ
૧૫ પીર મહેબદીન.
૧૬ પીર ખાલકદીન
૧૭ પીર અબદુલ મુમન
૧૮ પીર ઇસલામદીન
૧૯ પીર સલ્લાઉદીન
૨૦ પીર શમશદીન
૨૧ પીર નશીરદીન
૨૨ પીર સાહેબદીન
૨૩ પીર સદરદીન
૨૪ પીર હુસનકબોરદીન
૨૫ પીર તાજદીન
૨૬ પીર " પંદીઆદ જવાં મરદી"
૨૭ પીર હૈદર
૨૮ પીર અલ્લાઉદીન
૨૯ પીર કાસમશાહ
૩૦ પીર નશીર મહુમદ
૩૧ પીર દાદુ
૩૨ પીર આગાહુસનશાહ
૩૩ પીર મહુમદ

૩૪ પીર આગા અઝીજ
૩૫ પીર મેરાબેગ
૩૬ પીર આગા અલી અકબર
૩૭ પીર આગા અલો અસ્કર
૩૮ પીર હસન અલી
૩૯ પીર અબુલ કાસમઅલી
૪૦ પીર અબુલ હસનઅલી
૪૧ પીર બીબી ફાતમત
૪૨ પીર આગા અલીશાહ
૪૩ પીર આગા મહુમદ સુલતાન

આગાખાનની પેઢીઓ અને પીરોની પેઢીઓના મુકાબલો કરીએ તો વખતની અનુકુળતા જણાતી નથી. આ ગોઠવણ પીર દાદુએ કરી હતી એમ કહેવાય છે તેમણે એવી બારીકી ઉપર લક્ષ રાખ્યુ નહી હોય.

ખોજા લોકોના ધર્મ મત અને ધર્મ વર્તનમાં બહુ ગુચવાડો થઇ પડયો છે. કેટલાક લોકો ઉપર બતાવ્યા પ્રમાણે કેટલીક હિંદુ જેવી ક્રિયા કરે છે અને કેટલીક ક્રિયામાં તો હિંદુ મુસલમાન ક્રિયાનું મિશ્રણ ખીચડો થયો છે, કેટલાક શુદ્ધ ઇસલામી ધર્મ પ્રમાણે વરતે છે, નિમાજ પઢે છે, રોજા રાખે છે, હજ અને કરબલાની ઝયારત કરે છે, કેટલાક બંને રીતમાં ચાલે છે, કેટલાક શુદ્ધ સીયા તનાશરી છે, કેટલાક હિંદુના વેદાંત મતમાં પેસી તેનાં પોથાં લઇ બેઠા છે, કેટલાક એમ સમજે છે કે, ચોખ્ખી દશોંદ આપવાથી મુકિત મળશે; ધર્મનું કામ નહિં, કેટલાકે તો મુઝાઇને એમ નિશ્ચય કર્યા કે, સદાચાર એજ

ખરો ધર્મ છે અને તેનું પરીણામ સારૂં છે, આ મતભેદ વડે હમેશાં કજીઆકંકાસ જારી રહે છે અને તેનાં પરીણામ માઠાં નીપજે છે.

હવે હું મારા જ્ઞાતિ બંધુઓ પ્રત્યે નમ્રતાથી થોડી સુચના કરૂંછું. આ વૃતાંત ઉપરથી આપણા જાણવામાં આવ્યું કે, આ પણા ઉપદેશકોનો ઉદેશ આપણને હિંદુ ધર્મ ઉપરથી ખશેડી ઇસલામી સીયા ઇમામી ધર્મ ઉપર લાવવાનો હતો તે પ્રમાણે તેઓએ ઘણું ખરૂં અધુરૂ કામ પુરૂ કર્યું હતું; મત્ર ઇસલામ ધર્મની પુર્ણ માહોતી આપાઇ શકી નહોતી તેથી અસમજણને લીધે મતભેદ અને કજીઆ પેદા થાય છે. એની સમાધાની માટે ખરો ઉપાય એજ છે કે, ઇસલામ ધર્મનાં ફરમાનોથી માહિત થવું અને શુદ્ધ ઇશલામી શરીયત પ્રમાણે વરતવું એ પ્રમાણે એક મત થશે ત્યારેજ કજીઆકંકાશનો અંત આવશે.

આપણે જાણ્યું કે, આપણને આપણા પીરોએ જે બોધ અને ક્રિયા બતાવ્યાં છે તે તો હિંદુ ધર્મમાંથી ઇસલામ ધર્મ માં લઇ જવાની યુક્તિ છે, જેમ એક ભુમિકામાંથી બીજી ભુમીકામાં જવું હોય અને વચ્ચમાં દરીયો હોય તો તે ઉલ્લંઘન કરવા માટે જહાજની જરૂર પડે છે તેમ હિંદુ ધર્મરૂપી ભુમિકામાંથી ઇસલામી ભુમિકા ઉપર આણવા યુક્તિ રૂપી જહાજ આપણા પીરોએ બનાવ્યું હતું. એ જહાજ વડે આપણને કિનારા ઉપર પહોંચાડયા. ઇસલામી ભુમિકા કેટલીક આપણને તેઓ બતાવી શકયા હવે મંજલ પહોંચવું એ આપણું કામ છે.

હવે આપણને પીરોનાં બનાવેલાં સાધન પુસ્તકો ઉથલાવવા-

ની આવશ્યકતા રહી નથી. હવે તો આપણને "કુલામે શરીફ" અને "હદીસ" નો અભ્યાસ કરવો જોઇએ. આપણે ઇસલામો ભુમિકા ઉપર પહોંચ્યા. હવે એ પહોંચાડવાનાં સાધનરૂપી વહાણમાં ચડ ઉતર કરવાનો ઉપયોગ નથી; એટલુંજ નહિં, એમ કરવું જોખમ ભરેલું છે. એક કિનારો લેવો યોગ્ય છે, યા મુસલમાન થવું યા હિંદુ થવું. જો હિંદુ ભુમિકા ઉપર પાછા જવું હોય તો પીરોએ બનાવેલાં પુસ્તકો રૂપી વહાણનો ખપ પડે; પણ હું નથી ધારતો કે, કોઇને પાછા હિંદુ ધર્મમાં જવાનું મન થતું હોય. અગર કોઇની ઇચ્છા તેમ કરવાની હોય તોપણ હવે તેમ બની શકે એમ નથી. હિંદુઓ હવે પોતાના ધર્મમાં જાતિભેદના કારણથી પેસવા દેવાના નથી; માટે એજ શ્રેષ્ઠ રસ્તો છે કે, હવે તો શુદ્ધ ઇસલામ મત ઉપર આવી જવું એમ કરવાથી દુનિયાં અને આકબતની સફળતા છે; નહિં તો પછી એક સાધુના નીચે બતાવેલા દોહરાની વલે થશે.

દુહા—પરમ ધામ પહોતા નહિં, નહિં વૈકુંઠ નહિં વાસ;
અધવચમાં અટકી રહ્યા, સાધુ સુંદરદાસ.

આપણા પીરોના આ મહાશ્રમથી આપણે હિંદુનો ધર્મ છોડી મહમદીઅન ધર્મમાં આવ્યા તેથી આપણને ઘણા લાભ પ્રાપ્ત થયા છે. હિંદુઓના જ્ઞાતિભેદ આદિ અનેક વહેમી બંધનાની બેડીઓ આપણા ધર્મગુરૂઓએ તોડી આપણને મુકત કર્યા. આપણે હાલ જે ઘણી તરેહની સ્વતંત્રતા ભોગવીએ છીએ તે સર્વને માટે આપણે આપણા ધર્મગુરૂઓના આભારી છીએ. આપણે અનેક કલ્પિત દેવ દેવીઓની મૂર્તિ બનાવી પુજતા અને વામમાર્ગની મલીન ક્રિયાઓ કરતા તેને બદલે આપણે આપણા ધર્મગુરૂઓની કૃપાથી એક ખુદાને માનનારા થ-

થા. આપણે જો હિંદુ જાતિમાં હતે તો આજ ચીન, વિલાયતાદિ દુનિયાંના ભાગો ઉપર મુસાફરીના લાભ થઈ શકતે નહિં. હિંદુ તો મુસાફરી કરવામાં અટક નદી પાસે અટકી પડે છે. એ વિષે સુધરેલા વિચારના જેપુરના રાજા માનસીંઘે ઠીક કહ્યું છે.

દુહો—સબી ભુમિ ગોપાળકી, વામે અટક કહા;
　　જાકે મનમે ખટ હયે, સોઇ અટક રહા.

આ જમાનો સુધારાનો છે, રાજ્યનિતિ ન્યાયપુર્વક વર્તે છે જેથી ધર્મ વિચારમાં કોઇ કોઇના ઉપર સત્તા ચલાવી શકતુ નથી. વિદ્યાનો પ્રકાશ વધે છે જેથી સારાસારનું જ્ઞાન થાય છે, સાર તરફ પગલાં ભરાય છે જમાનો પોતાનું કામ કરે છે. ખોજા લોકોમાં પણ સુધારો આગળ પગલાં ભરે છે. હું મારા અનુભવ ઉપરથી કહું છું કે, થોડાં વર્ષના અંતરમાં ખોજા લોકો સુધારામાં ઘણા આગળ વધ્યા છે, કેટલાક અસુદ્ધ વિચારો તેમના મનમાંથી દુર થયા છે અને શુદ્ધ વિચારો તેમના લક્ષમાં આવ્યા છે.

તેઓ હિંદુની બાકી રહેલી રીતોને હવે તજે છે અને ઇસલામી રીતોનું ગ્રહણ કરે છે. તેઓ અસલ મહોતના પ્રસંગમાં દશ અવતાર ઘરમાં બેસી ગાતા; પણ હાલ ખુલ્લા રસ્તા ઉપર મોલુદ પઢાવે છે, ખાનાંમાં જાગૃણ કરતા તેને બદલે ઇમામની ગમની મિજલસ તરફ ઘણાનું મન વળ્યું છે અને તેમાં ઉમેરો થતો જાય છે. નિમાજ, રોજા આદિ શરીયતની ફરજો પ્રત્યે તેમની પ્રીતિ વધે છે, પહેરવેશ સુધરે છે, ધોતીઆં પોતીઆંનો પહેરવેશ મોકુફ થયો છે, દાઢી નહોતા રાખતા તેપણ રાખે છે. દાઢી વગરના ખોજા હવે ભાગ્યે હાલારમાં મ-

ળી સકે ત્યાં પણ દાઢી રાખવાવિના ન ચાલે એવી માન્યતા થઇ છે. કચ્છના આથમણા ભાગમાં ચાંચાળી પાઘડીઓ મેં જોઇ હતી તે પણ ગુમ થઇ છે. ખોજા લોકોના નામોમાં ઘણો ફેર થયો છે. કચરા, પુંજા, કાનજી, શામજી એવાં નામો ને બદલે હવે અબદુલા, રહેમતુલા, કરમઅલી, શેરઅલી એવાં નામો પસંદ કરવામાં આવે છે. દાખલા તરીકે અમારૂ પેઢી પત્રક છેવટ દાખલ કરેલ છે.

આવી રીતે કુદરત પોતાનું કામ કરે છે, તેને અનુકુળ થવું યોગ્ય છે. આપણને ઘણો શ્રમ કરવો પડે એમ નથી; માત્ર હિંદુની અને હિંદુ મિશ્રણ કેટલીક કૃતિ ચાલે છે તેજ તજવી જોઇએ અને શુધ્ધ ઇસલામી રશમો દાખલ કરવી જોઇએ. આપણાં ખાનાંઓમાં કેટલીક જગ્યોએ કિબલાનાં નિશાન છે અને કયાંક નથી. જ્યાં ન હોય ત્યાં કરવાં જોઇએ. હિંદુ મુસલમાની મિશ્રણ દુવાને બદલે નિમાજ પડવી ઠીક છે. તસબીમાં " શાહ પીર " ને બદલે "લા એલા એલલ્લા મહમદ રસુલલ્લા " એ કલમો પઢવો, કરબલાની પાક માટી પાણીમાં પીગળાવી પીવી અથવા એમજ ખાવી તેમાં શરીયતની કંઇ હરકત ન હોય તો મને તો એ રીત ઠીક લાગે છે.

આપણા ધર્મગુરૂઓએ કળશમાં અયોગ્ય વસ્તુ વપરાતી તેનો ત્યાગ કરાવી કરબલાની પાક માટી વપરાવી એ ઘણું ઉત્તમ કામ કર્યું. મારા જાણવા પ્રમાણે સીયા લોકો કરબલાની પાક માટીનો ઉપયોગ કરે છે. સુકી ખાકને " ખાકે સફા " અને ખાકવાળા પાણીને " આબેસફા " કહે છે. આપણને પણ ઘટપાટને બદલે એ શબ્દો કહેવા જોઇએ. " આબેસફા " ઉપર હિંદુઓના અપભ્રંસ થઇ ગએલા મંત્રો ભણવા એ પણ ઠીક

નથી. માછલાં, કાચબા અને સુવરના અવતારોનાં ભજનો કરવાં એ પણ ઠીક નથી.

આપણને આવી કૃતિ સંતાડવાને માટે જરૂર પડી હતી. ઇસલામ રત્ન સંતાડવાની કંઇ જરૂર નથી. આપણને હવે હિંદુની કડાકુટ છોડી એક અલ્લાને માનવાનું છે. અને તેમના રસુલ અને ઇમામોની પેરવી ગ્રહણ કરવાની છે.

આ સુધારો કરવા માટે મુખ્ય ફરજ આપણા મુરશદ સાહેબ અને જમાયતના આગેવાન ગ્રહસ્થોની છે. આપણા ધર્મ ગુરૂઓ તરફથી આપણા પાક રસુલ અને માહાત્મા હજરતઅલી સાહેબ અને પાક ઇમામોની પેરવી પ્રમાણે વર્તવા મુરીદોને બોધ થવાની જરૂર છે. નિમાજ, રોજા, બંદગી આદિ ફરજો અને શરીયતના હુકમોના અમલ માટે હમેશ તેઓ સાહેબના તરફથી તાકીદ થવી જોઇએ, એમ કરવું એ મુરશદની ખાસ ફરજ છે. મુરશદ સાહેબની નસીહત ઘણી અસરકારક થઇ પડશે. તેઓ સાહેબ તરફથી જેમ તેઓના વડીલોએ મિસરમાં ધર્મ અને સંસારી કેળવણીને માટે મકતબો સ્થાપી હતી તેમ સ્થાપન થવી જોઇએ. જમાયતના આગેવાનોએ પણ આ કામમાં કમ્મર બાંધવી યોગ્ય છે.

આમ થવાથી કજીઆ—કંકાસનો અંત આવશે, ઐક્યતા થશે અને તેથી સુખશાંતિ પ્રાપ્ત થશે. "કજીઓ" એ શબ્દજ દુઃખસુચક છે એની વ્યાખ્યા બતાવવાની જરૂર નથી; પણ એથી માત્ર દુઃખ થઇને છેડો આવતો નથી; પણ એથી મોટા જથ્થામાંથી જે છુટા પડે છે તે મુરશદની જોખેદારી પણ તજી દે છે અથવા તજવાની તેમને ફરજ પડે છે તેનું કારણ એ કે, મુરસદ સાહેબને મોટા જથ્થાની તરફેણમાં રહેવું પડે

છે તેથી નાની સંખ્યા છુટી પડી જાય છે એવા દાખલા આપણે જોયા છે. એમ જો ચાલ્યા કરે તો કાળાંતરે મોટા જથ્થાનો પણ અંત આવી જાય. વખત પોતાનું કામ કરે છે તેને કોઈ અટકાવી શકે એમ નથી એટલે ખોજા લોકો હવે ઈસલામ તરફ સ્વભાવીક રીતે વળે છે, જાણે ખોજા લોકોને પુર્ણતામાં લાવવા અલ્લાની ઇચ્છા હોય નહિં? કુદરતને અનુકુળ થવું પડે એમ જો થશે તો સર્વે મુરશદ સાહેબની આણમાં રહી શકશે.

છેવટ એટલું બોલી આ વિષય બંધ કરૂંછું કે આ વિષયને માટે મને જે હકીકત મળી આવી તે મેં શુદ્ધ અંતઃકરણથી લખી છે અને મારા જ્ઞાતિ બંધુઓ તરફ ખરા પ્રેમભાવથી તેમનાં દુનિયાં અને આખરતના સુખને માટે જે વિચારો મારા મનમાં આવ્યા તે મેં દરશાવ્યા છે અને હું આશા રાખુંછું કે, તે વિચારો સર્વેને પસંદ થશે અને તે ઉપર લક્ષ આપશે. છેવટ મારા બંધુજનોને એમ પણ વિનંતી કરૂંછું કે, મારા લખાણમાં કંઈ ભુલ કે દોષ માલમ પડે તો તે કૃપાદૃષ્ટિથી ક્ષમા કરશે.

समाप्त

# શુદ્ધિ પત્રક.

| પૃષ્ઠ. | ઓળ. | અશુદ્ધ. | શુદ્ધ. |
|---|---|---|---|
| ૬ | ૧૪ | મુસલમાનને | મુસલમાનમેં |
| ૮ | ૫ | ફિસસુફીનો | ફિલસુફીનો |
| ૭ | ૧૫ | ઉપમના | ઉપમાન |
| ૮ | ૪ | પંચમા ભત | પંચમ.ભુત |
| ૮ | ૨૩ | અનુમતિ | પ્રત્યક્ષ અનુમતિ |
| ૩૧ | ૨૨ | ભતોનું | ભુતોનું |
| ૩૩ | ૧૭ | સંચિ | સંચિત્ |
| ૫૮ | ૧૪ | આગામહમદ હસનલ હુસેનીએ બનાવેલ છે | આગામહમદ હસનલ હુસેનીના મુનશી મીરજાંસાગરે બનાવેલ છે |
| ૯૮ | ૨૦ | ઉતારૂ તો લોકો | ઉતારૂ લોકો તો |
| ૧૦૦ | ૪ | તકદ | તાકદ |
| ૧૦૧ | ૨૦ | હુસનસભાએ | હસનસભાએ |
| ૧૨૩ | ૨૧ | હતે | હતો. |
| ૧૨૬ | ૧૨ | ઇસલામી | ઇસમાયલી |
| ૧૩૧ | ૧૨ | અલેપોનો | અલેપોના |
| ૧૪૮ | ૧૪ | નથરો | નાથરો |
| ૧૫૫ | ૨૦ | નીમ્યા | નમ્યા |
| ૧૫૮ | ૨ | ઇમામદીનને | ઇમામદીન |
| ૧૫૮ | ૨૨ | નરમહમદ | નૂરમહમદ |
| ૧૫૮ | ૨૫ | નરસતાગર | નૂરસતાગર |

# શુદ્ધિ પત્રક.

| | | | |
|---|---|---|---|
| ૧૫૯ | ૨૦ | મળેલો | મળેલા |
| ૧૭૩ | ૧૮ | તરફ | તરફથી |
| ૨૦૫ | ૬ | નરજ | નૂરજ |
| ૨૦૯ | ૭ | ઇમામ | ઇમાન |
| ૨૧૦ | ૮ | ભણ્યાં | ભણ્યો |
| ૨૩૪ | ૮ | થોડા | થોડો |
| ૨૩૪ | ૧૬ | બાબતમાં તે | બાબતમાં |
| ૨૩૫ | ૧૨ | નોકર | નોકરે |
| ૨૬૨ | ૨૪ | કયા | કર્યા |
| ૨૬૩ | ૮ | અધુરું | અધરૂં |